ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૫ પૂર્વાર્ધ ◆ ભાગ-૪

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૫ પૂર્વાર્ધ ◆ ભાગ-૪

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

વૈરાગ્યકલ્પલતા ભાગ-૪ : સ્તબક-૫ પૂર્વાર્ધ

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : પ્રથમ ◆ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૧૪૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

શ્રી મહાવીર શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટ - વડાલા.

૩૨૮, કાત્રક રોડ, વડાલા, મુંબઈ-૩૧. ટે. : ૨૪૧૩૩૫૧૮, ૨૪૧૫૨૭૨૭

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૦૦

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

ન્યાયાચાર્ય–ન્યાયવિશારદ–મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

ભાગ-૪

✵ પાંચમો સ્તબક પૂર્વાર્ધ ✵

શ્લોક :-

अथ सिद्धार्थनगरे, भूपोऽभून्नरवाहनः ।
गन्धवाह इव द्वेषियशःकर्पूरगन्धहृत् ।।१।।
यस्य दानगुणेनाधःकृताः सर्वे सुरद्रुमाः ।
ऊर्ध्वं गताः परीक्षार्थं, तुलाधृतिवशाद्विधेः ।।२।।
आसीत् तस्य महादेवी, गुणसौरभमालती ।
सदाऽलिसेव्या सुभगा, नाम्ना विमलमालती ।।३।।
तस्याः पुत्रोऽहमुत्पन्नो, व्यक्तश्छन्नस्तदैव च ।
पुण्योदयः सहचरो, जातो मे चन्द्रनिर्मलः ।।४।।
मम जन्मोत्सवश्चक्रे, पित्रा प्रमदनिर्भरः ।
क्रमात् प्रतिष्ठितं नाम, यथाऽयं रिपुदारणः ।।५।।
नन्दिवर्धनकाले या, ममासीदविवेकिता ।
सा धात्री पुनरायाता, द्वेषसङ्गेन गर्भिणी ।।६।।

मज्जन्मकाले साऽसूत, वदनाष्टकधारकम् ।
पुत्रमुत्कन्धरं दुष्टं, सुदुर्द्धर्षं महोदरम् ।।७।।
अष्ट प्रेक्ष्यास्य शीर्षाणि, कूटानि सुगिरेरिव ।
चकार नाम सा व्यक्तं, शैलराज इति स्फुटम् ।।८।।
तस्या धात्र्याश्च तत्सूनोः, सङ्गमोऽनादिरेव मे ।
आविर्भूतस्तदा मेऽसौ, तिरोभूतोऽन्यदा परम् ।।९।।

શ્લોકાર્થ :-

હવે સિદ્ધાર્થનગરમાં ગંધવાહ હાથીની જેમ દ્વેષીના યશરૂપી કપૂરના ગંધને હરનાર નરવાહન રાજા થયો. જેના=જે નરવાહન રાજાના દાન-ગુણથી સર્વ કલ્પવૃક્ષો અધસ્ કરાયાં=હલકાં કરાયાં. તુલાની ધૃતિના વશથી વિધિની પરીક્ષા માટે=નરવાહનનું ભાગ્ય અધિક છે કે કલ્પવૃક્ષોનું ભાગ્ય અધિક છે એ પ્રકારની વિધિની પરીક્ષા માટે ઊર્ધ્વ ગયાં=સર્વ કલ્પવૃક્ષો અદૃશ્ય થયાં. તેની=નરવાહન રાજાની, સદા ભમરાઓથી સેવ્ય સુભગ નામથી વિમલમાલતી ગુણસૌરભની માલતી મહાદેવી હતી. તેણીનો હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, પુત્ર ઉત્પન્ન થયો અને ત્યારે જ વ્યક્ત અને છન્ન=પ્રચ્છન્ન, મારો ચંદ્ર જેવો નિર્મલ સહચર પુણ્યોદય થયો. મારો પુણ્યોદય કાર્યરૂપે વ્યક્ત અને સ્વરૂપથી પ્રચ્છન્ન સહચર થયો. પિતા વડે મારો હર્ષથી નિર્ભર, જન્મોત્સવ કરાયો. ક્રમથી નામ પ્રતિષ્ઠિત કરાયું. જે પ્રમાણે આ રિપુદારણ છે. નંદીવર્ધનકાલમાં જે મારી અવિવેકિતા હતી તે ધાત્રી દ્વેષના સંગથી ગર્ભિણી ફરી આવી. મારા જન્મકાલમાં આઠ મુખને ધારણ કરનારા, ઊંચી સ્કંધવાળા દુષ્ટ, અત્યંત ઉદ્ઘર્ષણવાળા, મહાઉદરવાળા પુત્રને તેણીએ=તે ધાત્રીએ જન્મ આપ્યો. જાણે સુગિરીના કૂટો હોય એવાં આનાં આઠ મસ્તકો જોઈને તે=અવિવેકિતાએ, શૈલરાજ એ પ્રમાણે સ્પષ્ટ વ્યક્ત નામ કર્યું. તે ધાત્રીનો=અવિવેકિતા ધાત્રીનો અને તેના પુત્રનો=શૈલરાજનો, મારો સંગમ અનાદિનો જ છે. ત્યારે મારો આ=અનાદિ સંગમ, આવિર્ભૂત થયો, અન્યદા કેવલ તિરોભૂત હતો.

જીવમાં અનાદિથી અવિવેકિતા અને માનકષાય વિદ્યમાન છે. શેષ કાળમાં સામગ્રીના અભાવને કારણે તે બંને તિરોભૂત છે. રિપુદારણના ભવમાં તે બંને વ્યક્ત પ્રગટ થાય છે. **॥૧થી ૯॥**

શ્લોક :-

पञ्चषेष्वथ वर्षेषु, दृष्टमात्रो मयाऽथ सः ।
ब्रह्मणोऽप्यधिको मेने, द्विगुणो यत् ततो मुखैः ।।१०।।

શ્લોકાર્થ :-

હવે પાંચ-છ વર્ષોમાં મારા વડે જોવાયેલો માત્ર એવો તે=શૈલરાજ, બ્રહ્માથી પણ અધિક હું છું, એમ માને છે. જે કારણથી તેનાથી=બ્રહ્માથી, મુખો દ્વારા બે ગણો છું=બ્રહ્માને ચાર મુખ છે હું આઠ મુખવાળો છું. ॥૧૦॥

શ્લોક :-

वशोऽयमिति मां प्रेक्ष्य, सोऽपि स्मेराननोऽभवत् ।
आलिलिङ्ग च मद्देहं, भावज्ञस्य शिरोमणिः ।।११।।
तदालिङ्गनतः शक्तिरनिर्वाच्या ममाभवत् ।
त्रैलोक्यमतिवृत्त्योर्ध्वमहमाशु धृतो यया ।।१२।।
कुलजात्यादिविषयः, स्वोत्कर्षो मम पप्रथे ।
तत्सक्तहृदये शश्वत् तैलबिन्दुरिवाम्भसि ।।१३।।
न मातुर्नापि तातस्य, प्रणामो विहितो मया ।
शैलराजप्रसङ्गेन, शैलराजत्वमीयुषा ।।१४।।
न नताः कुलदेव्यश्च, न देवा लौकिका अपि ।
मम नाखण्डयद् भावं, ज्ञात्वाऽनम्रं पिताऽपि माम् ।।१५।।
अन्येषामपि पित्रोक्तं, कार्याऽऽज्ञैवास्य सर्वदा ।
अकाण्डविड्वरं कर्ता, नो चेन्मानधनो ह्ययम् ।।१६।।
ततो दासत्वमापन्नं, राजकं सर्वमेव मे ।
न कोऽपि मानमग्नस्य, ममाज्ञामतिवर्तते ।।१७।।

पुण्योदयविधोरेव, महिमाऽसौ महोज्ज्वलः ।
मया तु मूढचित्तेन, मानराहोर्विभावितः ।।१८।।

શ્લોકાર્થ :-

આ વશ છે=રિપુદારણ વશ છે, એ પ્રમાણે મને જોઈને તે પણ= શૈલરાજ પણ હાસ્યમુખવાળો થયો અને ભાવને જાણનારાના શિરોમણિ એવા શૈલરાજે મારા દેહને આલિંગન આપ્યું. તેના આલિંગનથી= શૈલરાજના આલિંગનથી, મારી શક્તિ અનિર્વાચ્ય થઈ. ત્રૈલોક્યને અતિવર્તન કરીને= ત્રણ લોકને તુચ્છ ગણીને, જેના વડે=જે શક્તિ વડે હું ઊર્ધ્વ શીઘ્ર ધારણ કરાયો. તત્સક્ત હૃદયમાં=શૈલરાજથી આસક્ત હૃદયમાં, પાણીમાં તૈલબિંદુની જેમ કુલજાત્યાદિ વિષયવાળો મારો સ્વોત્કર્ષ શાશ્વત વિસ્તરવા લાગ્યો. શૈલરાજના પ્રસંગથી શૈલરાજત્વને પામવાની ઈચ્છાવાળા મારા વડે પિતાને પ્રણામ કરાયો નહીં, માતાને પણ પ્રણામ કરાયો નહીં અને કુલદેવી નમાઈ નહીં, લૌકિક દેવો પણ નમાયા નથી, અનમ્ર એવા મને જાણીને પિતાએ પણ મારા ભાવનું ખંડન કર્યું નહીં. અન્યોને પણ પિતા વડે કહેવાયું. આની=રિપુદારણની, સર્વદા આજ્ઞા જ કરવી જોઈએ=આજ્ઞાનું પાલન કરવું જોઈએ, જો નહીં કરાયે તો=આજ્ઞાપાલન નહીં કરાય તો, અકાંડ વિડ્વરનો કર્તા છે. હિ=જે કારણથી, આ=રિપુદારણ, માનધનવાળો છે. તેથી રાજકુટુંબ સર્વ જ મારા દાસપણાને પામ્યું, કોઈ પણ માનમગ્ન એવા મારી આજ્ઞાને અતિવર્તન કરતાં નથી. પુણ્યોદયરૂપી ચંદ્રનો આ=બધા મારી આજ્ઞાનું અતિવર્તન કરતા નથી એ, મહાઉજ્જ્વલ મહિમા છે. વળી, મૂઢ ચિત્તવાળા એવા મારા વડે માનરૂપી રાહુનું વિભાવન કરાયું=માનરૂપી રાહુનો આ મહિમા છે એમ વિભાવન કરાયું.

પોતાની આજ્ઞા બધા પાળે છે એ પુણ્યોદયરૂપી ચંદ્રનો મહિમા છે, માનરૂપી રાહુનો મહિમા નથી પરંતુ માનરૂપી રાહુ પુણ્યોદયને ક્ષીણ કરનાર છે, છતાં મૂઢતાથી રિપુદારણ વડે માનકષાયનો આ મહિમા છે એમ વિચારાયું. **॥૧૧થી ૧૮॥**

શ્લોક :-

ध्यातं मयैष बन्धुर्मे, देवानामपि दुर्लभः ।
शैलराजोऽखिलश्रेयःसन्ततीनां विधायकः ।।१९।।

શ્લોકાર્થ :-

મારા વડે આ શૈલરાજ=આ માનકષાય, દેવોને પણ દુર્લભ મારી અખિલ શ્રેય સંતતિનો વિધાયક બંધુ વિચારાયો. ।।૧૯।।

શ્લોક :-

असौ निवेदितस्तस्य, स्वाभिप्रायो मयाऽन्यदा ।
न्यवेदि मे परं गुह्यं, स्ववशं प्रेक्ष्य तेन माम् ।।२०।।

શ્લોકાર્થ :-

તેને=શૈલરાજને, મારા વડે અન્યદા આ સ્વાભિપ્રાય=શ્લોક-૧૯માં બતાવ્યો એ સ્વાભિપ્રાય, નિવેદન કરાયો. મને સ્વવશ જોઈને, તેના વડે=શૈલરાજ વડે, પરમ ગુહ્ય=માનકષાયનું પરમ રહસ્ય, નિવેદન કરાયું. ।।૨૦।।

શ્લોક :-

ममास्ति स्तब्धचित्ताख्यं, स्ववीर्योत्थं विलेपनम् ।
प्रतिक्षणं त्वया देयं, हृदये तत्सुखाशया ।।२१।।

શ્લોકાર્થ :-

સ્તબ્ધચિત્ત નામનું સ્વવીર્યથી ઉત્પન્ન થયેલું મારું વિલેપન છે, સુખના આશયથી તારા વડે હૃદયમાં પ્રતિક્ષણ તેને=વિલેપનને, આપવું જોઈએ. ।।૨૧।।

શ્લોક :-

वाचामगोचरस्तस्य, वक्ष्यत्यनुभवः फलम् ।
इत्युक्त्वा स ददौ तन्मे, हृदि दत्तं मयाऽपि तत् ।।२२।।

શ્લોકાર્થ :-

વાણીનો અગોચર એવો અનુભવ તેના ફલને=વિલેપનના ફલને, કહેશે. એ પ્રમાણે કહીને તેણે=શૈલરાજે, તેને=વિલેપનને, મને આપ્યું, મારા વડે પણ તે=વિલેપન, હૃદયમાં સ્થાપન કરાયું. ॥૨૨॥

શ્લોક :-

तत्प्रभावादहं जातः, स्तब्धः कीलितकन्धरः ।
सुतरां प्रणता लोकाः, विश्वासोऽभूद्विलेपने ।।२३।।

શ્લોકાર્થ :-

તેના પ્રભાવથી=વિલેપનના પ્રભાવથી, અક્કડ થયેલી કંધરવાળો= ખભાવાળો સ્તબ્ધ હું થયો. લોકો અત્યંત નમ્યા. વિલેપનમાં વિશ્વાસ થયો. ॥૨૩॥

શ્લોક :-

गतोऽन्यदाऽहं नगरेऽन्तरङ्गे, संक्लिष्टचित्तेऽखिलदुःखवासे।
तृष्णाऽनिलान्दोलितकृष्णनीलकापोतलेश्याविलसत्पताके।।२४।।
असंख्यदुर्ध्यानरथप्रचारलोकप्रवाहाभिधराजमार्गे ।
विकल्पसंचित्रितचित्तसंज्ञाकपोतपालीकृतकौतुकौघे ।।२५।।

શ્લોકાર્થ :-

અન્યદા અખિલ દુઃખના વાસવાળા, તૃષ્ણારૂપી પવનથી આંદોલિત કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાથી વિલાસ પામતી પતાકાવાળા, અસંખ્ય દુર્ધ્યાનરૂપી રથના પ્રચારવાળા, લોકપ્રવાહ નામવાળો રાજમાર્ગ છે જેમાં એવા, વિકલ્પોથી સંચિત્રિત એવી ચિત્તસંજ્ઞાવાળા, કબૂતરાઓથી પાળ કરાયેલ કૌતુકના સમૂહવાળા એવા અંતરંગ સંક્લિષ્ટચિત્તરૂપ નગરમાં હું ગયો. ॥૨૪-૨૫॥

શ્લોક :-

अद्राक्षमस्मिन्नतुलप्रतापमुत्पत्तिभूमिं बहुदूषणानाम् ।
निबद्धवैरं सह बोधराज्ञा, पत्येव राहुग्रहमौषधीनाम् ।।२६।।

क्लिष्टाशयं नाम नृपं प्रमादप्रपञ्चसंसूत्रणसूत्रधारम् ।
सद्भूतवादद्विपपञ्चवक्त्रं, विघ्नं च वेतालमिवेष्टसिद्धेः ।।२७।।
।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

અતુલ પ્રતાપવાળા, બહુ દોષોની ઉત્પત્તિભૂમિવાળા, જેમ રાહુગ્રહને ઔષધિઓના પતિ=ચંદ્રની સાથે નિબદ્ધ વેર છે તેમ બોધરૂપી રાજા સાથે નિબદ્ધ વેરવાળા, પ્રમાદના પ્રપંચની રચના કરનારા સૂત્રધાર, સદ્ભૂતવાદરૂપી હાથીને મારવા માટે પંચવક્ત્ર=સિંહ, અને વેતાલની જેમ ઈષ્ટસિદ્ધિના વિઘ્ન એવા ક્લિષ્ટઆશય નામના રાજાને આ નગરમાં= અંતરંગ નગરમાં મેં જોયો.

જીવમાં જ્યારે ક્લિષ્ટ આશય પ્રગટે છે તેના પૂર્વે સંક્લિષ્ટ ચિત્ત વર્તે છે તેનું સ્વરૂપ શ્લોક-૨૪, ૨૫થી બતાવેલ છે અને સંક્લિષ્ટ ચિત્તવાળા જીવમાં નિમિત્તને પામીને ક્લિષ્ટ આશય પ્રગટે છે. તેનું સ્વરૂપ શ્લોક-૨૬, ૨૭થી બતાવે છે. અને તેમાં સદ્ભૂતવાદરૂપ હાથીને મારવા માટે સિંહ જેવો ક્લિષ્ટ આશય છે એમ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ કે શ્રાવક, અથવા અન્ય દર્શનવાળા સ્વમતિથી સદ્ભૂત એવા ભગવાનના વચનનો અપલાપ કરનારા છે તેઓને સાક્ષાત્ કોઈને મારવાનો અધ્યવસાય નહીં હોવા છતાં સન્માર્ગનો નાશ કરે તેવો ક્લિષ્ટ આશય વર્તે છે આથી દુરંત સંસારની પ્રાપ્તિ તેઓને થાય છે. તેવા ક્લિષ્ટઆશય રાજાના નગરમાં રિપુદારણ જાય છે. **॥૨૬-૨૭॥**

શ્લોક :-

प्रिया मया तस्य च हीनताख्या, दृष्टा निकृष्टाशयवर्गसेव्या ।
प्रवर्तिका निन्द्यतरक्रियाणां, तमोमयी कालनिशेव साक्षात् ।।२८।।

શ્લોકાર્થ :-

તેની=ક્લિષ્ટઆશય નામના રાજાની, નિકૃષ્ટ આશય વર્ગથી સેવ્ય= હલકા આશયના સમૂહથી સેવ્ય, નિંદ્યતર ક્રિયાઓની પ્રવર્તિકા, સાક્ષાત્ કાલની રાત્રિ જેવી=મૃત્યુરૂપ કાલની રાત્રી જેવી અંધકારમયી હીનતા નામની પ્રિયા મારા વડે જોવાઈ. ।।૨૮।।

શ્લોક :-

तयोर्मृषावाद इति प्रसिद्धः, सद्बोधशैले दृढवज्रपातः ।
स्नेहद्रुमोच्छेदकुठारकल्पः, संकल्पवल्लीवनवारिवाहः ।।२९।।
सुतः समस्ताङ्गिहितोपलोपी, कुतश्चिदप्यक्षतबाहुवीर्यः ।
अनायि नेत्रातिथितां कुमार्गोपदेशदक्षः कृतमोहपक्षः ।।३०।।

શ્લોકાર્થ :-

સદ્બોધશૈલમાં દઢ વજ્રપાતવાળો, સ્નેહરૂપી વૃક્ષના ઉચ્છેદમાં કુઠાર જેવો, સંકલ્પરૂપ વેલડીના વનને સિંચન કરનાર, સમસ્ત જીવોના હિતનો ઉપલોપ કરનાર, કોઈક રીતે પણ અક્ષતબાહુવીર્યવાળો=મૃષાવાદ કોઈક પુણ્યના સહકારથી પોતાનું જુઠ્ઠું કાર્ય સાધી શકે તેવા બાહુવીર્યવાળો, કુમાર્ગના ઉપદેશમાં દક્ષ, કૃતમોહપક્ષવાળો મૃષાવાદ એ પ્રકારે પ્રસિદ્ધ તે બેનો=ક્લિષ્ટઆશય અને હીનતાનો, પુત્ર નેત્રની અતિથિતાને પ્રાપ્ત થયો=મારા દૃષ્ટિપથને પામ્યો.

પ્રસ્તુત બે શ્લોક દ્વારા મૃષાવાદનું કુત્સિત સ્વરૂપ કેવું છે તે બતાવેલ છે અને પુણ્યના સહકારથી મૃષાવાદ બાહ્ય કાર્યો સાધે છે તે બતાવેલ છે. **॥૨૯-૩૦॥**

શ્લોક :-

मया महामोहविमोहितेन, न लक्षितं किंचन तत्स्वरूपम् ।
अहं समालिङ्गितवांस्तदैव, दृष्ट्वा परं तं हितबन्धुबुद्ध्या।।३१।।

શ્લોકાર્થ :-

મહામોહથી વિમોહિત એવા મારા વડે તેનું સ્વરૂપ=પૂર્વમાં બતાવ્યું તેવું કુત્સિત સ્વરૂપ, કંઈ જણાયું નહીં. ત્યારે જ તેને જોઈને=મૃષાવાદને જોઈને, અત્યંત હિતબંધુ બુદ્ધિથી મેં સમાલિંગન કર્યું. ।।૩૧।।

શ્લોક :-

स्वस्थानमानीय मया शरीरादभिन्नरूपोऽभिमतः स बन्धुः ।
सर्वत्र कार्येऽधिकृतश्च गूढं, स्थितं न नौ किञ्चन रागभाजोः ।।३२।।

શ્લોકાર્થ :-

સ્વસ્થાને લાવીને મારા વડે તે બંધુ=મૃષાવાદરૂપ તે બંધુ, શરીરથી અભિન્નરૂપ અભિમત થયો. સર્વ કાર્યમાં અધિકૃત કરાયો=મૃષાવાદ આગળ કરાયો, રાગવાળા એવા અમારા બંને વચ્ચે કંઈ ગુપ્ત રહ્યું નહીં=મૃષાવાદ અને હું અત્યંત ઘનિષ્ટ મિત્રવાળા થયા. ॥૩૨॥

શ્લોક :-

असच्च सद्भूतमसत् सदेव, कृतं मयाऽध्यक्षमपि प्रसह्य ।
तस्य प्रसादान्न ममापराधगन्धोऽपि लग्नो निहितः परेषु ॥३३॥

શ્લોકાર્થ :-

અને પ્રત્યક્ષને પણ બળાત્કારથી મારા વડે અસત્ સદ્ભૂત કરાયું અને સદ્ જ અસત્ કરાયું, તેના પ્રસાદથી=મૃષાવાદના પ્રસાદથી, મારો અપરાધગંધ પણ=મેં અકાર્ય કર્યું છે એ રૂપ અપરાધગંધ પણ, લાગ્યો નહીં=મારામાં લાગ્યો નહીં, પરમાં નિહિત કરાયો=મારો અપરાધ પરમાં મૃષાવાદના બળથી સ્થાપન કરાયો. ॥૩૩॥

શ્લોક :-

ज्ञातस्ततोऽहं कृतशैलराजमहामृषावाददृढप्रसंगः ।
भयङ्करोऽम्भोधिरिव प्रनृत्यत्तिमिङ्गिलो भीमभुजङ्गराजः ॥३४॥

શ્લોકાર્થ :-

તેથી=મૃષાવાદની મને પ્રાપ્તિ થઈ તેથી, અહંકારરૂપ શૈલરાજ અને મહામૃષાવાદના દૃઢ પ્રસંગવાળો, નાચતા માછલાવાળા, ભયંકર સર્પોવાળા એવા સમુદ્ર જેવો હું ભયંકર થયો. ॥૩૪॥

શ્લોક :-

शैलराजमृषावादसङ्गाद् दोषा भवन्ति ये ।
पुण्योदयप्रभावेन, प्रलीयन्ते च तेऽखिलाः ॥३५॥

શ્લોકાર્થ :-

શૈલરાજ અને મૃષાવાદના સંગથી જે દોષો થાય છે તે સર્વ દોષો પુણ્યોદયના પ્રભાવથી પ્રલીન થાય છે.

આ લોકમાં માનકષાય અને મૃષાવાદને કારણે જે અનર્થો થાય છે તે સર્વ અનર્થો પુણ્યોદયના પ્રભાવથી દૂર થાય છે. **॥૩૫॥**

શ્લોક :-

स्वप्नेऽपि न मया ज्ञातमेतत् तस्य विजृम्भितम् ।
शैलराजमृषावादौ परं ज्ञातौ गुणावहौ ।।३६।।

શ્લોકાર્થ :-

તેનું=પુણ્યોદયનું આ વિલસિત સ્વપ્નમાં પણ મારા વડે જણાયું નહીં, કેવલ શૈલરાજ અને મૃષાવાદ ગુણાવહ જણાયા. ॥૩૬॥

શ્લોક :-

कलाग्रहणकालेऽथ, कलाचार्यं विधानतः ।
सम्पूज्य पित्रा तस्याहं, प्रथितोत्सवमर्पितः ।।३७।।

શ્લોકાર્થ :-

હવે કલાગ્રહણના કાલમાં કલાચાર્યને વિધિથી પૂજીને પિતા વડે વિસ્તાર કરાયેલા ઉત્સવવાળો હું તેને=કલાચાર્યને, સમર્પિત કરાયો. ॥૩૭॥

શ્લોક :-

उक्तश्चाहं त्वया पुत्र !, समाराध्योऽयमादरात् ।
विद्यार्थिना कलाचार्यः, प्रणिपातविधायिना ।।३८।।

શ્લોકાર્થ :-

અને હું કહેવાયો, હે પુત્ર ! પગે લાગવાપૂર્વક, વિદ્યાર્થી એવા તારા વડે, આ કલાચાર્ય આદરથી આરાધ્ય છે. ॥૩૮॥

શ્લોક :-

मयोक्तं किं विजानीते, वराकोऽयं ममाग्रतः ।
तवानुरोधाद् गृह्णामि, कलाः कुर्वे नतिं तु न ।।३९।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું, આ વરાક મારી આગળ શું જાણે છે. તમારા અનુરોધથી=પિતાના અનુરોધથી, કલા હું ગ્રહણ કરું છે. વળી, નમસ્કાર કરતો નથી. ।।૩૯।।

શ્લોક :-

रहःस्थितं ततस्तातः, कलाचार्यमभाषत ।
नोद्वेगोऽस्य त्वया कार्योऽविनयं प्रेक्ष्य मानिनः ।।४०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પિતાએ એકાંતમાં રહેલ કલાચાર્યને કહ્યું અવિનયને જોઈને માની એવા આનો=મારા પુત્રનો, તમારે ઉદ્વેગ કરવો જોઈએ નહીં. ।।૪૦।।

શ્લોક :-

तद्वचोऽसौ प्रतिश्रुत्य, दध्यौ बाल्यविजृम्भितम् ।
मानोऽस्य शास्त्रबोधेऽयं, स्वयं नम्रो भविष्यति ।।४१।।

શ્લોકાર્થ :-

તેમના વચનને સાંભળીને રાજાના વચનને સાંભળીને, આ= કલાચાર્યએ, વિચાર્યું, બાલ્યથી વિજૃમ્ભિત આનો=રિપુદારણનો, માન છે. શાસ્ત્રબોધ થયે છતે આ=રિપુદારણ, સ્વયં નમ્ર થશે. ।।૪૧।।

શ્લોક :-

ततोऽसौ सर्वयत्नेन, प्रवृत्तो मम पाठने ।
पठन्ति तत्र चान्येऽपि, विनीता राजदारकाः ।।४२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી આ=કલાચાર્ય, મને ભણાવવામાં સર્વ યત્નથી પ્રવૃત્ત થયા, અને ત્યાં=કલાચાર્યની પાસે, અન્ય પણ વિનીત રાજપુત્રો ભણે છે. ।।૪૨।।

શ્લોક :-

शैलराजः प्रवृद्धः स्यादादरेणाथ मे गुरोः ।
ततो जात्यादिनाऽऽचार्यं, हीलयामि प्रतिक्षणम् ।।४३।।

શ્લોકાર્થ :-

હવે ગુરુના આદરથી મારો શૈલરાજ પ્રવૃદ્ધ થયો, તેથી આચાર્યની જાત્યાદિ દ્વારા હું પ્રતિક્ષણ હીલના કરું છું. ।।૪૩।।

શ્લોક :-

दध्यौ तदा कलाचार्यो, नास्य शास्त्रश्रमाद् गुणः ।
यथाऽम्लभोजनात् क्षीणतनोः श्वयथुवर्धनात् ।।४४।।

શ્લોકાર્થ :-

ત્યારે કલાચાર્યએ વિચાર કર્યો. આને=રિપુદારણને શાસ્ત્રશ્રમથી ગુણ નથી, જે પ્રમાણે અમ્લભોજનથી ક્ષીણ થયેલા શરીરના સોજાનું વર્ધન હોવાથી ગુણ નથી. ।।૪૪।।

શ્લોક :-

ज्ञानदानमपात्रस्य, कन्यादानमिवाहितम् ।
त्यक्तस्तेनेत्यहं भावाद्, बहिर्द्वेषो न दर्शितः ।।४५।।

શ્લોકાર્થ :-

અપાત્રને કન્યાદાનની જેમ જ્ઞાનદાન અહિત છે. તેના વડે=કલાચાર્ય વડે, ભાવથી ત્યાગ કરાયેલો હું બહારથી દ્વેષ બતાવાયો નહીં. ।।૪૫।।

શ્લોક :-

राजडिम्भा अपि प्रेक्ष्य, मामभूवंस्तथाविधम् ।
विरक्ताः केवलं पुण्यान्न पराभवितुं क्षमाः ।।४६।।

શ્લોકાર્થ :-

રાજબાળકો પણ=કલાચાર્ય પાસે ભણવા આવેલા રાજપુત્રો પણ, તેવા પ્રકારના મને જોઈને=માનકષાય અને મૃષાવાદવાળા એવા મને જોઈને, વિરક્ત થયા. કેવલ પુણ્યને કારણે=રિપુદારણના તેવા પ્રકારના પુણ્યને કારણે, પરાભવ કરવા સમર્થ થયા નહીં. ।।૪૬।।

શ્લોક :-

बहिर्गतेऽन्यदाऽऽचार्ये, मयाऽध्यस्तं तदासनम् ।
तद् दृष्ट्वा राजडिम्भा मां, प्रोचुर्नेदं तवोचितम् ।।४७।।

શ્લોકાર્થ :-

અન્યદા આચાર્ય બહાર ગયે છતે મારા વડે તેમના આસન ઉપર બેસાયું, તેને જોઈને રાજબાળકોએ મને કહ્યું, તને આ ઉચિત નથી. ।।૪૭।।

શ્લોક :-

यतः —
गुर्वासने निविष्टानां, मालिन्यं स्यात्कलङ्कजम् ।
वर्धेते चायशःपापे, क्षरणं चायुषो भवेत् ।।४८।।

શ્લોકાર્થ :-

જે કારણથી ગુરુ આસનમાં બેસેલાઓનું કલંકથી થનારું માલિન્ય થાય. અયશ અને પાપ વધે છે. અને આયુષ્યનો ક્ષય થાય છે. ।।૪૮।।

શ્લોક :-

मयोक्तं शिक्षणार्होऽहं, बालिशाः ! किं भवादृशाम् ।
यात स्वकुलशिक्षार्थं, तेऽपि तूष्णीं स्थितास्ततः ।।४९।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. હે બાલિશો ! હું તમારા જેવા વડે શું શિક્ષણ આપવા યોગ્ય છું ? સ્વકુલની શિક્ષા માટે જાઓ, તેથી તેઓ મૌન રહ્યા. ।।૪૯।।

શ્લોક :-

कलाचार्याय तत् प्रोक्तं, चरित्रं राजदारकैः ।
क्रुद्धेन तेन पृष्टोऽहं, सासूयं भाषितं मया ।।५०।।
अहोऽविमृश्य भाषित्वमहो ते शास्त्रकौशलम् ।
असत्यवादिभिर्ब्रूषे, मामेवं यत् प्रतारितः ।।५१।।

શ્લોકાર્થ :-

રાજદારકો વડે તે ચરિત્ર કલાચાર્યને કહેવાયું, ક્રોધ પામેલા એવા તેમના વડે=કલાચાર્ય વડે=ઈર્ષ્યા સહિત હું પુછાયો. મારા વડે કહેવાયું. અહો ! વિચાર્યા વગરનું બોલવાપણું, અહો ! તમારું શાસ્ત્રકૌશલ્ય, અસત્યવાદીઓથી ઠગાયેલા એવા તમે જે કારણથી મને આ પ્રમાણે કહો છો. ।।૫૦-૫૧।।

શ્લોક :-

ततो महामतिर्दध्यौ, न मृषा राजदारकाः ।
ब्रुवतेऽयं परं पापस्तद् दृष्ट्वा शिक्षयाम्यहम् ।।५२।।

શ્લોકાર્થ :-

તેથી મહામતિએ વિચાર્યું રાજપુત્રો મૃષા બોલતા નથી, પરંતુ આ પાપી છે, તે કારણથી જોઈને=મારા આસન ઉપર બેઠેલો છે એ પ્રમાણે જોઈને, હું એને શિક્ષા આપીશ. ।।૫૨।।

શ્લોક :-

अन्यदा छन्नदेशस्थः, स मां वेत्रासनस्थितम् ।
दृष्ट्वा ददावुपालम्भं, कृतस्तन्निह्नवो मया ।।५३।।

શ્લોકાર્થ :-

અન્યદા ગુપ્ત દેશમાં રહેલ તેમણે=કલાચાર્યે, પોતાના આસન ઉપર રહેલ મને જોઈને ઉપાલંભ આપ્યો, તેનો નિહ્નવ=હું આસન ઉપર બેઠો છું તેવું કલાચાર્ય પ્રત્યક્ષથી જુએ છે છતાં તેનો અપલાપ, મારા વડે કરાયો. ।।૫૩।।

શ્લોક :-

ततो रहसि विज्ञप्तं, गुरवे राजदारकैः ।
अद्रष्टव्यो ह्ययं युक्तो, मध्ये स्थापयितुं न नः ।।५४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી રાજપુત્રો વડે ગુરુ એકાંતમાં વિજ્ઞપ્ત કરાયા, અદ્રષ્ટવ્ય એવા આ=રિપુદારણ, અમારી મધ્યમાં સ્થાપન કરવા યુક્ત નથી. ।।૫૪।।

શ્લોક :-

तेनापि चिन्तितं सत्यं, वदन्त्येते तपस्विनः ।
पापोऽनुचित एवाऽयं, सत्सङ्गे रिपुदारणः ।।५५।।

શ્લોકાર્થ :-

તેના વડે પણ=કલાચાર્ય વડે પણ, વિચારાયું આ તપસ્વીઓ સત્ય કહે છે. આ પાપી એવો રિપુદારણ સત્સંગમાં અનુચિત જ છે. ।।૫૫।।

શ્લોક :-

तथाहि—
कुपितं मधुरैर्वाक्यैरर्थदानेन लोभिनम् ।
विनयेन जनं स्तब्धमविश्वासेन मायिनम् ।।५६।।
चौरं रक्षणयत्नेन, सद्बुद्ध्या पारदारिकम् ।
वशीकुर्वन्ति सुधियो, मूर्खं चित्तानुवृत्तितः ।।५७।।
न तु कोऽपि प्रतीकारो, विद्यते भुवनत्रये ।
असत्यवादिनः पुंसः, कालदष्टः स उच्यते ।।५८।।

।। त्रिभिर्विशेषकम् ।

શ્લોકાર્થ :-

તે આ પ્રમાણે સુંદર બુદ્ધિવાળા જીવો મધુર વાક્યોથી કુપિતને, અર્થદાનથી લોભીને, વિનયથી સ્તબ્ધ જનને, માયાવીને અવિશ્વાસથી, ચોરને રક્ષણના યત્નથી, સદ્બુદ્ધિથી પારદારિકાને, મૂર્ખને ચિત્તની

અનુવૃત્તિથી વશ કરે છે. પરંતુ ભુવનત્રયમાં અસત્યવાદી પુરુષનો કોઈ પણ પ્રતિકાર વિદ્યમાન નથી. કાલદષ્ટ=કાલદષ્ટ એવા સર્પથી ડંશાયેલો, તે કહેવાય છે. ।।૫૬થી ૫૮।।

શ્લોક :-

स्वभावादथवा दुष्टो, नास्त्ययं रिपुदारणः ।
मृषावादान्मृषा ब्रूते, स्तब्धः स्याच्छैलराजतः ।।५९।।

શ્લોકાર્થ :-

અથવા સ્વભાવથી આ રિપુદારણ દુષ્ટ નથી, મૃષાવાદથી મૃષા બોલે છે, શૈલરાજથી સ્તબ્ધ થાય છે. ।।૫૯।।

શ્લોક :-

कुर्याद् यद्येतयोस्त्यागं, तदा स्याद्धितमुत्तमम् ।
शिक्षयामि तदर्थं तदित्याचार्यो जगाद माम् ।।६०।।

શ્લોકાર્થ :-

જો આ બંનેનો ત્યાગ કરે તો ઉત્તમ હિત થાય, તે કારણથી=ઉત્તમ હિત થાય તે કારણથી તેના માટે=ઉત્તમ હિત માટે, હું શિખામણ આપું. એથી આચાર્યએ મને કહ્યું. ।।૬૦।।

શ્લોક :-

कुमार ! नोचितं स्थानं, मच्छालायां किलेदृशाम् ।
शैलराजमृषावादौ, पापमित्रे ततस्त्यज ।।६१।।

શ્લોકાર્થ :-

હે કુમાર ! ખરેખર આવા પ્રકારની મારી શાળામાં શૈલરાજ અને મૃષાવાદરૂપ બે પાપમિત્રોને ઉચિત સ્થાન નથી, તેથી તું ત્યાગ કર. ।।૬૧।।

શ્લોક :-

मयोक्तं स्थानमेतत् त्वं, यच्छ पित्रे विनाऽप्यदः ।
विना च त्वां वयं शास्त्रं, भणिष्यामोऽन्यतः सुखम् ।।६२।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું – આ સ્થાન=તમારી શાળારૂપ સ્થાન તમે બાપને આપો=તમારા બાપને આપો, આ=સ્થાન, વગર પણ અને તમારા વગર પણ અમે અન્યથી સુખપૂર્વક શાસ્ત્રને ભણીશું. ।।૬૨।।

શ્લોક :-

तर्जयित्वेत्थमाचार्यं, स्तब्धचित्तविलेपनात् ।
उत्कंधराननो मृद्नन्निजाङ्गं निर्गतस्ततः ।।६३।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે=શ્લોક-૬૨માં કહ્યું એ પ્રમાણે, સ્તબ્ધ ચિત્તના વિલેપથી, આચાર્યને તર્જન કરીને ઊંચી સ્કંધના મુખવાળો એવો હું પોતાના અંગને મર્દન કરતો ત્યાંથી નીકળ્યો. ।।૬૩।।

શ્લોક :-

प्राप्तस्तातान्तिके पृष्टस्तेन पाठोऽवशिष्यते ।
कियांस्तव मया प्रोक्तं, न न्यूना काऽपि मे कला ।।६४।।

શ્લોકાર્થ :-

પિતા પાસે પહોંચ્યો, તેમના વડે=પિતા વડે, પુછાયો, કેટલો તારો પાઠ બાકી છે ? મારા વડે કહેવાયું, કોઈ પણ કલા મને ન્યૂન નથી. ।।૬૪।।

શ્લોક :-

तातः प्राह तथाऽप्युच्चैः, पूर्वाधीतं स्थिरीकुरु ।
विद्यायां ध्यानयोगे च, संतोषो नोचितः सताम् ।।६५।।

શ્લોકાર્થ :-

પિતાએ કહ્યું, તોપણ પૂર્વમાં ભણાયેલું અત્યંત સ્થિર કર, વિદ્યામાં અને ધ્યાનયોગમાં, સંતોને સંતોષ ઉચિત નથી. ।।૬૫।।

શ્લોક :-

भृतं धनैः पुनर्वेश्म, कलाचार्यस्य भूभृता ।
मा भूत् खेद इति प्रोक्तं, तेन मच्चरितं तु न ।।६६।।

શ્લોકાર્થ :-

વળી, ધનથી કલાચાર્યનું ઘર રાજા વડે ભરાયું, ખેદ ન થાઓ=રાજાને ખેદ ન થાઓ, એથી તેમના વડે=કલાચાર્ય વડે, મારું ચરિત્ર કહેવાયું નહીં. ।।૬૬।।

શ્લોક :-

कलाचार्यगृहे स्थेयं, भवताऽभ्यासशालिना ।
अतः प्रभृति तातेनेत्युक्तं तत्स्वीकृतं मया ।।६७।।

શ્લોકાર્થ :-

અભ્યાસશાળી એવા તારા વડે હવે પછી કલાચાર્યના ઘરમાં રહેવું જોઈએ, એ પ્રમાણે તાત વડે કહેવાયું, મારા વડે સ્વીકાર કરાયું. ।।૬૭।।

શ્લોક :-

निर्गतेन मृषावादस्ततः पृष्टो वयस्य ! ते ।
दक्षता किमुपज्ञं यद्वशान्मेऽभूदयं महः ।।६८।।

શ્લોકાર્થ :-

નીકળેલા એવા મારા વડે=કલાચાર્યની શાળામાં રહેવા માટે નીકળેલા એવા મારા વડે, ત્યારપછી મૃષાવાદ પુછાયો. હે મિત્ર ! મૃષાવાદ ! તારી દક્ષતા શું કહેવાય જેના વશથી મને આ મહ થયો=મારો તેજ થયો. ।।૬૮।।

શ્લોક :-

स जगौ राजसे चित्ते, राजाऽऽस्ते रागकेसरी ।
सरीसृपाणां शत्रूणां, त्रासने विनतासुतः ।।६९।।

શ્લોકાર્થ :-

તે=મૃષાવાદ, બોલ્યો. રાજસચિત્તમાં શત્રુરૂપી સર્પોના ત્રાસનમાં ગરુડ એવો રાગકેસરી રાજા છે. ।।૬૯।।

શ્લોક :-

तस्यास्ति मूढता देवी, कुक्षिक्षिप्तगुणोच्चया ।
मायाऽभिधाऽस्ति तत्पुत्री, छायाछन्नजगत्त्रया ।।७०।।

શ્લોકાર્થ :-

કુક્ષિમાં નાંખેલ ગુણના સમૂહવાળી, તેની=રાગકેસરીની, મૂઢતા નામની દેવી છે. છાયાથી આચ્છાદિત કરાયેલા જગત્ત્રયવાળી માયા નામની તેની પુત્રી છે. ।।૭૦।।

શ્લોક :-

प्रतिपन्ना मया प्रेम्णा, भगिनी सा महत्तमा ।
साऽपि छायेव मां मुक्त्वा, कदापि क्वापि याति न ।।७१।।

શ્લોકાર્થ :-

મારા વડે=મૃષાવાદ વડે, પ્રેમથી મોટી બહેન સ્વીકારાઈ છે, તે પણ=માયા પણ, છાયાની જેમ મને મૂકીને ક્યારેય પણ ક્યાંય પણ જતી નથી. ।।૭૧।।

શ્લોક :-

प्राप्तं तदुपदेशेन, मया कौशलमिदृशम् ।
मयोक्तं दर्शनीया सा, ममाप्यात्मस्वसा त्वया ।।७२।।

શ્લોકાર્થ :-

તેના ઉપદેશથી=માયાના ઉપદેશથી, મારા વડે=મૃષાવાદ વડે, આવા પ્રકારનું કૌશલ્ય પ્રાપ્ત કરાયું. મારા વડે=રિપુદારણ વડે, કહેવાયો=મૃષાવાદ કહેવાયો, પોતાની બહેન એવી તે=માયા, મને પણ=રિપુદારણને પણ, તારા વડે=મૃષાવાદ વડે, બતાવી જોઈએ. ।।૭૨।।

શ્લોક :-

तथेति स्वीकृतं तेन, ततो विलसितं मया ।
शालासु द्यूतकाराणां, पणस्त्रीणां च वेश्मसु ।।७३।।

શ્લોકાર્થ :-

'તથા' એ રીતે=હું મારી બહેન માયા બતાવીશ. એ રીતે, તેના વડે=મૃષાવાદ વડે, સ્વીકાર કરાયું, ત્યારપછી=માયાને મૃષાવાદે મને બતાવી ત્યારપછી, મારા વડે જુગારિયાઓની શાળાઓમાં અને વેશ્યા સ્ત્રીઓના ઘરમાં વિલાસ કરાયો.

માયાના આલંબનથી પિતાને હું ગુરુ પાસે ભણું છું તેમ કહ્યું અને વાસ્તવિક રીતે જુગાર રમવા અને વેશ્યાના ઘરમાં પ્રવૃત્ત થયો જે માયાનું વિલસિત છે. **II૭૩II**

શ્લોક :-

इत्थं द्वादश वर्षाणि, कलौघोपार्जनच्छलात् ।
लङ्घितानि कुमार्गेण, मया तातमपश्यता ।।७४।।

શ્લોકાર્થ :-

આ રીતે કલાના સમૂહના ઉપાર્જનના છલથી પિતાને નહીં જોતા મારા વડે કુમાર્ગથી=વિદ્યાભ્યાસને છોડીને જુગારાદિ કૃત્યોથી, બાર વર્ષ પસાર કરાયાં. ।।૭૪।।

શ્લોક :-

मिथ्यावार्तारजःपुञ्जे, मयि धूमभ्रमाद् गिरौ ।
पूर्णज्ञानाग्निसद्भावो, लोकैरनुमितस्ततः ।।७५।।

શ્લોકાર્થ :-

તેનાથી=માયાથી, ગિરિમાં ધૂમના ભ્રમથી પૂર્ણજ્ઞાનરૂપી અગ્નિના સદ્ભાવવાળો, મિથ્યાવાર્તારૂપ રજના પુંજવાળા મારામાં લોકો વડે અનુમાન કરાયો.

પર્વત ઉપર ધૂળના ગોટા હોય છતાં ધૂમનો ભ્રમ થાય તેમ રિપુદારણ કલાનો અભ્યાસ કરતો ન હતો છતાં હું કલાભ્યાસ કરું છું એ પ્રકારની વાર્તા રૂપ રજના પુંજો ફેલાવતો હતો તેથી લોકો વડે અનુમાન કરાયું કે રિપુદારણમાં પૂર્ણજ્ઞાનનો સદ્ભાવ છે તે રિપુદારણની માયાનું ફલ હતું. **॥૭૫॥**

શ્લોક :-

अथाहं यौवनं प्राप्तः, कामिनीमृगवागुराम् ।
मानद्विरदविन्ध्याद्रिं, स्मरभृङ्गसरोरुहम् ।।७६।।

શ્લોકાર્થ :-

હવે હું સ્ત્રીરૂપી મૃગલાઓને માટે જાળ જેવા, માનરૂપી હાથી માટે વિંધ્યાચલ પર્વત જેવા, કામરૂપી ભમરાઓ માટે કમલ જેવા યૌવનને પામ્યો. ॥૭૬॥

શ્લોક :-

इतश्चाशेषपूःस्वामिनरकेसरिभूपतेः ।
देव्या वसुन्धरायाश्च, सुताऽस्ति नरसुन्दरी ।।७७।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ અશેષ નગરના સ્વામી એવા નરકેસરી રાજાની અને વસુંધરા દેવીની નરસુંદરી પુત્રી છે. ॥૭૭॥

શ્લોક :-

तयोद्यौवनया चित्तेऽभिनिवेशोऽयमाहितः ।
वरणीयो मया नूनं, मत्तोऽधिकगुणो वरः ।।७८।।

શ્લોકાર્થ :-

ઉદ્ભવ પામેલા યૌવનવાળી એવી તેણી વડે=નરસુંદરી વડે, ચિત્તમાં આ અભિનિવેશ કરાયો. મારે મારાથી અધિક ગુણવાળો વર વરવો જોઈએ. ॥૭૮॥

શ્લોક :-

नरकेसरिणा ज्ञात्वा, तद्भावमिति चिन्तितम् ।
अस्याः समर्गलः स्याच्चेत् स एव रिपुदारणः ।।७९।।

શ્લોકાર્થ :-

નરકેસરી રાજા વડે તેના ભાવને જાણીને આ પ્રમાણે વિચારાયું, આનીના સમાન=નરસુંદરીના સમાન, જો કોઈ થાય તો તે રિપુદારણ છે. ।।૭૯।।

શ્લોક :-

ततोऽसौ तां गृहीत्वैव, वरविद्यां परीक्षितुम् ।
सिद्धार्थनगरं प्राप्तः, पित्रा प्रीत्या प्रवेशितः ।।८०।।

શ્લોકાર્થ :-

તેથી આ=નરકેસરી રાજાએ તેણીને ગ્રહણ કરીને જ વરવિદ્યાની પરીક્ષા માટે=રિપુદારણરૂપ વરની વિદ્યાની પરીક્ષા માટે, સિદ્ધાર્થનગરમાં આવ્યો, પિતા વડે પ્રીતિથી પ્રવેશ કરાયો. ।।૮૦।।

શ્લોક :-

दत्तं चावासकस्थानं, सज्जीकृत्याथ मण्डपम् ।
पतिंवरावरगुणान्, सभा चक्रे परीक्षितुम् ।।८१।।

શ્લોકાર્થ :-

અને આવાસકસ્થાન અપાયું. હવે મંડપને સજ્જ કરીને, પતિંવરાની=કન્યાની અને વરના ગુણોની પરીક્ષા કરવા માટે સભા કરી. ।।૮૧।।

શ્લોક :-

राजान्वितः स्थितस्तातस्तन्मध्ये सपरिच्छदः ।
समाहूतौ कलाचार्यस्तत्राहं च समागतौ ।।८२।।

શ્લોકાર્થ :-

રાજાથી યુક્ત=નરકેસરી રાજાથી યુક્ત, પિતા, તેની મધ્યમાં= વરમંડપની મધ્યમાં, પરિવાર સહિત રહ્યા. બોલાવાયેલા કલાચાર્ય અને હું આવ્યા. ।।૮૨।।

શ્લોક :-

इतः पुण्योदयस्याभून्मद्दुश्चेष्टितचिन्तया ।
तेजोमान्द्यमिति स्फुर्तिर्गता प्रातर्विधोरिव ।।८३।।

શ્લોકાર્થ :-

આ બાજુ, મારી દુશ્ચેષ્ટિત ચિંતાથી પુણ્યોદયના તેજનું માંધ થયું=તેજ મંદ થયું. એથી સવારના ચંદ્રની જેમ સ્ફુર્તિ ગઈ=સવારમાં ચંદ્રની સ્ફુર્તિ મંદ થાય છે તેમ રિપુદારણની કષાયની પ્રવૃત્તિને કારણે પુણ્યોદયનું તેજ મંદ થયું. ।।૮૩।।

શ્લોક :-

प्रस्तुतार्थोऽथ तातेन, कलाचार्याय भाषितः ।
जातो हर्षातिरेको मे, जहासान्तः कलागुरुः ।।८४।।

શ્લોકાર્થ :-

હવે તાત વડે પ્રસ્તુત અર્થ કલાચાર્યને કહેવાયો. મને=રિપુદારણને, હર્ષનો અતિરેક થયો. કલાગુરુ અંતરમાં=ચિત્તમાં, હસ્યા. ।।૮૪।।

શ્લોક :-

अत्रान्तरे समायातो, भूपतिर्नरकेसरी ।
तदुत्तरं सभामध्ये, प्रविष्टा नरसुन्दरी ।।८५।।

શ્લોકાર્થ :-

એટલામાં નરકેસરી રાજા આવ્યો, તેના ઉત્તરમાં=નરકેસરીના આગમનના ઉત્તરમાં, સભાની મધ્યમાં, નરસુંદરી પ્રવેશી. ।।૮૫।।

શ્લોક :-

लावण्यामृतपूरेण, प्लावयन्ती जगन्मनः ।
स्निग्धसिन्दूरभृत्केशजितसन्ध्यारुणाम्बरा ।।८६।।
द्योतयन्ती दिशां चक्रं, दीप्तेन वदनेन्दुना ।
कटाक्षैः पूरयन्तीव, न्यस्तशस्त्रस्मरेषुधिम् ।।८७।।
तरन्ती स्तनकुम्भाभ्यां, शृङ्गाररसवारिधिम् ।
उन्मादयन्ती जघनपुलिनेन स्मरद्विपम् ।।८८।।
चटुलैर्मन्मथोल्लापैर्हसन्ती कोकिलध्वनिम् ।
अलङ्कारैर्मुनीनामप्याक्षिपन्ती च मानसम् ।।८९।।

શ્લોકાર્થ :-

લાવણ્યરૂપી અમૃતના પૂરથી જગતના મનને પ્લાવન કરતી, સ્નિગ્ધ સિંદૂરથી ભરાયેલા કેશ વડે જીત્યા છે સંધ્યાકાળના લાલ આકાશને જેણે એવી, દીપ્ત એવા વદનરૂપી ચંદ્રથી દિશાઓને પ્રકાશિત કરતી, સ્થાપન કરાયેલા શસ્ત્રરૂપી કામના બાણ જેવી. સ્તનરૂપી બે કુંભોથી શૃંગાર રસરૂપી સમુદ્રને તરતી, જઘન પુલિન વડે=જાંઘના પુલિન વડે, કામના દ્રીપને ઉન્માદ કરતી, ચટુલ એવા કામના ઉલ્લાપો વડે કોકિલ ધ્વનિને હસતી, અલંકારોથી મુનિઓના પણ માનસને આક્ષેપ કરતી, એવી નરસુંદરીએ સભામાં પ્રવેશ કર્યો એમ શ્લોક-૮૫ સાથે સંબંધ છે. ।।૮૬થી ૮૯।।

શ્લોક :-

जजृम्भे शैलराजोऽथ, तां दृष्ट्वा मे ततो मया ।
चिन्तितं परिणेतुं मां, विनैनां क इवार्हति ।।९०।।

શ્લોકાર્થ :-

હવે તેણીને જોઈને મારો માનકષાય ઉલ્લસિત થયો. તેથી, મારા વડે વિચારાયું, મારા વગર આને પરણવા માટે કોણ યોગ્ય છે અર્થાત્ કોઈ યોગ્ય નથી. ।।૯૦।।

શ્લોક :-

नरकेसरिराज्ञाऽथोऽभिहिता नरसुन्दरी ।
प्रश्नयैनं कलामार्गे, यथेच्छं रिपुदारणम् ।।९१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી નરસુંદરી નરકેસરી રાજા વડે કહેવાઈ, ઈચ્છા પ્રમાણે કલામાર્ગના વિષયમાં આ રિપુદારણને તું પ્રશ્ન કર. ॥૯૧॥

શ્લોક :-

सा प्राह मे गुरुजनाध्यक्षं प्रश्नो न युज्यते ।
तदुद्ग्राहयतु व्यक्तमार्यपुत्रोऽखिलाः कलाः ।।९२।।

શ્લોકાર્થ :-

તે=નરસુંદરી, કહે છે. ગુરુજનની પ્રત્યક્ષ મને પ્રશ્ન ઘટતો નથી, તે કારણથી આર્યપુત્ર અખિલ કલાઓને વ્યક્ત=પ્રગટ કરો. ॥૯૨॥

શ્લોક :-

तत्र गुह्ये मया पृष्टे, निर्वाहं च करोत्वसौ ।
तुष्टाः सर्वे तदाकर्ण्य, पिता प्राह ततश्च माम् ।।९३।।

શ્લોકાર્થ :-

ત્યાં=આર્યપુત્ર કલા વિષયક નિરૂપણ કરે તેમાં, મારા વડે=નરસુંદરી વડે ગુહ્ય પુછાયે છતે, આ=રિપુદારણ નિર્વાહ કરો=મારા પ્રશ્નનું સમાધાન કરો. તે સાંભળીને=નરસુંદરીનાં તે વચન સાંભળીને, સર્વ=રાજા વગેરે સર્વ, તોષ પામ્યા. અને તેથી=નરસુંદરીએ આ પ્રમાણે કહ્યું તેથી, પિતાએ મને કહ્યું. ॥૯૩॥

શ્લોક :-

उद्गृहाण कलाः पुत्र ! राजपुत्र्या सुमन्त्रितम् ।
तदा विज्ञानशून्यस्य, स्तब्धा मम तु भारती ।।९४।।

શ્લોકાર્થ :-

હે પુત્ર ! રાજપુત્રી વડે સુમંત્રિત એવો તું કલાઓ ઉદ્ગ્રહણ કર= અભિવ્યક્ત કર, ત્યારે=પિતાએ આ પ્રમાણે કહ્યું ત્યારે, વિજ્ઞાનશૂન્ય એવા મારી વાણી સ્તબ્ધ થઈ. ॥૯૪॥

શ્લોક :-

महामतिः कलाचार्यस्ततः पित्रा निरीक्षितः ।
कुमारस्य दशा केयमिति कर्णेऽस्य भाषितम् ।।९५।।

શ્લોકાર્થ :-

તેથી મહામતિ એવા કલાચાર્ય પિતા વડે જોવાયા, આમના કાનમાં= રાજાના કાનમાં કુમારની કઈ આ દશા છે એ કહેવાયું=કલાચાર્ય વડે કહેવાયું.

કુમારને ક્ષોભ પામેલા જોઈને રાજાએ કલાચાર્ય સામે જોયું ત્યારે કલાચાર્યએ રાજાના કાન પાસે જઈને કહ્યું કે કુમારે કલા ગ્રહણ કરી નથી તેથી ક્ષોભથી થયેલી આ દશા છે. **॥૯૫॥**

શ્લોક :-

कर्णे तेन शनैः प्रोक्तं, देवक्षोभोऽयमान्तरः ।
पिता प्रोचे कुतो न्वेष, बभाषेऽथ महामतिः ।।९६।।

શ્લોકાર્થ :-

તેમના વડે=કલાચાર્ય વડે, કાનમાં=રાજાના કાનમાં, ધીમેથી કહેવાયું. હે દેવ ! આ અંતરંગ ક્ષોભ છે. પિતાએ કહ્યું, ક્યા કારણથી આ=કુમારનો, અંતરંગ ક્ષોભ છે, હવે, મહામતિ એવા કલાચાર્ય બોલ્યા. ॥૯૬॥

શ્લોક :-

अर्थाज्ञानादयं क्षोभः, कुमारस्य तवाजनि ।
वागायुधा हि वाग्युद्धे, क्षुभ्यन्ति ज्ञानमन्तरा ।।९७।।

શ્લોકાર્થ :-

શું બોલ્યા તે બતાવે છે, તારા કુમારનો અર્થના અજ્ઞાનને કારણે આ ક્ષોભ થયો. हि=જે કારણથી, વાગ્‌યુદ્ધ કરનારા પુરુષો જ્ઞાન વગર વાગ્‌યુદ્ધમાં ક્ષોભ પામે છે. ॥૯૭॥

શ્લોક :-

तातः प्राह कुतोऽज्ञानं, कुमारस्यास्य युज्यते ।
अयं प्राप्तप्रकर्षो हि, श्रुतः सर्वकलाविधौ ॥९८॥

શ્લોકાર્થ :-

પિતા કહે છે, આ કુમારને કયા કારણથી અજ્ઞાન ઘટે છે=ઘટતો નથી. हि=જે કારણથી, આ કુમાર સર્વ કલાની વિધિમાં પ્રાપ્ત પ્રકર્ષવાળો સંભળાય છે. ॥૯૮॥

શ્લોક :-

ततः प्राह कलाचार्यो, दक्षोऽयं कलयोर्द्वयोः ।
शैलराजमृषावादकृतयोर्न कलान्तरे ॥९९॥

શ્લોકાર્થ :-

તેથી=રાજાએ કલાચાર્યને શ્લોક-૯૮ના કથન પ્રમાણે કહ્યું તેથી, કલાચાર્ય કહે છે. આ=રિપુદારણ, શૈલરાજ, અને મૃષાવાદ કૃત એવી બે કલામાં કુશલ છે. કલાંતરમાં નહીં. ॥૯૯॥

શ્લોક :-

तातः प्राह कले के ते, कलाचार्यो जगावथ ।
एको विनयविध्वंसो, द्वितीयं कूटभाषणम् ॥१००॥

શ્લોકાર્થ :-

પિતા કહે છે – તે બે કલા કઈ છે ? હવે કલાચાર્ય કહે છે. એક વિનયનો વિધ્વંસ અને બીજું કૂટભાષણ. ॥૧૦૦॥

શ્લોક :-

ततः सर्वोऽपि वृत्तान्तो, भाषितस्तेन मूलतः ।
राजाऽऽह तत् कथं जानन्नेनं प्रावीविशः सभाम् ।।१०१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેના વડે=કલાચાર્ય વડે, મૂલથી=રિપુદારણ ભણવા માટે મોકલાવાયો ત્યારથી, સર્વ પણ વૃત્તાંત કહેવાયો. રાજા કહે છે. તે કારણથી જાણતા પણ એવા તેં આને=રિપુદારણને, સભામાં પ્રવેશ કરાવ્યો. ।।૧૦૧।।

શ્લોક :-

महामतिर्जगौ देव, न मयेह प्रवेशितः ।
मद्गृहान्निर्गतस्यास्य, गता द्वादशवत्सरी ।।१०२।।

શ્લોકાર્થ :-

મહામતિએ કહ્યું, હે દેવ ! મારા વડે અહીં=સભામાં, પ્રવેશ કરાવાયો નથી, મારા ઘરથી નીકળેલા આને બાર વર્ષ પસાર થયાં છે. ।।૧૦૨।।

શ્લોક :-

अकस्माद् भवतो देवाह्वानादहमिहागतः ।
कुतश्चिदन्यतः स्थानादयमप्यत्र चागतः ।।१०३।।

શ્લોકાર્થ :-

અકસ્માત્ હે દેવ ! તમારા આહ્વાનથી હું અહીં=રાજસભામાં, આવ્યો. અને કોઈક અન્ય સ્થાનથી આ પણ=રિપુદારણ પણ, અહીં=રાજસભામાં, આવ્યો. ।।૧૦૩।।

શ્લોક :-

पिता प्राहाऽऽर्य ! यद्येवमपात्रं रिपुदारणः ।
इयन्तं कालमासीत् तत् कुतोऽभूद्भाजनं श्रियः ।।१०४।।

શ્લોકાર્થ :-

પિતાએ કહ્યું – હે આર્ય ! જો આ પ્રમાણે=કલાચાર્યએ કહ્યું કે શૈલરાજ અને મૃષાવાદની કલામાં કુમાર દક્ષ છે એ પ્રમાણે, રિપુદારણ અપાત્ર છે, તો આટલા કાળ સુધી લક્ષ્મીનું ભાજન કેમ થયો ? ||૧૦૪||

શ્લોક :-

महामतिर्जगावस्य, सुहृत् पुण्योदयोऽस्ति यः ।
दत्ता तेनेयती लक्ष्मीः, क्षीणोऽथास्यैष दोषतः ।।१०५।।

શ્લોકાર્થ :-

મહામતિ બોલ્યા, આનો જે મિત્ર પુણ્યોદય છે તેના વડે આટલા કાળ સુધી પ્રાપ્ત થઈ એટલી, સંપત્તિ અપાઈ, આના=રિપુદારણના, દોષથી, આ=પુણ્યોદય, ક્ષીણ છે. ||૧૦૫||

શ્લોક :-

ततो दुष्प्रतिकारं मद्विकारं चिन्तयन् पिता ।
राहुग्रस्तेन्दुतुल्यास्यो, जातो ज्ञाता जनैः क्षतिः ।।१०६।।

શ્લોકાર્થ :-

તેથી દુષ્પ્રતિકાર એવા મારા વિકારને વિચારતા પિતા રાહુથી ગ્રસ્ત ચંદ્રના તુલ્ય મુખવાળા થયા, લોકો વડે ક્ષતિ જણાઈ. ||૧૦૬||

શ્લોક :-

ग्लानोऽभूत् परिवारो मे, विषण्णा नरसुन्दरी ।
हसिताः सर्वतः षिड्गा, विस्मितो नरकेसरी ।।१०७।।

શ્લોકાર્થ :-

મારો પરિવાર ગ્લાન થયો, નરસુંદરી ક્ષોભ પામી, સર્વ બાજુઓથી મશ્કરા હસવા લાગ્યા, નરકેસરી વિસ્મય પામ્યો. ||૧૦૭||

શ્લોક :-

तातार्चायरहोजल्पाद् विकल्पो मम चोत्थितः ।
जल्पयिष्यत एतौ मां, प्रसह्येति करोमि किम् ।।१०८।।

શ્લોકાર્થ :-

અને પિતા અને આચાર્યના ગુપ્ત જલ્પથી મને વિકલ્પ ઊભો થયો, આ બંને=પિતા અને કલાચાર્ય, મને અત્યંત બોલશે=મને ઠપકો આપશે, એથી હું શું કરું. ।।૧૦૮।।

શ્લોક :-

कण्ठनाड्यस्ततः स्तब्धा, भूरिभीतिविकारतः ।
श्वासोच्छ्वासपथो रुद्धो, जाता मृत्यूचिता दशा ।।१०९।।

શ્લોકાર્થ :-

તે અત્યંત ભયના વિકારથી કંઠની નાડી સ્તબ્ધ થઈ, શ્વાસોચ્છ્વાસ પથ રુંધાયો, મૃત્યુઉચિત દશા થઈ. ।।૧૦૯।।

શ્લોક :-

ततः किमेतदित्यङ्गे, लग्ना विमलमालती ।
आकुलः परिवारोऽभूद्, विस्मिता सकला सभा ।।११०।।

શ્લોકાર્થ :-

તેથી=મૃત્યુ જેવી દશા થઈ તેથી, આ શું છે એ પ્રમાણે અંગમાં= રિપુદારણના અંગમાં, વિમલમાલતી લાગી, પરિવાર આકુલ થયો, સકલ સભા વિસ્મિત થઈ. ।।૧૧૦।।

શ્લોક :-

विसृष्टाऽथ सभा पित्रा, कुमारापाटवच्छलात् ।
जहसुर्मम पाण्डित्यं, मानवा मिलिता बहिः ।।१११।।

શ્લોકાર્થ :-

હવે કુમારના અપાટવના છલથી પિતા વડે સભા વિસર્જન કરાઈ, બહાર મળેલા માનવો મારા પાંડિત્યને હસવા લાગ્યા. ।।૧૧૧।।

શ્લોક :-

नरकेसरिणा ध्यातं, प्रस्थातव्यं मया प्रगे ।
सुभोज्यमिव शास्त्रार्थो, ह्यंशेनैव परीक्ष्यते ।।११२।।

શ્લોકાર્થ :-

નરકેસરી વડે વિચારાયું, મારા વડે સવારે ચાલ્યા જવું જોઈએ, हि= જે કારણથી, સુભોજ્યની જેમ શાસ્ત્રનો અર્થ અંશથી જ પરીક્ષા કરાય છે. ।।૧૧૨।।

શ્લોક :-

कष्टेन तद् व्यतीतं च, दिनं तातस्य चिन्तया ।
कथञ्चन विना निद्रां, गता सुप्तस्य शर्वरी ।।११३।।

શ્લોકાર્થ :-

તે કારણથી ચિંતા વડે પિતાનો દિવસ કષ્ટથી પસાર કરાયો, સૂતેલા રાજાની નિદ્રા વગર કોઈક રીતે રાત્રિ પસાર થઈ. ।।૧૧૩।।

શ્લોક :-

इतश्च मे सुहृत् पुण्योदयो ह्रीणो व्यचिन्तयत् ।
किं तस्य जन्मना यस्मिन्, सति स्यादाश्रितक्षतिः ।।११४।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ મારા લજ્જા પામેલા મિત્ર પુણ્યોદયે વિચાર્યું, તેના જન્મથી શું, જે હોતે છતે આશ્રિતની ક્ષતિ થાય.

રિપુદારણની સાથે પુણ્યોદય જન્મેલો છે, અને તે હોતે છતે પોતાના આશ્રિત રિપુદારણની ક્ષતિ થાય તે પુણ્યોદયની લજ્જાનું કારણ છે; કેમ કે

ક્ષીણ થયેલું પણ રિપુદારણનું પુણ્યોદય વિદ્યમાન છે તેથી તે તેનું હિત કરવા તત્પર થયો. **||૧૧૪||**

શ્લોક :-

रक्षति स्वाश्रितं यो न, स लघुः पवनादपि ।
पवनोऽपि यतो धत्ते, मज्जन्तं दृतिमम्भसि ।।११५।।

શ્લોકાર્થ :-

જે સ્વઆશ્રિતનું રક્ષણ કરતો નથી તે પવનથી પણ લઘુ છે, જે કારણથી પાણીમાં ડૂબતી એવી દતિને પવન પણ રક્ષણ કરે છે. ||૧૧૫||

શ્લોક :-

यायात् सुतामदत्त्वैव, यद्यसौ नरकेसरी ।
ततः कुमारसान्निध्यकारिणो मेऽयशो ध्रुवम् ।।११६।।

શ્લોકાર્થ :-

પુત્રીને આપ્યા વગર જ જો આ નરકેસરી જાય તો કુમારના સાન્નિધ્યને કરનાર એવા મારો=પુણ્યોદયનો, ધ્રુવ અયશ છે. ||૧૧૬||

શ્લોક :-

अयोग्यायापि तेनास्मै, दापयामि सुलोचनाम् ।
इति ध्यात्वा पितुः स्वप्नं, निशाशेषे ददावसौ ।।११७।।

શ્લોકાર્થ :-

તે કારણથી=રિપુદારણના પુણ્યોદયે પૂર્વમાં કહ્યું તે પ્રમાણે વિચાર્યું તે કારણથી, અયોગ્ય પણ આને=રિપુદારણને, સુલોચનાને અપાવું=નરસુંદરી અપાવું, એ પ્રમાણે વિચારીને, રાત્રિના શેષમાં આણે=પુણ્યોદયે, પિતાને=નરવાહનને, સ્વપ્ન આપ્યું. ||૧૧૭||

શ્લોક :-

दृष्टस्तत्र वदन् कश्चित्, पुरुषः कुन्दसुन्दरः ।
दापयिष्याम्यहं कन्यां, कुमारायेति मा शुचः ।।११८।।

શ્લોકાર્થ :-

ત્યાં=રાત્રિમાં, કોઈક કુંદસુંદર પુરુષ બોલતો દેખાયો, હું કન્યાને કુમારને અપાવીશ એથી શોક કર નહીં. ।।૧૧૮।।

શ્લોક :-

तेन स्वप्नेन मुदितस्तातः प्रातरबूबुधत् ।
पुण्योदयस्तदा चक्रे, नरकेसरिणो धियम् ।।११९।।

શ્લોકાર્થ :-

તે સ્વપ્નથી આનંદિત થયેલ પિતા સવારે જાગ્યા, ત્યારે રિપુદારણના પુણ્યોદયે નરકેસરીને બુદ્ધિને આપી. ।।૧૧૯।।

શ્લોક :-

नरवाहनराजोऽयं, गुणैः ख्यातो जगत्त्रये ।
हेतुर्ममागमस्यात्र, ज्ञातो राज्यान्तरेष्वपि ।।१२०।।

શ્લોકાર્થ :-

આ નરવાહન રાજા જગત્ત્રયમાં ગુણોથી પ્રસિદ્ધ છે, અહીં મારા આગમનનો હેતુ બીજા રાજ્યમાં પણ જ્ઞાત છે. ।।૧૨૦।।

શ્લોક :-

ततः कन्यामदत्त्वैव, गमनं मे न शोभनम् ।
यथाकथञ्चिद् देयाऽसौ, नो चेत् पक्षद्वयक्षतिः ।।१२१।।

શ્લોકાર્થ :-

તેથી કન્યાને આપ્યા વગર જ મારું ગમન શોભન નથી, કોઈક રીતે આ=કન્યા, આપવા યોગ્ય છે, જો નહીં અપાય તો પક્ષદ્વયની ક્ષતિ છે=મારા પક્ષની અને નરવાહનના પક્ષની નામોશી છે. ।।૧૨૧।।

શ્લોક :-

तं भावं नरसुन्दर्यै, प्रोवाच नरकेसरी ।
तथेति प्रतिशुश्राव, साऽपि पुण्योदयाज्ञया ।।१२२।।

શ્લોકાર્થ :-

તે ભાવને=આપણા બંને પક્ષની ક્ષતિ છે તે ભાવને, નરકેસરી રાજાએ નરસુંદરીને કહ્યું. તે પ્રકારે=તે પ્રકારે થાવ એ રીતે તેણીએ પણ પુણ્યોદયની આજ્ઞાથી સાંભળ્યું=રિપુદારણના અને નરવાહનરાજાના તથાપ્રકારના પુણ્યોદયથી સાંભળ્યું.

અયોગ્ય છતાં રિપુદારણને કન્યા મળે તેવા પુણ્યથી અને પુત્રને સુંદર કન્યા પ્રાપ્તિ થાય તેવા હર્ષજનક નરવાહનરાજાના પુણ્યોદયથી નરસુંદરીએ પિતાના વચનનો સ્વીકાર કર્યો. **॥૧૨૨॥**

શ્લોક :-

नरकेसरिराजोऽथ, तातस्यैवमभाषत ।
कुमारार्हैव कन्या मे, कृतं बहुविकत्थनैः ।।१२३।।

શ્લોકાર્થ :-

હવે નરકેસરી રાજા પિતાને આ પ્રમાણે બોલ્યા. કુમારયોગ્ય જ મારી કન્યા છે, બહુ પ્રયત્નોથી સર્યું. ।।૧૨૩।।

શ્લોક :-

प्रतिशुश्राव तातस्तत्प्रशस्ते वासरे ततः ।
परिणीता मयाऽतुच्छैरुत्सवैर्नरसुन्दरी ।।१२४।।

શ્લોકાર્થ :-

પિતાએ સાંભળ્યું. ત્યારપછી પ્રશસ્ત દિવસે મારી સાથે મોટા ઉત્સવથી નરસુંદરી પરણાવાઈ. ।।૧૨૪।।

શ્લોક :-

नरकेसरिराजोऽथ, मुदितः स्वाश्रयं गतः ।
विनोदैर्नरसुन्दर्याः, गतः कालः कियान् मम ।।१२५।।

શ્લોકાર્થ :-

હવે નરકેસરી રાજા પ્રસન્ન થયેલો સ્વાશ્રય ગયો. નરસુંદરી સાથે વિનોદથી મારો કેટલોક કાળ પસાર થયો. ।।૧૨૫।।

શ્લોક :-

आवयोः प्रेमसम्बन्धं, दृढं पुण्योदयोऽकरोत् ।
मिथोविश्लेषरहितं, चन्द्रचन्द्रिकयोरिव ।।१२६।।

શ્લોકાર્થ :-

ચંદ્ર અને ચંદ્રિકાની જેમ પરસ્પર વિશ્લેષ રહિત અમારા બેનો દૃઢ પ્રેમસંબંધ પુણ્યોદયે કર્યો.

રિપુદારણનું તેવા પ્રકારનું પુણ્યોદય હોવાને કારણે કળાકુશલ પણ નરસુંદરી સાથે દૃઢ પ્રેમનો સંબંધ થયો. **॥૧૨૬॥**

શ્લોક :-

तं दृष्ट्वा सुहृदाभासौ, परमार्थेन वैरिणौ ।
शैलराजमृषावादौ, परं क्रोधमुपागतौ ।।१२७।।

શ્લોકાર્થ :-

તેને જોઈને પરમાર્થથી વૈરી, મિત્રાભાસ જેવા શૈલરાજને અને મૃષાવાદને પ્રકૃષ્ટ ક્રોધ પ્રાપ્ત થયો.

રિપુદારણમાં વર્તતા શૈલરાજ અને મૃષાવાદ તે પુણ્યોદયને ક્ષય કરવા તત્પર થયા; કેમ કે રિપુદારણને મિત્ર જેવા ભાસતા હોવા છતાં પરમાર્થથી વૈરી હતા; કેમ કે ઉદયમાન કષાયો વિદ્યમાન પણ પુણ્યનો નાશ કરીને પાપબંધ કરાવે છે. **॥૧૨૭॥**

શ્લોક :-

खलः खेदं प्रयात्येव, दृष्ट्वा सत्संगमोदयम् ।
पद्मोल्लासे कृतेऽर्केण, किं न खिद्यति कौशिकः ? ।।१२८।।

શ્લોકાર્થ :-

ખલ સત્સંગમના ઉદયને જોઈને ખેદને પામે જ છે. સૂર્યથી પદ્મનો ઉલ્લાસ કરાયે છતે ઘુવડ શું ખેદ પામતો નથી ?=ખેદ પામે જ છે. તેમ શૈલરાજ અને મૃષાવાદ રિપુદારણના પુણ્યને જોઈને ખેદ પામે છે. ।।૧૨૮।।

શ્લોક :-

तंतस्तौ द्वौ वियोगाय, जातौ नौ कृतनिश्चयौ ।
मया तु तां समासाद्य, तृणवद् गणितं जगत् ।।१२९।।

શ્લોકાર્થ :-

તેથી=રિપુદારણના પુણ્યને શૈલરાજ અને મૃષાવાદ સહન ન કરી શક્યા તેથી, તે બંને અમારા બેના વિયોગ માટે=રિપુદારણ અને નરસુંદરીના વિયોગ માટે, કૃતનિશ્ચય થયા. વળી મારા વડે= રિપુદારણ વડે, તેણીને=નરસુંદરીને, પ્રાપ્ત કરીને જગત તૃણની જેમ ગણાયું. ॥૧૨૯॥

શ્લોક :-

तदाऽहं चिन्तयामि स्म, स्तब्धचित्तविलिप्तहृत् ।
मत्तुल्यः कोऽपि नास्तीह, यस्य भार्येयमीदृशी ।।१३०।।

શ્લોકાર્થ :-

ત્યારે સ્તબ્ધ ચિત્તથી વિલિપ્ત હૃદયવાળા એવા મેં વિચાર્યું. અહીં= જગતમાં, મારા તુલ્ય કોઈ પણ નથી, જેને આવા પ્રકારની આ ભાર્યા છે. ॥૧૩૦॥

શ્લોક :-

पुण्योदयस्तु मां दृष्ट्वा, तादृशं क्षीयतेऽनिशम् ।
स्फुरद्वीचिमदोन्मादं, राकेन्दुरिव सागरम् ।।१३१।।

શ્લોકાર્થ :-

વળી, જેમ સ્ફુરાયમાન થતા મોજાના ઉન્માદવાળા સાગરને જોઈને ચંદ્ર સતત ક્ષય પામે છે તેમ મને તેવા પ્રકારનો જોઈને પુણ્યોદય સતત ક્ષય પામે છે.

પૂર્ણિમાનો ચંદ્ર પૂર્ણિમાના દિવસે જ્યારે પૂર્ણ ખીલેલો હોય ત્યારે સાગરનાં સ્ફુરાયમાન થતાં મોજાંઓના ઉન્માદને જોઈને ચંદ્ર પૂર્ણિમા પછી ક્ષય પામે છે તેમ રિપુદારણનું પુણ્ય રિપુદારણના મદને કારણે સતત ક્ષીણ થાય છે. **॥૧૩૧॥**

શ્લોક :-

ततो मां तादृशं दृष्ट्वा, हसन्ति निखिला जनाः ।
पश्यताहो विधेरीदृगस्थानविनियोजनम् ।।१३२।।

શ્લોકાર્થ :-

તેથી=રિપુદારણનું પુણ્ય ક્ષય થાય છે તેથી, મને તેવા પ્રકારનો જોઈને=પત્નીની પ્રાપ્તિના મદવાળો જોઈને બધા લોકો હસે છે. વિધિનું આવા પ્રકારનું અસ્થાન વિનિયોજન લોકો જુએ.

રિપુદારણના મદને કારણે પુણ્યપ્રકૃતિ ક્ષય થાય છે અને પાપપ્રકૃતિની વૃદ્ધિ થાય છે તેથી લોકોમાં આ રીતે તે ઉપહાસપાત્ર બને છે. **||૧૩૨||**

શ્લોક :-

स्त्रीरत्नमीदृगेतेन, मूर्खेण विनियोजयन् ।
स्वापवादं स्वहस्तेन, तेने वेदजडो विधिः ।।१३३।।

શ્લોકાર્થ :-

આવા મૂર્ખની સાથે સ્ત્રીરત્નનું વિનિયોજન કરતો વેદજડ એવો વિધિ સ્વઅપવાદને સ્વહસ્તથી વિસ્તારે છે.

રિપુદારણની પુણ્યપ્રકૃતિની સાથે કંઈક પાપપ્રકૃતિનો ઉદય શરૂ થયો તેથી લોકોને પણ તે પ્રકારે જ વૃદ્ધિ થાય છે કે આવા મૂર્ખની સાથે વિધિએ સ્ત્રીરત્નનું નિયોજન કર્યું. વિધિ પણ સુંદર નથી. જો તેનો પુણ્યોદયની સાથે પાપનો ઉદય ન હોત તો લોકોને પણ તે પ્રકારે જ બુદ્ધિ થાત કે વિદ્યા ભણ્યો નથી છતાં કેવો પુણ્યશાળી છે કે જેથી આવું સ્ત્રીરત્ન મળ્યું. તેને બદલે લોકોની નિંદાની પ્રાપ્તિ થઈ તેમાં પુણ્યનો ક્ષયકારી રિપુદારણનો માનકષાય છે. **||૧૩૩||**

શ્લોક :-

करिणीव खरे कल्पलतेवैरण्डपादपे ।
अस्मिन्नियोजिता ह्येषाऽपकीर्तिर्विश्वरेतसः ।।१३४।।

શ્લોકાર્થ :-

ગધેડામાં હાથિણીની જેમ, એરંડ વૃક્ષમાં કલ્પલતાની જેમ આમાં=રિપુદારણમાં, આ=નરસુંદરી નિયોજન કરાઈ એ પ્રકારે વિધિની અપકીર્તિ થઈ. ||૧૩૪||

શ્લોક :-

जाड्यान्धः प्रागभूदेष, गर्वेणान्धोऽधुनाऽजनि ।
कपेस्तदेतत्कापेयं, दष्टस्य वृषणेऽलिना ।।१३५।।

શ્લોકાર્થ :-

આ=રિપુદારણ, પૂર્વમાં જડતાથી અંધ હતો. હવે ગર્વથી અંધ થયો. વૃષણમાં=ગુપ્ત સ્થાનમાં ભમરાથી દંશાવેલા વાંદરાનું તે આ કાપેય છે=રિપુદારણનું ચાંચલ્ય છે. ||૧૩૫||

શ્લોક :-

जिज्ञासमाना सद्भावमन्यदा नरसुन्दरी ।
अज्ञानजं मनःक्षोभं, जानानैव जगाद माम् ।।१३६।।

શ્લોકાર્થ :-

અન્યદા સદ્ભાવની જિજ્ઞાસા કરતી=રિપુદારણને પોતાના પ્રત્યે કેવો પ્રેમભાવ છે તેની જિજ્ઞાસા કરતી, નરસુંદરી અજ્ઞાનથી થયેલા મનઃ ક્ષોભને જાણતી જ=લગ્નના પ્રસંગે રિપુદારણને કળાના અજ્ઞાનથી જ મનનો ક્ષોભ હતો તેને જાણતી જ, મને કહે છે. ||૧૩૬||

શ્લોક :-

आर्यपुत्र ! सभायां ते, कीदृगासीदपाटवम् ।
योगशक्त्या तदाविष्टो, मृषावादो मदानने ।।१३७।।

શ્લોકાર્થ :-

હે આર્યપુત્ર ! સભામાં તમને અપાટવ કેવા પ્રકારનું હતું. ત્યારે=

નરસુંદરીએ આ પ્રશ્ન કર્યો ત્યારે, યોગશક્તિથી=બહાર પ્રગટ થવાની યોગશક્તિથી, મારા મુખમાં મૃષાવાદે પ્રવેશ કર્યો. ॥૧૩૭॥

શ્લોક :-

ततो मयोक्तं हृदये, कलाः सर्वाः स्फुरन्ति मे ।
नास्वस्थोऽपि तदाऽभूवं, पितृभ्यां त्वाकुलीकृतः ।।१३८।।

શ્લોકાર્થ :-

તેથી=મારા મુખમાં મૃષાવાદ ઉદયરૂપે પ્રગટ થયો તેથી, મારા વડે કહેવાયું. મારા હૃદયમાં સર્વ કલાઓ સ્ફુરાયમાન થાય છે. ત્યારે હું અસ્વસ્થ પણ થયેલો નહીં. પરંતુ માતા-પિતા દ્વારા આકુલ કરાયો. ॥૧૩૮॥

શ્લોક :-

व्यलीकभावं श्रुत्वैतज्जगाम नरसुन्दरी ।
दध्यावहो विलज्जत्वमहो प्रत्यक्षनिह्नवः ।।१३९।।

શ્લોકાર્થ :-

આ વ્યલીકભાવને સાંભળીને=રિપુદારણનું આ જુઠ્ઠું વચન સાંભળીને, નરસુંદરી બોલી. વિચાર્યું. અહો વિલજ્જપણું=રિપુદારણનું લજ્જા-રહિતપણું, અહો પ્રત્યક્ષનો અપલાપ. ॥૧૩૯॥

શ્લોક :-

सा प्रत्युवाच यद्येवं, ततो मे कौतुकं महत् ।
अद्यापि श्रोतुमिच्छामि, कीर्त्यमानां कलां त्वया ।।१४०।।

શ્લોકાર્થ :-

તે=નરસુંદરી, પ્રત્યુત્તરરૂપે કહે છે. જો આ પ્રમાણે છે=તમે કળામાં કુશળ છો એ પ્રમાણે છે તો મને મહાન કૌતુક છે. હજી પણ તમારા વડે કહેવાતી કલાને હું સાંભળવા ઈચ્છું છું. ॥૧૪૦॥

શ્લોક :-

मया ध्यातं हसत्येषा, स्वपाण्डित्यमदेन माम् ।
तत् पराभवकृत् पापा, न स्थाप्या दृष्टिगोचरे ।।१४१।।

શ્લોકાર્થ :-

મારા વડે વિચારાયું. સ્વપાંડિત્યના મદથી આ=નરસુંદરી, મને હસે છે. તે કારણથી પરાભવને કરનારી પાપી નરસુંદરી દૃષ્ટિગોચરમાં સ્થાપવી જોઈએ નહીં.

બુદ્ધિ કર્માનુસારી હોય છે=ભાવિમાં અનર્થોની પરંપરા કરાવે તેવા પાપના ઉદયનું કારણ બને તેવી બુદ્ધિની જેમ રિપુદારણને પ્રાપ્ત થઈ તેમાં તેવા પ્રકારના વિપર્યાસને કરાવનારાં કર્મોનો ઉદય વર્તે છે. તેથી સ્પષ્ટ મૃષાવાદ કર્યા પછી પણ માનકષાયને વશ જીવને દુર્બુદ્ધિ વર્તે છે. જેથી વિવેકપૂર્વકનાં પણ પત્નીનાં વચનોને પરાભવને કરનારી છે તેમ માનીને ત્યાગ કરવાનો અધ્યવસાય રિપુદારણને થયો. **॥૧૪૧॥**

શ્લોક :-

स्तब्धचित्तविलिप्तात्महृदयेनाथ भाषितम् ।
गच्छ रे दृष्टिमार्गान्मे, नेह स्थातुं तवोचितम् ।।१४२।।

શ્લોકાર્થ :-

હવે સ્તબ્ધ ચિત્તથી વિલિપ્ત હૃદયવાળા મારા વડે કહેવાયું. મારા દૃષ્ટિમાર્ગથી તું દૂર જા. તને અહીં=મારા ગૃહમાં, રહેવું ઉચિત નથી. ॥૧૪૨॥

શ્લોક :-

पण्डिता त्वमहं मूर्खः, सङ्गो नावसमञ्जसः ।
तद् योग्यसङ्गमेनैव, स्वपाण्डित्यं कृतार्थय ।।१४३।।

શ્લોકાર્થ :-

તું પંડિતા છો, હું મૂર્ખ છું. આપણા બેનો અસમંજસ સંગ છે. તે કારણથી યોગ્યના સંગમથી જ પોતાનું પાંડિત્ય તું કૃતાર્થ કર. ॥૧૪૩॥

શ્લોક :-

ज्ञात्वा प्रसादनायोग्यं, ततः सा मां मदोद्धतम् ।
मन्त्राहता भुजङ्गीव, करिणीवाङ्कुशक्षता ।।१४४।।
वल्लीवोन्मूलिता चान्द्री, ज्योत्स्नेव घनसंहृता ।
सर्वथा दीनवदना, साध्वसक्षीणमानसा ।।१४५।।
दृष्ट्वेव कलुषं चित्तसरोऽन्यत्र यियासतः ।
विरुतैः स्नेहहंसस्य, शोभिता नूपुरारवैः ।।१४६।।
निर्गता मामकगृहात्, प्राप्ता मज्जननीगृहम् ।
स्थितोऽहं स्तम्भवत् तावदशुष्यति विलेपने ।।१४७।।
।। चतुर्भिः कलापकम् ।

શ્લોકાર્થ :-

ત્યારપછી પ્રસાદના અયોગ્ય મદથી ઉદ્ધત એવા મને જાણીને મંત્રથી હણાયેલી સાપણીની જેમ, અંકુશથી ક્ષત થયેલી હાથિણીની જેમ, વાદળાથી ઉન્મૂલિત ચંદ્રની ચાંદનીની જેમ, ઘનથી સંહૃત જ્યોત્સ્નાની જેમ=વાદળાથી ઢંકાયેલી જ્યોત્સ્નાની જેમ, સર્વથા દીન વદનવાળી સાધ્વસ=ભય પામેલ ક્ષીણ માનસવાળી મારા ચિત્તસરને કલુષિત જોઈને જ=રિપુદારણના કલુષ ચિત્તને જોઈને જ, અન્યત્ર જવાની ઈચ્છાવાળા સ્નેહહંસના વિપરીત નૂપુરના અવાજોથી શોભિત થઈ=નરસુંદરી શોભિત થઈ, મારા ગૃહથી નીકળેલી મારી માતાના ગૃહને પ્રાપ્ત થઈ=નરસુંદરી માતાને ઘરે ગઈ. જ્યાં સુધી વિલેપન શોષાતું નથી ત્યાં સુધી હું સ્તંભની જેમ રહ્યો. ।।૧૪૪થી ૧૪૭।।

શ્લોક :-

जातो मेऽनुशयस्तत्र, मनाक् शोषमुपागते ।
उद्भूताः सात्त्विका भावास्तद्रागो मामबाधत ।।१४८।।

શ્લોકાર્થ :-

ત્યાં મનાક્ શોષ પામ્યે છતે=માનકષાયનું વિલેપન શોષ પામ્યે છતે, મને પશ્ચાત્તાપ થયો. સાત્ત્વિક ભાવો ઉદ્ભૂત થયા. તેનો રાગ મને બાધા કરવા લાગ્યો.

નરસુંદરીને તિરસ્કાર કરીને કાઢ્યા પછી રિપુદારણનો માનકષાય અત્યંત સ્ફુરાયમાન થતો હતો. કંઈક માનકષાય શાંત થયો ત્યારે તેને પશ્ચાત્તાપ થાય છે=મેં આ ખોટું કર્યું છે એ પ્રકારનો પશ્ચાત્તાપ થાય છે જે સાત્ત્વિક ભાવ સ્વરૂપ છે; કેમ કે થયેલી ભૂલનો પશ્ચાત્તાપ ચિત્તને કંઈક શોધન કરનારો પરિણામ છે જેનાથી કંઈક પુણ્યપ્રકૃતિ બંધાય છે. વળી, માનકષાયના બળથી નરસુંદરીનો રાગ જે ક્ષીણ થયેલો તે નરસુંદરીનો રાગ માનકષાય મંદ થવાથી રિપુદારણના ચિત્તમાં બાધા કરવા લાગ્યો. **॥૧૪૮॥**

શ્લોક :-

अत्रान्तरे समायाता, माता विमलमालती ।
स्थिता भद्रासनेऽकारि, मया चाकारगोपनम् ।।१४९।।

શ્લોકાર્થ :-

એટલામાં વિમલમાલતી માતા આવી. ભદ્રાસનમાં રહી અને મારા વડે આકારનું ગોપન કરાયું. ।।૧૪૯।।

શ્લોક :-

ततो माता जगौ वत्स !, सुन्दरं न कृतं त्वया ।
तिरस्कृता खरैर्वाक्यैर्यदियं नरसुन्दरी ।।१५०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=માતા આવીને આસન પર બેઠી ત્યારપછી, માતા બોલી. હે વત્સ ! તારા વડે આ સુંદર કરાયું નથી જે આ ખર વાક્યોથી નરસુંદરી તિરસ્કૃત કરાઈ. ।।૧૫૦।।

શ્લોક :-

अब्जिनीव हिमाश्लिष्टदलोदश्रुविलोचना ।
निर्गतेयमितः कम्प्रा, पतिता मम पादयोः ।।१५१।।

શ્લોકાર્થ :-

હિમથી આશ્લિષ્ટ દલવાળી કમલિની જેમ, અહીંથી નીકળેલી રડતી એવી આ=નરસુંદરી કંપવાળી મારા બે પગમાં પડી. ।।૧૫૧।।

શ્લોક :-

मया पृष्टं किमेतत् ते, साऽऽह मां बाधते ज्वरः ।
प्रवालशयने शीते, शायिता मयका ततः ।।१५२।।

શ્લોકાર્થ :-

મારા વડે પુછાયું તને આ શું છે ? તે કહે છે – મને જ્વર બાધા કરે છે. તેથી મારા વડે શીત એવા પ્રવાલશયનમાં સુવાડાઈ. ।।૧૫૨।।

શ્લોક :-

खाद्यमानेव सिंहेन, प्लुष्यमाणेव वह्निना ।
प्रतिक्षणं मया दृष्टा, तत्रोद्वर्तनतत्परा ।।१५३।।

શ્લોકાર્થ :-

સિંહથી ખાદ્યમાનની જેમ, વહ્નિથી પ્લુષ્યમાનની જેમ=શોષાતાની જેમ, ત્યાં=શયનમાં, પ્રતિક્ષણ ઉદ્‌વર્તનમાં તત્પર નરસુંદરી મારા વડે જોવાઈ. ।।૧૫૩।।

શ્લોક :-

ततो मया पुनः पृष्टं, ज्वरस्तेऽयं कुतोऽजनि ।
अथ सा दीर्घनिःश्वासैः, प्रत्यूचे न गिरा पुनः ।।१५४।।

શ્લોકાર્થ :-

તેથી મારા વડે ફરી પુછાયું. તને આ જ્વર કોનાથી થયો છે ? હવે દીર્ઘ નિઃશ્વાસથી તે બોલી, વળી, વાણીથી બોલી નહીં. ।।૧૫૪।।

શ્લોક :-

निश्चित्य मानसीं पीडां, पृष्टा निर्बन्धतोऽथ सा ।
त्वत्कृतस्यापमानस्य, सर्वां वार्तामचीकथत् ।।१५५।।

શ્લોકાર્થ :-

હવે માનસિક પીડાનો નિશ્ચય કરીને આગ્રહથી પુછાયેલી તેણીએ તારા વડે કરાયેલા અપમાનની સર્વ વાર્તાને કહી. ।।૧૫૫।।

શ્લોક :-

कृत्वा शीतोपचारौघं, ततः साऽऽश्वासिता मया ।
वत्से ! धीरा भवोद्वेगं, मुञ्चालम्बस्व साहसम् ।।१५६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી શીત ઉપચારના સમૂહને કરીને તે=નરસુંદરી, મારા વડે આશ્વાસન કરાઈ. કેવા પ્રકારનો શીત ઉપચાર કર્યો ? તે સ્પષ્ટ કરે છે – હે વત્સે ! ધીર થા. ઉદ્વેગ મૂક. સાહસનું આલંબન લે. ।।૧૫૬।।

શ્લોક :-

यामि पार्श्वे कुमारस्याऽनुकूलं ते करोमि तम् ।
प्रतिकूलासहो मानी, स्वाराध्योऽयं त्वया परम् ।।१५७।।

શ્લોકાર્થ :-

કુમારની પાસે હું જાઉં છું. હું તેને=કુમારને, તને=નરસુંદરીને, અનુકૂલ કરું છું. કેવલ પ્રતિકૂલને અસહન કરનાર, માની એવો આ=કુમાર, તારા વડે સ્વઆરાધ્ય છે. ।।૧૫૭।।

શ્લોક :-

इमां मद्वाचमाकर्ण्य, तथेति प्रतिपद्य सा ।
उच्छ्वासं प्राप मेघाम्बुपृक्ता पल्वलभूरिव ।।१५८।।

શ્લોકાર્થ :-

આ મારા વચનને સાંભળીને તે=નરસુંદરી, તે પ્રમાણે હું કરીશ એ પ્રમાણે સ્વીકારીને મેઘના વાદળાથી સિંચાયેલ પલ્વલભૂમિની જેમ ઉચ્છ્વાસને પામી. ।।૧૫૮।।

શ્લોક :-

वक्रेण चलता तस्माद् वृष्टिराकालिकी कृता ।
तन्नेत्रयोस्त्वया वत्स !, प्रगुणीभूय वार्यताम् ।।१५९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=મારા વચનથી નરસુંદરી ઉચ્છ્વાસને પામી તે કારણથી, તેનાં બે નેત્રોમાંથી ચાલતા એવા મુખથી આકાલિકી વૃષ્ટિ=સતત અશ્રુની ધારા કરાઈ. હે વત્સ ! તારા વડે પ્રગુણી થઈને=નરસુંદરીને અનુકૂળ થઈને વારણ કરાવ=તેનું રુદન વારણ કરાવ. ।।૧૫૯।।

શ્લોક :-

साऽग्नौ दन्दह्यते बाला, ज्ञात्वा त्वत्प्रतिकूलताम् ।
मज्जत्यामज्जममृते, श्रुत्वा भाव्यनुकूलताम् ।।१६०।।

શ્લોકાર્થ :-

તે બાલા. તારી પ્રતિકૂળતાને જાણીને અગ્નિમાં અત્યંત બળે છે. ભાવિ અનુકૂળતાને સાંભળીને અમૃતમાં સદા મજ્જન પામે છે. ।।૧૬૦।।

શ્લોક :-

अतो यन्मुग्धया किञ्चिदपराद्धं तया तव ।
प्रणतेषु दयाशाली, तद् भवान् क्षन्तुमर्हति ।।१६१।।

શ્લોકાર્થ :-

આથી જે મુગ્ધપણાથી તેણી વડે=નરસુંદરી વડે, કંઈ તારો અપરાધ કરાયો. નમેલામાં દયાશાલી એવા તારે તે=અપરાધ, ક્ષમા યોગ્ય છે. ।।૧૬૧।।

શ્લોક :-

भवामि यावत् प्रगुणः, श्रुत्वेमां जननीगिरम् ।
मम तावद् गिरीन्द्रेण, दत्तं हृदि विलेपनम् ।।१६२।।

શ્લોકાર્થ :-

આ માતાની વાણી સાંભળીને જ્યાં સુધી હું પ્રગુણ થાઉં છું=તેના વચનને અનુસરવા તત્પર થાઉં છું, ત્યાં સુધી ગિરીન્દ્રેણ વડે=માનકષાય વડે, મારા હૃદયમાં વિલેપન અપાયું.

માતાના વચનથી કંઈક તેના વચનના સ્વીકારને અભિમુખ પરિણામ રિપુદારણને થયો. એટલામાં જ અંતરંગ માનકષાયનું જોર ઉલ્લસિત થયું. **॥૧૬૨॥**

શ્લોક :-

जननीवाग्गुणारूढस्तेनाकृष्य वचःशरान् ।
चापीकृतः प्रवृत्तोऽहं, परुषानथ वर्षितुम् ।।१६३।।

શ્લોકાર્થ :-

હવે માતાના વાગ્ગુણથી આરૂઢ થયેલો, તેના વડે=માનકષાય વડે, વચનરૂપી બાણોને આકર્ષણ કરીને તીર ચલાવવામાં યત્નવાળો એવો હું પરુષ=કઠોર, શબ્દોને વરસાવવા માટે પ્રવૃત્ત થયો.

માતાના કોમળ શબ્દોથી કંઈક આરૂઢ થયો. ત્યારે માનકષાય દ્વારા વ્યાકુળ થયેલો એવો હું માતાને કઠોર શબ્દો કહેવા માટે આરૂઢ થયો. **॥૧૬૩॥**

શ્લોક :-

न कार्यं मम संधानं, पापयाऽम्ब ! तया सह ।
असाध्यसिद्धिप्रणयी, यत्नोऽत्र तव निष्फलः ।।१६४।।

શ્લોકાર્થ :-

હે માતા ! પાપી એવી તેની સાથે મારું સંધાન કરવું જોઈએ નહીં. અહીં=નરસુંદરીનું સંધાન કરવામાં, અસાધ્યની સિદ્ધિને કરનાર તારો યત્ન નિષ્ફળ છે. ।।૧૬૪।।

શ્લોક :-

या मन्यते स्वमात्मानं, पण्डितं मां च बालिशम् ।
सर्वथा नोत्सहे युक्तं, स्नेहं कर्तुं तया सह ।।१६५।।

શ્લોકાર્થ :-

જે પોતાના આત્માને પંડિત માને છે અને મને બાલિશ માને છે તેની સાથે યુક્ત એવો સ્નેહ કરવા માટે સર્વથા હું ઉત્સાહિત નથી. ।।૧૬૫।।

શ્લોક :-

ततः प्रतिगता माता, तस्यै व्यतिकरं जगौ ।
पपात मूर्च्छिता भूमौ, ततो वज्रहतेव सा ।।१६६।।

શ્લોકાર્થ :-

તેથી પાછી ગયેલી માતાએ તેને વ્યતિકર કહ્યો. ત્યારપછી વજ્રથી હણાયેલાની જેમ તે ભૂમિમાં પડી અને મૂર્છિત થઈ. ।।૧૬૬।।

શ્લોક :-

शीतलैर्लब्धचैतन्या, तालवृन्तानिलैरथ ।
भुवं प्लावयितुं लग्ना, मुक्तैर्नयननिर्झरैः ।।१६७।।

શ્લોકાર્થ :-

હવે શીતલ એવા તાલવૃંતના પવનોથી લબ્ધ ચૈતન્યવાળી મુકાયેલાં નયનનાં ઝરણાંઓથી=અશ્રુઓથી, ભૂમિને પ્લાવિત કરવા લાગી. ।।૧૬૭।।

શ્લોક :-

सा ववर्षाश्रुवारीणि, वियोगाग्निव्ययेच्छया ।
विदाञ्चकार बालाऽन्तर्न चैनं वडवानलम् ।।१६८।।

શ્લોકાર્થ :-

તે=નરસુંદરી, વિયોગરૂપી અગ્નિમાં વ્યયની ઈચ્છાથી=નાશ પામવાની ઈચ્છાથી, અશ્રુવારિને વરસાવવા લાગી. અંદરના આ વડવાનલને બાલા=

નરસુંદરી, જાણી શકી નહીં.

વિવેક નહીં હોવાથી કામરૂપી અગ્નિથી પોતે બળી રહી છે તેને નરસુંદરી જાણી શકી નહીં. જો માર્ગાનુસારી બુદ્ધિથી તેને જણાત કે આ રિપુદારણ અસાધ્ય છે તો હું સ્વસ્થ થઈને મારા આત્માના હિતને સાધું પરંતુ તે પ્રકારનો માર્ગાનુસારી ઊહ નહીં થવાથી તે કામથી વિહ્વળ થાય છે. **॥૧૬૮॥**

શ્લોક :-

मात्राऽथाभिहितं पुत्रि !, शोकोऽयं प्रविमुच्यताम् ।
स्वयं गत्वा प्रसाद्योऽयं, कठोरहृदयः प्रियः ।।१६९।।

શ્લોકાર્થ :-

હવે માતા વડે કહેવાયું. હે પુત્રી ! આ શોક મુકાવ. સ્વયં જઈને કઠોર હૃદયવાળો આ=રિપુદારણ, પ્રિય પ્રસાદ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

મધુર વચનો દ્વારા તેને પ્રસાદ કરવા યત્ન કરવો જોઈએ. **॥૧૬૯॥**

શ્લોક :-

आर्द्रीकर्तुं मनः शक्यं, कामिनां मार्दवाम्बुना ।
उपायमेकमित्येनं, कृत्वा स्वनियतिस्थिरा ।।१७०।।
तथेति सा प्रतिश्रुत्य, मां सान्त्वयितुमागता ।
अम्बाऽप्यनुपदं लग्ना, तदायतिदिदृक्षया ।।१७१।।

શ્લોકાર્થ :-

સ્ત્રીના માર્દવરૂપી પાણીથી મન આર્દ્ર કરવું શક્ય છે. સ્વનિયતિથી સ્થિર એવી નરસુંદરી એક ઉપાય છે=સ્ત્રીનાં માર્દવઆંસુથી પતિને વશ કરવાનો એક ઉપાય છે એ પ્રમાણે આને કરીને=માતાના વચનનો સ્વીકાર કરીને, તે પ્રમાણે=હું તે પ્રમાણે કરું છું એ રીતે તે=નરસુંદરી, સ્વીકારીને મને સાંત્વન કરવા આવી. તેના ભવિષ્યને જોવાની ઈચ્છાથી માતા પણ અનુપદ લાગી=નરસુંદરીની પાછળ પ્રચ્છન્ન આવી. ॥૧૭૦-૧૭૧॥

શ્લોક :-

प्रणतोदश्रुनेत्राऽथ, मत्पादौ नरसुन्दरी ।
प्रसीद त्वां विना त्राणं, मम नास्तीति वादिनी ।।१७२।।

શ્લોકાર્થ :-

હવે આંસુનાં નેત્રવાળી નરસુંદરી પ્રસાદ કરો. તમારા વગર મને ત્રાણ નથી એ પ્રમાણે બોલતી મારા પગમાં પડી. ।।૧૭૨।।

શ્લોક :-

क्षणं प्रियोक्तिसिक्ता मच्चित्तभूरार्द्रतां ययौ ।
क्षणं काठिन्यमद्रीन्द्रप्रतापातपशोषिता ।।१७३।।

શ્લોકાર્થ :-

પ્રિયાની ઉક્તિથી સિંચાયેલી મારા ચિત્તની ભૂમિ ક્ષણવાર આર્દ્રતાને પામી. અદ્રીન્દ્ર પ્રતાપ આતપથી શોષિત-માનપર્વતરૂપ સૂર્યના પ્રતાપરૂપ પ્રચંડ તાપથી શોષાયેલી એવી મારી ચિત્તભૂમિ ક્ષણમાં કાઠિન્યને પામી. ।।૧૭૩।।

શ્લોક :-

अथ मानं पुरस्कृत्य, मया सा भर्त्सिता भृशम् ।
आः पापे ! गच्छ गच्छेतो, मायया कृतमेतया ।।१७४।।

શ્લોકાર્થ :-

હવે માનને આગળ કરીને મારા વડે તે અત્યંત નિર્ભર્ત્સના કરાઈ. હે પાપી ! અહીંથી જા. જા. આ માયાથી સર્યું. ।।૧૭૪।।

શ્લોક :-

कुशलाऽपि कलासु त्वं, कर्तुं शक्ताऽसि वञ्चनम् ।
परेषामेव न पुनर्मूर्खाणामपि मादृशाम् ।।१७५।।

શ્લોકાર્થ :-

કલાઓમાં કુશલ પણ તું બીજાઓને વંચન કરવા સમર્થ છો. પરંતુ મૂર્ખ પણ મારા જેવાને નહીં. ।।૧૭૫।।

શ્લોક :-

इत्युक्त्वा मौनमालम्ब्य, शैलराजवशंवदः ।
स्थितोऽहं स्तब्धसर्वाङ्गो, हिमाक्रान्त इवोच्चकैः ।।१७६।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહીને મૌનનું આલંબન કરીને માનકષાયને વશ એવો હું હિમ આક્રાંતની જેમ અત્યંત સ્તબ્ધ સર્વાંગ રહ્યો.

નરસુંદરીનાં કોમળ વચનોને કંઈક ઝીલ્યા પછી તત્કાલ ઉત્કટ માનકષાય રિપુદારણમાં ઉલ્લસિત થયેલો હોવાથી અત્યંત વિવેકચક્ષુ નષ્ટ થાય છે. જે કષાયની ઉત્કટતાનું સૂચક છે. **૧૭૬**

શ્લોક :-

खेचरी नष्टविद्येव, छिन्ना सा नरसुन्दरी ।
ततः प्राणपरित्यागकृते गन्तुं प्रचक्रमे ।।१७७।।

શ્લોકાર્થ :-

નષ્ટ વિદ્યાવાળી ખેચરીની જેમ તે નરસુંદરી છેદાઈ=ચિત્તથી હણાઈ. તેથી પ્રાણનો પરિત્યાગ કરવા જવા માટે પ્રવૃત્ત થઈ. ।।૧૭૭।।

શ્લોક :-

गतस्तदनुमार्गेऽहं, करोति किमसाविति ।
दुश्चेष्टामदिदृक्षुर्मे, गतोऽस्तं तरणिस्तदा ।।१७८।।

શ્લોકાર્થ :-

આ શું કરે છે ? એ હેતુથી તેના અનુમાર્ગમાં=નરસુંદરીની પાછળ, હું ગયો. મારી દુષ્ચેષ્ટાને નહીં જોવાની ઇચ્છાવાળો સૂર્ય ત્યારે અસ્ત પામ્યો. ।।૧૭૮।।

શ્લોક :-

निशि साऽथ गतैकत्र, शून्यावासे स्मरस्य च ।
चन्द्रो मुखमिवोदितो, दास्यतो दशमीं दशाम् ।।१७९।।

શ્લોકાર્થ :-

હવે રાત્રિમાં એક ઠેકાણે શૂન્યવાસમાં તે ગઈ. અને કામની દશમી દશાને મુખ આપશે એવો ચંદ્ર જાણે ઉદય પામ્યો.

રાગ-દ્વેષની કે કામની દશમી દશા મૃત્યુ છે; કેમ કે કોઈપણ કષાય પરાકાષ્ઠામાં હોય તો મૃત્યુનું કારણ બને છે તેમ નરસુંદરીમાં વર્તતો કામનો પરિણામ દશમી દશાને આપશે તેને બતાવતું જાણે ચંદ્રનું મુખ ઉદય પામ્યું એમ કવિ કલ્પના કરે છે. **॥૧૭૯॥**

શ્લોક :-

छन्नात्मा द्वारदेशेऽहं, स्थितस्तत्र विलोकितुम् ।
अपाशयाऽप्यहो तत्र, पाशः सज्जीकृतस्तया ।।१८०।।

શ્લોકાર્થ :-

દ્વારદેશમાં=તે શૂન્યઘરના દ્વારદેશમાં, છુપાયેલો એવો હું જોવા માટે ત્યાં રહ્યો. ત્યાં=શૂન્યઘરમાં, ખરાબ આશાથી પણ=મરવાની આશાથી પણ, તેણી વડે=નરસુંદરી વડે, પાશ સજ્જ કરાયો. ॥૧૮૦॥

શ્લોક :-

अत्रान्तरे मया ध्यातं, यदुक्तमनया मम ।
न तत् पराभवं कर्तुं, प्रणयस्तत्र कारणम् ।।१८१।।

શ્લોકાર્થ :-

એટલામાં=નરસુંદરી મરવા તત્પર થઈ એટલામાં, મારા વડે વિચારાયું. જે મને આના વડે=નરસુંદરી વડે, કહેવાયું તે પરાભવ કરવા માટે નથી=મારો પરાભવ કરવા માટે નથી. ત્યાં પ્રેમ કારણ છે.

આ પ્રકારે કંઈક માનકષાયની મંદતાથી રિપુદારણને માર્ગાનુસારી ઊહ ઊઠે છે. **॥૧૮૧॥**

શ્લોક :-

तन्मया न कृतं सम्यग्, वारयाम्यधुनाऽप्यमूम् ।
इतो भावादिति च्छेत्तुं, पाशकं प्रयतो यदा ।।१८२।।

सा तदोवाच दिक्पाला, मम प्राणान् प्रतीच्छत ।
माभूदीदृग् व्यतिकरो, मम जन्मान्तरेऽपि च ।।१८३।।

શ્લોકાર્થ :-

તે કારણથી મારા વડે સમ્યગ્ કરાયું નથી. હમણાં પણ આને વારણ કરું. એ ભાવથી જ્યારે તેના પાશને છેદવા માટે હું પ્રયત્નવાળો થયો ત્યારે તે બોલી. હે દિક્પાલો ! મારા પ્રાણો તમે સ્વીકારો. અને આવા પ્રકારનો વ્યતિકર=પ્રસંગ મને જન્માંતરમાં પણ ન થાઓ. ।।૧૮૨-૧૮૩।।

શ્લોક :-

तस्यार्थं शैलराजो मे, विपरीतमिदं जगौ ।
पश्य जन्मान्तरेऽप्येषा, त्वत्सम्बन्धं न वाञ्छति ।।१८४।।

શ્લોકાર્થ :-

તેનો વિપરીત અર્થ મને શૈલરાજે આ કહ્યો.

નરસુંદરીએ જે સંદર્ભથી કથન કર્યું તેનો વિપરીત અર્થ માનકષાયને વશ રિપુદારણને પ્રતિભાસ થાય છે. શું વિપરીત પ્રતિભાસ થાય છે ? તે કહે છે –

જો, જન્માંતરમાં પણ આ તારા સંબંધને ઈચ્છતી નથી.

ઉત્કટ માનકષાય વાસ્તવિક અર્થને પણ અન્યથારૂપે બોધ કરાવે છે તેથી રિપુદારણને નરસુંદરીના વચનથી વિપરીત બોધ થયો. **।।૧૮૪।।**

શ્લોક :-

कूटार्थदुर्विदग्धेन, मया तूष्णीं स्थितं ततः ।
तया प्राणाः परित्यक्ता, बाणा इव धनुष्मता ।।१८५।।

શ્લોકાર્થ :-

તેથી કૂટ અર્થથી દુર્વિદગ્ધ એવા મારા વડે=માનકષાયને વશ મને વિપરીત બોધ થયો તેથી વિપરીત અર્થમાં મૂર્ખ એવા મારા વડે, મૌન રહેવાયું. ધનુષ્યવાળા પુરુષથી બાણો છોડાય છે તેમ તેણી વડે પ્રાણો ત્યાગ કરાયા. ।।૧૮૫।।

શ્લોક :-

इतश्च निर्यतीं गेहाद्, दृष्ट्वाऽम्बा नरसुन्दरीम् ।
मां च तत्पृष्ठतो लग्नमागताऽनुपदं शनैः ।।१८६।।
दृष्टा तथाविधा तत्र, तया सा नरसुन्दरी ।
दध्यौ च मत्सुतस्यापि वार्तेयं ववृतेतराम् ।।१८७।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ ઘરથી નીકળતી નરસુંદરીને અને મને જોઈને માતા તેની પાછળ ચાલતી અનુસરનારા પગલાથી ધીમે ધીમે આવી. ત્યાં તેણી વડે=માતા વડે, તે નરસુંદરી તેવા પ્રકારની જોવાઈ=પ્રાણ ત્યાગ કરાયેલી જોવાઈ અને વિચાર્યું. મારા પુત્રની પણ આ વાર્તા આશ્ચર્યકારી છે. ।।૧૮૬-૧૮૭।।

શ્લોક :-

एवं स्थितायामेतस्यां, शोचेन्नो चेदसौ कथम् ? ।
शोकादित्यम्बयाऽप्यात्मा, त्यक्तः पश्यत एव मे ।।१८८।।

શ્લોકાર્થ :-

આવા પ્રકારની આની સ્થિતિમાં=નરસુંદરીની સ્થિતિમાં, શોક કર્યો નહીં=રિપુદારણે શોક કર્યો નહીં. ચેદ્=જો શોક કર્યો હોત તો, આ કેવી રીતે થાય=નરસુંદરી આપઘાત કરે એ કેવી રીતે થાય. એ પ્રકારના શોકથી માતા વડે પણ મારા જોતાં જ આત્મા ત્યાગ કરાયો. ।।૧૮૮।।

શ્લોક :-

तदा मम मनाक् शुष्कं, शैलेन्द्रियं विलेपनम् ।
स्नेहविह्वलभावेन, पश्चात्तापः कृतः क्षणम् ।।१८९।।

શ્લોકાર્થ :-

ત્યારે=માતાએ પ્રાણત્યાગ કર્યો ત્યારે, મારું માનકષાયનું વિલેપન થોડું સુકાયું. સ્નેહના વિહ્વલભાવથી ક્ષણ પશ્ચાત્તાપ કરાયો.

પત્નીનું અને માતાનું તે પ્રકારનું દૃશ્ય જોઈને રિપુદારણનો માનકષાય કંઈક અલ્પ થયો. તેથી માતા અને પત્નીના સ્નેહભાવથી કંઈક પશ્ચાત્તાપ થયો. **॥૧૮૯॥**

શ્લોક :-

पुरुषाः कठिनस्वान्ताः, स्त्रीविनाशे रुदन्ति के ? ।
शैलस्येत्यवष्टम्भात्, स्थितस्तूष्णीमहं ततः ।।१९०।।

શ્લોકાર્થ :-

કઠિન સ્વઅંતવાળા પુરુષો કેટલાક સ્ત્રીના વિનાશમાં રડે છે. એ પ્રકારે માનના અવષ્ટંભથી ત્યારપછી=કંઈક સ્નેહવાળું ચિત્ત થયું ત્યારપછી, હું મૌન રહ્યો. ॥૧૯૦॥

શ્લોક :-

इतः कदलिकाऽऽयाताऽन्वेष्टुं तत्रैव मातरम् ।
सा मदम्बाप्रिये दृष्ट्वा, मृते चक्रे महारवम् ।।१९१।।

શ્લોકાર્થ :-

આ બાજુ કદલિકા નામની દાસી ત્યાં જ=તે શૂન્યઘરમાં, માતાને જોવા માટે આવી. મારી અંબા અને પત્નીને મરેલી જોઈને તેણીએ મોટો અવાજ કર્યો. ॥૧૯૧॥

શ્લોક :-

महान् कोलाहलो जातः, सतातं मिलितं पुरम् ।
किमेतदिति पृष्टा च, जानाना साऽखिलं जगौ ।।१९२।।

શ્લોકાર્થ :-

મોટો કોલાહલ થયો. પિતા સહિત નગર મિલિત થયું. આ શું છે એ પ્રમાણે પુછાયેલી જાણતી એવી તેણીએ=કદલિકાએ સંપૂર્ણ કહ્યું. ॥૧૯૨॥

શ્લોક :-

तातायादर्शयल्लीनं, स्फुटश्चन्द्रोदयोऽथ माम् ।
धिक्कृतोऽहं ततः पित्रा, सम्प्रत्ययमुपेयुषा ।।१९३।।

શ્લોકાર્થ :-

હવે ચંદ્રના ઉદયે છુપાયેલા એવા મને પિતાને બતાવ્યો. ત્યારપછી પ્રત્યય સહિત જાણતા એવા પિતા વડે હું ધિક્કાર કરાયો. ||૧૯૩||

શ્લોક :-

अथाम्बानरसुन्दर्योर्मृतकार्यं विधाय सः ।
मत्कर्म दारुणं दृष्ट्वा, चिन्तयामास चेतसि ।।१९४।।

શ્લોકાર્થ :-

હવે અંબાનું અને નરસુંદરીનું મૃતકાર્ય કરીને મારું દારુણ કૃત્ય જોઈને તે=પિતા, ચિત્તમાં વિચારવા લાગ્યા. ||૧૯૪||

શ્લોક :-

अहो अनर्थपुञ्जोऽयमहो एष कुलानलः ।
प्रयोजनं न पुत्रेण, ममानेन दुरात्मना ।।१९५।।

શ્લોકાર્થ :-

અહો આ અનર્થનો પુંજ છે. અહો આ=રિપુદારણ, કુલનો અગ્નિ છે. દુરાત્મા એવા આ પુત્રથી મને પ્રયોજન નથી. ||૧૯૫||

શ્લોક :-

इत्थं विचार्य तातेन, गृहान्निष्काशितो बहिः ।
विचरामि स्म निःश्रीकः, पुरेऽहं तत्र दुःखितः ।।१९६।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે વિચારીને પિતા વડે ઘરથી બહાર કઢાયો. લક્ષ્મી વગરનો તે નગરમાં હું દુઃખિત વિચરવા લાગ્યો. ||૧૯૬||

શ્લોક :-

बालानामपि गम्योऽहं, तदा जातो विगर्हितः ।
तथापि चिन्तयामि स्म, महामोहरथस्य गौः ।।१९७।।

तातेनाऽपि परित्यक्तो, निन्दितोऽप्यखिलैर्जनैः ।
शैलराजमृषावादाश्रितोऽहं नास्मि दुःखितः ।।१९८।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

ત્યારે બાળકોને પણ ગમ્ય એવો હું ગર્હા પામેલો થયો. તોપણ મહામોહના રથની ગાય એવો હું વિચારવા લાગ્યો. શું વિચારવા લાગ્યો ? તે કહે છે – પિતા વડે પણ ત્યાગ કરાયો. બધા લોકો વડે પણ નિંદા કરાયેલો હું શૈલરાજ મૃષાવાદને આશ્રિત દુઃખિત નથી. ।।૧૯૭-૧૯૮।।

શ્લોક :-

प्रभावादनयोरेव, पूर्वं भुक्तं मया सुखम् ।
पुनर्भोक्ष्ये च कालस्यानुकूल्यान्नात्र संशयः ।।१९९।।

શ્લોકાર્થ :-

આ બેના જ પ્રભાવથી પૂર્વમાં મારા વડે સુખ ભોગવાયું. વળી, કાલના અનુકૂલપણાથી હું સુખને ભોગવીશ એમાં સંશય નથી.

રિપુદારણને માનકષાય અને મૃષાવાદ જ સર્વ સુખનાં કારણ દેખાય છે તેથી પૂર્વમાં પણ પુણ્યથી મળેલું સુખ કષાયથી મળ્યું છે તેમ વિપરીત દેખાય છે અને કષાયથી થયેલા પ્રત્યક્ષ અનર્થો હોવા છતાં આ કષાયથી જ મને ભવિષ્યમાં સુખ થશે એવો વિપર્યાસ વર્તે છે જે ધાતુ વિપર્યય જેવો મહારોગ છે. **।।૧૯૯।।**

શ્લોક :-

व्यतीयुर्भूरिवर्षाणि, स्थितस्यैवं ममाथ सः ।
सुहृत् पुण्योदयः क्षीणः, स्थितोऽकिञ्चित्करः परम् ।।२००।।

શ્લોકાર્થ :-

હવે આ પ્રમાણે રહેલા મારાં ઘણાં વર્ષો પસાર થયાં. તે મિત્ર પુણ્યોદય ક્ષીણ થયો. કેવલ અકિંચિત્કર રહ્યો.

પૂર્વમાં બાંધેલું પુણ્ય અત્યંત ક્ષીણ થયું છે અને જે વિદ્યમાન પુણ્ય છે તે

અત્યારે કાર્ય કરવા સમર્થ નથી. ઉચિતકાળ આવશે ત્યારે કંઈક પોતાનું કાર્ય બતાવશે. અત્યારે તે પુણ્ય કંઈ ફળ આપવા અસમર્થ છે. **॥૨૦૦॥**

શ્લોક :-

गतो राजाऽन्यदा वाजिवाहनार्थं वने क्वचित् ।
गतः कुतूहलात् तत्र, पुरलोकैरहं सह ।।२०१।।

શ્લોકાર્થ :-

અન્યદા રાજા ઘોડાઓના વહન માટે ક્યારેક વનમાં ગયો. ત્યાં=વનમાં, નગરલોકોની સાથે હું કુતૂહલથી ગયો. ।।૨૦૧।।

શ્લોક :-

श्रान्तस्तत्रैकदेशेऽथ, विश्रान्तोऽसौ ततो नृपः ।
उत्थाय लग्नो सामन्तान्वितो द्रष्टुं वनश्रियम् ।।२०२।।

શ્લોકાર્થ :-

હવે ત્યારપછી તે એક દેશમાં=વનના એક દેશમાં, થાકેલો આ રાજા વિશ્રાંત થયો=આરામ કરવા લાગ્યો. ઊઠીને સામંતોથી યુક્ત વનની લક્ષ્મીને જોવા લાગ્યો. ।।૨૦૨।।

શ્લોક :-

विरक्तं तत्र सोऽपश्यद् रक्ताशोकतलस्थितम् ।
विचक्षणाख्यमाचार्यं, कुर्वाणं धर्मदेशनाम् ।।२०३।।

શ્લોકાર્થ :-

ત્યાં=વનમાં, તે=રાજાએ, રક્ત અશોકતલમાં રહેલા વિરક્ત, ધર્મદેશનાને કરતા વિચક્ષણ નામના આચાર્યને જોયા. ।।૨૦૩।।

શ્લોક :-

रूपं निरूपयंस्तस्य, त्रैलोक्यनयनामृतम् ।
नरवाहनपृथ्वीशो, परं हर्षमुपागतः ।।२०४।।

શ્લોકાર્થ :-

ત્રૈલોક્યના નયન માટે અમૃત એવા તેમના રૂપને જોતો નરવાહન રાજા પરમ હર્ષને પામ્યો. ।।૨૦૪।।

શ્લોક :-

दध्यौ चाभूत् किमस्याहो, संसारोद्वेगकारणम् ।
चूर्णितो मदनो येन, यौवनारामचारिणा ।।२०५।।

શ્લોકાર્થ :-

અને વિચાર્યું. આમના સંસારના ઉદ્વેગનું કારણ શું થયું ? યૌવનના આરામના ચરનારા=યૌવન અવસ્થાવાળા જેમના વડે, કામને ચૂર્ણ કરાયો. ।।૨૦૫।।

શ્લોક :-

गत्वा नत्वा पदाम्भोजं, पृच्छाम्येनं शुभाशयम् ।
विचिन्त्यैवं नृपो गत्वा, प्रणनाम गुरोः क्रमौ ।।२०६।।

શ્લોકાર્થ :-

જઈને, ચરણકમળને નમીને શુભાશયવાળા એમને=વિચક્ષણસૂરિને હું પૂછું એ પ્રમાણે વિચારીને જઈને રાજા ગુરુના ચરણને નમ્યા. ।।૨૦૬।।

શ્લોક :-

तेनाथ दत्तधर्माशीर्निषण्णोऽसौ महीतले ।
उपविष्टा यथास्थानं, प्रणम्यान्येऽपि मानवाः ।।२०७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેના વડે=ગુરુ વડે, અપાયેલા ધર્મ આશિષવાળો આ=રાજા, પૃથ્વીતલમાં બેઠો. અન્ય પણ મનુષ્યો પ્રણામ કરીને યથાસ્થાને બેઠા. ।।૨૦૭।।

શ્લોક :-

मया तु तादृशस्यापि, सूरेनैव पदद्वयम् ।
नतं स्तब्धेन हृदये, शैलेन्द्रीयविलेपनात् ।।२०८।।
निषण्णोऽनम्र एवाऽहं, सूरिर्धर्ममभाषत ।
भो भव्या भवविस्तारः, प्रदीप्तगृहसन्निभः ।।२०९।।

શ્લોકાર્થ :-

વળી, શૈલેન્દ્રીયના વિલેપનથી=માનકષાયના વિલેપનથી, સ્તબ્ધ હૃદય હોતે છતે મારા વડે એવા પણ સૂરિના પદદ્વયને નમાયા નહીં જ=નહીં નમેલો જ એવો હું બેઠો. સૂરિએ ધર્મદેશના આપી. હે ભવ્ય જીવો ! ભવનો વિસ્તાર બળતા ઘર જેવો છે. ।।૨૦૮-૨૦૯।।

શ્લોક :-

अस्य विध्यापने यत्नः, कर्तव्यः सुखमिच्छता ।
तद्धेतुर्धर्ममेघश्च, सर्वज्ञागमलक्षणः ।।२१०।।

શ્લોકાર્થ :-

સુખને ઈચ્છતા પુરુષ વડે આના વિધ્યાપનમાં=બળતા ઘરના વિધ્યાપનમાં, યત્ન કરવો જોઈએ અને તેનો હેતુ=બળતા એવા ભવ-વિસ્તારના વિધ્યાપનનો હેતુ, સર્વજ્ઞ આગમરૂપ ધર્મમેઘ છે. ।।૨૧૦।।

શ્લોક :-

तदागमोऽभ्युपेयस्तद्विदः सेव्या दिवाऽनिशम् ।
भावनीयमनित्यत्वं, त्याज्याऽपेक्षा हृदाऽसताम् ।।२११।।

શ્લોકાર્થ :-

તે આગમ સ્વીકારવું જોઈએ. દિવસ-રાત તેના જાણનારા સેવવા જોઈએ. અનિત્યપણું ભાવન કરવું જોઈએ. હૃદયથી અસત્‌ની અપેક્ષાનો ત્યાગ કરવો જોઈએ=જગતના પદાર્થો અસત્ છે માટે તેઓ જ સુખનાં કારણ છે એ પ્રકારની આસ્થાનો ત્યાગ કરવો જોઈએ. ।।૨૧૧।।

શ્લોક :-

भाव्यमाज्ञाप्रधानेनोपादेया प्रणिधानधीः ।
साधुभक्त्याऽथ सा पोष्या, गोप्या प्रवचनक्षतिः ।।२१२।।

શ્લોકાર્થ :-

આજ્ઞાપ્રધાનથી ભાવન કરવું જોઈએ=ભગવાનની આજ્ઞા શું છે ? તેના સ્મરણપૂર્વક તત્ત્વનું ભાવન કરવું જોઈએ. પ્રણિધાન બુદ્ધિ સ્વીકારવી જોઈએ=ભગવાનની આજ્ઞાને આત્મામાં નિષ્પાદન કરવાને અનુકૂળ દૃઢ સંકલ્પબુદ્ધિ પ્રગટ કરવી જોઈએ. વળી, તે=પ્રણિધાન બુદ્ધિ, સાધુ ભક્તિથી પોષવી જોઈએ=ભગવાનની આજ્ઞાને આત્મામાં પ્રગટ કરવાનો કરાયેલો સંકલ્પ ગુણવાન સાધુની ભક્તિથી પુષ્ટ કરવો જોઈએ. પ્રવચનની ક્ષતિ ગોપવવી જોઈએ=સુસાધુમાં પણ પ્રમાદજન્ય કોઈ પ્રવચનની ક્ષતિ હોય તે લોકમાં પ્રકાશિત ન થાય તે રીતે ગોપન કરવી જોઈએ, જેથી સુસાધુ પ્રત્યે યોગ્ય જીવો દ્વેષવાળા થાય નહીં અને પ્રવચનનું માલિન્ય થાય નહીં. ।।૨૧૨।।

શ્લોક :-

विधिप्रवृत्त एतच्च, सम्पादयति निश्चितम् ।
यतितव्यं विधौ तेन, पुरस्कृत्यागमं बुधैः ।।२१३।।

શ્લોકાર્થ :-

અને આને=આજ્ઞાને ભાવન કરવું જોઈએ ઈત્યાદિ પૂર્વમાં કહ્યું એને, વિધિમાં પ્રવૃત્ત=શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં યત્નશીલ પુરુષ, નિશ્ચિત સંપાદન કરે છે. તે કારણથી=વિધિપ્રવૃત્ત પૂર્વનું કથન સંપાદન કરે છે તે કારણથી, બુધ પુરુષે આગમને આગળ કરીને વિધિમાં યત્ન કરવો જોઈએ. ।।૨૧૩।।

શ્લોક :-

स्वरूपं प्रत्यभिज्ञेयमालम्ब्या लिङ्गशुद्धता ।
सेव्यो योगश्च निर्द्वन्द्वः, प्रतीकार्या कुभावना ।।२१४।।

શ્લોકાર્થ :-

સ્વરૂપ જાણવું જોઈએ=આગમનું પારમાર્થિક સ્વરૂપ જાણવું જોઈએ. લિંગની શુદ્ધતા આલંબન કરવી જોઈએ=સ્વભૂમિકાના આચારની શુદ્ધતાનું આલંબન કરવું જોઈએ. અને નિર્દ્વંદ્વ યોગ સેવવો જોઈએ=રાગ-દ્વેષ, રતિ-અરતિ, હર્ષ-શોક આદિ દ્વંદ્વથી રહિત મોક્ષને અનુકૂળ પરિણતિરૂપ યોગ સેવવો જોઈએ. કુભાવનાઓનો પ્રતીકાર કરવો જોઈએ=બાહ્ય નિમિત્તોથી થતી કુવિચારણાઓનો પ્રતીકાર કરવો જોઈએ. ॥૨૧૪॥

શ્લોક :-

यात्येवं यतमानानां, कर्म सोपक्रमं क्षयम् ।
निरुपक्रमकर्मोग्रानुबन्धश्च निवर्तते ॥२१५॥

શ્લોકાર્થ :-

આ રીતે યતમાન જીવોનાં=વિચક્ષણસૂરિએ ધર્મદેશના અત્યાર સુધી બતાવી તેના પરમાર્થને જાણીને પૂર્વમાં કહ્યું એ પ્રમાણે યતમાન જીવનાં, સોપક્રમ કર્મ ક્ષયને પામે છે=મોક્ષમાર્ગમાં યત્ન કરવામાં બાધક સોપક્રમ કર્મ ક્ષય પામે છે અને નિરુપક્રમ કર્મનો ઉગ્ર અનુબંધ નિવર્તન પામે છે=મોક્ષમાર્ગમાં ઉત્તરોત્તર વૃદ્ધિમાં બાધક નિરુપક્રમ કર્મ નિવર્તન નહીં પામવા છતાં તેના પ્રવાહની શક્તિ નિવર્તન પામે છે. ॥૨૧૫॥

શ્લોક :-

इमां गिरं गुरोः श्रुत्वा, भावं केऽपि दधुर्व्रते ।
केचन श्राद्धधर्मे च, केऽपि भद्रकतां ययुः ॥२१६॥

શ્લોકાર્થ :-

ગુરુની આ વાણીને સાંભળીને=પૂર્વમાં વર્ણન કર્યું એ વાણીને સાંભળીને, કેટલાક જીવોએ વ્રતમાં ભાવને ધારણ કર્યો=સર્વવિરતિ ગ્રહણ કરવાને અભિમુખ પરિણામવાળા થયા. કેટલાક જીવોએ શ્રાદ્ધધર્મમાં=શ્રાવકધર્મમાં, ભાવને ધારણ કર્યો. કેટલાક જીવો ભદ્રકતાને પામ્યા=પૂર્વમાં વર્ણન કર્યું તેવા ભાવોને સ્થૂલથી સ્પર્શીને તદ્ અભિમુખ રુચિવાળા થયા. ॥૨૧૬॥

શ્લોક :-

दध्यावत्रान्तरे तातो, हृद्गतं प्रश्नयाम्यहम् ।
पप्रच्छासौ ततो भालविन्यस्तकरकुड्मलः ।।२१७।।

શ્લોકાર્થ :-

એટલામાં પિતાએ=નરવાહને વિચાર કર્યો. હું હૃદયગત પ્રશ્ન કરું. ત્યારપછી=નરવાહન રાજાએ હૃદયગત પ્રશ્ન કરવાનો વિચાર કર્યો ત્યારપછી, મસ્તકે હાથ જોડાયેલા એવા આમણે=રાજાએ, પૂછ્યું. ||૨૧૭||

શ્લોક :-

रूपमप्रतिरूपं ते, भाग्यं सौभाग्यसङ्गतम् ।
भदन्त ! भवतो जातं, तत् किं वैराग्यकारणम् ? ।।२१८।।

શ્લોકાર્થ :-

તમારું રૂપ અપ્રતિમ છે. ભાગ્ય-સૌભાગ્યથી સંગત છે. તો હે ભગવાન ! તમને વૈરાગ્યનું કારણ શું થયું ? ||૨૧૮||

શ્લોક :-

सूरिर्बभाषे चेद् राजन्नस्त्यत्र तव कौतुकम् ।
भववैराग्यहेतुं मे, तदा ते कथयाम्यहम् ।।२१९।।

શ્લોકાર્થ :-

સૂરિ બોલ્યા. હે રાજન્ ! જો અહીં=મારા વૈરાગ્યના કારણમાં, તને કૌતુક છે તો ભવવૈરાગ્યના હેતુને હું કહું છું. ||૨૧૯||

શ્લોક :-

स्वस्तुतिः परनिन्दा प्राक्क्रीडावार्तेति च त्रयम् ।
स्वचरित्रे ध्रुवं तच्च, वक्तुं युक्तं न मे परम् ।।२२०।।

શ્લોકાર્થ :-

પરંતુ સ્વસ્તુતિ, પરની નિંદા, અને પૂર્વની ક્રીડાની વાર્તા=પૂર્વના

ભોગનું કથન એ ત્રય સ્વચરિત્રમાં ધ્રુવ છે. અને તે કહેવું મને યુક્ત નથી. ॥૨૨૦॥

શ્લોક :-

तातेनोक्तं कथयता, त्वयेत्थं नाथ ! कौतुकम् ।
वर्धितं मे प्रसादेन, तद्वाच्यं चरितं निजम् ।।२२१।।

શ્લોકાર્થ :-

તાત વડે કહેવાયું. હે નાથ ! આ પ્રમાણે=પોતાના ચરિત્રના કથનમાં આ ત્રણ વસ્તુ છે એ કહેવું યુક્ત નથી એ પ્રમાણે, કથન કરતા તમારા વડે મારું કૌતુક વધારાયું. તે કારણથી મારા પ્રસાદથી નિજ ચરિત્ર કહેવું જોઈએ. ॥૨૨૧॥

શ્લોક :-

निर्बन्धं बोधहेतुं च, ज्ञात्वा सूरिस्ततोऽवदत् ।
अस्तीह भूतलं नाम, नगरं सुमनोहरम् ।।२२२।।

શ્લોકાર્થ :-

નિર્બંધને=આગ્રહને, અને બોધહેતુને જાણીને ત્યારપછી સૂરિ બોલ્યા=પોતાનું ચરિત્ર આગળમાં કહે છે એ પ્રમાણે બોલ્યા. અહીં=સંસારમાં ભૂતલ નામનું સુમનોહર નગર છે=ચૌદરાજલોકરૂપ ભૂતલ નામનું સુમનોહર નગર છે. ॥૨૨૨॥

શ્લોક :-

तत्रातुलप्रतापाज्ञो, भूपोऽस्ति मलसञ्चयः ।
तत्प्रिया मलपङ्क्तिश्च, शुभाशुभविधौ विधिः ।।२२३।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે નગરમાં, અતુલ પ્રતાપ અને આજ્ઞાવાળો મલસંચય નામનો રાજા છે=સંસારી જીવોમાં જે કર્મમલનો સંચય છે તે પ્રમાણે પોતાનું કાર્ય દેખાડે તેવો અતુલ પ્રતાપવાળો અને પોતાની આજ્ઞાનું લોકો પાસે

પાલન કરાવે તેવો રાજા છે. અને શુભાશુભવિધિમાં વિધિ=વિધાન કરનાર મલપંક્તિ તેની પ્રિયા છે=કર્મમલનો પરિપાક એ શુભઅશુભ કાર્ય કરે તેવી પરિણતિવાળો છે તે મલપંક્તિ રાણી છે. ॥૨૨૩॥

શ્લોક :-

पुत्रोऽस्ति जगदाह्लादी, तयोरेकः शुभोदयः ।
अन्योऽशुभोदयो नाम, जगत्सन्तापकारकः ।।२२४।।

શ્લોકાર્થ :-

તે બંનેનો એક જગતને આહ્લાદ કરનારો શુભોદય પુત્ર છે, અન્ય જગતના સંતાપને કરનારો અશુભોદય નામનો પુત્ર છે.

સંસારી જીવોમાં મલસંચય છે અને તેનો ઉદય મલપંક્તિ છે અને તેમાં શુભકર્મોરૂપી મલપંક્તિ હોય ત્યારે તે જીવ જગતમાં આહ્લાદને કરનાર સ્વરૂપે જન્મે છે જેમ તીર્થંકર આદિ. વળી, જે જીવોનાં અશુભ કર્મોનો વિપાક ઉદયમાં હોય તેઓ જગતને સંતાપ કરનારા થાય છે. **॥૨૨૪॥**

શ્લોક :-

भार्या शुभोदयस्यास्ति, चारुता जनशर्मदा ।
अचारुताख्या त्वशुभोदयस्य जनभीतिकृत् ।।२२५।।

શ્લોકાર્થ :-

શુભોદયની ભાર્યા લોકોને સુખને દેનારી ચારુતા છે. વળી, લોકોને ભયને કરનાર અશુભોદયની અચારુતા ભાર્યા છે.

શુભના ઉદયવાળા જીવોમાં સુંદર પ્રકૃતિરૂપ ચારુતા વર્તે છે તે ભાર્યા છે. અશુભોદયવાળા જીવોમાં અન્યને ત્રાસ કરાવે તેવી અચારુતા વર્તે છે તે ભાર્યા છે. **॥૨૨૫॥**

શ્લોક :-

विचक्षणोऽजनि शुभोदयचारुतयोः सुतः ।
अन्ययोस्तु जडो नाम, गुणग्रामपराङ्मुखः ।।२२६।।

શ્લોકાર્થ :-

શુભોદય અને ચારુતાનો પુત્ર વિચક્ષણ થયો. અન્ય બેનો ગુણગ્રામથી પરાઙ્મુખ જડ નામનો પુત્ર થયો.

શુભકર્મના ઉદયવાળા જીવોમાં વર્તતી સુંદરતાને કારણે તેઓ તત્ત્વને જોવામાં વિચક્ષણ એવી માર્ગાનુસારી બુદ્ધિવાળા બને છે. વળી, અશુભકર્મના ઉદયવાળા જીવોમાં વર્તતી અચારુતાને કારણે તેઓ ગુણોને ગ્રહણ કરવામાં પરાઙ્મુખ હોય છે તેથી તેવા જીવો સંસારના ક્ષેત્રમાં બુદ્ધિમાન હોય તોપણ તત્ત્વને જોવામાં અસમર્થ હોવાને કારણે પરમાર્થથી જડ છે. **॥૨૨૬॥**

શ્લોક :-

अक्षुद्रः प्रशमी दान्तः, पूजको गुरुसन्ततेः ।
देवसेवापरो दाता, गुणदोषविशेषवित् ।।२२७।।
लक्ष्मीलाभेऽप्यनुत्सिक्तो, व्यसनेऽप्यविषादवान् ।
परनिन्दानिजश्लाघारहितः परकार्यकृत् ।।२२८।।
मध्यस्थः सत्यवादी च, विनीतो नतवत्सलः ।
मार्गानुसारी मतिमान्, जातस्तत्र विचक्षणः ।।२२९।।

।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે બે પુત્રોમાં, વિચક્ષણ અક્ષુદ્ર, પ્રશમવાળો, દાંત, ગુરુસંતતિનો પૂજક, દેવ સેવામાં તત્પર, દાનવીર, ગુણદોષના વિશેષને જાણનાર, લક્ષ્મીના લાભમાં પણ અનુત્સેકવાળો, આપત્તિમાં પણ અવિષાદવાળો, પરનિંદા અને પોતાની શ્લાઘાથી રહિત, પરના કાર્યને કરનારો, મધ્યસ્થ, સત્યવાદી, વિનીત, નતવત્સલ=નમેલા પ્રત્યે વાત્સલ્યવાળો, માર્ગાનુસારી, મતિમાન થયો.

અક્ષુદ્ર, પ્રશમાદિ જે ગુણો કહ્યા તેવા ગુણોમાં સદા ઉદ્યમ કરનાર જીવ વિચક્ષણ હોય છે અને તેવો વિચક્ષણ પુરુષ શુભકર્મના ઉદયથી અને ચારુતાથી થાય છે. **॥૨૨૭થી ૨૨૯॥**

શ્લોક :-

जडस्त्वभूद् विपर्यस्तस्वान्तः पैशुन्यभाजनम् ।
सत्यसंयमसन्तोषशौचसंस्कारवर्जितः ।।२३०।।
प्रतिज्ञास्खलितो देवगुरुनिन्दाविधायकः ।
क्षुद्रो लोभरतिर्दीनः, सुहृदां चित्तभेदकृत् ।।२३१।।
भिन्नो वाचि क्रियायां च, जातानन्दः परापदि ।
परसम्पदि जातार्तिर्गर्वाध्मातोऽफलक्रियः ।।२३२।।

।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

વળી, જડ વિપર્યસ્તસ્વાંતવાળો, પૈશુન્યનો ભાજન, સત્ય, સંયમ, સંતોષ, શૌચના સંસ્કારોથી રહિત, પ્રતિજ્ઞામાં સ્ખલના પામેલો, દેવગુરુની નિંદાને કરનાર, ક્ષુદ્ર, લોભમાં રતિવાળો, દીન, સજ્જનોના ચિત્તના ભેદને કરનારો, વાણી અને ક્રિયામાં ભિન્ન, પરની આપત્તિમાં થયેલા આનંદવાળો, પરની સંપત્તિમાં થયેલી પીડાવાળો, ગર્વથી અધ્માત, અફલ ક્રિયાવાળો થયો.

આ સર્વ દોષોમાંથી કોઈ પણ દોષ જે અંશમાં જે જીવમાં છે તે અંશથી તે જીવ જડ છે. આથી જ સંયમ કે દેશવિરતિ ગ્રહણ કર્યા પછી પોતાની પ્રતિજ્ઞાથી સ્ખલિત થયેલા તે અંશથી જડ જ છે. **II૨૩૦થી ૨૩૨II**

શ્લોક :-

ईदृग्लक्षणयुक्तौ तौ, स्वगृहे सुखलालितौ ।
विचक्षणजडौ प्राप्तौ, तारुण्योल्लसितां दशाम् ।।२३३।।

શ્લોકાર્થ :-

આવા લક્ષણથી યુક્ત તે બંને=વિચક્ષણ અને જડ, સ્વઘરમાં સુખપૂર્વક લાલન કરાયા. વિચક્ષણ અને જડ બંને તારુણ્યઉલ્લસિત દશાને પ્રાપ્ત થયા. II૨૩૩II

શ્લોક :-

इतश्च गुणरत्नौघपूर्णपण्यापणावलि ।
पुरं विमलचित्ताख्यमस्ति स्वस्तिनिकेतनम् ।।२३४।।

શ્લોકાર્થ :-

આ બાજુ ગુણરત્નના સમૂહથી પૂર્ણ પણ્યના આપણ=બજારની આવલિવાળું વિમલચિત્ત નામનું કલ્યાણનું નિકેતન નગર છે. ।।૨૩૪।।

શ્લોક :-

जयत्यनन्तगुणभूर्नृपस्तत्र मलक्षयः ।
कषायतनुताकोशादक्षयोऽनत्ययोदयः ।।२३५।।

શ્લોકાર્થ :-

ત્યાં=વિમલચિત્ત નામના નગરમાં, અનંત ગુણોની ભૂમિ, કષાયની તનુતાના કોશથી અક્ષય એવો, જનિત ઉદયવાળો એવો મલક્ષય નામનો રાજા છે. ।।૨૩૫।।

શ્લોક :-

तस्य चास्ति महादेवी, शुभलब्धिरनित्वरी ।
गुणैर्जयन्ती जगतीं, चतुरम्भोधिमेखलाम् ।।२३६।।

શ્લોકાર્થ :-

તેની ગુણોથી જગતમાં ચાર સમુદ્રોની મેખલાને જય કરતી, અનિત્વરી એવી શુભલબ્ધિ નામની મહાદેવી છે.

જે જીવોમાં કંઈક કર્મમલનો ક્ષય થયો છે તેઓમાં કષાયોની તનુતા છે અને તેઓ હંમેશાં સુગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે તેવા જનિત ઉદયવાળા છે. તેઓમાં શુભ ગુણોની પરંપરાની પ્રાપ્તિ થાય તેવી શુભલબ્ધિ છે અને તે શુભલબ્ધિ દીર્ઘકાલ રહે તેવી અનિત્વરી છે તેથી જ તેવા જીવો ગુણોથી જગતમાં પૂજાય છે. **।।૨૩૬।।**

શ્લોક :-

जाता ताभ्यां शुचिः कन्या, बुद्धिर्वंशविवर्द्धनी ।
चान्द्री कलेव जगतां, नयनानन्ददायिनी ।।२३७।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા=મલક્ષય અને શુભલબ્ધિ દ્વારા, શુચિ વંશને વધારનારી, ચંદ્રની કલાની જેમ જગતના જીવોનાં ચક્ષુના આનંદને દેનારી, એવી બુદ્ધિ નામની કન્યા થઈ. ।।૨૩૭।।

શ્લોક :-

विचिन्त्य तद्विवाहार्हं, गुणपूर्णं विचक्षणम् ।
उद्यौवना सा प्रहिता, ताभ्यां तस्य स्वयम्वरा ।।२३८।।

શ્લોકાર્થ :-

તેના વિવાહને યોગ્ય=બુદ્ધિના વિવાહને યોગ્ય, ગુણપૂર્ણ વિચક્ષણને જાણીને ઉદ્યૌવના=ખીલેલા યૌવનવાળી તે=બુદ્ધિ, તે બંને દ્વારા=માતા-પિતા દ્વારા, તેને=વિચક્ષણને, સ્વયંવરા મોકલાઈ.

વિચક્ષણ પણ યુવાનવસ્થામાં ગુણોથી પૂર્ણ બન્યો છે અને બુદ્ધિ પણ યુવાવસ્થામાં પકવ થયેલી છે ત્યારે વિચક્ષણ પુરુષને તેવી યૌવનથી ખીલેલી બુદ્ધિ પ્રગટ થાય છે. **।।૨૩૮।।**

શ્લોક :-

विचक्षणेन सा कन्या, परिणीता महोत्सवैः ।
यान्त्यस्य दिवसा भोगान्, भुञ्जानस्य तया सह ।।२३९।।

શ્લોકાર્થ :-

મહોત્સવથી વિચક્ષણ વડે તે કન્યા પરણાઈ. તેની સાથે=બુદ્ધિ સાથે, ભોગોને ભોગવતા આના=વિચક્ષણના દિવસો જાય છે=વિચક્ષણ પુરુષો નિર્મળબુદ્ધિ સાથે તત્ત્વનું પર્યાલોચન કરીને આત્માના સ્વાસ્થ્યરૂપ ભોગોને ભોગવીને સુખપૂર્વક દિવસો પસાર કરે છે. ।।૨૩૯।।

શ્લોક :-

वार्तामथान्यदा लब्धुं, बुद्धेः स्नेहमहोदधिः ।
विमर्शाख्यं निजं पुत्रं, प्रजिघाय मलक्षयः ।।२४०।।

શ્લોકાર્થ :-

હવે અન્યદા સ્નેહરૂપી મહોદધિવાળા, વિમર્શ નામના પોતાના પુત્રને મલક્ષય રાજાએ બુદ્ધિની વાર્તાને=સમાચારને, પ્રાપ્ત કરવા માટે મોકલ્યો. ।।૨૪૦।।

શ્લોક :-

भगिन्याः प्रेमबद्धोऽसौ, तस्या एवान्तिके स्थितः ।
पूर्णाकाङ्क्षा जातगर्भा, प्रकर्षं सुषुवेऽथ सा ।।२४१।।

શ્લોકાર્થ :-

ભગિનીના પ્રેમમાં બદ્ધ એવો આ=વિમર્શ, તેની જ પાસે=બુદ્ધિની જ પાસે રહ્યો. હવે, પૂર્ણ આકાંક્ષાવાળી, જાતગર્ભવાળી તે=બુદ્ધિએ પ્રકર્ષને જન્મ આપ્યો. ।।૨૪૧।।

શ્લોક :-

श्लाघ्यो विख्यातमहिमा, जातोऽसौ बुद्धिनन्दनः ।
विमर्शस्य प्रियः कामं, विचक्षणगुणैः समः ।।२४२।।

શ્લોકાર્થ :-

શ્લાઘ્ય, વિખ્યાત મહિમાવાળો, આ બુદ્ધિનો પુત્ર વિમર્શને અત્યંત પ્રિય, વિચક્ષણના ગુણોથી સમાન થયો.

જીવ મલક્ષયને કારણે શુભલબ્ધિવાળો થાય છે=જગતમાં સર્વ ગુણોની લબ્ધિ તેને થાય છે અને તેવા જીવોને અત્યંત નિર્મળ એવી બુદ્ધિ પ્રગટ થાય છે અને તેવી બુદ્ધિ પ્રગટ્યા પછી વિચક્ષણ પુરુષ તેવા બુદ્ધિના યોગથી બુદ્ધિના પ્રકર્ષવાળો થાય છે જે તેનો પુત્ર છે. વળી બુદ્ધિ જેમ મલક્ષયથી પ્રગટ થાય છે તેમ મલક્ષયથી જીવમાં તત્ત્વ જોવામાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ

થાય છે જે વિમર્શશક્તિ છે જે બુદ્ધિનો ભાઈ છે. બુદ્ધિને અને વિમર્શને પરસ્પર અત્યંત પ્રીતિ હોય છે. તેથી બુદ્ધિમાન પુરુષ હંમેશાં તત્ત્વનો વિમર્શ કરનારા હોય છે અને તેના કારણે તે જીવોમાં ઉત્તરોત્તર બુદ્ધિનો પ્રકર્ષ ઉત્પન્ન થયા કરે છે. **॥૨૪૨॥**

શ્લોક :-

अथान्यदा वनं स्वीयं, दृष्ट्वा वदनकोटरम् ।
विचक्षणजडौ तत्र, स्थितौ लीलापरौ सुखम् ।।२४३।।

શ્લોકાર્થ :-

હવે અન્યદા પોતાના વદનકોટરરૂપ વનને જોઈને વિચક્ષણ અને જડ ત્યાં લીલામાં તત્પર સુખે રહ્યા.

જીભનું આસ્વાદન કરવામાં તત્પર રહ્યા. **॥૨૪૩॥**

શ્લોક :-

दृष्टं महाबिलं ताभ्यां, तत्र तस्माच्च निर्यती ।
रक्तवर्णाङ्गना दृष्टा, लीलाकृष्टजगन्मनाः ।।२४४।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે વદનકોટરમાં, તે બંને દ્વારા મોટું બિલ જોવાયું. તેનાથી= વદનકોટરથી, નીકળતી લીલાથી આકૃષ્ટ કર્યું છે જગતનું મન જેણે એવી રક્તવર્ણવાળી સ્ત્રી જોવાઈ અર્થાત્ જીભડી જોવાઈ. ॥૨૪૪॥

શ્લોક :-

तामुदीक्ष्य जडश्चित्ते, ममौ नानन्दपूरतः ।
दध्यौ च नेदृशी काचिदस्ति विश्वत्रयेऽङ्गना ।।२४५।।

શ્લોકાર્થ :-

તેને જોઈને જડ ચિત્તમાં આનંદના પૂરથી સમાતો નથી અને વિચાર્યું. આવા પ્રકારની વિશ્વત્રયમાં કોઈ સુંદર સ્ત્રી નથી. ॥૨૪૫॥

શ્લોક :-

धात्रा मदर्थमेवैषा व्यधायि यदियं मुहुः ।
मां लोला प्रेक्षते तेन, गत्वैनां स्वीकरोम्यहम् ।।२४६।।

શ્લોકાર્થ :-

વિધાતાએ મારા માટે જ આ કરી છે. જે કારણથી આ લોલા, વારંવાર મને જુએ છે. તે કારણથી જઈને હું આને સ્વીકાર કરું. ||૨૪૬||

શ્લોક :-

विचक्षणस्तु तां दृष्ट्वा, लोलामेकाकिनीं वने ।
न दोलायितचित्तोऽभूत्, स्थितो न्यग्दृष्टिरुत्तमः ।।२४७।।

શ્લોકાર્થ :-

વળી, વિચક્ષણ તે લોલાને વનમાં એકાકી જોઈને ડોલાયમાન ચિત્તવાળો થયો નહીં. ઉત્તમ એવો તે નીચી દૃષ્ટિવાળો રહ્યો.

લોલાને વશ થયો નહીં; કેમ કે જીભડી એ જીવનો ધર્મ નથી. પુદ્ગલનો ધર્મ છે. માટે પરસ્ત્રી છે. **||૨૪૭||**

શ્લોક :-

-प्रवृत्तो गन्तुमन्यत्र, जडमाकृष्य सोऽग्रतः ।
मन्वानोऽपायभूतं तद्दर्शनं चित्तविप्लवात् ।।२४८।।

શ્લોકાર્થ :-

ચિત્તના વિપ્લવથી તેનું દર્શન=લોલાનું દર્શન, અપાયભૂત માનતો એવો તે=વિચક્ષણ, અગ્રથી જડને ખેંચીને અન્ય જવા પ્રવૃત્ત થયો.

જીભ સમભાવને વિકૃત કરનાર હોવાથી ચિત્તનો વિપ્લવ કરનાર છે તેથી તેનું દર્શન જીવ માટે અનર્થરૂપ છે તેમ વિચક્ષણ માને છે, તેથી જડને કહે છે રસનામાં લોલુપતા કરવી ઉચિત નથી. પરંતુ નિરાકુળ સ્વભાવમાં જ પ્રયત્ન કરવો જોઈએ. **||૨૪૮||**

શ્લોક :-

यावत्तौ गच्छतः स्तोकं, भूभागं तावदागता ।
तच्चेटी सा जगौ श्रव्यं, भवद्भ्यां वचनं मम ।।२४९।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી થોડાક ભૂભાગને તે બંને ગયા. ત્યાં સુધી તેની ચેટી=લોલાની દાસી આવી. તેણીએ=લોલાની દાસીએ, કહ્યું. તમે બંને મારું વચન સાંભળો. ।।૨૪૯।।

શ્લોક :-

मत्स्वामिनीं विमुच्येह, चलितौ यद् युवां जवात् ।
तेनैषा प्रसरन्मूर्च्छा म्रियते वां वियोगतः ।।२५०।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, મારી સ્વામિનીને છોડીને જે કારણથી તમે બંને શીઘ્ર ચાલ્યા, તે કારણથી આ=મારી સ્વામિની એવી લોલા મૂર્છાને પામતી તમારા બેના વિયોગથી મરે છે.

જો જડ અને વિચક્ષણ લોલાનો ત્યાગ કરે તો તે બંને જીવો મોક્ષમાં જાય ત્યારે મૂર્છાને પામેલી એવી તે મરી જાય. તેથી જીભમાં રહેલી લોલુપતા જડ અને વિચક્ષણને જીભને જીવાડવા માટે કહે છે. આથી જ સંસારી જીવો લોલુપતાને વશ થઈને રસનાને જીવાડે છે. **।।૨૫૦।।**

શ્લોક :-

युवाभ्यां तत् समागत्य, सा स्वस्थीक्रियतां ततः ।
एतत्स्वरूपमखिलं, कथयिष्याम्यनाकुला ।।२५१।।

શ્લોકાર્થ :-

તે કારણથી તમારા બંનેએ આવીને તે=લોલા, સ્વસ્થ કરાવ. ત્યારપછી અખિલ આ સ્વરૂપ અનાકુલ એવી હું=લોલુપતા, કહીશ. ।।૨૫૧।।

શ્લોક :-

विचक्षणं जडोऽवादीद्, भ्रातस्तत्रोपगम्यताम् ।
स दध्यौ सुन्दरं नेदं, नूनमेषा प्रतारिका ।।२५२।।

શ્લોકાર્થ :-

વિચક્ષણને જડ બોલ્યો. હે ભાઈ ! ત્યાં=લોલા પાસે, આપણે બંને જઈએ. તેણે=વિચક્ષણે, વિચાર્યું. આ સુંદર નથી. ખરેખર આ=ચેટી, પ્રતારિકા છે=ઠગનારી છે. ।।૨૫૨।।

શ્લોક :-

अप्रमत्तोऽथवा यामि, प्रमत्तो हि छलं व्रजेत् ।
स्वीकृत्येत्येष तद्वाक्यं, तद्युक्तोऽगात् तदन्तिकम् ।।२५३।।

શ્લોકાર્થ :-

અથવા અપ્રમત્ત એવો હું જાઉં=ચેટી સાથે જાઉં. हि=જે કારણથી, પ્રમત્ત છલનાને પામે. એ પ્રમાણે તેના વાક્યને=જડના વાક્યને સ્વીકાર કરીને, તેનાથી યુક્ત=જડથી યુક્ત, તેની પાસે=લોલા પાસે, ગયો. ।।૨૫૩।।

શ્લોક :-

स्वस्थीभूताऽथ सा योषिदपृच्छच्चेटिकां जडः ।
अस्याः किं नाम ? सा प्राह, स्वामिनी रसनाऽभिधा ।।२५४।।

શ્લોકાર્થ :-

હવે તે સ્ત્રી સ્વસ્થીભૂત થઈ. જડે ચેટિકાને પૂછ્યું. આનું શું નામ છે ? તેણે=ચેટિકાએ કહ્યું. રસના નામની સ્વામિની છે. ।।૨૫૪।।

શ્લોક :-

किंनामिका त्वमित्युक्ते, जडेनाथ जगाद सा ।
देवाहं लोलताभिख्या, विस्मृता संस्तुताऽपि किम् ।।२५५।।

શ્લોકાર્થ :-

ક્યા નામવાળી તું છો એ પ્રમાણે જડ વડે કહેવાયે છતે તે=ચેટી, બોલી. હે દેવ ! હું લોલતા નામની સંસ્તુત કરાયેલી પણ શું વિસ્મૃત કરાઈ. ॥૨૫૫॥

શ્લોક :-

महाभुक्तौ चिरं कर्मपरिणाममहीभुजः ।
नगरेऽव्यवहाराख्ये, बभूव भवतोः स्थितिः ।।२५६।।

શ્લોકાર્થ :-

કર્મપરિણામ રાજાની મહાભુક્તિમાં=મહાસામ્રાજ્યમાં, અવ્યંવહાર નગરમાં ચિરકાળ તમારા બંનેની=વિચક્ષણ અને જડ બંનેની, સ્થિતિ થઈ. ॥૨૫૬॥

શ્લોક :-

एकाक्षवासनगरे, तदादेशात् ततो युवाम् ।
आगतौ विकलाक्षाणां, निवासे तदनन्तरम् ।।२५७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેના આદેશથી=કર્મપરિણામ રાજાના આદેશથી, એકાક્ષ નગરમાં તમે બંને આવ્યા. ત્યારપછી વિકલાક્ષ નગરમાં તમે બંને આવ્યા.

જીવનાં તે પ્રકારનાં કંઈક કર્મો અલ્પ થવાથી અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે. ત્યારપછી કંઈક કર્મો અલ્પ થવાથી બેઇન્દ્રિય આદિ ભવોમાં આવે છે. તેમ પ્રસ્તુત વિચક્ષણ અને જડ બંને પણ આવ્યા. **॥૨૫૭॥**

શ્લોક :-

वसन्ति तत्र प्रथमे, पाटके द्वीन्द्रिया जनाः ।
तन्मध्ये युवयोर्दत्तं, राज्ञा वदनकोटरम् ।।२५८।।

શ્લોકાર્થ :-

ત્યાં વિકલાક્ષ નગરના પ્રથમ પાડામાં બેઈન્દ્રિય જીવો વસે છે. તેના

મધ્યમાં=પ્રથમ પાડાના મધ્યમાં, તમને બંનેને રાજા વડે=કર્મપરિણામ રાજા વડે, વદનકોટર અપાયું. ।।૨૫૮।।

શ્લોક :-

सदा स्वाभाविकं चेदं, विद्यतेऽत्र महाबिलम् ।
युष्मदर्थं कृता चात्र, वेधसा स्वामिनी मम ।।२५९।।

શ્લોકાર્થ :-

અને સદા સ્વાભાવિક આ અહીં=વદનકોટરમાં, મહાબિલ વિદ્યમાન છે. અને અહીં=બેઈન્દ્રિયમાં, વિધાતા વડે તમારા માટે મારી સ્વામિની કરાઈ=લોલુપતા એવી મારી સ્વામિની રસના કરાઈ. ।।૨૫૯।।

શ્લોક :-

ततः प्रभृति चैषा मे, स्वामिनी सहिता मया ।
युवाभ्यां सह सर्वत्र, विललास रसाद्‌भुता ।।२६०।।

શ્લોકાર્થ :-

ત્યારથી માંડીને=બેઈન્દ્રિયથી માંડીને, મારાથી સહિત મારી આ સ્વામિની સર્વત્ર તમારા બંને સાથે રસથી અદ્‌ભુત વિલાસ કરે છે. ।।૨૬૦।।

શ્લોક :-

विकलाक्षे च पञ्चाक्षे, भवतोर्विरहासहा ।
यदियं तेन भवतोश्चिरं परिचिताऽस्म्यहम् ।।२६१।।

શ્લોકાર્થ :-

અને વિકલાક્ષ અને પંચાક્ષમાં તમારા બેના વિરહને નહીં સહન કરનારી મારી સ્વામિની છે. તે કારણથી જે આ હું તમારા બંને સાથે ચિરપરિચિત છું. ।।૨૬૧।।

શ્લોક :-

श्रुत्वैनां लोलतावाचं, चित्तबालकशाकिनीम् ।
जडो दध्यौ कृतार्थोऽहं, संपन्नं मद्विकल्पितम् ।।२६२।।

શ્લોકાર્થ :-

ચિત્તરૂપી બાલકને માટે ડાકણ જેવી આ લોલતાનું વચન સાંભળીને જડે વિચાર કર્યો. હું કૃતાર્થ છું. મારું વિકલ્પિત સંપન્ન થયું.

આ જીભડી અને લોલતા મને અપૂર્વ સુખ આપશે તેથી મારું વિકલ્પિત સુખ આ લોલતાના વચનથી પ્રાપ્ત થયું એમ જડ જીવો વિચારે છે. વસ્તુતઃ જીવના મતિજ્ઞાનરૂપ ચિત્તને રંજાડનાર આ રસના ડાકણ જેવી છે. **॥૨૬૨॥**

શ્લોક :-

छलितो लोलतावाक्याज्जडोऽथ रसनां सदा ।
स्वीकृत्य लालयामास, मधुमद्यपलादिभिः ।।२६३।।

શ્લોકાર્થ :-

હવે લોલતાના વાક્યથી છલિત થયેલો જડ સદા રસનાને સ્વીકારીને મધુ, મદ્ય, પલ=માંસ આદિથી લાલન કરતો હતો.

જેઓને રસનાનું સુખ જ સુખ જણાય છે તેઓ લોલુપતાના વચનથી પારમાર્થિક સુખને જાણી શકતા નથી. તેથી સર્વ પ્રકારના આરંભ-સમારંભ કરીને રસનાને જ લાલન-પાલન કરે છે. **॥૨૬૩॥**

શ્લોક :-

पेयापेयधिया शून्यो, भक्ष्याभक्ष्याविशेषवित् ।
शृङ्गपुच्छपरिभ्रष्टो, जातः सोऽथ पशुर्जडः ।।२६४।।

શ્લોકાર્થ :-

હવે પેય-અપેયની બુદ્ધિથી શૂન્ય, ભક્ષ્ય-અભક્ષ્યના અવિશેષને જાણનારો=ભક્ષ્યાભક્ષ્ય સર્વને સમાન જાણનારો, શિંગડા અને પૂંછડાથી પરિભ્રષ્ટ તે જડ પશુ થયો. ॥૨૬૪॥

શ્લોક :-

यत् क्षूणं रसनां तस्य, भवेल्लालयतः क्वचित् ।
तत् सर्वं रसना प्राह, रसग्रसनराक्षसी ।।२६५।।

શ્લોકાર્થ :-

રસનાને લાલન કરતા એવા તેને=જડને, ક્યારે જે ક્ષૂણ થાય=પ્રિય જણાય, તે સર્વને રસગ્રહણ કરવામાં રાક્ષસી એવી રસના કહે છે.

જડ જીવને રસગ્રહણ કરવામાં રાક્ષસી એવી રસના સતત આ ખાવું છે, આ ખાવું છે ઇત્યાદિ સૂચન કરે છે. તે સર્વનું જડ પાલન કરે છે. **॥૨૬૫॥**

શ્લોક :-

धर्मार्थकाममोक्षेभ्यो, विमुखो रसनावशः ।
दुष्कर्मनिरतो लोकैर्गर्हितो बहुशो जडः ।।२६६।।

શ્લોકાર્થ :-

ધર્મ, અર્થ, કામ અને મોક્ષથી વિમુખ રસનાને વશ, દુષ્કર્મમાં નિરત, એવો જડ અનેક વખત લોકોથી નિંદાયો.

રસનાને વશ જીવ પરમાર્થથી ધર્મ સેવતા નથી. અતિ રસનાને વશ જીવો અર્થ પુરુષાર્થ કરીને પણ સુખ મેળવી શકતા નથી. અતિ રસનાને વશ જીવો શરીર ક્ષીણ કરે છે તેથી કામ પુરુષાર્થના સુખને મેળવી શકતા નથી. મોક્ષની પ્રાપ્તિ તો અત્યંત દૂર રહે છે. તેથી સુખના કારણીભૂત ચારે પુરુષાર્થોથી રહિત રસનાવશ પાપો કરનાર જડ જીવ વારંવાર લોકોથી નિંદા પામે છે; કેમ કે રસનાને વશ થઈને દેહનો પણ નાશ કરે છે, ધનનો પણ નાશ કરે છે. તેથી લોકનિંદ્ય તેની પ્રવૃત્તિ બને છે. **॥૨૬૬॥**

શ્લોક :-

विचक्षणस्तु न क्षुब्धः, श्रुत्वा तां लोलतागिरम् ।
विधिसृष्टिध्वनेरर्थं, कर्मसृष्टिं विचारयन् ।।२६७।।

શ્લોકાર્થ :-

વળી, તે લોલતાની વાણીને સાંભળીને વિધિસૃષ્ટિના ધ્વનિથી કર્મસૃષ્ટિરૂપ અર્થને વિચારતો વિચક્ષણ ક્ષોભ પામ્યો નહીં.

લોલતાએ શ્લોક-૨૫૯માં કહેલ કે વિધાતાએ તમારા માટે મારી સ્વામિની

કરાઈ છે. એ પ્રકારના વિધિસૃષ્ટિના શબ્દથી વિચક્ષણ કર્મસૃષ્ટિના અર્થને વિચારે છે.

મારા તેવા પ્રકારના કર્મએ જ આ રસનાને કરી છે. તેથી વિચક્ષણ વિવેકયુક્ત હોવાને કારણે રસનામાં રાગવાળો થતો નથી. પરંતુ કર્મકૃત આ કદર્થના છે એમ વિચારે છે. **॥૨૬૭॥**

શ્લોક :-

दध्यौ मध्यस्थधीश्चैवमस्त्येवेयं ममाङ्गना ।

यदास्यकोटरे सृष्टा, पोष्या नैवापरीक्ष्य तु ।।२६८।।

શ્લોકાર્થ :-

મધ્યસ્થ બુદ્ધિ એવા વિચક્ષણે આ પ્રમાણે વિચાર્યું. આ=રસના, મારી સ્ત્રી છે જે કારણથી મુખના કોટરમાં સર્જાઈ છે. પરંતુ પરીક્ષા કર્યા વગર પોષણ કરવાયોગ્ય નથી જ.

વિચક્ષણ પદાર્થને જોવામાં મધ્યસ્થ બુદ્ધિવાળો છે તેથી કર્મજન્ય જીવનું સ્વરૂપ અને આત્માનું નિરાકુળ સ્વરૂપ મધ્યસ્થ બુદ્ધિથી વિચારી શકે છે. તેથી વિચારે છે કે મારા મુખરૂપી કોટરમાં આ રસના કર્મએ સર્જન કરી છે. તેથી કર્મવાળા એવા મારા એક અંગરૂપ આ સ્ત્રી છે, તોપણ તે મારા હિત માટે છે કે નહીં તેનો નિર્ણય કર્યા વગર તે સ્ત્રી જે માંગે તે સર્વ મારે તેને આપીને પોષણ કરવી જોઈએ નહીં. આ પ્રમાણે મધ્યસ્થ બુદ્ધિથી વિચક્ષણ વિચારે છે. **॥૨૬૮॥**

શ્લોક :-

स्त्रीवाचैव जडस्तत्त्वमज्ञात्वा यः प्रवर्तते ।

नदीतीरस्थतरुवत् स पतत्येव निश्चितम् ।।२६९।।

શ્લોકાર્થ :-

તત્ત્વને જાણ્યા વગર જે જડ સ્ત્રીની વાણીથી જ પ્રવર્તે છે તે પુરુષ નદીના તીરમાં રહેલા વૃક્ષની જેમ નિશ્ચિત પડે જ છે.

જેમ નદીના તીરમાં રહેલું કોઈ વૃક્ષ હોય તે નદીના પ્રવાહના ઝપાટાથી નિશ્ચિત પડે છે તેમ જડ જીવો સ્ત્રીની વાણીથી પ્રવર્તીને સ્વનો વિનાશ કરે છે. **॥૨૬૯॥**

શ્લોક :-

लोकानुवृत्त्या तत् पाल्या, न तु लाल्येत्यसावथ ।
रसनाया ददौ खाद्यरसं किंचिदनादृतः ।।२७०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સ્ત્રીની વાણીથી વિચાર્યા વગર જડ પ્રવર્તે છે બુદ્ધિમાન નહીં તે કારણથી, લોકઅનુવૃત્તિથી પાલ્ય છે=રસના પોતાની સ્ત્રી છે માટે પાલ્ય છે. હવે આ=વિચક્ષણ, લાલન કરતો નથી જ. અનાદરવાળો રસનાને કંઈક ખાદ્યરસ આપે છે.

વિચક્ષણ પદાર્થને જોવામાં વિચક્ષણ હોવાથી કર્મજન્ય રસના પ્રત્યે અનાદરવાળો છે. તેથી રસનેન્દ્રિયને કંઈક ખાદ્યરસ આપે છે તોપણ તેનું લોલ્યથી પાલન કરતો નથી. **॥૨૭૦॥**

શ્લોક :-

अनुवर्तयतश्चेत्थं, रसनां शुभवर्त्मना ।
लोलतां जयतस्तस्य, त्रिवर्गश्रीरुपस्थिता ।।२७१।।

શ્લોકાર્થ :-

આ રીતે=કંઈક અનાદરપૂર્વક રસનાને ખાદ્ય આપે છે એ રીતે, શુભમાર્ગથી રસનાને અનુવર્તન કરતા એવા તેને=વિચક્ષણને, લોલતાના જયથી ત્રિવર્ગની લક્ષ્મી ઉપસ્થિત થઈ=ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ વર્ગની પ્રાપ્તિ થઈ.

સેવનવિવેકી પુરુષો કેવલ સુખનું કારણ થાય તે રીતે ધર્મ, અર્થ અને કામને સેવે છે તેમ વિચક્ષણ પણ રસનાને આધીન થયા વગર દેહનું પાલન થાય તે રીતે આહારાદિ આપે છે જેનાથી અંતરંગ ગુણવૃદ્ધિ રૂપ ધર્મ પ્રગટે છે અને અર્થ-કામનો નાશ ન થાય તે રીતે રસનાને પાળીને દેહ દ્વારા અર્થનું અર્જન

કરીને પણ સુખ મેળવે છે, કામ સેવીને પણ સુખ મેળવે છે અને ધર્મ સેવીને વિશેષ પ્રકારના સુખને મેળવે છે. તેથી ધર્મ-અર્થ-કામ રૂપ ત્રણ વર્ગની લક્ષ્મી તેને પ્રાપ્ત થઈ. **॥૨૭૧॥**

શ્લોક :-

ज्ञापिता रसनालाभं, जडेनाचारुताऽन्यदा ।
माता सन्तुष्टचित्तेन, जनकश्चाशुभोदयः ।।२७२।।

શ્લોકાર્થ :-

અને સંતુષ્ટચિત્તવાળા એવા જડ વડે અન્યદા તેની માતા અચારુતા રસનાના લાભને જણાવાઈ. અને પિતા અશુભોદય જણાવાયો.

સેવે છે રસનાના લાભથી આનંદિત થયેલા જડે પોતાનાં અશુભકર્મો અને પોતાનામાં વર્તતી અચારુતાની પરિણતિને રસનાનો લાભ પોતાને થયો છે તેમ બતાવીને તેને અનુરૂપ અચારુતા અને અશુભોદય કઈ રીતે વર્તન કરે છે તે બતાવવા અર્થે કહે છે. **॥૨૭૨॥**

શ્લોક :-

तावप्यथाहतुस्तस्य, सुधावृष्टिसमं वचः ।
पुण्येनेयं त्वया लब्धा, लाल्यते चेति शोभनम् ।।२७३।।

શ્લોકાર્થ :-

હવે તે બંનેએ પણ=અચારુતા અને અશુભોદય બંનેએ પણ, પુણ્ય વડે આ=રસના, તારા વડે પ્રાપ્ત થઈ છે. અને લાલન કરાય. એ પ્રમાણે સુધાની વૃષ્ટિ જેવું શોભન વચન તેને કહ્યું=જડને કહ્યું.

અશુભકર્મો અને જીવમાં વર્તતી અચારુતા જીવને કહે છે કે પુણ્યના ઉદયથી આ રસના મળી છે તેથી જે રીતે તેને પ્રિય લાગે તે રીતે આપવું જોઈએ. આ પ્રકારે જીવમાં વર્તતાં અશુભકર્મો અને જીવમાં વર્તતી અચારુતા જડને કહે છે, જે વચન જડને અમૃતની વૃષ્ટિ જેવું જણાય છે; કેમ કે જડ જીવોને અશુભકર્મોની પ્રેરણા જ અમૃત જેવી જણાય છે. **॥૨૭૩॥**

શ્લોક :-

इष्टं पित्रुपदिष्टं चेत्यतिलुब्धोऽजनिष्ट सः ।
एकं हि स्वैरिणी योषाऽन्यच्च कोकिलकूजितम् ।।२७४।।

શ્લોકાર્થ :-

ઈષ્ટ છે, માતા-પિતાથી ઉપદિષ્ટ છે એથી તે=જડ, અતિલુબ્ધ થયો. हि=જે કારણથી, એક સ્ત્રી પોતાની વૈરી અને બીજું કોકિલનું કૂજનવ.

જડ જીવને સ્વભાવથી જ રસનામાં લોલુપતા પ્રિય હોય છે અને જડનાં કર્મો અને જડમાં વર્તતી અચારુતા તેને પ્રેરણા કરે છે તેથી જેમ વૈરી એવી પત્ની તેનું અહિત કરવા તત્પર થયેલ હોય તેમાં કોકિલ ટહુકો કરે ત્યારે તે પત્ની અને કોયલના ટહુકાથી પ્રેરાયેલ તે જીવ અત્યંત પોતાનું અહિત કરે છે તેમ જડ જડતાને કારણે રસનાની લોલુપતાવાળો છે અને તેનાં અશુભકર્મો અને તેમાં વર્તતી અચારુતા તેને અધિક જડ બનાવે છે. **॥૨૭૪॥**

શ્લોક :-

शुभोदयः पिता स्वीयो, जननी चारुता तथा ।
इतो विचक्षणेनापि ज्ञापितौ रसनागतिम् ।।२७५।।

શ્લોકાર્થ :-

આ બાજુ વિચક્ષણ વડે પણ પોતાના શુભોદય પિતાને અને ચારુતા માતાને રસનાની પ્રાપ્તિ જણાવાઈ. ।।૨૭૫।।

શ્લોક :-

बुद्धिस्तथा प्रकर्षश्च, विमर्शश्चेत्यमी त्रयः ।
ज्ञापिता रसनाप्राप्तिं, कुटुम्बं मिलितं च तत् ।।२७६।।

શ્લોકાર્થ :-

અને બુદ્ધિ, પ્રકર્ષ અને વિમર્શ આ ત્રણને રસનાની પ્રાપ્તિ જણાવાઈ. અને તે કુટુંબ ભેગું થયું.

વિચક્ષણ, બુદ્ધિ, પ્રકર્ષ, વિમર્શ અને વિચક્ષણના શુભોદય પિતા અને નિજ ચારુતા માતા એ સર્વ રસના વિષયક વિચાર કરવા માટે ભેગાં થયાં. **॥૨૭૬॥**

શ્લોક :-

ततः शुभोदयः प्राह, वत्स ! त्वमसि तत्त्ववित् ।
तथाऽप्यस्या न विश्वासः, कर्तव्यो भवता क्वचित् ।।२७७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી શુભોદય કહે છે હે વત્સ ! વિચક્ષણ તું તત્ત્વનો જાણનાર છે. તોપણ આનો=રસનાનો, વિશ્વાસ તારા વડે ક્યારેય કરવો જોઈએ નહીં.

વિચક્ષણને શુભકર્મ નિર્મળમતિ આપે છે અને કહે છે કે તું તત્ત્વનો જાણનાર છે તોપણ તારે રસનાનો વિશ્વાસ કરવો જોઈએ નહીં. આ પ્રકારે શુભકર્મની પ્રેરણા વિચક્ષણને સદા મળે છે. કેમ રસનાનો વિશ્વાસ કરવો જોઈએ નહીં, તેથી શ્લોક-૨૭૮માં કહે છે. **॥૨૭૭॥**

શ્લોક :-

नारी तावत् समस्ताऽपि, प्रायः पवनचञ्चला ।
क्षणं रक्ता विरक्ता च, सन्ध्याभ्रपटलोपमा ।।२७८।।

શ્લોકાર્થ :-

સમસ્ત પણ સ્ત્રી પ્રાયઃ પવનચંચલ હોય છે. અને સંધ્યાના અભ્રના=વાદળાના, પટલના ઉપમાવાળી ક્ષણમાં રક્ત અને વિરક્ત હોય છે. ।।૨૭૮।।

શ્લોક :-

दुर्ग्रहा वारिविधुवन्नदीवन्नीचगामिनी ।
दृष्टिबन्धेन्द्रजालाभा, कौटिल्याहिकरंडिका ।।२७९।।

શ્લોકાર્થ :-

વારિમાં=પાણીમાં, વર્તતા ચંદ્રની જેમ દુર્ગ્રહ હોય છે. નદીની જેમ

નીચગામિની હોય છે, દૃષ્ટિના બંધ માટે ઈન્દ્રજાલ જેવી=પુરુષની દૃષ્ટિને રાગવાળી કરવા માટે ઈન્દ્રજાલ જેવી, કૌટિલ્યરૂપી સર્પની કરંડિકા સ્ત્રી છે=કુટિલતારૂપી સર્પનો કરંડિયો જેમ જોખમી છે તેવી સ્ત્રી પુરુષ માટે જોખમી છે. ॥૨૭૯॥

શ્લોક :-

साक्षादकन्दरा व्याघ्री, विषवल्लिरभूमिजा ।
अनिन्धनाऽनलज्वाला, विद्युदस्तनयित्नुजा ।।२८०।।

શ્લોકાર્થ :-

સાક્ષાત્ કંદર વગરની વ્યાઘ્રી છે=ગુફા વગરની વાઘણ છે. ભૂમિમાં નહીં થયેલી વિષવલ્લી છે. ઈંધન વગરની અગ્નિની જ્વાલા છે. મેઘ વગર ઉત્પન્ન થયેલ વીજળી છે.

વીજળી જેવી ચંચલ છે. **॥૨૮૦॥**

શ્લોક :-

एषा त्वेका वनचरी, रसना लोलताऽन्विता ।
अतिगूढचरित्रा मे, भाति नैव तवोचिता ।।२८१।।

।। चतुर्भिः कलापकम् ।।

શ્લોકાર્થ :-

વળી, લોલતાથી અન્વિત એવી આ રસના એક વનચરી છે. મને= શુભોદયને, અતિગૂઢચરિત્રવાળી ભાસે છે. તને ઉચિત નથી જ=વિચક્ષણને આ પત્ની ઉચિત નથી જ.

સ્ત્રીના ચાંચલ્યનાં દૃષ્ટાંતો દ્વારા રસના અત્યંત ચંચલ છે અને જીવને લોલુપતા પ્રગટ કરીને વિનાશ કરનાર છે. એ પ્રકારે વિચક્ષણમાં વર્તતાં શુભકર્મો વિચક્ષણને પ્રેરણા કરે છે. **॥૨૮૧॥**

શ્લોક :-

न ज्ञायते कुतस्त्येयं, केनेह प्रेषिताऽथवा ।
मूलशुद्धिस्त्वया कार्या, तदस्याः संगमिच्छता ।।२८२।।

શ્લોકાર્થ :-

વળી શુભોદય વિચક્ષણને કહે છે. ક્યાંની આ છે એ જણાતી નથી અથવા કોના વડે આ=રસના, મોકલાવાઈ છે એ જણાતી નથી. તે કારણથી આના સંગને ઈચ્છતા એવા તારા વડે=રસનાના સંગને ઈચ્છતા વિચક્ષણ વડે, મૂલશુદ્ધિ કરવી જોઈએ=રસનાનું મૂળ કોણ છે તેની ગવેષણા કરવી જોઈએ. ।।૨૮૨।।

શ્લોક :-

यतः—

“अप्रमादपरोऽप्युच्चैर्मूलशुद्धेरकारकः ।

पुमान् प्रयाति निधनं, स्त्रीणां हृदयमर्पयन्” ।।२८३।।

શ્લોકાર્થ :-

મૂલશુદ્ધિનો અકારક અત્યંત અપ્રમાદપર પણ પુરુષ સ્ત્રીઓને હૃદય આપતો નિધનને પામે છે=મૃત્યુને પામે છે.

વિચક્ષણમાં વર્તતાં શુભકર્મો રસનાનું મૂળ કોણ છે તેની શુદ્ધિની ગવેષણા કરવા પ્રેરણા કરે છે. **।।૨૮૩।।**

શ્લોક :-

चारुताऽप्याह वत्सेदं, पित्रा ते साधु मन्त्रितम् ।

ऊचुर्बुद्ध्यादयोऽपीत्थं, तथेत्याह विचक्षणः ।।२८४।।

શ્લોકાર્થ :-

ચારુતા પણ કહે છે – હે વત્સ ! તારા પિતાએ તને સારી શિખામણ આપી. બુદ્ધિ આદિએ પણ આ પ્રમાણે કહ્યું=ચારુતાની જેમ જ કહ્યું. વિચક્ષણ ‘તહત્તિ’ એ પ્રમાણે સ્વીકારે છે=રસનાની મૂલશુદ્ધિનો નિર્ણય કરવા સ્વીકાર કરે છે.

વિચક્ષણ પુરુષનાં શુભકર્મો, વિચક્ષણ પુરુષમાં વર્તતી ચારુતા, વિચક્ષણ પુરુષમાં વર્તતી માર્ગાનુસારી બુદ્ધિ, વિચક્ષણ પુરુષમાં વર્તતો બુદ્ધિનો પ્રકર્ષ

અને બુદ્ધિની વિમર્શશક્તિ સર્વ રસનાની મૂલશુદ્ધિ કરવા વિચક્ષણને પ્રેરણા કરે છે. તેનાથી પ્રેરાયેલ વિચક્ષણ પુરુષ જ રસનાની મૂલશુદ્ધિ કરીને હિત સાધે છે. આથી જ વિચક્ષણ પુરુષ પણ ક્યારેક અશુભકર્મો આદિની પ્રેરણા ઝીલે તો ધીરેધીરે તેની માર્ગાનુસારી બુદ્ધિનો પણ નાશ થાય છે. તોપણ પ્રાયઃ વિચક્ષણ પુરુષ પોતાના વિનાશને જોઈને શીઘ્ર જાગૃત થાય છે અને પ્રબલ અશુભકર્મોથી પ્રેરિત વિચક્ષણ પણ વિનાશ પામે છે. **॥૨૮૪॥**

શ્લોક :-

रसनामूलशुद्ध्यर्थमथ कः प्रेषणोचितः ।
इति पृष्टोऽमुना तातो, विमर्शं तादृशं जगौ ।।२८५।।

શ્લોકાર્થ :-

હવે રસનાની મૂલશુદ્ધિ માટે મોકલવાને ઉચિત કોણ છે એ પ્રકારે આના વડે=વિચક્ષણ વડે, પિતા પુછાયા. 'તેવો વિમર્શ છે' એમ પિતાએ કહ્યું.

વિચક્ષણ પુરુષ રસનાની મૂલશુદ્ધિ માટે શુભકર્મોની સલાહ ગ્રહણ કરે છે અને શુભકર્મો રસનાની મૂલશુદ્ધિનો ઉપાય બુદ્ધિની વિમર્શશક્તિ છે એમ કહે છે. **॥૨૮૫॥**

શ્લોક :-

यतः—

विमर्श एव लोकेऽस्मिंस्तत्त्वातत्त्वैकशेषकृत् ।
कुरुते को विना हंसं, क्षीरनीरविवेचनम् ।।२८६।।

શ્લોકાર્થ :-

આ લોકમાં તત્ત્વાતત્ત્વના એક શેષને કરનાર=એક વિભાગને કરનાર, વિમર્શ જ છે. હંસ વગર દૂધ અને પાણીનું વિવેચન કોણ કરે ?

જીવમાં તત્ત્વના વિભાગને કરનાર વિમર્શશક્તિ તત્ત્વાતત્ત્વનો વિભાગ કરવા સમર્થ બને છે માટે વિમર્શ જ રસનાના પારમાર્થિક મૂળને શોધવા સમર્થ છે. **॥૨૮૬॥**

શ્લોક :-

ईश्वरोऽप्यविमर्शः सन्, बध्नाति गरलं गले ।
सविमर्शं तु पुरुषोत्तमं श्रीर्वृणुते स्वतः ।।२८७।।

શ્લોકાર્થ :-

ઈશ્વર પણ અવિમર્શવાળો છતો ગળામાં સાપ બાંધે છે. વળી વિમર્શ સહિત પુરુષોત્તમને સ્વતઃ લક્ષ્મી વરે છે. ।।૨૮૭।।

શ્લોક :-

विचक्षणोऽथ निश्चित्य, विमर्शं प्रेषणोचितम् ।
आज्ञप्तवान् प्रहातुं तं, कृत्वा संवत्सरावधिम् ।।२८८।।

શ્લોકાર્થ :-

હવે મોકલવા ઉચિત વિમર્શનો નિર્ણય કરીને વિચક્ષણે સંવત્સરની=વરસની, અવધિ કરીને તેને=વિમર્શને, મોકલવા માટે આજ્ઞા કરી. ।।૨૮૮।।

શ્લોક :-

पितामहं च पितरं, प्रकर्षोऽथ व्यजिज्ञपत् ।
विना विमर्शं न स्थातुं, शक्नोमि क्षणमप्यहम् ।।२८९।।

શ્લોકાર્થ :-

હવે પિતામહ=દાદાને, માતા-પિતાને પ્રકર્ષ વિજ્ઞાપન કરે છે. વિમર્શ વગર ક્ષણ પણ હું રહેવા માટે સમર્થ નથી.

બુદ્ધિનો પ્રકર્ષ અને બુદ્ધિની વિમર્શશક્તિ પરસ્પર સંલગ્ન જ રહે છે. તેથી રસનાની શુદ્ધિ કરવા અર્થે વિચક્ષણની બુદ્ધિનો પ્રકર્ષ અને વિચક્ષણની બુદ્ધિની વિમર્શશક્તિ બંને સાથે જવા તત્પર થાય છે. **।।૨૮૯।।**

શ્લોક :-

मामेनमनुगन्तुं तदनुजानीत साम्प्रतम् ।
तदाकर्ण्योल्लसत्प्रेमाऽपश्यत् तातं विचक्षणः ।।२९०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વિમર્શ વગર હું રહી શકું તેમ નથી એમ પ્રકર્ષ કહે છે તે કારણથી, હમણાં મને આને=વિમર્શને, અનુસરવા અનુજ્ઞા આપો. તે સાંભળીને=પ્રકર્ષને જવાની ઈચ્છા સાંભળીને ઉલ્લાસ પામતા પ્રેમવાળા વિચક્ષણે પિતાની સન્મુખ જોયું.

બુદ્ધિના પ્રકર્ષ પ્રત્યે જેને પ્રેમ ઉલ્લસિત થયો છે એવો વિચક્ષણ પુરુષ શુભકર્મોના ઉદયનું મુખ જોઈને પ્રકર્ષને મોકલવાનો નિર્ણય કરવા ઇચ્છે છે. **||૨૯૦||**

શ્લોક :-

शुभोदयोऽप्यभिदधे, विनयोऽस्यैष युज्यते ।
तव बुद्धेश्च जातेऽस्मिन्, किं चित्रं गुणसम्पदाम् ? ।।२९१।।

શ્લોકાર્થ :-

શુભોદય પણ કહે છે. આનો=પ્રકર્ષનો, આ વિનય ઘટે છે. તારા= વિચક્ષણ અને બુદ્ધિથી થયેલા એવા આમાં=પ્રકર્ષમાં, ગુણસંપદાનું શું આશ્ચર્ય છે ?

અવશ્ય તેમાં ગુણસંપદા હોય જ. આથી જ ઉચિત વિનય કરે છે. **||૨૯૧||**

શ્લોક :-

इयं भार्या हि ते बुद्धिरनीतिर्नीतिभागपि ।
विशालदृष्टिरप्येषा, सूक्ष्मदृष्टिः प्रकीर्तिता ।।२९२।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, તારી આ બુદ્ધિરૂપી ભાર્યા નીતિને ભજનારી પણ અનીતિ છે. વિશાલ દૃષ્ટિવાળી પણ આ સૂક્ષ્મદૃષ્ટિ કહેવાય છે. ||૨૯૨||

શ્લોક :-

लोकोत्तरचरित्रेयं, त्वत्कीर्तिस्तोमवर्धनी ।
निषिध्यते भियैवैतत्सापत्न्याद्रसनादरः ।।२९३।।

શ્લોકાર્થ :-

તારા કીર્તિના સમૂહને વધારનારી આ=બુદ્ધિ, લોકોત્તર ચારિત્રવાળી છે. ભય વડે જ આના સાપત્ન્યથી=બુદ્ધિના સાપત્ન્યથી, રસનાનો આદર નિષેધ કરાય છે=શુભોદય વડે વિચક્ષણને રસનાનો આદર કરવા નિષેધ કરાય છે.

શુભોદય વિચક્ષણને કહે છે કે તારી આ બુદ્ધિરૂપી ભાર્યા અતિ નીતિમાર્ગને ચાલનારી છે, વિશાલ દૃષ્ટિવાળી છે, સૂક્ષ્મ દૃષ્ટિવાળી છે અને તું વિચક્ષણ છો તેવી તારી કીર્તિને વધારનારી લોકોત્તર ચરિત્રવાળી છે અને રસના બીજી પત્ની તું કરીશ તો આની સાથે અન્ય પત્ની રૂપ સાપત્ન્ય થશે એ પ્રકારના ભય વડે રસનાનો આદર કરવાનો શુભોદય વિચક્ષણને નિષેધ કરે છે; કેમ કે વિચક્ષણની બુદ્ધિ જીવને હિતમાં પ્રવર્તાવે છે અને રસના તેનાથી વિપરીત પ્રવૃત્તિવાળી છે તેથી આ બુદ્ધિને સદા તે રસના વિઘ્નભૂત થશે માટે જીવમાં વર્તતો શુભોદય રસના પ્રત્યે આદર કરવાનો નિષેધ કરે છે. આનાથી એ ફલિત થાય કે બુદ્ધિ જીવને સુખાકારી એવા અકષાય ભાવમાં જવા પ્રેરણા કરે છે અને તેની શોક્ય એવી રસના વિષયો તરફ આકર્ષણ કરીને બુદ્ધિને ઉન્માર્ગગામી બનાવે તેવી છે એ પ્રકારના ભયથી વિચક્ષણમાં વર્તતાં શુભકર્મો બુદ્ધિ પ્રત્યે પક્ષપાત કરાવીને રસના પ્રત્યે અનાદર કરવાની પ્રેરણા કરે છે. **॥૨૯૩॥**

શ્લોક :-

अनन्तगुण एवास्याः, प्रकर्षोऽप्यात्मजस्ततः ।
अनुमातुलमाज्ञप्यः, प्रस्थातुं नात्र काऽपि भीः ।।२९४।।

શ્લોકાર્થ :-

આનો=બુદ્ધિનો પુત્ર, પ્રકર્ષ પણ અનંતગુણ જ છે. તેથી માતુલની પાછળ=મામાની પાછળ પ્રસ્થાપન કરવા માટે આજ્ઞાપ્ય છે. એમાં=પ્રકર્ષના ગમનમાં કોઈ પણ ભય નથી.

વિચક્ષણનાં શુભકર્મો પ્રકર્ષ પણ સાથે જાય તે પ્રકારે મોકલવાની પ્રેરણા કરે છે. **॥૨૯૪॥**

શ્લોક :-

विचक्षणो ददावाज्ञामथ तातं प्रमाणयन् ।
गन्तुं च तौ प्रवृत्तौ द्वौ, तदा चास्ति शरद्भरः ।।२९५।।

શ્લોકાર્થ :-

હવે પિતાજીને પ્રમાણ કરતા એવા વિચક્ષણે આજ્ઞા આપી=તેને પણ સાથે જવાની આજ્ઞા આપી, તેઓ બંને ચાલવા લાગ્યા, તે સમયે શરદઋતુ હતી. ।।૨૯૫।।

શ્લોક :-

सकलहं कलहंसकलस्वनैर्विनिहतध्वनिसुन्दरता मदे ।
कलयति श्रियमाप्य घनात्ययं, घनकला न कलापिततिस्तदा ।।२९६।।

શ્લોકાર્થ :-

તે વખતે કલહયુક્ત રાજહંસોના મનોહર શબ્દોથી હણાયેલ છે ધ્વનિની સુંદરતા જેની એવી તથા વરસાદમાં મનોહર એવી મયૂરોની શ્રેણિ, મેઘના નાશને પામીને મદમાં શોભાને ધારણ કરતી નથી. ।।૨૯૬।।

શ્લોક :-

मलिनमेघकृतां खलु या ययौ, कलुषतां कलहंसनिषेधतः ।
इयमिमानुपनीय कृता लसद्बिशरदा शरदा सरसी शुचिः ।।२९७।।

શ્લોકાર્થ :-

જે સરોવર રાજહંસના નિષેધથી મલિન મેઘથી કરાયેલી કલુષતાને પ્રાપ્ત થયું હતું, આ સરોવર શરદઋતુ વડે આમને=હંસોને, લાવીને ઉલ્લસાયમાન બિસતંતુઓ રૂપી દાંતોવાળું અને નિર્મલ કરાયું. ।।૨૯૭।।

શ્લોક :-

कमलिनीकलमोत्सवदर्शनोत्सुकमलं कमलं रहसि स्थितम् ।
विततविस्मितपङ्कजलोचनं, सरसि कं रसिकं न विनोदयेत् ।।२९८।।

શ્લોકાર્થ :-

સરોવરમાં એકાંત સ્થાને રહેલ કમળ કમલિનીના મનોહર ઉત્સવના દર્શનમાં ઉત્સુક એવા, વિસ્તાર પામેલ તથા વિસ્મિત થયેલ છે પંકજરૂપી લોચન જેને એવા કયા રસિકને સરોવરમાં રહેલું કમળ અત્યંત વિનોદ ન પમાડે ?=શરદઋતુમાં કમળ અવશ્ય વિનોદ પમાડે. ॥૨૯૮॥

શ્લોક :-

अपरसं परसंभ्रमकार्यभून्निजरुचिच्छिदिहाभ्रकुलं यतः ।
सुविलसन् सह निर्मलया निशा, विधुरितो धुरि तोषवतामभूत् ।।२९९।।

શ્લોકાર્થ :-

જે કારણથી અહીં=શરદઋતુમાં, પોતાની કાંતિને નાશ કરનારો, અત્યંત સંભ્રમને કરનારો, વાદળાંઓનો સમૂહ રસ વિનાનો થયો. તે કારણથી નિર્મલ રાત્રિની સાથે વિલાસ કરતો એવો ચંદ્ર સંતોષીઓના અગ્રમાં થયો. ॥૨૯૯॥

શ્લોક :-

कलमगोपिकया पिकयाचितोऽप्यतिमदोद्धुरया न हि योऽर्पितः ।
शरदुदीतविलासवशोत्थितो, ध्वनिरयं निरयन्त्र्यत नो तदा ।।३००।।

શ્લોકાર્થ :-

કોયલ વડે યાચિત એવો પણ જે ધ્વનિ અતિ મદોન્મત્ત થયેલી, શાલીના ક્ષેત્રનું રક્ષણ કરનારી બાલિકાઓ વડે અપાયો નથી, (તે) આ ધ્વનિ શરદઋતુથી ઊઠેલો વિલાસના વશથી ઉત્પન્ન થયેલો ત્યારે અટકાવી શકાયો નહીં. ॥૩૦૦॥

શ્લોક :-

एवंविधे शरत्काले, पश्यन्तौ तौ वनश्रियम् ।
बहिर्देशेषु विहृतौ, न दृष्टं रसनाकुलम् ।।३०१।।

શ્લોકાર્થ :-

આવા પ્રકારના શરત્કાલમાં વનશ્રીને જોતા તે બંને=મામા-ભાણેજ, (વિમર્શપ્રકર્ષ) બહિર્દેશોમાં વિહર્યા. રસનાનું કુલ જોવાયું નહીં.

વિચક્ષણની વિમર્શશક્તિ અને પ્રકર્ષશક્તિ રસનાના કુલની ગવેષણા કરવા માટે પ્રથમ શરદઋતુ કાળમાં બહારના દેશમાં અવલોકન કરે છે. ત્યાં રસનાના કુલની કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. **॥૩૦૧॥**

શ્લોક :-

तयोर्विचरतोरेवं हेमन्तर्तुः समाययौ ।
स्फुटं पथिकलोकानां, दन्तवीणैकवादकः ।।३०२।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે વિચરતા એવા તે બંનેને=વિમર્શ-પ્રકર્ષને, પ્રગટ રીતે પથિક લોકોના દાંતોની વીણાને વગાડનાર એવી હેમંતઋતુ પ્રાપ્ત થઈ. ॥૩૦૨॥

શ્લોક :-

हिमं हिमांशूदययोग्यलीलं, चण्डांशुराज्येऽपि यदेति लीलाम् ।
तद्दुःखपूर्त्यायुरपक्रमेण, ह्रस्वाणि जातानि दिनानि नूनम् ।।३०३।।

શ્લોકાર્થ :-

સૂર્યનું રાજ્ય હોતે છતે પણ ચંદ્રના ઉદયને યોગ્ય લીલાવાળું હિમ જે કારણથી લીલાને પામે છે, તે કારણથી દુઃખની પ્રાપ્તિથી થયેલા આયુષ્યના અપક્રમ વડે ખરેખર દિવસો ટૂંકા થાય છે. ॥૩૦૩॥

શ્લોક :-

करप्रचारे सति शीतरश्मेः, पीयूषधाराकृतपारणायाः ।
आशीःप्रदानान्नु चकोरपङ्क्तेर्जातास्तदा दीर्घतरा रजन्यः ।।३०४।।

શ્લોકાર્થ :-

ચંદ્રનાં કિરણોનો પ્રચાર હોતે છતે અમૃતની ધારાથી કરાયેલા

પારણાવાળા એવા ચકોરો શ્રેણીના આશીર્વાદદાનને કારણે ત્યારે દીર્ઘતર રાત્રિ થઈ. ॥૩૦૪॥

શ્લોક :-

निवर्तयामास दवीयसोऽपि, देशाद्धिमार्तिः पथिकान् प्रवृद्धा ।
क्लीबान् परानीकजयप्रथेव, पत्नीकुचाद्रेः शरणे धृताशान् ॥३०५॥

શ્લોકાર્થ :-

જેમ શત્રુના સૈન્યના જયના સમાચાર જેમ કાયરોને પીડા કરે, તેમ સ્ત્રીના સ્તનરૂપી પર્વતના શરણમાં ધારણ કરી છે આશા જેને એવા દેશથી દૂર રહેલા પથિકોને પ્રવૃદ્ધ એવી હિમની પીડા પાછા વાંળવા લાગી. ॥૩૦૫॥

શ્લોક :-

नृणां मनांसीव सतां मुखानि, श्रियं दधुः स्नेहमनोहराणि ।
भानोर्महांसीव वपूंषि शश्वद्, घनाम्बराभोगविलासभाञ्जि ॥३०६॥

શ્લોકાર્થ :-

સજ્જનોનાં મનોની જેમ મનુષ્યોના સ્નેહથી મનોહર એવાં મુખ શોભાને ધારણ કરવા લાગ્યા. સૂર્યનાં તેજોની જેમ ઘન એવા અંબરના ભોગવિલાસને ભજતાં એવાં શરીરો નિરંતર શોભાને ધારણ કરવા લાગ્યા. ॥૩૦૬॥

શ્લોક :-

प्रियाकुचाश्लेषधृतोष्मभोगिलोकेष्वलब्धस्वपदप्रचारा ।
वियोगभृद्दुर्गतमानवेषु, पपात हेमन्तपलादधाटी ॥३०७॥

શ્લોકાર્થ :-

વિયોગ ભરાયેલા દુખી માનવો એવા પ્રિયાના સ્તનના આલિંગનથી ધારણ કરેલ છે ઉષ્મા જેમણે એવા ભોગીલોકમાં નહીં પ્રાપ્ત થયેલો છે પદનો પ્રચાર જેણીનો એવી હેમંતઋતુરૂપી રાક્ષસોની ધાડ પડી. ॥૩૦૭॥

શ્લોક :-

ताभ्यां तत्रापि हेमन्ते, भ्रमद्भ्यां भूतलेऽखिले ।
मूलशुद्धिर्न विज्ञाता, रसनायाः कथञ्चन ।।३०८।।

શ્લોકાર્થ :-

અખિલ ભૂતલમાં ભમતા વિમર્શ-પ્રકર્ષ દ્વારા ત્યાં પણ હેમંતમાં રસનાની કોઈ રીતે મૂલશુદ્ધિ જણાઈ નહીં.

છ મહિના સુધી વિમર્શ-પ્રકર્ષ બહારની દુનિયામાં રસનાની મૂલશુદ્ધિ માટે યત્ન કરે છે. કેવલ ઋતુનું જ દર્શન થાય છે પરંતુ રસનાનું કોઈ મૂળ પ્રાપ્ત થતું નથી. **॥૩૦૮॥**

શ્લોક :-

अथान्तरङ्गदेशेषु, प्रविष्टौ तौ शुभाशयौ ।
तत्र राजसचित्ताख्यं, ताभ्यां नगरमीक्षितम् ।।३०९।।

શ્લોકાર્થ :-

હવે તે બંને શુભાશયવાળા અંતરંગ દેશોમાં પ્રવેશ્યા. ત્યાં રાજસચિત્ત નામનું નગર તે બંને દ્વારા જોવાયું. ॥૩૦૯॥

શ્લોક :-

तच्च दीर्घमिवारण्यं, बहुलोकविवर्जितम् ।
निर्नायकं च संप्रेक्ष्य, प्रकर्षो मातुलं जगौ ।।३१०।।

શ્લોકાર્થ :-

અને તે=રાજસચિત્ત નામનું અંતરંગ નગર, અરણ્ય જેવું દીર્ઘ, બહુલોકથી રહિત અને નાયક વગરનું જોઈને પ્રકર્ષે મામાને કહ્યું. ॥૩૧૦॥

શ્લોક :-

अभूत् किमिदमेतादृक्, कथं चेत्थमपि श्रियम् ।
धत्ते ततो विमर्शोऽपि, प्रकर्षं प्रत्यभाषत ।।३११।।

શ્લોકાર્થ :-

આ=રાજસચિત્તનગર, આવા પ્રકારનું કેમ થયું અને આ રીતે પણ=ઘણા લોકોથી રહિત હોવા છતાં પણ, કેમ લક્ષ્મીને=રાજસચિત્તનગર લક્ષ્મીને ધારણ કરે છે. ત્યારપછી વિમર્શ પણ પ્રકર્ષ પ્રત્યે બોલ્યો. ।।૩૧૧।।

શ્લોક :-

निरुपद्रवमेवेदं, नगरं परिभाव्यते ।
निष्क्रान्तराजकं क्वापि, कुतश्चित्तु प्रयोजनात् ।।३१२।।

શ્લોકાર્થ :-

શું બોલ્યો તે બતાવે છે. આ નગર નિરુપદ્રવ જ પરિભાવન કરાય છે. વળી, કોઈક પ્રયોજનથી ક્યાંક નિષ્ક્રાંત રાજાવાળું નગર છે. ।।૩૧૨।।

શ્લોક :-

पुंविशेषप्रभावाच्च, सश्रीकमिदमीक्ष्यते ।
ततो राजकुले गत्वा, दृष्टस्ताभ्यां पुमानसौ ।।३१३।।

શ્લોકાર્થ :-

અને પુરુષવિશેષના પ્રભાવથી=આ નગરમાં વર્તતા કોઈક પુરુષવિશેષના પ્રભાવથી, આ=રાજસચિત્તનગર શોભાવાળું દેખાય છે. ત્યારપછી=પ્રકર્ષને વિમર્શે આ પ્રકારે ઉત્તર આપ્યો ત્યારપછી, તે બંને દ્વારા રાજકુલમાં જઈને આ પુરુષ જોવાયો. ।।૩૧૩।।

શ્લોક :-

अहंकारादिकतिचित्पुरुषैः परिवारितः ।
उदारविक्रमो मिथ्याऽभिमानाख्यो महत्तमः ।।३१४।।

શ્લોકાર્થ :-

અહંકારાદિથી કેટલાક પુરુષોથી પરિવરાયેલો, ઉદાર વિક્રમવાળો, મિથ્યાભિમાન નામનો મહત્તમ આ પુરુષ જોવાયો એમ પૂર્વના શ્લોક સાથે સંબંધ છે. ।।૩૧૪।।

શ્લોક :-

पृष्टस्ताभ्यां ततो लोकविरलीभावकारणम् ।
स प्राहास्य पुरस्यास्ति नायको रागकेसरी ।।३१५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે બંને દ્વારા લોકના વિરલીભાવનું કારણ પુછાયું=મિથ્યાભિમાન નામના પુરુષને પુછાયું. તે=મિથ્યાભિમાન કહે છે. આ પુરનો નાયક રાગકેસરી છે. ।।૩૧૫।।

શ્લોક :-

तत्पिता च महामोहो, जयत्यक्षयशासनः ।
सन्त्यस्यानेके विषयाभिलाषाद्याश्च मन्त्रिणः ।।३१६।।

શ્લોકાર્થ :-

અને તેનો પિતા મહામોહ અક્ષયશાસનવાળો જય પામે છે અને આના=મહામોહના, વિષયાભિલાષ આદિ અનેક મંત્રીઓ છે. ।।૩૧૬।।

શ્લોક :-

सर्वानीकयुजां तेषां, सर्वेषां नगरादितः ।
कालोऽनन्तो ह्यतिक्रान्तो, गतानां दण्डयात्रया ।।३१७।।

શ્લોકાર્થ :-

આ નગરથી=રાજસચિત્તનગરથી, ગયેલા સર્વ સૈનિકથી યુક્ત તે સર્વનો=રાગકેસરી અને મહામોહાદિ સર્વનો, અનંતકાલ દંડયાત્રાથી અતિક્રાંત થયો છે. ।।૩૧૭।।

શ્લોક :-

सरलौ ! तेन नगरमिदं विरलमानवम् ।
विमर्शः प्राह केनामा, तेषां नन्वस्ति विग्रहः ।।३१८।।

શ્લોકાર્થ :-

મિથ્યાભિમાન કહે છે – હે સરલ એવા વિમર્શ પ્રકર્ષ ! તે કારણથી= અનંતકાળથી રાગકેસરી આદિ દંડયાત્રા માટે નીકળેલા છે તે કારણથી, આ નગર વિરલમાનવવાળું છે. વિમર્શ કહે છે. ખરેખર કયા નામવાળો તેઓનો વિગ્રહ છે=શત્રુને જીતવા અર્થે કયા નામવાળો વિગ્રહ છે.

વિમર્શ અને પ્રકર્ષ સરલ સ્વભાવવાળા છે અને રાજસચિત્તનગરમાં આવીને મિથ્યાભિમાનને પૂછે છે આ નગર વિરલ કેમ છે. તેના ઉત્તરરૂપે મિથ્યાભિમાન કહે છે. સંતોષને જીતવા માટે રાગકેસરી વગેરે અનંતકાળથી નગરને છોડીને ગયા છે. તેથી આ નગર વિરલ છે.

વળી જે જીવો સદા મિથ્યાભિમાનવાળા છે ત્યાં મિથ્યાભિમાનથી જ તે નગર સુરક્ષિત છે પણ જે જીવો કંઈક સદાગમને પામીને આત્મહિત સાધવા નીકળ્યા છે તેઓની ચિત્તરૂપી અટવીમાં પ્રમત્તતા નદી છે ત્યાં આ રાગકેસરી આદિનું સૈન્ય આવીને ચારિત્રના સૈન્ય સાથે વિગ્રહ કરવા આવ્યું છે. તેથી વિમર્શ મિથ્યાભિમાન દ્વારા જાણવા પ્રયત્ન કરે છે કે આ વિગ્રહ કયા નામવાળો છે. મિથ્યાભિમાન તેનો ઉત્તર આપતાં કહે છે. **॥૩૧૮॥**

શ્લોક :-

ऊचे मिथ्याभिमानोऽथ, संतोषेण दुरात्मना ।
प्रत्यब्रवीद् विमर्शोऽथ, को हेतुस्तेन विग्रहे ।।३१९।।

શ્લોકાર્થ :-

હવે મિથ્યાભિમાન કહે છે – દુરાત્મા એવા સંતોષની સાથે રાગકેસરીનો વિગ્રહ છે. હવે વિમર્શ ફરી બોલ્યો. તેની સાથે વિગ્રહમાં=સંતોષની સાથે વિગ્રહમાં, કયો હેતુ છે ? ॥૩૧૯॥

શ્લોક :-

परो जगाद विषयाभिलाषः प्राहिणोज्जगत् ।
पञ्च जेतुं निजगृहमानुषाणि स्मयोद्धुरः ।।३२०।।

શ્લોકાર્થ :-

પર=મિથ્યાભિમાન બોલ્યો. સ્મયમાં ઉદ્ધર એવા વિષયાભિલાષે જગતને જીતવા માટે પોતાના ઘરના પાંચ મનુષ્યોને મોકલ્યા. ॥૩૨૦॥

શ્લોક :-

विश्वे वशीकृतप्राये, तैर्जित्वा तानि मानवान् ।
सन्तोषो निर्वृतौ पुर्यां, निनाय कियतोऽपि हि ।।३२१।।

શ્લોકાર્થ :-

તેઓ વડે=તે પાંચ મનુષ્યો વડે, વિશ્વ વશીકૃત પ્રાયઃ હોતે છતે તેઓને જીતીને=પાંચ મનુષ્યોને જીતીને, કેટલાક પણ મનુષ્યોને સંતોષ નિર્વૃતિ પુરીમાં લઈ ગયો. ॥૩૨૧॥

શ્લોક :-

तच्छ्रुत्वा तज्जयायोच्चैर्निर्गतो रागकेसरी ।
तदयं विग्रहे हेतुर्धूमकेतुरिवोत्थितः ।।३२२।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને અત્યંત તેના જય માટે રાગકેસરી નીકળ્યો છે. તેથી આ= સંતોષ, વિગ્રહમાં=યુદ્ધમાં, ધૂમકેતુ જેવો હેતુ ઉત્થિત થયો છે.

જીવમાં રહેલો મિથ્યાભિમાન ભોગને સાર દેખાડે છે. તેથી તેઓને સંતોષ દુરાત્મા દેખાય છે. અને સંતોષને કારણે રાગકેસરીને યુદ્ધમાં કેમ જવું પડ્યું તેનો ઉત્તર આપતાં વિમર્શને મિથ્યાભિમાન કહે છે. જીવમાં વર્તતા વિષયાભિલાષે સ્પર્શન આદિ પાંચ મનુષ્યોને જગત વશ કરવા મોકલેલ છે. અને તેઓથી આખું જગત વશ થયેલું છે. એ પ્રકારનો બોધ મિથ્યાભિમાનને જોવાથી વિમર્શને થાય છે. અને તે પાંચ મનુષ્યોને સંતોષ જીતીને કેટલાક મનુષ્યોને મોક્ષમાં લઈ જાય છે તેથી જે જીવો સંતોષને આશ્રય કરે છે તેઓના ચિત્તમાં પ્રગટ થયેલા સંતોષને જીતવા માટે રાગકેસરી=રાગનાં આપાદક કર્મો, યુદ્ધભૂમિમાં ચઢેલા છે તેથી જેમ ધૂમકેતુ તારો દેખાય ત્યારે જગતમાં મહાઉપદ્રવ થાય છે તેમ જે

જીવોમાં કોઈક નિમિત્તે સંતોષ ગુણ આવે છે ત્યારે તેઓની ચિત્તરૂપી અટવીમાં રાગકેસરીનો હુમલો પણ શરૂ થાય છે. તેથી તેઓના ચિત્તમાં રાગ અને સંતોષ વચ્ચે મોટું યુદ્ધ થાય છે. જેમ પ્રસન્નચંદ્રરાજર્ષિના ચિત્તમાં સંતોષ પ્રગટ્યો ત્યારે નિમિત્તને પામીને પુત્રનો રાગ ઉલ્લસિત થયો. જેથી સંતોષ અને રાગકેસરી વચ્ચે યુદ્ધ શરૂ થયું. **॥૩૨૨॥**

શ્લોક :-

दध्यौ विमर्शो रसनामूलोत्थानं मयेयता ।

लब्धं लप्स्ये च विषयाभिलाषेक्षणतोऽधिकम् ।।३२३।।

શ્લોકાર્થ :-

વિમર્શે વિચાર કર્યો. રસનાનું મૂલઉત્થાન મારા વડે આટલાથી પ્રાપ્ત થયું. અને વિષયાભિલાષના જોવાથી અધિક હું પ્રાપ્ત કરીશ.

વિચક્ષણમાં રહેલ વિમર્શશક્તિ જીવમાં વર્તતા મિથ્યાભિમાનને જોઈને સંતોષને જીતવા માટે રાગકેસરી ગયો છે ઇત્યાદિ નિર્ણય કરે છે ત્યારે વિષયાભિલાષ મંત્રીના પાંચ માનવોનો બોધ થાય છે તેનાથી રસનાનું મૂલઉત્થાન પ્રાપ્ત થયું; કેમ કે મતિજ્ઞાનના ઉપયોગરૂપ રસનાનો પરિણામ પણ વિષયાભિલાષનો જ એક પરિણામવિશેષ છે. વળી, વિમર્શ વિચારે છે કે વિષયાભિલાષના સ્વરૂપનું હું અવલોકન કરીશ તો મને રસનાનો વિશેષ સ્પષ્ટ બોધ થશે. **॥૩૨૩॥**

શ્લોક :-

पुनः प्राह च यद्येवं, तदा कथमवस्थितिः ।

अत्राभूद् भवतो मिथ्याभिमानोऽथाकिरद् गिरः ।।३२४।।

શ્લોકાર્થ :-

અને વળી કહે છે=વિમર્શ કહે છે. જો આ પ્રમાણે છે=યુદ્ધમાં સંતોષ ધૂમકેતુ જેવો છે એ પ્રમાણે છે, તો તારી અવસ્થિતિ=મિથ્યાભિમાનની અવસ્થિતિ, આ નગરમાં કેમ થઈ ? હવે મિથ્યાભિમાન વાણીને બોલ્યો= ઉત્તરરૂપે બોલ્યો. ।।૩૨૪।।

શ્લોક :-

सम्प्रस्थितोऽहमप्यासमग्रानीकान्निवर्त्तितः ।
देवेन परमुक्तं च, नगरं रक्ष्यतां त्वया ।।३२५।।

શ્લોકાર્થ :-

હું પણ=મિથ્યાભિમાન પણ, સંપ્રસ્થિત હતો=સંતોષને જીતવા માટે સંપ્રસ્થિત હતો. દેવ વડે=રાગકેસરી વડે, અગ્રાનીકથી=સૈન્યના અગ્રભાગથી, નિવર્તન કરાયો. અને કેવલ મુકાયેલું=અમારા વડે મુકાયેલું, નગર તારા વડે રક્ષણ કરાવ. એ પ્રમાણે દેવ વડે કહેવાયું. ।।૩૨૫।।

શ્લોક :-

नगरस्य त्वमेवास्य, प्रतिजागरणक्षमः ।
त्वयि स्थिते वयमपि, स्थिताः स्मः परमार्थतः ।।३२६।।

શ્લોકાર્થ :-

આ નગરનું તું જ=મિથ્યાભિમાન જ, પ્રતિજાગરણ કરવા સમર્થ છે. તું સ્થિત હોતે છતે=મિથ્યાભિમાન રાજસચિત્તનગરમાં સ્થિત હોતે છતે, પરમાર્થથી અમે પણ રહેલા છીએ.

વિમર્શ મિથ્યાભિમાન દ્વારા જાણવા યત્ન કરે છે કે મિથ્યાભિમાન રાગકેસરીની સાથે કેમ ગયો નહીં. અહીં કેમ રહ્યો. તેના દ્વારા વિમર્શને બોધ થયો કે જે જીવો અત્યંત મિથ્યાભિમાનવાળા છે ત્યાં પરમાર્થથી રાગાદિ વિદ્યમાન રહે છે અને સંતોષને જીતવા માટે રાગ જાય છે ત્યારે સાક્ષાત્ રાગકેસરી પોતાના સૈન્ય સાથે તે જીવોની ચિત્તરૂપી અટવીમાં સંતોષનો પરાભવ કરવા યત્ન કરે છે ત્યાં ક્વચિત્ મિથ્યાભિમાન પ્રગટ થતો હોવા છતાં મુખ્યરૂપે રાજસચિત્તનગરનું રક્ષણ કરવા તેને સ્થાપન કરેલ છે. **।।૩૨૬।।**

શ્લોક :-

स्थितोऽहमत्र तद्देवादेशादित्यवधारय ।
विमर्शः प्राह सद्वार्ता, काऽपि प्रत्यागता ततः ।।३२७।।

શ્લોકાર્થ :-

અહીં=રાજસચિત્તનગરમાં, તે દેવના આદેશથી=રાગકેસરીના આદેશથી, હું રહ્યો છું એ પ્રમાણે તું અવધારણ કર. વિમર્શ કહે છે. ત્યાંથી=યુદ્ધમાં ગયેલા રાગકેસરીથી, કોઈ વાર્તા=કોઈ સમાચાર આવ્યા છે. ।।૩૨૭।।

શ્લોક :-

प्राह मिथ्याभिमानोऽथ, सद्वार्ता बाढमागता ।
जितप्रायं जगत् सर्वं, देवानीकेन वर्तते ।।३२८।।

શ્લોકાર્થ :-

હવે મિથ્યાભિમાન કહે છે. અત્યંત સદ્વાર્તા આવી છે. દેવના સૈનિકો વડે સર્વ જગત જિતપ્રાયઃ વર્તે છે. ।।૩૨૮।।

શ્લોક :-

ददाति प्रत्यवस्कन्दान्, सन्तोषोऽप्यन्तराऽन्तरा ।
जनं कञ्चिन्नयत्युच्चैर्विलम्बोऽयं भवत्यतः ।।३२९।।

શ્લોકાર્થ :-

સંતોષ પણ વચવચમાં પ્રતિઅવસ્કંદોને=સન્મુખ હુમલાઓને, આપે છે કેટલાક જનને અત્યંત લઈ જાય છે. આથી=સંતોષ કોઈક જીવને મોક્ષમાં લઈ જાય છે આથી, આ વિલંબ=રાગકેસરીનો પાછા આવવામાં વિલંબ થાય છે.

વિચક્ષણની વિમર્શશક્તિ મિથ્યાભિમાનના અવલોકન દ્વારા તત્ત્વને જાણવા યત્ન કરે છે અને તેને જણાય છે કે રાગકેસરીથી સર્વ જગત જિતપ્રાયઃ છે. ફક્ત વચવચમાં કોઈક કોઈક જીવના ચિત્તમાં સંતોષ આવીને રાગને કાઢવા માટે હુમલો કરે છે તેથી રાગકેસરી પોતાના નગરમાં પહોંચવામાં વિલંબ કરે છે તેથી સતત સંતોષના પ્રતિકારમાં પ્રવર્તે છે. આથી જ કોઈક જીવો સન્માર્ગમાં પ્રવૃત્ત થયા છે તેઓના ચિત્તમાં સંતોષ પ્રગટે છે ત્યારે તે સંતોષથી તે જીવમાં

વર્તતા રાગનો પરિણામ હણાય છે. તેથી તે જીવમાં વર્તતો રાગનો પરિણામ સંતોષને દૂર કરવા પ્રયત્ન કરે છે. તેથી કેટલાક જીવોના ચિત્તમાં સંતોષ અને રાગ વચ્ચે દીર્ઘકાળ સુધી યુદ્ધ ચાલે છે. ॥૩૨૯॥

શ્લોક :-

विमर्शो न्यगदद् देव ! क्वाधुना श्रूयते स्थितः ।
ततः कल्पितमाह स्म, परः प्रणिधिशङ्कया ।।३३०।।

શ્લોકાર્થ :-

વિમર્શે કહ્યું. હમણાં દેવ ક્યાં રહેલા સંભળાય છે. તેથી પર= મિથ્યાભિમાન, પ્રણિધિની શંકાથી=જાસુસની શંકાથી, કલ્પિતને કહે છે=દેવ ક્યાં છે તે સ્પષ્ટ ન કહેતાં કલ્પિત એવું દેવનું સ્થાન કહે છે. ॥૩૩૦॥

શ્લોક :-

पुरं तामसचित्ताख्यं, देवो ह्युद्दिश्य निर्गतः ।
अतः कदाचित् तत्रैव, स्थितः स्यादिति बुद्ध्यते ।।३३१।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, તામસચિત્ત નામના નગરને ઉદ્દેશીને દેવ નીકળેલો છે. આંથી કદાચિત્ ત્યાં જ રહેલા હોય એ પ્રમાણે જણાય છે. ॥૩૩૧॥

શ્લોક :-

विमर्शश्च प्रकर्षश्च, तमापृच्छ्य गतौ ततः ।
वीक्षितुं तत्र विषयाभिलाषं मोहसैन्यगम् ।।३३२।।

શ્લોકાર્થ :-

તેથી=મિથ્યાભિમાને રાગકેસરી તામસચિત્ત નગરમાં હશે એમ કહ્યું તેથી, વિમર્શ અને પ્રકર્ષ તેને પૂછીને=મિથ્યાભિમાનને પૂછીને, ત્યાં= તામસચિત્તનગરમાં, મોહના સૈન્યમાં રહેલ વિષયાભિલાષને જોવા માટે ગયા. ॥૩૩૨॥

શ્લોક :-

प्राप्तौ तामसचित्ताख्यं, नगरं गरनिर्मितम् ।
शर्मदं चौरवृन्दानां, साधूनामरतिप्रदम् ।।३३३।।

શ્લોકાર્થ :-

ચોરવૃંદને સુખને દેનારું, સાધુઓને અરતિને દેનારું ગર નામના વિષથી નિર્મિત તામસચિત્ત નામના નગરને તે બંને પ્રાપ્ત થયા.

વિચક્ષણની વિમર્શશક્તિ અને પ્રકર્ષશક્તિ અંતરંગ દુનિયા નિરીક્ષણ કરતાં તામસચિત્તવાળા જીવોના ચિત્તનું અવલોકન કરે છે. જે ચિત્ત કષાયોરૂપી ચોરોને સુખને દેનારું છે; કેમ કે તત્ત્વના વિષયમાં ગાઢ અંધકાર વર્તતો હોવાથી સુખપૂર્વક કષાયોરૂપી ચોરો જીવની અંતરંગ લક્ષ્મીને લૂંટે છે. તેથી તેઓને તેવું ચિત્ત અત્યંત પ્રિય છે. સુસાધુઓ હંમેશાં આત્માના ગુણોના સંચય માટે યત્ન કરનારા હોય છે છતાં ચિત્તમાં ક્યારેક અજ્ઞાનના અંધકારરૂપ તામસભાવ થાય છે ત્યારે તેઓને અરતિ થાય છે. તેથી સાધુઓને અરતિને દેનારું તે ચિત્ત છે. વળી, ગર નામનું વિષ જીવનો ધીમે ધીમે નાશ કરે છે તેમ તામસચિત્ત ગાઢ અંધકારવાળું હોવાથી જીવનો વિનાશ કરનાર છે. માટે ગર નામના વિષથી નિર્માણ થયેલું છે. તેથી એ ફલિત થાય કે સુસાધુઓ તત્ત્વનું ભાવન કરીને શરીર 'અજ્ઞ' છે, હું 'જ્ઞ' છું એમ વિચારી-વિચારીને 'જ્ઞ' સ્વભાવવાળા આત્માના નિરાકુળભાવમાં નિવેશ પામવા યત્ન કરે છે. છતાં ઉપસર્ગો-પરિષહો પ્રાપ્ત થાય છે ત્યારે તેઓને દેહ સાથે કંઈક અભેદબુદ્ધિ થવાથી અતિચારોની પ્રાપ્તિ થાય છે. ભેદજ્ઞાનમાં અંધકાર ફેલાવનાર તે તામસચિત્તનો જ કંઈક અંશ છે અને તે અંશ જોઈને તેઓને અરતિ થાય છે. તેથી સદા તે તામસભાવથી દૂર રહેવા યત્ન કરે છે. **||333||**

શ્લોક :-

सर्वतोऽपि यदन्यायधूमधाराभिरावृतम् ।
पलायन्ते गुणा यस्मान्मिलिता मशका इव ।।३३४।।

શ્લોકાર્થ :-

જે=તામસચિત્ત નગર, અન્યાયરૂપી ધૂમધારાથી ચારે બાજુથી પણ આવૃત છે. જેનાથી મિલિત થયેલા મછરાઓની જેમ ગુણો પલાયન થાય છે.

જીવમાં જ્યારે ગાઢ અંધકાર વર્તે છે ત્યારે જીવ અનુચિત પ્રવૃત્તિ કરનાર બને છે. તેથી અન્યાયરૂપી ધુમાડાઓની ધારાથી તેનું તામસચિત્ત સર્વથી વ્યાપ્ત બને છે. તેથી તે ચિત્તમાંથી ગુણો પલાયન થાય છે. આથી જ આત્મામાં વર્તતા ગુણો કોઈક રીતે પ્રગટ થયા હોય તોપણ તામસચિત્તમાંથી નાશ પામે છે. જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ યોગમાર્ગની સમ્યક્ પ્રવૃત્તિ કરીને ગુણોને પામેલા હતા છતાં દુર્મુખનું વચન સાંભળીને પોતાના મંત્રી પ્રત્યે કોપાયમાન થાય છે ત્યારે તેઓના ચિત્તમાં અનુચિત પ્રવૃત્તિ કરવારૂપ ધૂમની ધારા પ્રવર્તે છે તેથી ધુમાડાને કારણે ભેગા થયેલા મછરાઓ ગૃહમાંથી બહાર જાય છે તેમ તેમના ચિત્તમાંથી સંયમના પરિણામો પલાયન થવા લાગ્યા. આથી જ સાતમી નરકને અનુકૂળ ગાઢ અંધકારવાળું ચિત્ત થયું. **॥૩૩૪॥**

શ્લોક :-

उद्योताभावतो नैति, दिनं यत्र कदाचन ।
विलासं कलयत्युच्चैः, केवलैव महानिशा ।।३३५।।

શ્લોકાર્થ :-

જ્યાં=જે તામસચિત્ત નગરમાં, ઉદ્યોતનો અભાવ હોવાથી ક્યારેય *દિવસ ઊગતો નથી. કેવલ જ મહારાત્રિ અત્યંત વિલાસને કરે છે.*

જેઓના ચિત્તમાં ગાઢ અંધકાર વર્તે છે તેઓને દેહથી ભિન્ન આત્મા છે તેનો લેશ પણ પ્રકાશ ક્યારેય પ્રાપ્ત થતો નથી. સદા મહારાત્રિનો જ વિલાસ વર્તે છે. તેથી દેહથી ભિન્ન આત્માને જોવા માટે તેઓ અત્યંત અસમર્થ વર્તે છે. **॥૩૩૫॥**

શ્લોક :-

भवाभिनन्दिता यत्र, परिखा वलयायिता ।
अनादिकूटसंस्कारो, दुर्गोऽस्ति परदुर्ग्रहः ।।३३६।।

શ્લોકાર્થ :-

જ્યાં=જે તામસચિત્ત નગરમાં, ભવાભિનંદિતારૂપ ગોળાકારને પામેલી પરિખા છે. અનાદિ કૂટ સંસ્કારોરૂપ બીજાથી ગ્રહણ ન થઈ શકે તેવો કિલ્લો છે.

જે જીવોને આત્માનો લેશ પણ બોધ નથી, દેહ સ્વરૂપ જ હું છું તેવો ગાઢ અંધકાર વર્તે છે, તેવા જીવોને ભવના કારણ ભોગો જ સાર દેખાય છે, જે તામસચિત્ત નગરના રક્ષણ અર્થે ચારે બાજુ વીંટળાયેલી ખાઈ છે અને તે ખાઈના આગળમાં અનાદિ કૂટસંસ્કારરૂપ કિલ્લો છે=આત્મામાં અનાદિ કાળથી તત્ત્વને જોવામાં ઉપયોગ ન પ્રવર્તે તેવા કૂટ સંસ્કારો વર્તે છે. જેના કારણે તે તામસચિત્ત નગર ઘેરાયેલું છે. તેથી પર એવો ચારિત્રનો પરિણામ તે કિલ્લાને ઓળંગવા સમર્થ બનતો નથી. આથી જ ભવાભિનંદી જીવોને ક્યારેય પણ પારમાર્થિક જીવના સ્વરૂપની લેશ પણ ગંધ આવતી નથી. **॥૩૩૬॥**

શ્લોક :-

यत्रानध्यवसायोऽधीरधर्मश्चाविवेचनम् ।
अव्रतत्वमनैश्वर्यमित्येषोऽस्ति तमोगणः ।।३३७।।

શ્લોકાર્થ :-

જ્યાં=જે તામસચિત્ત નગરમાં, અનધ્યવસાય, અધીરધર્મ, અવિવેચન, અવ્રતપણું, અનૈશ્વર્ય, એ પ્રકારનો આ અંધકારસમૂહ છે.

પૂર્વમાં તામસચિત્ત નગર કેવું છે તે બતાવ્યું. તે તામસચિત્ત નગર ગાઢ અજ્ઞાની જીવોમાં વર્તે છે તેથી તે જીવોમાં તત્ત્વવિષયક અનધ્યવસાયરૂપ અંધકાર વર્તે છે. વળી, કેટલાક જીવો ધર્મની પ્રવૃત્તિ કરે છે તોપણ અધીર પ્રકૃતિવાળા છે તેથી અધીરધર્મ સ્વરૂપ અંધકાર તેઓમાં વર્તે છે. આથી જ યથાતથા ધર્મની પ્રવૃત્તિ કરીને અજ્ઞાનને કારણે આત્મહિતસાધક ધર્મ મેં કર્યો છે તેવો ભ્રમ ધારણ કરે છે. તે અધીરધર્મરૂપ અંધકારનો સમૂહ છે.

વળી, અવિવેચન અંધકારનો સમૂહ છે. દેહ જડ છે, હું ચેતન છું, ચેતન એવો આત્મા વીતરાગ સ્વભાવવાળો છે. દેહના સંબંધને કારણે સંશ્લેષ પામીને

કષાયો કરે છે. ઇત્યાદિ જીવ અને કર્મનું જેઓ વિવેચન કરતા નથી તે અવિવેચનરૂપ અંધકારનો સમૂહ છે.

વળી, અવ્રતપણું ગુણવૃદ્ધિને અનુકૂળ વ્રતો નહીં ગ્રહણ કરવાનો અધ્યવસાય તે પણ તમોગુણ છે. અનૈશ્વર્ય=અંતરંગ ગુણોના ઐશ્વર્ય રહિત માત્ર કષાયના સંશ્લેષવાળું ચિત્ત અનૈશ્વર્યવાળું છે તે તામસચિત્ત છે. **॥૩૩૭॥**

શ્લોક :-

दवदग्धमिवारण्यं, ताभ्यां तदपि वीक्षितम् ।
भूरिलोकोज्झितं किन्तु, न मुक्तं निजशोभया ।।३३८।।

શ્લોકાર્થ :-

દાવાનળથી બળેલા અરણ્ય જેવું ઘણા લોકોથી રહિત તે પણ=તામસચિત્ત પણ, તે બંને દ્વારા=વિમર્શ અને પ્રકર્ષ દ્વારા, જોવાયું. પરંતુ નિજશોભાથી મુક્ત નહીં.

વિચક્ષણની વિમર્શશક્તિથી અને પ્રકર્ષશક્તિથી તેઓ તામસચિત્ત નગરને જુએ છે. જે ગાઢ અંધકારથી વ્યાપ્ત ચિત્તવાળા જીવો છે તેઓના ચિત્તમાં તેવો તામસભાવ વર્તે છે અને તે તામસભાવ નગરમાંથી રાજા વગેરે અન્યત્ર ગયેલા છે તેથી ઘણા લોકોથી રહિત તે નગર દેખાય છે, જેમ રાજસચિત્ત નગર દેખાયું હતું. વળી, ઘણા લોકોથી રહિત હોવા છતાં તે નગરની શોભા તે રીતે જ વર્તે છે તેથી તે નગર મ્લાનતા વગરનું છે. ***॥૩૩૮॥***

શ્લોક :-

तत् तादृग् विस्मितः प्रेक्ष्य, प्रकर्षः प्राह मातुलम् ।
मूलनेताऽस्ति नो वाऽत्र, नैवास्तीत्यब्रवीच्च सः ।।३३९।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારના તેને=તામસચિત્ત નગરને જોઈને, વિસ્મિત થયેલો પ્રકર્ષ મામાને પૂછે છે. અહીં=તામસચિત્ત નગરમાં, મૂલનેતા છે અથવા નથી ? અને નથી જ=મૂલનેતા નથી જ, એ પ્રમાણે તે=મામા, બોલ્યા. ।।૩૩૯।।

શ્લોક :-

ताभ्याममत्रान्तरे दुष्टः, प्रविविक्षुः पुरं पुरः ।
शोकाख्यः प्रातिपथिको, दैन्याक्रन्दादिसंयुतः ।।३४०।।

શ્લોકાર્થ :-

એટલામાં=વિમર્શે પ્રકર્ષને ઉત્તર આપ્યો એટલામાં, દૈન્ય આક્રંદ આદિથી સંયુક્ત, શોક નામનો પ્રાતિપથિક=વટેમાર્ગુ, નગરમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળો, આગળ તે બંને દ્વારા જોવાયો. ।।૩૪૦।।

શ્લોક :-

ताभ्यां सम्भाषितश्चायं, भद्रास्मिन् कः पुरे नृपः ।
शोकः प्राह पुरस्यास्य, ख्यातो न्वीशो जगत्त्रये ।।३४१।।
रागकेसरिणो भ्राता, महामोहनृपात्मजः ।
भर्ताऽविवेकितायाश्च, नृपोऽसौ महसां निधिः ।।३४२।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા આ=શોક, સંભાષણ કરાયો. હે ભદ્ર ! શોક ! આ નગરમાં કોણ રાજા છે ? શોક કહે છે. આ નગરનો રાજા જગત્ત્રયમાં ખ્યાત છે. રાગકેસરીનો ભાઈ, મહામોહરાજાનો પુત્ર, અવિવેકિતાનો ભર્તા, અને તેજનો નિધિ=ભંડાર, આ રાજા છે. ।।૩૪૧-૩૪૨।।

શ્લોક :-

दृष्टिर्भ्रूभङ्गुरा यस्यां, पतत्यस्य तडिन्निभा ।
दूराद् देवा अपि त्रस्ताः, कुर्वन्त्यस्यै दिशे नमः ।।३४३।।

શ્લોકાર્થ :-

જેમાં=જે દિશામાં, આની=દ્વેષગજેન્દ્રની, વીજળી જેવી ભ્રૂભંગુર દૃષ્ટિ પડે છે. એ દિશાને ત્રાસ પામેલા દેવો પણ દૂરથી નમસ્કાર કરે છે. ।।૩૪૩।।

શ્લોક :-

ज्वलनेऽपि पतन्त्यस्य, प्रतापमसहिष्णवः ।
विशन्त्यपि वने मूर्च्छत्पञ्चाननघनध्वनौ ।।३४४।।

શ્લોકાર્થ :-

આના=દ્વેષગજેન્દ્રના, પ્રતાપને નહીં સહન કરનારા જીવો અગ્નિમાં પણ પડે છે. વધતા સિંહના ઘન ધ્વનિવાળા વનમાં પ્રવેશ પણ કરે છે. ।।૩૪૪।।

શ્લોક :-

विक्रमाक्रान्तभुवनो, भानुजैत्रप्रतापवान् ।
प्रष्टव्यः स्यात् कथं द्वेषगजेन्द्रोऽसौ महाबलः ।।३४५।।

શ્લોકાર્થ :-

પરાક્રમથી આક્રાંત કર્યું છે ભુવન જેણે એવો, સૂર્યને જીતનાર એવા પ્રતાપવાળો, આ મહાબલ દ્વેષગજેન્દ્ર કેવી રીતે પ્રષ્ટવ્ય છે=આ નગરનો રાજા કોણ છે એ કેવી રીતે પૂછવાયોગ્ય છે ?

તામસચિત્ત નગરને વિરલ લોકવાળો જોઈને ત્યાં મૂળ નેતા નથી એ પ્રમાણે વિમર્શને નિર્ણય થયો. એટલામાં તે તામસચિત્ત નગરમાં પ્રવેશ કરવામાં તત્પર થયેલો શોક તેઓએ જોયો=કેટલાક જીવો તામસચિત્તવાળા હતા અને તેઓમાં વર્તતો શોકનો પરિણામ તેઓને દેખાયો. તેથી વિમર્શ અને પ્રકર્ષ તે શોકના બળથી તે નગરનો રાજા કોણ છે તે જાણવા યત્ન કરે છે અને જીવમાં વર્તતા શોકના બળથી તેઓને જણાય છે કે રાગનો ભાઈ દ્વેષ છે અને મહામોહરાજાનો પુત્ર છે અને અવિવેકિતાનો ભર્તા છે તે આ નગરનો રાજા છે. આ પ્રકારનો બોધ શોકના અવલોકનથી વિમર્શ-પ્રકર્ષને થયો. વળી, વિચારતા વિમર્શને શોકના પાસેથી જણાયું કે જ્યાં દ્વેષની દૃષ્ટિ પડે છે તે દિશાથી દેવતાઓ પણ દૂર ભાગે છે. જેમ ચમરેન્દ્રએ ઉત્પાત કર્યો ત્યારે દ્વેષથી જતા એવા તેને જોઈને જ્યોતિષ વગેરે દેવો ભયભીત થઈને દૂર થાય છે. વળી, કેટલાક જીવો દ્વેષને વશ થઈને અગ્નિમાં પડે છે અને ભયંકર વનમાં પણ પ્રવેશ કરે છે તેથી જીવમાં

પ્રગટ થયેલ દ્વેષનો અદ્ભુત પ્રતાપ છે. આવા મહાપરાક્રમવાળો દ્વેષગજેન્દ્ર આ નગરનો રાજા છે તે પ્રકર્ષ-વિમર્શને પૂછવાની જરૂર નથી; કેમ કે સ્વતઃ પ્રસિદ્ધ છે એ પ્રકારે શોકથી તેઓને જણાય છે. **॥૩૪૫॥**

શ્લોક :-

आस्तां देवः परं विश्वं, या मोहयति तत्क्षणात् ।
ख्याताऽविवेकिताऽप्यत्र, सा देवी शक्तिभाजनम् ।।३४६।।

શ્લોકાર્થ :-

દેવ દૂર રહો, પરંતુ જે ખ્યાત એવી અવિવેકિતા પણ અહીં=તામસચિત્ત નગરમાં છે. શક્તિનું ભાજન એવી તે દેવી ક્ષણથી જગતને મોહ પમાડે છે. ।।૩૪૬।।

શ્લોક :-

महामोहस्य निर्देशं, सा नात्येति कदाचन ।
सा महामूढताज्ञायां, वर्तते सर्वदा वधूः ।।३४७।।

શ્લોકાર્થ :-

મહામોહના નિર્દેશને તે ક્યારેય ઉલ્લંઘન કરતી નથી. મહામૂઢતાની આજ્ઞામાં તે અવિવેકિતા વધૂ સદા વર્તે છે.

જીવમાં વર્તતો મહામોહનો પરિણામ અને અવિવેકિતાનો પરિણામ અત્યંત ઘનિષ્ઠ છે તેથી મહામોહના પરિણામને અવિવેકિતા સદા વર્તે છે અને મહામૂઢતાની આજ્ઞાને સદા પાળે છે. **॥૩૪૭॥**

શ્લોક :-

रागकेसरिनिर्देशाद्, दूरे सा नैव तिष्ठति ।
मूढतायाश्च तत्पत्न्याः, प्रीतिं सा वर्धयत्यलम् ।।३४८।।

શ્લોકાર્થ :-

તે=અવિવેકિતા, રાગકેસરીના નિર્દેશથી દૂર રહેતી નથી જ અને તેની પત્ની મૂઢતાની પ્રીતિને તે=અવિવેકિતા, અત્યંત વધારે છે.

મહામોહનો, રાગકેસરીનો, દ્વેષગજેન્દ્રની અવિવેકિતાનો પરસ્પર અત્યંત અનુકૂળ રહેવાનો સ્વભાવ છે તેથી એકબીજા સાથે વિરોધ થતો નથી પરંતુ એકબીજાના પૂરક બને છે. **॥૩૪૮॥**

શ્લોક :-

भर्तुर्द्वेषगजेन्द्रस्य, साऽनुवृत्तिपरायणा ।
इत्थं गुणैर्गता श्लाघां, त्रैलोक्येऽप्यविवेकिता ।।३४९।।

શ્લોકાર્થ :-

તે=અવિવેકિતા, ભર્તુ એવા દ્વેષગજેન્દ્રની અનુવૃત્તિમાં પરાયણ છે. આ રીતે ત્રૈલોક્યમાં પણ ગુણોથી શ્લાઘ્યતાને અવિવેકિતા પામેલી છે.

દ્વેષ સાથે અવિવેકિતાનો ઘનિષ્ઠ સંબંધ છે તેથી જ્યાં જ્યાં દ્વેષ ઉત્પન્ન થાય છે ત્યાં કંઈક અંશથી અવિવેકિતા આવે છે. બાહ્ય પદાર્થ સાથે કંઈક અભેદ બુદ્ધિરૂપ અવિવેકિતા આવે છે. **॥૩૪૯॥**

શ્લોક :-

ख्यातावेतौ न किं ज्ञातौ, त्वया देवीनरेश्वरौ ? ।
विमर्शः प्राह पथिकावावां दूरादिहागतौ ।।३५०।।

શ્લોકાર્થ :-

ખ્યાંત એવાં આ બંને દેવી અને નરેશ્વર કેમ તારા વડે=વિમર્શ વડે, જણાયાં નથી. એ પ્રમાણે શોક કહે છે. વિમર્શ કહે છે. પથિક એવા અમે બંને દૂરથી અહીં=તામસચિત્ત નગરમાં આવ્યા છીએ. ।।૩૫૦।।

શ્લોક :-

दृष्टं पुरं पुरा नेदं, श्रुतौ देवीनृपौ भृशम् ।
किं स्याद् द्वेषगजेन्द्रो वाऽन्यत्र वेति तु पृच्छ्यते ।।३५१।।

શ્લોકાર્થ :-

પૂર્વમાં આ પુર જોવાયું નથી=તામસચિત્ત નગર અમારા વડે જોવાયું નથી. દેવી અને રાજા=અવિવેકિતા અને દ્વેષગજેન્દ્રરાજા અત્યંત પૂર્વમાં

સંભળાયાં છે. દ્વેષગજેન્દ્ર શું થાય=અહીં રાજા થાય કે અન્યત્ર એ વળી પુછાય છે.

વિમર્શ શોકના બળથી આ નગરમાં દ્વેષગજેન્દ્ર છે કે અન્યત્ર છે તે જાણવા યત્ન કરે છે. **॥૩૫૧॥**

શ્લોક :-

शोकः प्राह जगत्येव, वार्ता छन्नेयमस्ति न ।
निर्गतो यन्महामोहः, सन्तोषजयकाम्यया ।।३५२।।

શ્લોકાર્થ :-

શોક કહે છે. આ વાર્તા જગતમાં જ પ્રચ્છન્ન નથી. જે સંતોષના જયની કામનાથી મહામોહ નીકળેલો છે. ॥૩૫૨॥

શ્લોક :-

पार्श्वे द्वेषगजेन्द्रोऽपि, रागकेसरिसंयुतः ।
तस्यास्ति सर्वसैन्यं च, भूयान् कालोऽत्र लङ्घितः ।।३५३।।

શ્લોકાર્થ :-

રાગકેસરીથી સંયુક્ત દ્વેષગજેન્દ્ર પણ તેની બાજુમાં અને સર્વ સૈન્ય તેની બાજુમાં છે. અહીં=સંતોષને જીતવામાં ઘણો કાલ પસાર થયો.

દ્વેષગજેન્દ્ર તામસચિત્તનો રાજા છે એ વાત જગપ્રસિદ્ધ છે; કેમ કે જેઓનું ચિત્ત તામસી છે તેઓના ચિત્તમાં દ્વેષ વર્તે છે છતાં સંતોષને જીતવાની ઇચ્છાથી મહામોહ, દ્વેષ, રાગકેસરી અને સર્વ સૈન્ય ઘણા કાળથી પોતાના નગરને છોડીને ગયેલા છે; કેમ કે જે જીવો સંતોષ દ્વારા મોક્ષમાં જાય છે તેઓની સાથે યુદ્ધ કરવામાં જ સૈન્ય સહિત તેઓ વ્યાપારવાળા છે. પોતાના નગરમાં રહેતા જીવોની ચિંતા તેઓના પદાતિઅધિકારીઓ જ કરે છે. **॥૩૫૩॥**

શ્લોક :-

विमर्शः प्राह यद्येवं, ततस्त्वं किमिहागतः ।
किं साऽविवेकिताऽस्त्यत्र, तत्सुखप्रश्नगोचरः ।।३५४।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. જો આ પ્રમાણે છે=મહામોહાદિ સંતોષને જીતવા માટે ગયા છે એ પ્રમાણે છે, તું=શોક અહીં=તામસચિત્ત નગરમાં, કેમ આવ્યો. શું તે અવિવેકિતા અહીં=તામસચિત્ત નગરમાં, છે ? તેના સુખના પ્રશ્નનો વિષય=અવિવેકિતાના સુખના પ્રશ્નનો વિષય, શું છે ? ॥૩૫૪॥

શ્લોક :-

शोकः प्राह पुरेऽत्राऽस्ति, नाधुना साऽविवेकिता ।
नापि देवस्य पार्श्वे च, तत्राकर्णय कारणम् ।।३५५।।

શ્લોકાર્થ :-

શોક કહે છે. તે અવિવેકિતા હમણાં આ નગરમાં નથી. દેવની પાસે પણ નથી=દ્વેષગજેન્દ્ર પાસે પણ નથી. તેમાં=અવિવેકિતા તામસચિત્ત નગરમાં નથી અને દ્વેષગજેન્દ્ર પાસે નથી તેમાં, કારણ સાંભળ. ॥૩૫૫॥

શ્લોક :-

देवे प्रचलिते दुष्टसन्तोषवधकाम्यया ।
देव्यपि प्रस्थिता सार्धं, भर्तृचित्तानुयायिनी ।।३५६।।

શ્લોકાર્થ :-

દુષ્ટ સંતોષના વધની કામનાથી દેવ=દ્વેષગજેન્દ્ર, પ્રચલિત થયે છતે પતિના ચિત્તને અનુસરનારી દેવી પણ સાથે પ્રસ્થિત થઈ. ॥૩૫૬॥

શ્લોક :-

ततो द्वेषगजेन्द्रेण, प्रोक्ता सा त्वच्छरीरकम् ।
स्कन्धावारक्षमं नास्ति, देवि ! गर्भभरालसम् ।।३५७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી દ્વેષગજેન્દ્ર વડે તે કહેવાઈ. હે દેવી ! અવિવેકિતા ! ગર્ભના ભરાવાથી આળસવાળું તારું શરીર સ્કંધાવારને સમર્થ નથી=યુદ્ધની છાવણીમાં રહેવા સમર્થ નથી. ॥૩૫૭॥

શ્લોક :-

तस्मादत्रैव तिष्ठ त्वं, रणरङ्गे व्रजाम्यहम् ।
तयोक्तं न पुरेऽत्राहं, त्वां विना स्थातुमुत्सहे ।।३५८।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ગર્ભવાળી અવિવેકિતા હતી તે કારણથી, તું=અવિવેકિતા, અહીં જ રહે. હું રણભૂમિમાં જાઉં છું. તેણી વડે કહેવાયું=અવિવેકિતા વડે કહેવાયું. હું આ નગરમાં તારા વગર=પતિ વગર, રહેવા માટે ઉત્સાહિત નથી. ॥૩૫૮॥

શ્લોક :-

प्रत्युक्ता साऽथ देवेन, दृढस्नेहाऽसि यद्यपि ।
तथापि तव नो युक्तं, स्कन्धावारे प्रवर्तनम् ।।३५९।।

શ્લોકાર્થ :-

તે=અવિવેકિતા, કહેવાઈ. જો કે દેવની સાથે=પતિની સાથે, તું દૃઢ સ્નેહવાળી છો. તોપણ તને સ્કંધાવારમાં=યુદ્ધની છાવણીમાં, પ્રવર્તન યુક્ત નથી. ॥૩૫૯॥

શ્લોક :-

किन्तु रौद्रपुरे दुष्टाशयेन परिरक्षिता ।
तिष्ठ चिन्तोज्झिता गत्वा, स हि मे सेवकोत्तमः ।।३६०।।

શ્લોકાર્થ :-

પરંતુ ચિંતાથી રહિત થઈને રૌદ્રપુરમાં દુષ્ટ આશયથી પરિરક્ષિત તું રહે. હિ=જે કારણથી, તે=દુષ્ટઆશય, મારો ઉત્તમ સેવક છે.

દ્વેષ સાથે દુષ્ટઆશય સંકળાયેલો છે તેથી ગર્ભવાળી એવી અવિવેકિતાને રૌદ્રપુર ચિત્તમાં દુષ્ટઆશય પાસે દ્વેષગજેન્દ્ર મોકલે છે. **॥૩૬૦॥**

શ્લોક :-

निर्बन्धं प्रबलं पत्युः, पराकर्तुमथाक्षमा ।
रौद्रचित्तपुरे देवी, तदादेशेन सा गता ।।३६१।।

શ્લોકાર્થ :-

હવે પતિનો પ્રબલ આગ્રહ દૂર કરવા માટે અસમર્થ એવી તે દેવી તેના આદેશથી=પતિના આદેશથી, રૌદ્રચિત્તપુરમાં ગઈ.

જીવમાં વર્તતી અવિવેકિતા કોઈક જીવને આશ્રયીને તે જીવ રૌદ્ર પરિણામવાળો થાય છે ત્યારે તે જીવના રૌદ્રચિત્તમાં અવિવેકિતા વર્તે છે. **॥૩૬૧॥**

શ્લોક :-

कुतोऽपि हेतोर्बाह्येषु, सा पुरेष्वस्ति सांप्रतम् ।
प्राक् तयैकः सुतो जातः, श्रूयतेऽन्योऽपि चाधुना ।।३६२।।
भर्तृसंयोगतो जातो, देवी तेनात्र नास्ति सा ।
ममात्राऽऽगमने यत्तु, कारणं कथयामि तत् ।।३६३।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

કોઈક પણ હેતુથી તે=અવિવેકિતા, હમણાં બાહ્ય નગરોમાં છે= રૌદ્રચિત્તમાં ગયેલી હોવા છતાં હમણાં બાહ્ય નગરોમાં છે. પૂર્વમાં તેણી વડે એક પુત્ર=વૈશ્વાનર નામનો પુત્ર, થયેલો અને હમણાં બીજો પણ સંભળાય છે=શૈલરાજપુત્ર થયો છે એ સંભળાય છે.

અવિવેકિતા સંસારી છદ્મસ્થ જીવોમાં પ્રાયઃ બધામાં વર્તે છે. તોપણ પ્રધાનરૂપે અનુસુંદર ચક્રવર્તીના જીવનું વર્ણન ચાલે છે અને તે વર્તમાનમાં રિપુદારણના ભવમાં છે અને રિપુદારણના જન્મની સાથે તેની ધાત્રી અવિવેકિતા થયેલી છે. તેથી રિપુદારણનું પાલન જેમ અન્ય બાહ્ય ધાત્રી કરે છે તેમ અવિવેકિતા કરે છે. અને તેનો પુત્ર શૈલરાજ થયો છે જે સિદ્ધાર્થનગરમાં રિપુદારણ જન્મ્યો છે ત્યાં જ તે વર્તે છે. અને શૈલરાજ અને રિપુદારણને પરસ્પર અત્યંત મૈત્રી થઈ છે તે બતાવવા અર્થે બાહ્ય નગરમાં અવિવેકિતા છે અને તેનો બીજો પુત્ર થયો છે તેમ કહેલ છે.

ભર્તૃના સંયોગથી પુત્ર થયો છે=અવિવેકિતાને દ્વેષગજેન્દ્રના સંબંધથી શૈલરાજ નામનો પુત્ર થયો છે. તે કારણથી તે દેવી અહીં=તામસચિત્ત નગરમાં, નથી. વળી, જે અહીં=તામસચિત્ત નગરમાં, મારા આગમનમાં કારણ છે તે કહું છું. ॥૩૬૨-૩૬૩॥

શ્લોક :-

प्रतिष्ठमान एवेदं, मतिमोहं प्रभुर्जगौ ।
न त्वयेदं पुरं त्याज्यं, त्वमेतद्रक्षणक्षमः ॥३६४॥

શ્લોકાર્થ :-

મતિમોહને પ્રભુએ કહ્યું. આને=આ નગરને જ, પ્રતિષ્ઠમાન તું રહે. તારા વડે આ નગર=તામસચિત્ત નગર, ત્યાજ્ય નથી. તું આના રક્ષણમાં સમર્થ છે=આ નગરના રક્ષણમાં સમર્થ છે.

જે જીવોમાં તત્ત્વને જોવામાં ગાઢ અંધકાર વર્તે છે તે જીવોમાં મતિમોહ છે અને તેઓના ચિત્તમાં વર્તતું મતિમોહ જ તે તામસચિત્ત નગરનું રક્ષણ કરે છે તેથી દ્વેષગજેન્દ્રએ મતિમોહને તે નગરમાં સ્થાપન કરેલ છે. **॥૩૬૪॥**

શ્લોક :-

स देवाज्ञां समासाद्य, स्थितोऽत्रैव पुरे ततः ।
आगतोऽहं चिरात् तस्य, मित्रस्यात्र दिदृक्षया ॥३६५॥

શ્લોકાર્થ :-

તેથી દેવજ્ઞાને પામીને તે=મતિમોહ આ નગરમાં જ રહેલો છે. તે મિત્રને જોવાની ઈચ્છાથી આ નગરમાં ચિરકાળથી હું આવેલો છું.

શોક પણ દ્વેષગજેન્દ્ર સાથે યુદ્ધભૂમિમાં ગયેલ છે છતાં તેનો મિત્ર મતિમોહ છે. તેથી નિમિત્તને પામીને યુદ્ધભૂમિમાંથી નીકળીને જે જીવોમાં મતિમોહ વર્તે છે તેવા તામસચિત્તવાળા જીવોમાં કોઈક રીતે શોક મતિમોહને મળવા આવે છે. તેથી શોક પાસેથી વિમર્શ સર્વ માહિતી મેળવે છે. **॥૩૬૫॥**

શ્લોક :-

दीर्घाटव्यां स्थितं मुक्तं, मया देवस्य साधनम् ।
एतदुक्त्वा गतः शोको, नगरे स्वार्थसिद्धये ।।३६६।।

શ્લોકાર્થ :-

દીર્ઘ અટવીમાં દેવનું સાધન=સૈન્ય, રહેલું મારા વડે મુકાયું=શોક વડે મુકાયું, એ પ્રમાણે કહીને શોક સ્વાર્થસિદ્ધિ માટે તામસચિત્ત નગરમાં ગયો. ।।૩૬૬।।

શ્લોક :-

विमर्शेन ततः प्रोक्तं, प्रकर्षं प्रति भद्र ! या ।
अटवी साधनाधारा दीर्घा शोकेन दर्शिता ।।३६७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિમર્શ વડે પ્રકર્ષ પ્રત્યે કહેવાયું. હે ભદ્ર ! જે દીર્ઘ અટવી સાધનની આધાર=સેનાની આધાર, શોક વડે બતાવાઈ. ।।૩૬૭।।

શ્લોક :-

द्रष्टव्यस्तत्र गत्वैव, रागकेसरिमन्त्रिराट् ।
प्रकर्षः प्राह वचनं, प्रमाणं मातुलस्य मे ।।३६८।।

શ્લોકાર્થ :-

ત્યાં જઈને જ રાગકેસરીનો મંત્રીરાજ જોવાયોગ્ય છે=વિષયાભિલાષ જોવાયોગ્ય છે. પ્રકર્ષ કહે છે. મામાનું વચન મને પ્રમાણ છે. ।।૩૬૮।।

શ્લોક :-

ततो मोदानिलोद्वेगौ, गतौ स्वस्रीयमातुलौ ।
भागे च मध्यमे प्राप्तौ, महाटव्या महोद्यमौ ।।३६९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મુદથી=હર્ષથી, અનિલ વેગવાળા, મહાઉધમવાળા મામા-

ભાણેજ ગયા. અને મહાટવીના=ચિત્તરૂપી મહાટવીના, મધ્યભાગમાં પ્રાપ્ત થયા.

જ્યાં યુદ્ધ ચાલે છે તે મહાટવીમાં વિષયાભિલાષ મંત્રી છે શોક પાસેથી તેવા સમાચાર મળવાથી વિમર્શ અને પ્રકર્ષ હર્ષવાળા થાય છે. અને વિચક્ષણની વિમર્શશક્તિ અને બુદ્ધિનો પ્રકર્ષ જે જીવોમાં સંતોષ પ્રગટ થઈ રહ્યો છે તે સ્થાનમાં મોહના હુમલાને કરવા માટે આવેલા રાગ-દ્વેષ-મોહ વગેરે છે તેના અવલોકન માટે પ્રવર્તે છે. ત્યારે તે મહાત્માઓના ચિત્તરૂપી અટવીમાં વર્તતા વિષાયભિલાષને જોવા માટે વિચક્ષણની વિમર્શશક્તિ પ્રવર્તે છે. **॥૩૬૯॥**

શ્લોક :-

महामोहनृपं तत्र, रागकेसरिणा युतम् ।
वृतं द्वेषगजेन्द्रेण, चतुरङ्गबलोल्बणम् ।।३७०।।
आवासितं महानद्याः, पुलिने परिणाहिनि ।
महामण्डपविभ्राजद्वेदिकायां विलासिनम् ।।३७१।।
वेष्टितं भटकोटीभिर्महासिंहासनस्थितम् ।
पश्यतः स्म गतौ नातिदूरं तौ विस्मितेक्षणौ ।।३७२।।

।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

ત્યાં=ચિત્તરૂપી અટવીમાં, રાગકેસરીથી યુક્ત, દ્વેષગજેન્દ્રથી આવૃત, ચતુરંગબલથી ઉલ્બણ=તેજસ્વી, મહાનદીના વિસ્તારવાળા પુલિનમાં રહેલ, મહામંડપથી શોભતી વેદિકામાં વિલાસ કરતા, કરોડો સૈન્યોથી વીંટળાયેલા, મહાસિંહાસનમાં રહેલ અતિદૂર નહીં એવા મહામોહરાજાને ગયેલા, વિસ્મિત ચક્ષુવાળા એવા તે બંનેએ જોયા.

વિચક્ષણની વિમર્શશક્તિ જે જીવોની ચિત્તવૃત્તિમાં કંઈક પ્રમાદ વર્તે છે અને જેઓ સંતોષને અભિમુખ થયેલા છે તેવા જીવોના ચિત્તમાં પ્રમત્તતા નદી પાસે રાગકેસરી આદિ સર્વ સેનાથી સહિત મહામોહરાજાને જુએ છે. તેથી એ ફલિત થાય કે જે સાધુઓ અને જે શ્રાવકો સતત સ્વભૂમિકાનુસાર ગુણસ્થાનકની

વૃદ્ધિને અનુકૂળ ક્રિયા કરી રહ્યા છે તેવા જીવો પણ ઉપસર્ગ-પરિષહ આદિને પામીને કંઈક પ્રમાદવાળા થાય છે જેથી અતિચારની પ્રાપ્તિ થાય છે તેઓના ચિત્તમાં પ્રમત્તતા નદી વહે છે અને અન્ય બાજુ ચારિત્રનું સૈન્ય પણ વિદ્યમાન છે. સંતોષ સેનાની વિદ્યમાન છે. તેથી તે મહાત્માઓ ચિત્તને શાંત-શાંતતર કરીને નિર્વિકારી થઈ રહ્યા છે છતાં નિમિત્તોને પામીને સ્વઉચિત પ્રવૃત્તિમાં સ્ખલના પણ પામે છે, ત્યાં પ્રમત્તતા નદી વર્તે છે તે સ્થાનમાં મહામોહનું સૈન્ય સ્થાન જમાવીને બેઠું છે. એ પ્રકારે વિમર્શ-પ્રકર્ષને દેખાય છે. **॥૩૭૦થી ૩૭૨॥**

શ્લોક :-

पप्रच्छाथ प्रकर्षः का, मातुलेयं महाटवी ।
केयं महानदी दीर्घा, किमिदं पुलिनं पृथु ।।३७३।।
मण्डपश्च महान् कोऽयमेषा का वरवेदिका ।
सिंहासनं किमेतच्च, ममेदं कीर्तयाखिलम् ।।३७४।।

શ્લોકાર્થ :-

હવે પ્રકર્ષે પૂછ્યું. હે મામા ! આ મહાટવી કઈ છે ? આ દીર્ઘ મહાનદી કઈ છે ? આ વિસ્તારવાળું પુલિન શું છે ? આ મહાન મંડપ શું છે ? આ વરવેદિકા શું છે ? આ સિંહાસન શું છે ? અખિલ આ મને કહો. ॥૩૭૩-૩૭૪॥

શ્લોક :-

महामोहनरेन्द्रोऽयं, स्थिताश्चात्र नृपा इमे ।
वर्णनीयाः स्वरूपेण, कौतुकं महदत्र मे ।।३७५।।

શ્લોકાર્થ :-

આ મહામોહનરેન્દ્ર અને અહીં રહેલા રાજાઓ સ્વરૂપથી વર્ણનીય છે. અહીં=આ સર્વના વિષયમાં, મને મોટું કૌતુક છે. ॥૩૭૫॥

શ્લોક :-

विमर्शोऽथ समालोच्य, महाटव्यादि निश्चलम् ।
प्रविश्य ध्यानमाधाय, समाधिमिदमभ्यधात् ।।३७६।।

શ્લોકાર્થ :-

હવે વિમર્શે સમાલોચન કરીને, મહાટવી આદિમાં નિશ્ચલ પ્રવેશ કરીને, ધ્યાનનું આધાન કરીને આ સમાધિને કહી=આ સમાધાનને કર્યું.

વિમર્શે પ્રથમ તે મહામોહાદિ રાજાઓ, તે મંડપ વગેરેનું સમાલોચન કર્યું. ત્યારપછી ચિત્તરૂપી મહાટવી જ્યાં ચારિત્રના સૈન્ય સાથે લડવા માટે મહામોહાદિ આવ્યા છે એમાં સ્થિરતાપૂર્વક પ્રવેશ કરે છે જ્યાં મહામોહ સામે યુદ્ધ કરનારા અને સંતોષનો આશ્રય કરનારા તે ઋષિઓની ચિત્તરૂપી અટવીનું સૂક્ષ્મ અવલોકન કરવા યત્ન કરે છે. ત્યારપછી એકાગ્રતાપૂર્વક તેનું અવલોકન કરે છે. જેનાથી તે સર્વનું પારમાર્થિક સ્વરૂપનું અવલોકન કરીને પ્રકર્ષને સમાધાન કરે છે. **॥૩૭૬॥**

શ્લોક :-

प्रकर्ष ! जानीहि महाटवीयमाश्चर्यभूमिर्ननु चित्तवृत्तिः ।
वर्षैरनन्तैरपि पारमस्या, न गाहितुं कोऽपि जनः प्रभुः स्यात् ।।३७७।।

શ્લોકાર્થ :-

હે પ્રકર્ષ ! ખરેખર મહાઆશ્ચર્યની ભૂમિ એવી આ ચિત્તવૃત્તિ મહાટવી છે એમ તું જાણ. આના પારને ગ્રહણ કરવા માટે અનંતાં વર્ષોથી કોઈ પણ જન સમર્થ ન થાય.

સંસારી જીવોની મતિજ્ઞાન રૂપ જે ચિત્તવૃત્તિ છે તે અનેક પ્રકારની ગુણસમૃદ્ધિને પ્રગટ કરી શકે તેવી આશ્ચર્યની ભૂમિ છે અને અનેક પ્રકારના ક્લેશો કરીને ક્લિષ્ટ કર્મબંધ કરાવી શકે તેવી આશ્ચર્યભૂમિ છે અને મહાટવીમાં ગયેલો મનુષ્ય મુંઝાઈ જાય તેમ ચિત્તવૃત્તિરૂપી અટવીમાં સંસારી જીવો મુંઝાય છે અને ચિત્તવૃત્તિમાં વર્તતા ક્લેશના અને ગુણોના સંખ્યાતીત પરિણામો છે તેથી અનંત વર્ષોથી પણ તે સર્વના પારને ગ્રહણ કરવા માટે કોઈ સમર્થ નથી. **॥૩૭૭॥**

શ્લોક :-

इयं महानर्थपरम्पराणामुत्पत्तिहेतुश्च शुभावलीनाम् ।
समानतां वारिनिधेर्बिभर्ति, पीयूषमुत्पादयतो विषं च ।।३७८।।

શ્લોકાર્થ :-

આ=ચિત્તરૂપી અટવી, મહાઅનર્થની પરંપરાઓની અને શુભની હારમાળાની ઉત્પત્તિનો હેતુ છે. અમૃતને અને વિષને ઉત્પાદન કરતા એવા સમુદ્રની સમાનતાને ધારણ કરે છે=આ ચિત્તરૂપી અટવી ધારણ કરે છે.

સમુદ્ર અમૃતને પણ ઉત્પન્ન કરે છે અને વિષને પણ ઉત્પન્ન કરે છે તેમ સંસારી જીવોની મતિજ્ઞાનરૂપ ચિત્તઅટવી કષાયોના કાલુષ્ય દ્વારા મહા અનર્થોની પરંપરા કરે છે. અને ક્ષમાદિ ભાવોમાં યત્ન કરવા દ્વારા શુભની હારમાળાને ઉત્પન્ન કરે છે. **II૩૭૮II**

શ્લોક :-

विषद्रुमैरत्र परिस्फुटोच्चफलैर्विलुभ्यन्ति जडा हताशाः ।
छन्नैरिहैव त्रिदशद्रुमैश्च, कुर्वन्ति शान्ता मुनयः स्ववृत्तिम् ।।३७९।।

શ્લોકાર્થ :-

અહીં=ચિત્તરૂપી અટવીમાં, પરિસ્ફુટ અત્યંત ફળવાળાં વિષવૃક્ષો વડે હતાશાવાળા જડજીવો પ્રલોભન પામે છે. અને અહીં જ=ચિત્તરૂપી અટવીમાં, ઢંકાયેલાં કલ્પવૃક્ષો વડે શાંત એવા મુનિઓ સ્વવૃત્તિને કરે છે.

ચિત્તરૂપી અટવીમાં કષાયોનો કોલાહલ જે સ્પષ્ટ ફળવાળો છે, તેવા ફળવાળાં ઇન્દ્રિયોના વિષયરૂપી વિષવૃક્ષોથી હણાયેલી આશાવાળા જડજીવો લોભાયમાન થાય છે. જે ભોગવીને દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, આ ચિત્તરૂપી અટવીમાં જ કર્મથી દબાયેલા હોવાથી છન્ન એવા કલ્પવૃક્ષ જેવા ઉત્તમ ગુણોથી ઉપશાંત કષાયવાળા મુનિઓ પોતાની આજીવિકાને કરે છે. આથી જ અપ્રમાદપૂર્વક સમિતિ-ગુપ્તિમાં યત્ન કરીને ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ કરે છે જેના ફળરૂપે સદ્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે. **II૩૭૯II**

શ્લોક :-

द्रुमैर्विजातीयफलैरपीह, स्वभावनाधूपविशेषयोगात् ।
फलं यदन्यत् प्रवितीर्यतेऽस्याः, स कोऽप्यचिन्त्यो विषयानुभावः ।।३८०।।

શ્લોકાર્થ :-

અહીં=ચિત્તરૂપી અટવીમાં, સ્વભાવનારૂપ ધૂપવિશેષના યોગથી વિજાતીય ફળવાળાં પણ વૃક્ષો વડે જે અન્ય ફળ વિતીર્ણ કરાય છે, તે કોઈપણ અચિંત્ય આનો=ચિત્તરૂપી અટવીનો, વિષયાનુભાવ છે.

જે જીવોની ચિત્તવૃત્તિમાં કષાયોનો કોલાહલ વર્તે છે છતાં સંસારના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરીને તેઓ પોતાની ભાવનારૂપ ધૂપવિશેષને કરે છે=અનિત્યાદિ મૈત્રી આદિ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત કરે છે તેઓના કષાયોરૂપી વૃક્ષો દુર્ગતિઓનાં ફળ કરતાં અન્ય એવાં સુગતિનાં ફળને આપે છે. તે અચિંત્ય વિષયાનુભાવ છે=ચિત્તવૃત્તિનો વિષય કષાયોને બદલે પ્રશસ્ત ભાવનાઓથી ભાવિત થવાને કારણે ગુણો રાગનો વિષય બને છે અને દોષો દ્વેષનો વિષય બને છે. તેનું કાર્ય સદ્ગતિની પરંપરા છે. **॥૩૮૦॥**

શ્લોક :-

इह स्थिता ग्रामपुराकरादिभुवोऽन्तरङ्गस्य जनव्रजस्य ।
बाह्योऽपि देशः प्रविवक्षितोऽस्या, भेदं घटाकाशवदेति नैव ।।३८१।।

શ્લોકાર્થ :-

અહીં=ચિત્તરૂપી અટવીમાં, અંતરંગ લોકોના સમૂહનાં ગ્રામ, નગર, આકરાદિ ભૂમિઓ રહેલી છે. પ્રવિવક્ષા કરાયેલો આનો=ચિત્તવૃત્તિનો, બાહ્ય પણ દેશ ઘટાકાશની જેમ ભેદને પામતો નથી જ.

વિમર્શ પ્રકર્ષને કહે છે ચિત્તરૂપી અટવીમાં જે અંતરંગ લોકો છે તેઓનાં જ અંતરંગ ચિત્તસૌંદર્ય આદિ ગામો, નગરો, આકરો આદિ ભૂમિઓ છે પરંતુ ચિત્તવૃત્તિને છોડીને અંતરંગ લોકોનાં નગરો બહાર નથી. ફક્ત વિવક્ષા કરીને ઉપમિતિમાં આના બાહ્ય દેશો કહેવાયા છે, તોપણ જેમ આકાશથી ઘટાકાશ ભેદને પામતું નથી તેમ તે અંતરંગ ગામ, નગરો ચિત્તવૃત્તિથી ભેદને પ્રાપ્ત કરીને બહાર પ્રાપ્ત થતાં નથી. **॥૩૮૧॥**

શ્લોક :-

इमां विना चित्रनिजानुभावां, बाह्यस्य देशस्य न लक्ष्यते श्रीः ।
विना हि तेजो दहनस्य रूपं, भस्मावशेषं प्रतिभाति पुंसाम् ।।३८२।।

શ્લોકાર્થ :-

ચિત્રનિજઅનુભાવવાળા એવા આના વગર=ચિત્તમાં અનેક પ્રકારના સંશ્લેષરૂપ પોતાના પરિણામવાળી ચિત્તરૂપી અટવી વગર, બાહ્ય દેશની લક્ષ્મી જણાતી નથી. हि=જે કારણથી, તેજ વગર=અગ્નિ વગર, બળતણનું રૂપ પુરુષને ભસ્મ અવશેષને પ્રતિભાસે છે.

જે જીવોના ચિત્તમાં બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ નથી તેઓને બાહ્ય રાજ્ય આદિવાળી પ્રાપ્તિની લક્ષ્મી આ મારી કલ્યાણની પરંપરા છે એમ જણાતી નથી. જેમ અગ્નિ ન હોય તો બળતણનું રૂપ પુરુષને ભસ્મ જેવું જણાય છે જેમ ગુણસાગરકુમારને લગ્ન કરતી વખતે સ્ત્રીઓનો વૈભવ વગેરે ભસ્મ અવશેષ જેવો ભાષે છે; કેમ કે ચિત્ત વીતરાગગામી હતું. **॥૩૮૨॥**

શ્લોક :-

शक्त्युज्झितानां दुरतिक्रमत्वान्महाटवीति प्रथितेयमत्र ।
वैराग्यशुद्धोद्यमशक्तिभाजां, पदं मुनीनां पुनरेकमेव ।।३८३।।

શ્લોકાર્થ :-

શક્તિથી રહિત એવા જીવોને દૂર અતિક્રમપણું હોવાથી=ચિત્તરૂપી અટવીને ઓળંગવામાં અને મોહને નાશ કરવામાં સત્ત્વહીન જીવોને ચિત્તરૂપી અટવી ઓળંગવી દુષ્કર હોવાથી, મહાટવી એ પ્રમાણે આ=ચિત્તવૃત્તિ અટવી, ઘોષણા કરાઈ. અહીં=ચિત્તવૃત્તિમાં, વૈરાગ્યથી શુદ્ધ ઉદ્યમની શક્તિવાળા મુનિઓને વળી એક જ પદ છે=ચિત્તવૃત્તિ અટવીને ઓળંગવા માટે એક જ પગલું છે.

જે જીવો મોહને અત્યંત પરવશ છે તેઓને ચિત્તવૃત્તિ અટવીનું ઉલ્લંઘન દુષ્કર છે માટે તેને મહાટવી કહેવામાં આવે છે; કેમ કે તે અટવીમાં પડેલા જીવો કોઈ રીતે સંસારના પરિભ્રમણથી બહાર નીકળી શકતા નથી. પરંતુ ભવસ્વરૂપનું યથાર્થ જ્ઞાન જેને થયું છે તેવા શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ ઉદ્યમ શક્તિવાળા મુનિઓને તે અટવી ઉલ્લંઘન કરવી તે એક જ પગલા જેટલી છે. આથી જ પ્રસન્નચંદ્ર રાજર્ષિ ક્ષણભરમાં કેવલજ્ઞાનને પામ્યા. **॥૩૮૩॥**

શ્લોક :-

विकल्पमालास्खलितस्य चेयमास्कन्दनस्थानमनन्यतुल्यम्।
बलद्वयस्यापि पृथग्निवेशा, लसन्ति योग्या इह सन्निवेशाः ।।३८४।।

શ્લોકાર્થ :-

વિકલ્પની માળાઓથી કલિત જીવોની આ=ચિત્તરૂપી અટવી, અસાધારણ યુદ્ધનું સ્થાન છે. અહીં=ચિત્તરૂપી અટવીમાં, બંને સૈન્યોના પણ=મોહરાજાના અને ચારિત્ર રાજા રૂપ બંને સૈન્યના પણ, પૃથક્ નિવેશવાળા યોગ્ય સન્નિવેશો વિલાસ પામે છે.

જે જીવોમાં મોહના વિકલ્પો અને મહાવ્રતોના વિકલ્પો વર્તે છે, તેવા જીવોની ચિત્તવૃત્તિ અસાધારણ મોહરાજા અને ચારિત્ર રાજા વચ્ચે અસાધારણ યુદ્ધનું સ્થાન બને છે અને તેઓની ચિત્તવૃત્તિમાં પ્રમત્તતા નદી પાસે મોહરાજાનો સન્નિવેશ છે અને અપ્રમત્ત પરિણામવાળા મુનિના ચિત્તમાં ચારિત્રના સૈન્યનો સન્નિવેશ છે. તેથી જ્યારે તે સાધુઓ પ્રમાદમાં પડે છે ત્યારે સંતોષને જીતવા માટે મોહનું સૈન્ય હુમલો કરે છે અને જ્યારે તે સાધુ અપ્રમત્તભાવમાં વર્તે છે ત્યારે ચિત્તસમાધાનમંડપમાં રહેલ ચારિત્રનું સૈન્ય મોહને દૂર કરવા પ્રવર્તે છે ત્યારે તેવા મહાત્માઓનું ચિત્ત યુદ્ધની ભૂમિ બને છે. **॥૩૮૪॥**

શ્લોક :-

इमां च विस्तारवतीं प्रतीहि, प्रमत्ततां नाम नदीं प्रदीर्घाम् ।
समुत्थितां द्वेषगजेन्द्ररागपञ्चास्यसम्राट्पुरगारवाद्रेः ।।३८५।।

શ્લોકાર્થ :-

અને વિસ્તારવાળી, પ્રદીર્ઘ દ્વેષગજેન્દ્ર, રાગકેસરી રાજાના નગરના ગારવ નામના પર્વતથી ઉત્પન્ન થયેલી પ્રમત્તતા નામવાળી આ નદીને તું જાણ.

સંસારી જીવોના ચિત્તમાં જે રાગ-દ્વેષની પરિણતિ છે તેનું ઉત્પત્તિસ્થાન એવું રાજસચિત્ત-તામસચિત્તનગર છે તેની પાસે રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવરૂપ પર્વત છે તેમાંથી પ્રમત્તતા નામનો પરિણામ પ્રગટ થાય છે. વળી, વિસ્તાર પામતાં પામતાં તે પ્રમત્તતા નામનો પરિણામ પ્રમત્ત મુનિઓ સુધી આવે છે. **॥૩૮૫॥**

શ્લોક :–

विगाह्य चेमामटवीं प्रविष्टामनल्पसंकल्पमहाप्रवाहाम् ।
महारयोत्खातगुणद्रुमौघां, पतन्मदावर्तविवर्त्तगर्त्ताम् ।।३८६।।

શ્લોકાર્થ :–

અને આ અટવીનું વિગાહન કરીને પ્રવેશ પામેલી પ્રમત્તતા નદી તું જાણ એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. વળી, તે પ્રમત્તતા નદી કેવી છે ? એથી કહે છે – અનલ્પ સંકલ્પના મહાપ્રવાહવાળી, મહાવેગથી ઉખેડી નાંખ્યા છે ગુણરૂપી વૃક્ષોના સમૂહ જેણે એવી છે. પડતા મદરૂપી આવર્તોના વિવર્તોની ગર્તાવાળી છે.

ચિત્તરૂપી અટવીને અવગાહન કરીને પ્રમત્તતા નદી ચિત્તમાં પ્રવેશ પામેલી છે અને તે પ્રમત્તતાની પરિણતિમાં અનેક પ્રકારના ઇષ્ટ-અનિષ્ટના સંકલ્પરૂપ અનેક મહાપ્રવાહો વર્તે છે. વળી, તે પ્રમત્તતાનો પરિણામ જીવમાં વર્તતા ગુણોરૂપી વૃક્ષને ઉખેડી નાંખે છે. જેમ તોફાને ચઢેલી નદી કાંઠા ઉપર રહેલાં વૃક્ષોને ઉખેડે છે. વળી, ગંગા આદિ મોટી નદીઓના મોટા આવર્તો વર્તે છે તેમ પ્રમત્ત બનેલા જીવોના ચિત્તમાં ધનનો મદ, રૂપનો મદ, તપનો મદ આદિ આવર્તોની ગર્તાઓ વર્તે છે=ઊંડા ખાડાઓ વર્તે છે. **॥૩૮૬॥**

શ્લોક :–

दोषैर्विरूपां च परापवादजलोपनीतैस्तृणकाष्ठपुञ्जैः ।
कृताद्भुतां भूरिनिजप्रशंसाक्षणप्रसर्पद्गुणबुद्बुदौघैः ।।३८७।।

શ્લોકાર્થ :–

અને પરના અપવાદના જલથી ઉપનીત તૃણ-કાષ્ઠના પુંજોરૂપ દોષોથી વિરૂપ એવી પ્રમત્તતા નામની નદી તું જાણ એમ અન્વય છે. ઘણી પોતાની પ્રશંસાના ક્ષણથી પ્રસર્પણ પામતા ગુણના બુદ્બુદના સમૂહોથી કરાયેલી અદ્ભુત એવી પ્રમત્તતા નદીને તું જાણ. એમ અન્વય છે.

જેમ નદીમાં તૃણ-કાષ્ઠ વગેરે તણાઈને આવતાં હોય ત્યારે તે નદી વિરૂપ જણાય છે તેમ જીવમાં વર્તતી પ્રમત્તતા નદી પણ બીજાના નિંદારૂપી જલથી

લવાયેલા તૃણના કાષ્ઠ જેવા દોષોથી વિરૂપ જણાય છે. વળી, નદીમાં પાણીઓના બુદ્બુદો થતા હોય છે તેમ પ્રમત્ત જીવો પોતાની પ્રશંસા કરીને પોતાના તપ-ત્યાગાદિના બુદ્બુદો કરીને કરાયેલા અદ્ભુત સ્વરૂપવાળી પ્રમત્તતા નદી બને છે. **II૩૮૭II**

શ્લોક :-

अभङ्गनिद्रातटसन्निवेशां, क्लेशादिभिः सत्त्वगणैश्च पूर्णाम् ।
तटान्तभूयोविकथाप्रचारस्थलीभविष्णुस्फुटवालुकौघाम् ।।३८८।।

શ્લોકાર્થ :-

અભંગ નિદ્રાના તટના સન્નિવેશવાળી, અને ક્લેશાદિ જીવોના સમૂહથી પૂર્ણ પ્રમત્તતા નદી છે એમ અન્વય છે. તટના અંતમાં ઘણી વિકથાના પ્રચારના સ્થલવાળી થવાના સ્વભાવવાળી સ્પષ્ટ વાલુકાના સમૂહવાળી છે.

તે નદીનો તટ અભંગ નિદ્રાના પરિણતિવાળો છે તેથી જ સંસારી જીવો તત્ત્વના વિષયમાં સદા નિદ્રાલુ રહે છે. ક્વચિત્ બાહ્યથી જાગતા હોય તોપણ તત્ત્વના વિષયમાં લેશ પણ ચેતના પ્રગટ થતી નથી. વળી, નદીમાં મત્સ્યાદિ અનેક જીવો હોય છે તેમ પ્રમત્તતા નદીમાં ક્લેશાદિ જીવોનો ગણ વર્તે છે. વળી, નદીમાં અત્યંત રેતી હોય છે જે તટ ઉપર વારંવાર પાણીના પ્રવાહથી આવીને વિસ્તાર પામે છે તેમ પ્રમત્ત જીવોમાં નિરર્થક વિચારોની પરિણતિ પ્રગટ થાય તેવી વાલુકાનો પ્રવાહ વર્તે છે. જે પ્રગટ થઈને તટ ઉપર વિકથાનો પ્રચાર કરે છે=નિરર્થક વિચારો કરીને અર્થકથાદિ કથાઓ કરીને મનુષ્યભવ નિષ્ફળ કરે છે. **II૩૮૮II**

શ્લોક :-

जलस्खलद्व्यक्तकुयुक्तिशुक्तिपुटप्रवृद्धस्फुटनोत्थशब्दाम् ।
अलब्धमध्यां मदिराविकारग्रावप्रवेशाद्विषमप्रदेशाम् ।।३८९।।

શ્લોકાર્થ :-

જલસ્ખલદ્વ્યક્ત એવી કુયુક્તિના શુક્તિપુટોથી પ્રવૃદ્ધ સ્ફુટ ઉત્થ શબ્દોવાળી છે. અલબ્ધ મધ્યવાળી છે. મદિરાના વિકારરૂપી પથ્થરોના

પ્રવેશથી વિષમ પ્રદેશવાળી છે.

મોટી નદીઓમાં જેમ તોફાનને કારણે શબ્દોના ધ્વનિઓ ઊઠતા હોય છે તેમ જીવમાં વર્તતી પ્રમત્તતાને કારણે કુયુક્તિઓના શબ્દો ઊઠતા હોય છે, જેના કારણે તે પ્રમત્તતા નદી અત્યંત ભયાવહ બને છે અને વિશાળ નદીઓનો મધ્યભાગ દેખાતો નથી. તેમ પ્રમત્તતા નદી અલબ્ધ મધ્યવાળી છે. તેથી પ્રમત્ત ભાવોમાં પડેલા જીવો તે નદીમાંથી બહાર નીકળવા અસમર્થ બને છે. વળી, તે નદીમાં પથ્થરોના પ્રવેશથી નદી વિષમ પ્રદેશવાળી બને છે તેમ પ્રમત્ત જીવોમાં મદિરાના વિકારોને કારણે અત્યંત વિષમં પરિણતિઓ થાય છે. આથી જ મદિરાપાન કરીને યથાતથા સંભાષણ કરે છે અને તે નદીને અત્યંત વિષમ બનાવે છે. **॥૩૮૯॥**

શ્લોક :-

બદ્ધ્વા કિલાશામઠમસ્તબુદ્ધિર્દુઃખાવટે તિષ્ઠતિ યસ્તટેઽસ્યાઃ ।
અસ્યા રયાન્નિશ્ચિત એવ નાશો, ઘનાગમે તસ્ય મહાકષાયે ।।૩૯૦।।

શ્લોકાર્થ :-

ખરેખર આશારૂપી મઠને બાંધીને દુઃખના આવટરૂપ આના તટમાં= પ્રમત્તતા નદીના તટમાં, અસ્તબુદ્ધિવાળો જે રહે છે. આના રયથી=નદીના વેગથી, મહાકષાયનો ઘનઆગમ થયે છતે તેનો=તટમાં મઠ બાંધીને રહેલા-પુરુષનો, નિશ્ચિત જ નાશ છે.

જે બુદ્ધિ વગરના છે તેઓ તોફાની નદીના કિનારે મઠ બાંધીને બેસે તો તે નદીના પ્રવાહથી તેઓ શીઘ્ર મૃત્યુ પામે છે તેમ જે જીવો પોતાના સંયોગાનુસાર તે તે ભાવોની આશારૂપી મઠ બાંધીને પ્રમાદ સેવે છે=આ સંયોગમાં આ રીતે ધન મળશે, આ રીતે અનુકૂળતા મળશે ઇત્યાદિ આશાઓથી પ્રમાદમાં વર્તે છે તેઓના પ્રમાદના પરિણામના પ્રબલ પ્રવાહથી મહાકષાયરૂપ પાણીના પ્રબલ આગમનમાં નક્કી તેઓનો વિનાશ થશે=દુર્ગતિની પરંપરા પ્રાપ્ત થશે. **॥૩૯૦॥**

શ્લોક :-

गत्वा पतन्तीयमहो भवाब्धौ, निपातयत्येव जनं निमग्नम् ।
बुधा भवाम्भोधिनिपातभीता, व्रजन्ति दूरात् तदिमां विहाय ।।३९१।।

શ્લોકાર્થ :-

અહો ! જઈને ભવરૂપી સમુદ્રમાં પડતી એવી આ=પ્રમત્તતા નદી, નિમગ્ન જનને પાડે જ છે=ભવસમુદ્રમાં પાડે જ છે. તે કારણથી ભવરૂપી સમુદ્રમાં પાતથી ભય પામેલા બુધ પુરુષો આને છોડીને=પ્રમત્તતા નદીને છોડીને, દૂરથી જાય છે.

સ્વભૂમિકાનુસાર જિનવચનનું અવલંબન લઈને જીવ યત્ન ન કરે ત્યારે ઉદયમાન કર્મો જીવને પ્રમાદ કરવા પ્રેરણા કરે છે. તેની પ્રેરણાથી પ્રમાદવશ થયેલા જીવો ભવપરંપરાના કારણીભૂત સંગની પરિણતિની વૃદ્ધિ કરે છે અને સંગની પરિણતિની વૃદ્ધિને અનુકૂળ ક્લિષ્ટ કર્મો બાંધે છે. તેના વિપાક દ્વારા દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે. તેથી પ્રમત્તતા નદીમાં ડૂબેલો જીવ દીર્ઘ ભવપરંપરાને પ્રાપ્ત કરે છે અને આવો બોધ જેઓને છે તેવા પુરુષો હંમેશાં ભવના પરિભ્રમણથી ભય પામેલા હોય છે. તેથી પ્રમાદનો ત્યાગ કરીને જિનવચનનું દૃઢ અવલંબન લઈને સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે. **॥૩૯૧॥**

શ્લોક :-

इदं पुरस्ताद्विपुलं प्रमादविलासरूपं पुलिनं प्रतीहि ।
अस्तोकबिब्बोककटाक्षलीलोपहासभूयःसिकताभिरामम् ।।३९२।।

શ્લોકાર્થ :-

આગળથી=નદીની આગળથી, પ્રમાદના વિલાસરૂપ ઘણા ચાળાઓ અને કટાક્ષોની લીલાના ઉપહાસરૂપ ઘણી રેતીઓથી મનોહર એવું આ પુલિન તું જાણ.

જીવમાં પ્રમાદ વર્તે છે. ત્યારે નદીની રેતાળ જમીનની જેમ પ્રમાદના વિલાસરૂપ પુલિન વર્તે છે અને તે રેતાળ જમીનમાં બેઠેલા જીવો કામના અનેક પ્રકારના ચાળાઓથી પોતાનો પ્રમાદ અતિશય કરે છે. **॥૩૯૨॥**

શ્લોક :-

उदीतसङ्गीतकलाविलासस्फुटीभवत्सारसहंसलीलम् ।
विकाशिकाशोपमरागपाशविस्तारसंछन्नविशुद्धशीलम् ।।३९३।।

શ્લોકાર્થ :-

ઉદય પામેલા સંગીતની કલાના વિલાસથી સ્પષ્ટ થતા સારસ અને હંસની લીલાવાળું, વિકસેલા ઘાસની ઉપમાવાળા રાગના પાશના વિસ્તારથી ઢંકાયેલા વિશુદ્ધ શીલવાળું પુલિન તું જાણ એમ અન્વય છે.

પ્રમાદી જીવો સંગીત કલાના વિલાસો કરે છે તે નદીની રેતાળ જમીનમાં સારસ અને હંસની લીલા જેવું સુંદર દેખાય છે. વળી, વિકસેલા ઘાસની ઉપમાવાળો રાગના પાશનો વિસ્તાર થવાથી જીવમાં વર્તતું વિશુદ્ધ શીલ આવૃત થાય છે અને જીવની ચિત્તવૃત્તિમાં ચેનચાળા કરે તેવા પ્રમાદવાળું તે પુલિન છે. **॥૩૯૩॥**

શ્લોક :-

औत्सुक्यहालामदघूर्णमानाविवेकिलोकैः कृतविभ्रमौघम् ।
विस्तारिसंज्ञापवनोर्मिलीलातरङ्गितं क्षौममिवोज्ज्वलश्रि ।।३९४।।

શ્લોકાર્થ :-

ઔત્સુક્યરૂપી મદિરાના મદથી ઘૂનન કરતા અવિવેકી લોકો વડે કરાયેલા વિભ્રમના સમૂહવાળું, વિસ્તાર કરાયેલી સંજ્ઞારૂપી પવનની ઊર્મિની લીલાથી તરંગિત એવું, રેશમી વસ્ત્રની જેમ ઉજ્જ્વળ શોભાવાળું પુલિન હતું.

જેઓના ચિત્તમાં પ્રમાદના વિલાસરૂપ પુલિન વર્તે છે તેઓ બાહ્ય પદાર્થો વિષયક ઔત્સુક્યથી સતત ઘૂમરી ફરતા ચિત્તવાળા છે. આથી જ આત્માની સ્વસ્થતાના સુખને પામી શકતા નથી. વળી ચિત્તમાં આહારાદિ સંજ્ઞાઓની ઊર્મિઓના તરંગવાળું તેઓનું ચિત્ત છે. જે રેશમી વસ્ત્રના જેવું સંસારી જીવને ઉજ્જ્વળ શોભાવાળું દેખાય છે; કેમ કે સંજ્ઞામાં જ તેઓને સુખ દેખાય છે. **॥૩૯૪॥**

શ્લોક :-

उज्जीवयत्येव विकारमेतन्महामुनीनामपि शान्तमन्तः ।
वनद्रुमौघं वनवह्निदग्धं, विशिष्टवृष्टेरिव सन्निपातः ।।३९५।।

શ્લોકાર્થ :-

જાણે વિશિષ્ટ વૃષ્ટિના સન્નિપાતરૂપ, વનના વહ્નિથી બળેલા વનના

વૃક્ષોના સમૂહરૂપ, આ=પુલિન, મહામુનિઓના પણ શાંત અંતરમાં વિકારને ઉત્પન્ન કરે જ છે.

મહામુનિઓ તત્ત્વના ભાવનથી નિર્વિકારી અવસ્થાને પામે છે, આમ છતાં પ્રમાદના વિલાસરૂપ પુલિન તેઓના ચિત્તમાં પ્રગટે છે ત્યારે તે તે નિમિત્તને અનુરૂપ રાગાદિ વિકારો થાય જ છે. જે પ્રમાદરૂપ પુલિન વનના વહ્નિથી બળેલા વનના વૃક્ષોના સમૂહ જેવું દેખાય છે.

કષાયોથી તેઓનું ચિત્ત દગ્ધ દેખાય છે જેથી સંયમરૂપી વૃક્ષો બળેલાં જેવાં દેખાય છે. વળી, તે પ્રમાદ વિશિષ્ટ વૃષ્ટિના સન્નિપાત જેવો દેખાય છે.

વિશિષ્ટ વરસાદ પડે ત્યારે સર્વત્ર વિનાશ થાય છે તેમ મહામુનિના ચિત્તમાં ઉત્પન્ન થયેલા ગુણો તે પ્રમાદથી વિનાશ જેવી સ્થિતિને પામે છે. **॥૩૯૫॥**

શ્લોક :-

यमीक्षसे मण्डपमेष चित्तविक्षेपनामा विपुलानुभावः ।
प्रविष्टमात्रस्य किलात्र जन्तोः, सन्तोषगन्धोऽपि रतिं न दत्ते ।।३९६।।

શ્લોકાર્થ :-

જે મંડપને તું જુએ છે, એ ચિત્તવિક્ષેપ નામનો વિસ્તારવાળો અનુભાવ છે. ખરેખર અહીં=ચિત્તવિક્ષેપમંડપમાં, પ્રવેશ માત્ર કરેલા જીવને સંતોષની ગંધ પણ રતિને કરતી નથી.

જેઓના ચિત્તમાં બાહ્ય પદાર્થોને અવલંબીને વિકલ્પો ઊઠે છે તે ચિત્તનો વિક્ષેપ છે અને જેઓના ચિત્તમાં વિક્ષેપ વર્તતો હોય તેઓને સંતોષનું વર્ણન સાંભળવાથી પણ રતિ થતી નથી, તેથી ચિત્તવિક્ષેપ વગરના જીવોને જ સંતોષનું સ્વરૂપ સુખનું કારણ બને છે. **॥૩૯૬॥**

શ્લોક :-

विष्णोरिवाब्धिर्गिरिकन्दरेव, सिंहस्य कैलास इवेश्वरस्य ।
शृङ्गं त्विषां पत्युरिवोदयाद्रेरौन्नत्यकृन्मोहमहीभृतोऽयम् ।।३९७।।

શ્લોકાર્થ :-

આ=ચિત્તવિક્ષેપમંડપ, મોહરાજાની ઉન્નતિને કરનાર છે, જેમ વિષ્ણુને સમુદ્ર, સિંહને ગિરિની કંદરા, ઈશ્વરને=મહાદેવને, કૈલાસ, કિરણોના સ્વામીને ઉદયાચલ પર્વતનું શિખર ઉન્મતિને કરનાર છે.

જીવમાં જ્યારે ચિત્તવિક્ષેપ વર્તે છે ત્યારે મોહની પરિણતિ અતિશય અતિશય થયા કરે છે. **॥૩૯૭॥**

શ્લોક :-

अत्र प्रविष्टं यदपीन्द्रजालम्, पुनः पुनः कल्पयतीन्द्रजालम् ।
महेन्द्रजालं तदसावनिष्टाधिष्ठानधीः किं न जगज्जनानाम् ।।३९८।।

શ્લોકાર્થ :-

જે કારણથી અહીં=ચિત્તવિક્ષેપમંડપમાં, પ્રવેશ કરાયેલો પણ ઈન્દ્રનો સમૂહ ફરી ફરી ઈન્દ્રજાલની કલ્પના કરે છે, તે કારણથી અનિષ્ટ એવા અધિષ્ઠાન બુદ્ધિવાળો એવો આ=ચિત્તવિક્ષેપમંડપ, જગતના જીવોને મહેન્દ્રજાલ શું ન થાય ?

ઇન્દ્રોના સમૂહ જેવા મહાસમર્થ પુરુષો પણ જો ચિત્તના વિક્ષેપમાં પ્રવેશ પામે તો ઇન્દ્રજાલ જેવા વિક્ષેપો ફરી ફરી કર્યા જ કરે છે=આના કારણે હું ક્લેશ પામું છું, આના કારણે જ સર્વ ઉપદ્રવો છે એવા સર્વ અવાસ્તવિક ઇન્દ્રજાલ જેવા વિકલ્પો કરે છે, તેથી ચિત્તવિક્ષેપમંડપ અનિષ્ટ બુદ્ધિનું અધિષ્ઠાન છે માટે જગતના જીવોને અર્થ વગરના ઈન્દ્રજાલ જેવા વિકલ્પો કરીને સુખ-દુઃખની કલ્પનામાં રમાડે તેવું ચિત્તવિક્ષેપમંડપ છે. આથી ચિત્તવિક્ષેપવાળા જીવો મને ધન મળશે ઇત્યાદિ વિકલ્પો કરીને આશારૂપી મોદકથી સુખી થાય છે અને બાહ્ય પ્રતિકૂળ સંયોગની કલ્પના કરીને દુઃખી દુઃખી થાય છે. પારમાર્થિક ચિત્તના સમાધાનમાં યત્ન કરીને સુખ માટે યત્ન કરવા સમર્થ બનતા નથી. **॥૩૯૮॥**

શ્લોક :-

सरागतोद्यत्परभागनागद्युमर्त्यलोकेषु यदस्ति वस्तु ।
अत्र स्थितेरेव जनोऽनुभावात् सर्वत्र तत्र भ्रमतीति चित्रम् ।।३९९।।

શ્લોકાર્થ :-

સરાગથી ઉધત પર ભાગવાળા પાતાલ, સ્વર્ગ અને મનુષ્યલોકમાં જે વસ્તુ છે, ત્યાં સર્વત્ર=દેવલોકાદિ સર્વમાં અહીં=ચિત્તવિક્ષેપમાં, સ્થિતિના જ અનુભાવથી લોક ભમે છે. એ આશ્ચર્ય છે.

જે જીવોમાં સરાગતા વર્તે છે તેના કારણે તત્પર થયેલા બહારના ભાગોવાળા એવા દેવલોકમાં અને મર્ત્યલોકમાં જે વસ્તુ છે, તે સાક્ષાત્ અહીં નથી તોપણ જેઓના ચિત્તમાં વિક્ષેપો વર્તે છે તેવા ચિત્તના વિક્ષેપને કારણે જ ત્યાં સર્વત્ર વર્તે છે, આથી જ સાધુપણું પાળીને પણ તુચ્છદેવલોકાદિની આશંસા કરીને ચિત્તવિક્ષેપવાળા થઈને તેઓ મનુષ્યભવને નિષ્ફળ કરે છે. **॥૩૯૯॥**

શ્લોક :-

गतोऽत्र लोको ग्रहचक्रगत्या, न चंक्रमेभ्यो यदुपैति खेदम् ।
तदेष धत्ते नभसो विलासं, शून्यस्य चान्तर्बहिराततस्य ।।४००।।

શ્લોકાર્થ :-

જે કારણથી અહીં=ચિત્તવિક્ષેપમાં ગયેલો લોક ગ્રહના ચક્રની ગતિ વડે ભ્રમણોથી ખેદને પામતો નથી=થાકતો નથી. તે કારણથી અંતરથી શૂન્ય અને બહિર્થી વિસ્તૃત એવા જીવનો આ=ચિત્તવિક્ષેપ, આકાશના વિલાસને ધારણ કરે છે.

જે જીવો અંતરંગ નિરાકુળ સ્વભાવને જોવામાં શૂન્યબુદ્ધિવાળા છે અને ચક્ષુથી દેખાતા બાહ્ય વિષયોને જોવામાં વિસ્તૃત બુદ્ધિવાળા છે, આથી જ કોઈ નિમિત્તે ધર્મ કરતા હોય તોપણ બાહ્ય આચારમાત્રની કે તપાદિની સંખ્યા ગણીને ચિત્તને ચક્કર ચક્કર ગતિશીલ કરનારા છે. તેઓ આકાશમાં જેમ ગ્રહનાં ચક્રો ફરે છે અને તે ગ્રહનાં ચક્રો ભ્રમણથી થાકતાં નથી. તેમ બાહ્ય પદાર્થોમાં ચિત્તને પ્રવર્તાવવા દ્વારા ચિત્તના વિક્ષેપથી થાકતા નથી. તેથી તેઓનો ચિત્તનો વિક્ષેપ આકાશના વિલાસને ધારણ કરે છે. જેમ આકાશમાં ગ્રહના ચક્રની ગતિ વર્તે છે તેમ તેઓના ચિત્તમાં બાહ્ય ચક્રની ગતિ સદા વર્તે છે. **॥૪૦૦॥**

શ્લોક :-

प्राप्नोति लोकोऽत्र विना श्रमेण, दोलाविलासस्य सुखानुभूतिम्।
वसन्तमस्मिन्ननुवर्तमानो, मोहं न को हन्त तदेति हर्षम् ।।४०१।।

શ્લોકાર્થ :-

અહીં=ચિત્તવિક્ષેપમાં, લોક શ્રમ વગર દોલાના વિલાસના સુખની અનુભૂતિને પ્રાપ્ત કરે છે. આમાં=ચિત્તવિક્ષેપમાં, વસતા એવા તે મોહને અનુવર્તતો કયો લોક હર્ષને પામતો નથી ?

જેમ સંસારી જીવો હિંચકાના વિલાસથી સુખને અનુભવે છે તેમ સંસારી જીવો ચિત્તવિક્ષેપમાં શ્રમ વગર હીંચકાના વિલાસના સુખને અનુભવે છે; કેમ કે નિરર્થક વિચારો કરવા તેઓની સહજ પ્રકૃતિ છે. તેથી ચિત્તવિક્ષેપમંડપમાં વસતા એવા મોહને અનુસરનારા તેઓ હર્ષિત થાય છે; કેમ કે સંસારી જીવોને મોહના અનુસરણમાં જ પ્રીતિ છે. **॥૪૦૧॥**

શ્લોક :-

अयं स्ववीर्यान्मनसो जनानामेकाग्रतां मुक्तिकरीं निहन्ति ।
इह प्रविष्टाः कलयन्ति मोहात्, तापभ्रमोन्मादविरत्यपायान् ।।४०२।।

શ્લોકાર્થ :-

આ=ચિત્તવિક્ષેપમંડપ પોતાના વીર્યથી લોકોના મનની મુક્તિને કરનારી એકાગ્રતાને હણે છે. અહીં=ચિત્તવિક્ષેપમંડપમાં, પ્રવેશ કરાયેલા લોકો મોહથી તાપની વિરતિને, ભ્રમની વિરતિને, ઉન્માદની વિરતિને અપાય જાણે છે=અનર્થરૂપે જાણે છે.

મહાત્માઓ તત્ત્વને પ્રાપ્ત કરીને મોક્ષને અનુકૂળ એકાગ્ર ચિત્તવાળા થયા હોય છતાં કોઈક રીતે ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થાય તો તે વિક્ષેપ પોતાના બળથી મહાત્માની એકાગ્રતાનો નાશ કરે છે. જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિની મુક્તિને અનુકૂળ થયેલી એકાગ્રતાને દુર્મુખના વચનથી થયેલ ચિત્તના વિક્ષેપે નાશ કર્યો. વળી, ચિત્તવિક્ષેપમાં પડેલા જીવો મોહને વશ થઈને કષાયોના તાપની વિરતિને અનર્થરૂપે જાણે છે; કેમ કે રાગાદિમાં જ તેઓને મધુરતા દેખાય છે. બાહ્ય

પદાર્થોમાં સુખના ભ્રમની વિરતિને તેઓ અનર્થરૂપે જાણે છે; કેમ કે બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ વગર સુખ સંભવે નહીં તેમ જ તેઓને દેખાય છે. મિથ્યાત્વના ઉન્માદની વિરતિને તેઓ અનર્થરૂપે જાણે છે; કેમ કે દૃષ્ટ જગતને છોડીને પરલોકની વિચારણા તેઓને નિરર્થક વિચારણારૂપે જ જણાય છે. **॥૪૦૨॥**

શ્લોક :-

अन्तर्नृपाणां सुखहेतुरेष, बहिर्जनानां गुणविप्लवाय ।
निशाविलासः खलु तामसानां, रुच्योऽपि पुंसां तनुतेऽक्षिमुद्राम् ।।४०३।।

શ્લોકાર્થ :-

બહિર્લોકોને=બાહ્ય દૃષ્ટિવાળા લોકોને, સુખનો હેતુ એવો આ=ચિત્તવિક્ષેપ અંદરના રાજાઓના=આત્માના અંતરંગ ચારિત્રસૈન્ય રાજાઓના, ગુણના વિપ્લવ માટે છે=વિનાશ માટે છે. ખરેખર, તામસોને=ઘુવડોને, રુચ્ય પણ નિશાનો વિલાસ=રાત્રિનો વિલાસ પુરુષની અક્ષિમુદ્રાને વિસ્તારે છે=પુરુષની ચક્ષુને જોવા અસમર્થ કરે છે.

બાહ્ય વિષયોમાં પ્રવર્તનારા જીવોને ચિત્તનો વિક્ષેપ સુખનો હેતુ છે છતાં આત્માના હિતને કરનાર એવા ક્ષયોપશમભાવરૂપ અંતરંગ ચારિત્રરૂપ ગુણના નાશ માટે છે; કેમ કે જે જીવોના ચિત્તમાં વિક્ષેપ થાય છે તે જીવોના દર્શનમોહનીય, ચારિત્રમોહનીય આદિના ક્ષયોપશમભાવના ગુણો વિનાશ તરફ જાય છે. ઘુવડોને રાત્રિનો વિલાસ રુચિકર હોવા છતાં પણ મનુષ્યની ચક્ષુને રાત્રિનો વિલાસ વસ્તુને જોવા અસમર્થ કરે છે. તેમ ઘુવડ જેવા બાહ્ય દૃષ્ટિવાળા જીવોને ચિત્તનો વિક્ષેપ સુખનો હેતુ હોવા છતાં અંતરંગ ગુણોને જોવા માટે જીવને અસમર્થ કરે છે. **॥૪૦૩॥**

શ્લોક :-

पुरः स्फुरन्तीमिह वेदिकां च, तृष्णाभिधानां कलयानघैनाम् ।
चञ्चद्रुचिव्याप्तभुवो विलासं, विडम्बयन्तीं रविमण्डलस्य ।।४०४।।

શ્લોકાર્થ :-

હે અનઘ ! પ્રકર્ષ ! ચચલ રુચિથી વ્યાપ્ત એવો તું=અનેક પ્રકારની

જણાવવાની રુચિથી વ્યાપ્ત પરિણામવાળો એવો તું ભૂમિવાળો અહીં=ચિત્તવિક્ષેપમંડપમાં, આગળ સ્ફુરતી રવિમંડળના વિલાસને વિડંબના કરતી આ તૃષ્ણા નામની વેદિકાને તું જાણ.

જેમ ચંચલ કિરણોથી વ્યાપ્ત સૂર્યનું મંડળ સતત જગતને વ્યાપ્ત થઈને પોતાનો પ્રકાશનો વિલાસ કરે છે તેને પણ વિડંબના કરે એવી જીવમાં તૃષ્ણાની પરિણતિ છે તે ચિત્તવિક્ષેપમંડપમાં રહેલી છે એમ વિમર્શ પ્રકર્ષને કહે છે. **॥૪૦૪॥**

શ્લોક :-

अस्यां महामोहनरेश्वरस्य, तिष्ठन्ति तुष्टाः स्वजना न चान्ये ।
इतः स्थिता मुत्कलमण्डपे ये, बहिर्यथेन्दोर्भगणा विमानात् ।।४०५।।

શ્લોકાર્થ :-

આમાં=તૃષ્ણા નામની વેદિકામાં, મહામોહરાજાના તોષ પામેલા સ્વજનો રહે છે, અન્ય રહેતા નથી. આ બાજુ જે મુત્કલમંડપમાં રહેલા છે તે બહિર્ છે. જે પ્રમાણે ચંદ્રના વિમાનથી ભગણા=બાર રાશિઓ, પૃથગ્ રહે છે.

તૃષ્ણા જ્યારે જીવમાં વર્તે છે ત્યારે મહામોહરૂપ અજ્ઞાન પણ જીવમાં વર્તે છે અને તેનાથી તોષ પામેલા સ્વજનરૂપ રાગ-દ્વેષના પરિણામરૂપ તૃષ્ણામાં વર્તે છે; કેમ કે જીવને જ્યારે તૃષ્ણા વર્તે છે ત્યારે અજ્ઞાનતા, રાગ-દ્વેષ ત્રણેય સાથે વર્તે છે. વળી, રતિ, અરતિ આદિ અન્ય પરિણામો તૃષ્ણા વેદિકામાં નથી પરંતુ મુત્કલમંડપમાં રહેલા છે. જેઓ આ ત્રણની સેવામાં વર્તનારા અન્ય રાજાઓના સમુદાયોનું સ્વરૂપ છે. જેમ ચંદ્રના વિમાનથી બાર રાશિઓ પૃથક્ છે તેમ આ અન્ય પરિણામો પૃથક્ વર્તે છે. **॥૪૦૫॥**

શ્લોક :-

स्थानस्थिताऽपि भ्रमयत्यजस्रमियं जगन्मानससूचिपङ्क्तिम् ।
मन्ये तदन्यभ्रमशक्तियुक्तविमोहलोहोत्पलनिर्मितेयम् ।।४०६।।

શ્લોકાર્થ :-

સ્થાનમાં રહેલી પણ આ=મંડપના સ્થાનમાં રહેલી પણ તૃષ્ણારૂપી

વેદિકા, જગતના માનસરૂપી સૂચિપંક્તિને સતત ભમાવે છે. તે કારણથી હું માનું છું. અન્યને ભ્રમની શક્તિથી યુક્ત એવા વિમોહરૂપ લોહના ઉત્પલથી નિર્મિત આ=તૃષ્ણા વેદિકા છે.

તૃષ્ણા વેદિકા ચિત્તવિક્ષેપમંડપમાં રહેલી હોવા છતાં પણ જગતવર્તી સર્વ જીવોના માનસને સતત ભમાવે છે; કેમ કે સંસારી જીવોનું ચિત્ત કોઈક ને કોઈક ઇચ્છાથી સતત ભમ્યા કરે છે. તેથી વિમર્શ કહે છે હું માનું છું કે તૃષ્ણારૂપી વેદિકામાં વિમોહ કરવાની શક્તિ છે તે લોહના કમળથી નિર્માણ થયેલી છે એમ હું માનું છું. **॥૪૦૬॥**

શ્લોક :-

अधिष्ठितो विष्णुरिवाहिशय्यां, ब्रह्मेव मायामयमण्डलस्थः ।
अस्यां महामोहनृपो निषण्णो, भवत्यसह्यप्रबलप्रतापः ।।४०७।।

શ્લોકાર્થ :-

સર્પોની શય્યામાં વિષ્ણુની જેમ રહેલો, માયામય મંડલમાં રહેલા બ્રહ્માની જેમ આમાં=તૃષ્ણા વેદિકામાં, બેઠેલો મહામોહરાજા અસહ્ય પ્રબલ પ્રતાપવાળો થાય છે.

જીવમાં આત્માના પારમાર્થિક સ્વરૂપનું અજ્ઞાન એ મહામોહ છે અને જીવ જ્યારે કોઈક ઇચ્છામાં પ્રવર્તે છે ત્યારે તૃષ્ણા વેદિકા ઉપર તેનું અજ્ઞાન વર્તે છે. તે વખતે તે મહામોહ પ્રબલ પ્રતાપવાળો હોય છે. તેથી તે જીવમાં મૂઢતા, રાગ-દ્વેષ આદિ ભાવો સતત વધે છે. વળી, તે જીવ ભેદના અજ્ઞાનવાળો હોવા છતાં જિનવચનાનુસાર તત્ત્વની વિચારણા કરતો હોય ત્યારે તૃષ્ણા વેદિકા ઉપર તે મહામોહ બેઠેલો નથી. તેથી તેનો પ્રતાપ તેવો પ્રબલ નથી. વળી, જિનવચનથી ભાવિત મતિવાળા જીવોનો ઉપયોગ તૃષ્ણાના ઉન્મૂલનમાં વર્તે છે ત્યારે તેનામાં વર્તતું મહામોહરૂપ અજ્ઞાન સતત ક્ષીણ ક્ષીણતર થાય છે. **॥૪૦૭॥**

શ્લોક :-

गर्जत्यहो मोहनृपः सगर्वमस्यां स्थितः सिंह इवाचलस्थः ।
प्रयाति चान्यो निधनं गतोऽस्यां, जाज्वल्यमानज्वलनोपमायाम् ।।४०८।।

શ્લોકાર્થ :-

અહો પર્વત ઉપર રહેલા સિંહની જેમ આમાં=તૃષ્ણા વેદિકામાં, ગર્વ સહિત રહેલો મોહરાજા ગર્જના કરે છે. જાજ્વલ્યમાન અગ્નિની ઉપમાવાળી આમાં=તૃષ્ણારૂપી વેદિકામાં, ગયેલો અન્ય=સંસારી જીવ, નિધનને પામે છે.

જ્યારે જે જીવના ચિત્તમાં વર્તતો મહામોહ તૃષ્ણારૂપે અભિવ્યક્ત થાય છે ત્યારે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો દેખાય છે; કેમ કે તૃષ્ણાની પરિણતિવાળો જીવ પોતાનામાં રહેલા અજ્ઞાનની જ વૃદ્ધિ કરે છે. અને તૃષ્ણાની વેદિકા સાક્ષાત્ બળતા અગ્નિની ઉપમા જેવી છે તેથી બળતા અગ્નિમાં કોઈ પ્રવેશ કરે તો મૃત્યુ પામે છે તેમ જીવમાં તૃષ્ણાનો અતિશય પ્રવાહ વર્તે છે ત્યારે તે જીવ ક્લિષ્ટ કર્મો બાંધીને નરકાદિમાં જાય છે. **||૪૦૮||**

શ્લોક :-

सिंहासनं चेदमुदारबुद्धे ! महाविपर्यासमवेहि भास्वत् ।
घनद्युतिच्छन्नदिगन्तरालकुतर्करत्नैर्घटितं पटीयः ।।४०९।।

શ્લોકાર્થ :-

હે ઉદારબુદ્ધિ પ્રકર્ષ ! ઘનદ્યુતિથી ઢંકાયેલું દિગંતરાલવાળું કુતર્કરૂપી રત્નોથી ઘડાયેલું પટુ એવું આ ભાસ્વત્ મહાવિપર્યાસ સિંહાસન તું જાણ.

વિમર્શ પ્રકર્ષને તૃષ્ણા વેદિકા ઉપર રહેલ સિંહાસન બતાવતાં કહે છે જે જીવમાં વિપર્યાસને કરાવનાર પરિણતિ સ્વરૂપ છે. કુતર્કોરૂપી રત્નોથી ઘડાયેલું છે અને તત્ત્વને વિપર્યાસ કરવામાં પટુ પરિણતિવાળું છે. આથી જ જેઓના ચિત્તમાં મહાવિપર્યાસ વર્તે છે તેઓ કુતર્કો કરીને પોતાના વિપર્યાસની જ વૃદ્ધિ કરે છે. **||૪૦૯||**

શ્લોક :-

प्राज्यं हि यन्मोहनृपस्य राज्यं, विभूतयो दिग्जयदीपिका याः ।
महेश्वरानुग्रहजेव शक्तिस्तदेकहेतु ध्रुवमेतदेव ।।४१०।।

શ્લોકાર્થ :-

મહામોહરાજાનું જે વિશાળ રાજ્ય છે. દિગ્જયને દિપાવનારી જે

વિભૂતિઓ છે=મહામોહરાજાની વિભૂતિઓ છે. તેનો ધ્રુવ એક હેતુ ઈશ્વરના અનુગ્રહથી થનારી શક્તિ જેવું આ જ=વિપર્યાસ સિંહાસન જ, છે.

જ્યારે જીવમાં મહાવિપર્યાસ વર્તે છે ત્યારે ઈશ્વરના અનુગ્રહથી થનારી શક્તિવાળું મહામોહરાજાનું સામ્રાજ્ય મળ્યું હોય તેમ જીવમાં મહામોહની વૃદ્ધિ થાય છે અને મહામોહ ચારિત્રસૈન્યને જીતવામાં જે સમર્થ છે તેમાં પણ એક હેતુ જીવમાં વર્તતો મહાવિપર્યાસ જ છે તેથી મહાવિપર્યાસથી જ મહામોહની કળા સર્વ વૃદ્ધિ પામે છે. આનાથી એ ફલિત થાય કે જેઓમાં વિપર્યાસ નથી તેઓ આત્માના શત્રુને જીતવામાં જ પોતાની કુશળતા માને છે અને જેઓમાં મહાવિપર્યાસ વર્તે છે તેઓને પુણ્યના સહકારથી મળેલી બાહ્ય કુશળતામાં જ પોતાની કુશળતા વગેરેનો ગર્વ થાય છે. તેથી મહામોહનું એકછત્ર સામ્રાજ્ય પ્રવર્તે છે. **॥૪૧૦॥**

શ્લોક :-

रणोत्सवानामपि भूधवानामसौ स्थितोऽत्रैव भवत्यगम्यः ।
इतो बहिस्त्वेष गतः शृगालबालो गुहाया इव सर्वगम्यः ।।४११।।

શ્લોકાર્થ :-

રણોત્સવવાળા પણ રાજાઓને=મોહની સામે લડવા માટે તત્પર થયેલા પણ ચારિત્રસૈન્યના રાજાઓને, આ=મહામોહ, અહીં જ=વિપર્યાસ સિંહાસન ઉપર જ, રહેલો અગમ્ય થાય છે. વળી, આનાથી=વિપર્યાસ સિંહાસનથી બહાર ગયેલો આ=મહામોહ, ગુફાથી બહાર ગયેલા શિયાળના બાળકની જેમ સર્વગમ્ય થાય છે.

જે જીવો સંયમ ગ્રહણ કરીને કે શ્રાવકધર્મ સ્વીકારીને તપ-ત્યાગાદિ કરે છે તે જીવોના અંતરંગ ચારિત્રધર્મના રાજાઓ મોહરાજાને નાશ કરવાની ઇચ્છાવાળા છે પરંતુ જો તેઓના ચિત્તમાં વિપર્યાસ વર્તતો હોય તો તે વિપર્યાસ સિંહાસન ઉપર બેઠેલ તેઓમાં અજ્ઞાનરૂપ મહામોહ છે. જે ચારિત્રધર્મ રાજાઓથી જિતાય તેમ નથી પરંતુ મહામોહ જ તપ-સંયમને નિષ્ફળ કરીને તેઓના દુરંત સંસારનું કારણ બને છે. આથી જ મરીચિના ભવમાં ઉત્સૂત્રભાષણ કરીને વિપર્યાસ

સિંહાસન પર બેઠેલ મરીચિએ સંસારની વૃદ્ધિ કરી. વળી, મહામોહ વિપર્યાસ સિંહાસનથી ઊતરીને બહાર વર્તે છે ત્યારે ચારિત્રધર્મની નાની સેનાથી પણ તે ગમ્ય બને છે. *આથી જ વિપર્યાસ વગરના અવિરત સમ્યગ્દષ્ટિ જીવો ધર્મની પ્રારંભિક પ્રવૃત્તિ કરીને પણ મહામોહને હતપ્રાય: કરે છે.* આથી જ સત્યકી વિદ્યાધર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોવાને કારણે અનાચાર સેવતા હતા તોપણ તેઓનો મહામોહ તેમના સમ્યક્ત્વને નાશ કરવા અસમર્થ બન્યો અને નિર્મળ સમ્યક્ત્વના બળથી તે મહાત્મા અલ્પકાળમાં મોક્ષને પામશે. **॥૪૧૧॥**

શ્લોક :-

इदं विधाताऽकृत दृग्विषैः किं, नृपस्य योग्यं परदृग्विषस्य ।
यद् भस्मतामेति जनोऽत्र दृष्टिम्, निपातयन्नेव करालकान्तौ ।।४१२।।

શ્લોકાર્થ :-

પ્રકૃષ્ટ દષ્ટિના વિષવાળા એવા રાજાને=મહામોહને, યોગ્ય એવું આ=વિપર્યાસ સિંહાસન, શું વિધાતાએ દષ્ટિનાં વિષોથી કર્યું છે. જે કારણથી કરાલકાંતિવાળા આમાં=વિપર્યાસ સિંહાસનમાં, દષ્ટિને ફેંકતો જ લોક ભસ્મતાને પામે છે.

વિપર્યાસને સન્મુખ જેઓની દૃષ્ટિ થાય છે તે જીવો ક્લિષ્ટ કર્મો બાંધીને દુર્ગતિમાં જાય છે તેથી ગ્રંથકારશ્રી કલ્પના કરે છે કે દૃષ્ટિવિષ જેવા મહામોહને યોગ્ય એવું આ વિપર્યાસ સિંહાસન દૃષ્ટિનાં વિષોથી=વિપર્યાસ રૂપ દૃષ્ટિનાં વિષોથી, કર્મોએ બનાવ્યું છે. **॥૪૧૨॥**

શ્લોક :-

निर्दर्शिता या पुलिनादिशक्तिः, सा विष्टरस्यास्य बले निविष्टा।
वनस्य याऽनाक्रमणीयताऽसौ, पञ्चाननस्यैव परः प्रभावः ।।४१३।।

શ્લોકાર્થ :-

પુલિન આદિની શક્તિ જે બતાવાઈ=વિમર્શ વડે બતાવાઈ. તે આ વિષ્ટરના બલમાં=મહામોહના સિંહાસનના બલમાં, નિવેશ પામેલી છે. વનની=ચિત્તરૂપી અટવીની, જે અનાક્રમણીયતા છે=ચારિત્રના સૈન્ય

દ્વારા અનાક્રમણીયતા છે એ પંચાનનનો જ=સિંહરૂપ જ સિંહાસનનો, પ્રકૃષ્ટ પ્રભાવ છે.

જે જીવોમાં વિપર્યાસ જાય છે ત્યારપછી પ્રમત્તતા નદી, તેની પાસે પુલિન, તેમાં વર્તતા ચિત્તવિક્ષેપો સર્વ નબળાં પડે છે; કેમ કે વિપર્યાસના બળથી જ તે સર્વ ભાવો પુષ્ટ પુષ્ટતર થાય છે. તેથી પુલિન આદિની જે શક્તિ પૂર્વમાં બતાવી તે સર્વ શક્તિ જીવમાં વર્તતા વિપર્યાસને કારણે છે. આથી જ વિપર્યાસ વગરના સત્યકી વિદ્યાધરમાં ભોગાદિની અનુચિત પ્રવૃત્તિ પણ દુરંત સંસારનું કારણ બની નહીં અને વિપર્યાસને કારણે પ્રસન્નચંદ્ર રાજર્ષિનું માત્ર મનથી કરાયેલું યુદ્ધ નરકનું કારણ બન્યું. **॥૪૧૩॥**

શ્લોક :-

सिंहासनस्यास्य विकल्पपीठप्रभाभिरुद्भासितभूतलस्य ।
छायामुपादाय जगत् समायां, कालश्चिरं लालयतीव बालम् ।।४१४।।

શ્લોકાર્થ :-

વિકલ્પરૂપી પીઠની પ્રભાથી ઉદ્‌ભાસિત ભૂતલવાળા આ સિંહાસનની માયાવાળી છાયાને પામીને કાળ જગતરૂપી બાલને જાણે ચિરકાળ લાલન કરે છે.

જેઓના ચિત્તમાં વિપર્યાસ વર્તે છે તેઓ તપ-ત્યાગાદિ કરીને પણ આત્માને ઠગનારા હોય છે. તેથી માન-સન્માનના વિકલ્પરૂપી પીઠની પ્રભાથી ઉદ્‌ભાસિત કર્યો છે ભૂતલ જેણે એવા વિપર્યાસ સિંહાસન ઉપર બેસીને તે જીવોનો સંસાર-અવસ્થાનો કાળ બાળકની જેમ તે જીવને સંસારમાં લાલનપાલન કરે છે. તેથી કલ્યાણના અર્થી જીવો પણ દીર્ઘકાળ સંસારમાં ભટકે છે. **॥૪૧૪॥**

શ્લોક :-

अत्रोपविष्टं प्रबलप्रतापमेनं महामोहनृपं प्रतीहि ।
अमुष्य जीर्णा जरसाऽप्यविद्या, वीर्यैकपात्रं ननु गात्रयष्टिः ।।४१५।।

શ્લોકાર્થ :-

આમાં=સિંહાસનમાં, બેઠેલા પ્રબલ પ્રતાપવાળા આ મહામોહરાજાને

તું જાણ. જરાથી પણ જીર્ણ એવું આનું=મહામોહનું, અવિદ્યારૂપ શરીર ખરેખર વીર્યનું એક પાત્ર છે.

સિંહાસન ઉપર બેઠેલ પ્રબલ પ્રતાપવાળો મહામોહરાજા છે. આથી જ તપ-ત્યાગ કરનારા પણ સાધુઓના ચારિત્રના પરિણામથી ન જિતાય તેવો સમર્થ બને છે. વળી, આ મહામોહ અનાદિનો છે તેથી વૃદ્ધ થયેલો છે અને રાગાદિ તેના પુત્રો છે તેથી પિતામહ છે. માટે તેનું શરીર જરાથી જીર્ણ છે અને અજ્ઞાનરૂપ શરીર છે, તોપણ શત્રુને નાશ કરવામાં વીર્યનું એક પાત્ર બને છે; કેમ કે સિંહાસન ઉપર બેઠેલો હોય ત્યારે વૃદ્ધ પણ મહામોહ બળવાન જેવો બને છે. **॥૪૧૫॥**

શ્લોક :-

जगत्यनित्याशुचिदुःखरूपे, नित्यत्वपूतत्वसुखप्रतीतिः ।
अस्याः प्रभाजृम्भितमात्मभावबुद्धिः प्रपञ्चेषु च पुद्गलानाम् ।।४१६।।

શ્લોકાર્થ :-

અનિત્ય, અશુચિ, દુઃખરૂપ જગતમાં નિત્યત્વ, પવિત્રત્વ, સુખની પ્રતીતિ અને પુદ્ગલોના પ્રપંચોમાં આત્મભાવની બુદ્ધિ આની=અવિદ્યાની, પ્રભાથી જૃમ્ભિત છે=વિલસિત છે.

જગતના સર્વ પદાર્થો અનિત્ય છે. સંસારી જીવોનાં શરીરો અશુચિરૂપ છે. અને જગત જન્મ-મરણ આદિ દુઃખોથી આક્રાંત છે છતાં પોતે શાશ્વત હોય તેમ નિત્ય માનીને જીવે છે. શરીરને પવિત્ર માનીને રાગ કરે છે. દેહ આદિનો સંયોગ દુઃખરૂપ હોવા છતાં સુખરૂપ માને છે. અને પુદ્ગલોના સમુદાયરૂપ દેહાદિમાં આત્મભાવની બુદ્ધિ સંસારી જીવો ધારણ કરે છે તે સર્વ મોહરાજાના અવિદ્યા શરીરનો વિલાસ છે. **॥૪૧૬॥**

શ્લોક :-

स्वतेजसैतद्दृढगात्रयष्टिर्न मुच्यतेऽसौ जरसाऽपि जीर्णः ।
अनाविलस्वर्णशिलाविलासः, परिज्वलन् मेरुरिवौषधीभिः ।।४१७।।

શ્લોકાર્થ :-

જરાથી જીર્ણ પણ આ=મહામોહ, સ્વતેજથી આની દૃઢ ગાત્રયષ્ટિવાળો=

અવિદ્યાના તેજથી દૃઢ શરીરવાળો, મરતો નથી. જેમ ઔષધિઓથી અનાવિલ સ્વર્ણની શિલાના વિલાસવાળો મેરુ પરિજ્વલન દેખાય છે. તેમ મહામોહ પણ અવિદ્યાથી પરિજ્વલન દેખાય છે એમ અન્વય છે. ॥૪૧૭॥

શ્લોક :-

उत्पत्तिहेतुर्जगतोऽप्ययं यत्पितामहत्वं प्रथितं तदस्य ।
न लङ्घयन्त्येव निदेशमस्य, नागेन्द्रविद्याधरचन्द्ररुद्राः ॥४१८॥

શ્લોકાર્થ :-

જે કારણથી જગતની પણ ઉત્પત્તિનો હેતુ આ=મહામોહ છે, તે કારણથી આનું પિતામહપણું વિસ્તૃત છે. નાગેન્દ્ર, વિદ્યાધર, ચંદ્ર, રુદ્રો આની આજ્ઞાને=મહામોહની આજ્ઞાને, ઉલ્લંઘન કરતા નથી જ.

જગતમાં જે કોઈ જીવો જન્મે છે તે મહામોહરૂપ અજ્ઞાનને વશ જન્મે છે. આથી જ કેવલી અજ્ઞાન રહિત હોવાથી ફરી જન્મતા નથી. તેથી જગતના સર્વ જીવોની ઉત્પત્તિનો હેતુ મહામોહ છે. વળી, જગતમાં નાગેન્દ્ર આદિ સમર્થ પુરુષો છે તે પણ મહામોહની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં નથી. આથી જ મહામોહને વશ થઈને પુદ્ગલમાં સંશ્લેષ પામીને સંસારમાં પરિભ્રમણ કરે છે. **॥૪૧૮॥**

શ્લોક :-

असौ जगच्चक्रपरिभ्रमैकव्यापारविस्फारितवीर्यदण्डः ।
कुलालवत् कानि न चित्रकार्यभाण्डानि लीलाकलितस्तनोति ॥४१९॥

શ્લોકાર્થ :-

જગતના ચક્રના પરિભ્રમણ સ્વરૂપ એક વ્યાપારથી વિસ્ફારિત થયેલા વીર્યદંડવાળો લીલાથી કલિત આ=મહામોહ, કુલાલની જેમ=કુંભારની જેમ, અનેક પ્રકારના કયા કાર્યભાંડોને નથી વિસ્તારતો ?

જેમ કુંભાર માટીમાંથી અનેક પ્રકારનાં માટીનાં ભાજનો બનાવે છે તેમ જગતના જીવોમાં વર્તતો મહામોહ જગતના જીવોને પરિભ્રમણમાં વ્યાપારવાળો છે તેથી પોતાના વીર્યના દંડથી જીવોને નવા નવા ભવોની પ્રાપ્તિરૂપ અનેક કાર્યોને કરે છે. **॥૪૧૯॥**

શ્લોક :-

समुद्रकाञ्चीमपि दण्डवद् यः, प्रोल्लालयत्यात्मकरे निधाय ।
न सोऽपि कोपारुणयाऽस्य दृष्ट्या, पतन्तमात्मानमलं विधर्तुम् ।।४२०।।

શ્લોકાર્થ :-

જે પુરુષ દંડની જેમ સમુદ્રની મેખલાને પણ પોતાના કરમાં ગ્રહણ કરીને ઉલ્લસિત કરે છે=ફેરવે છે. તે પુરુષ પણ આની=મહામોહની, કોપરૂપી લાલ દૃષ્ટિથી પડતા એના પોતાના આત્માને ધારણ કરવા સમર્થ નથી.

કેટલાક મનુષ્યો બાહ્ય પરાક્રમ કરવામાં અત્યંત શૂરવીર હોય છે તેથી સમુદ્રની મેખલાને પણ હાથમાં ધારણ કરીને દંડની જેમ વિદ્યાદિના બળથી ફેરવે છે. તેવા પણ જીવો ઉપર મહામોહની કોપની દૃષ્ટિ વર્તે ત્યારે તેઓ તેનાથી પોતાના આત્માનું રક્ષણ કરીને અસંગભાવમાં જવા માટે સમર્થ બનતા નથી. **॥૪૨૦॥**

શ્લોક :-

अधिज्यधन्वा यदि बाणमेकं, प्रहर्तुमुज्झत्ययमिद्धकोपः ।
त्राणं तदा वज्रभृतोऽप्यसूनां, न पञ्जराद् वज्रमयादपि स्यात् ।।४२१।।

શ્લોકાર્થ :-

ઈદ્ધ કોપવાળો=પ્રજ્વલિત=અત્યંત કોપવાળો, આ=મહામોહ, પ્રહાર કરવાને માટે જો એક બાણ નાંખે છે, ત્યારે વજ્રમય પણ પંજરથી વજ્રને ધારણ કરનારાના પણ પ્રાણોનું ત્રાણ થાય નહીં.

જે જીવમાં મહામોહનો પરિણામ કોઈક નિમિત્તથી ઉત્કર્ષવાળો થયો હોય ત્યારે તે જીવ તપ-સંયમની ઉચિત ક્રિયા રૂપ વ્રજમય પંજરમાં પેસે અને મોહનાશ માટે વજ્ર જેવા જિનવચનનું દૃઢ અવલંબન લે તોપણ પોતાના આત્માનું રક્ષણ કરી શકતો નથી. જેમ નંદીષેણ મુનિ પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરવા અર્થે ભગવાનની આજ્ઞારૂપ વજ્રમય પંજરમાં પેઠા. આથી કામનો ઉદય ઊઠે છે ત્યારે તેના નિરોધ માટે સર્વ ઉચિત ઉપાયો સેવે છે અને દશ

પૂર્વના જ્ઞાનથી આત્માને સતત ભાવિત કરે છે. તેથી વજ્ર જેવું જિનવચન તેઓએ ધારણ કરેલું તોપણ બળવાન કર્મ તેમના આત્માને રક્ષણ આપવા સમર્થ બન્યું નહીં. **॥૪૨૧॥**

શ્લોક :-

बिभर्ति कुत्रापि महाबलस्य, न कश्चिदस्य प्रतिमल्लभावम् ।
चिक्षेप संभावितमेष शत्रुमसम्मितावर्त्तविवर्त्तगर्ते ।।४२२।।

શ્લોકાર્થ :-

મહાબલવાળા એવા આના=મહામોહના, પ્રતિમલ્લભાવને ક્યાંય પણ કોઈ ધારણ કરતું નથી. આણે=મહામોહે, સંભાવિત શત્રુને અસીમિત આવર્તના વિવર્તરૂપી ગર્તામાં ફેંક્યો છે.

જીવમાં વર્તતો અજ્ઞાનરૂપી મહામોહ મહાબલવાન હોય ત્યારે તેનો પ્રતિમલ્લભાવ કોઈ ધારણ કરતું નથી. આથી જ જીવ ચરમાવર્ત બહાર હોય કે ચરમાવર્તમાં આવેલ હોય અને મહાબલવાન અભેદ બુદ્ધિરૂપ અજ્ઞાન વર્તતું હોય ત્યારે તપ-સંયમની ક્રિયા કરે તોપણ મહામોહનો નાશ કરવા તે સમર્થ બનતો નથી. વળી મહામોહથી જેનો નાશ થઈ શકે એવા સંભાવિત શત્રુને મહામોહે ઇષ્ટ-અનિષ્ટના વિકલ્પોમાં નાંખ્યો. જેમ ઉપમિતિમાં બતાવેલ ચૌદપૂર્વધર એવા સિંહમુનિને માન-સન્માનના વિકલ્પોમાં નાંખીને મહામોહ નિગોદમાં લઈ જાય છે. **॥૪૨૨॥**

શ્લોક :-

एवं महामोहनृपो, वर्णितः पुरतस्तव ।
अधुना वर्णयाम्यस्य, परिवारं शृणु स्फुटम् ।।४२३।।

શ્લોકાર્થ :-

આ રીતે મહામોહરાજા તારી આગળ વર્ણન કરાયો. હવે આના પરિવારનું હું વર્ણન કરું છું. સ્પષ્ટ તું સાંભળ=પ્રકર્ષ સાંભળ. ।।૪૨૩।।

શ્લોક :-

परं वदन्तमित्थं मां, निश्चलाक्षो निरीक्षसे ।
बोधचिह्नं स्फुटं किंचिन्न धत्से किं न बुद्ध्यसे ?।।४२४।।

શ્લોકાર્થ :-

આ રીતે પરને કહેતા=ચિત્તવિક્ષેપ આદિ પરને કહેતા, મને નિશ્ચલ દૃષ્ટિવાળો તું=પ્રકર્ષ જુએ છે. સ્પષ્ટ કંઈ બોધચિહ્ન ધારણ કરતો નથી=તારા મુખ ઉપર બોધનું કંઈ ચિહ્ન દેખાતું નથી. શું કંઈ બોધ પામતો નથી. એ પ્રમાણે વિમર્શ પ્રકર્ષને કહે છે. ।।૪૨૪।।

શ્લોક :-

प्रकर्षः प्राह मा वादीरित्थं मातुल ! मां प्रति ।
तन्नास्ति यत्प्रसादात् ते, न बुद्ध्येऽहं परिस्फुटम् ।।४२५।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. હે મામા ! મારા પ્રત્યે આ પ્રમાણે=હું કંઈ બોધ પામતો નથી એ પ્રમાણે કહો નહીં. તમારા પ્રસાદથી તે નથી, જેને હું પરિસ્ફુટ જાણતો નથી.

તમારા પ્રસાદથી હું પરિસ્ફુટ જાણી શકું છું; કેમ કે બુદ્ધિની વિમર્શશક્તિથી બુદ્ધિનો પ્રકર્ષ તત્ત્વને યથાર્થ જાણવા સમર્થ બને છે. **।।૪૨૫।।**

શ્લોક :-

विमर्शः प्राह जानामि, स्फुटं त्वं बुद्ध्यसेऽखिलम् ।
हासस्त्वयं विनोदार्थं, तव भद्र ! मया कृतः ।।४२६।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. હું સ્પષ્ટ જાણું છું. તું અખિલને જાણે છે. હે ભદ્ર ! તારા વિનોદ માટે આ હાસ્ય મારા વડે કરાયું. ।।૪૨૬।।

શ્લોક :-

जानताऽपि त्वया किंच, मम हर्षप्रवृद्धये ।
विचारपूर्वकः कार्यः, प्रश्नः प्रस्तुतवस्तुनि ।।४२७।।

શ્લોકાર્થ :-

કેમ વિનોદ માટે વિમર્શે હાસ્ય કર્યું તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે. વળી જાણતા પણ તારા વડે=પ્રકર્ષ વડે, મારા હર્ષની વૃદ્ધિ માટે=વિમર્શના હર્ષની વૃદ્ધિ માટે, પ્રસ્તુત વસ્તુમાં વિચારપૂર્વક પ્રશ્ન કરવો જોઈએ. ।।૪૨૭।।

શ્લોક :-

श्रुतमात्रेण जिज्ञासा, पूरणीया च न त्वया ।
ऐदम्पर्यन्तु बोद्धव्यं, मा भूद् भौतकथाऽन्यथा ।।४२८।।

શ્લોકાર્થ :-

અને શ્રુત માત્રથી તારા વડે જિજ્ઞાસા પૂરવી જોઈએ નહીં પરંતુ ઐદંપર્ય જાણવું જોઈએ. અન્યથા=ઐદંપર્ય નહીં જાણવાથી ભૌતકથા ન થાવ.

ભૌતકથામાં ઐદંપર્ય વગરનો જેવો બોધ તે શિષ્યને હતો તેમ તને પણ ઐદંપર્ય વગરનો બોધ ન થાય માટે તારે પ્રશ્ન કરવા જોઈએ એમ વિમર્શ પ્રકર્ષને કહે છે. **।।૪૨૮।।**

શ્લોક :-

प्रकर्षः प्राह सा भौतकथा कथय कीदृशी ।
हृद्यभोज्ये प्रबन्धेऽस्मिन्, मध्ये तं शाकमर्पय ।।४२९।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. તે ભૌતકથા કેવા પ્રકારની છે તે તમે કહો. હૃદયને ભોજ્ય એવા આ પ્રબંધના મધ્યમાં તે શાકને અર્પણ કરો.

વિમર્શ સુંદર ભોજનની પ્રાપ્તિ જેવું ચિત્તવૃત્તિ અટવીનું વર્ણન કરે છે જે પ્રકર્ષને અત્યંત પ્રીતિ કરનારું છે. તેવા ભોજનમાં સુંદર શાક જેવી ભૌતકથાને

કહીને તે ભોજનને અતિશય મધુર કરો એ પ્રકારે પ્રકર્ષ વિમર્શને કહે છે. ॥૪૨૯॥

શ્લોક :-

विमर्शः प्राह तां भद्र !, कथां शृणु परिस्फुटाम् ।
बधिरोऽस्ति क्वचिद् भौताचार्यो नाम्ना सदाशिवः ।।४३०।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે. હે ભદ્ર ! પરિસ્ફુટ એવી તે કથાને તું સાંભળ. કોઈક બધિર ભૌતાચાર્ય નામનો સદાશિવ છે. ।।૪૩૦।।

શ્લોક :-

केनचिज्जरसा जीर्णः, प्रोक्तोऽसौ हस्तसंज्ञया ।
धूर्तेन हासशीलेन, नोपेक्ष्यो व्याधिरेष ते ।।४३१।।

શ્લોકાર્થ :-

કોઈક ધૂર્ત એવા હાસશીલ વડે હસ્તસંજ્ઞાથી જરા વડે જીર્ણ આ= ભૌતાચાર્ય, કહેવાયો. શું કહેવાયો તે કહે છે. તારો આ વ્યાધિ= બહેરાપણાનો વ્યાધિ, ઉપેક્ષ્ય નથી. ।।૪૩૧।।

શ્લોક :-

यन्नीतिः—
"विषं गोष्ठी दरिद्रस्य, जन्तोः पापरतिर्विषम् ।
विषं परे रता भार्या, विषं व्याधिरुपेक्षितः" ।।४३२।।

શ્લોકાર્થ :-

જે કારણથી નીતિ છે. તે નીતિ જ બતાવે છે. દરિદ્રને વાતો વિષ છે=ધનપ્રાપ્તિ સિવાયની નિરર્થક વાતો વિષ છે. જીવને પાપની રતિ વિષ છે. પરપુરુષમાં રમતી પત્ની વિષ છે. ઉપેક્ષિત વ્યાધિ વિષ છે. એ પ્રમાણે ધૂર્તે કહ્યું. ॥૪૩૨॥

શ્લોક :-

आग्रहोऽयं महाँस्तस्याभिनिविष्टो मनस्यथ ।
ततः शान्तिशिवं प्राह, निजशिष्यमसौ स्फुटम् ।।४३३।।

શ્લોકાર્થ :-

હવે તેના મનમાં=સદાશિવના મનમાં, આ મહાન આગ્રહ=મારે વ્યાધિનું ઔષધ કરવું જોઈએ એ મહાન આગ્રહ અભિનિવેશ પામ્યો. તેથી નિજશિષ્ય એવા શાંતિશિવ પ્રત્યે આને=સદાશિવે, સ્પષ્ટ કહ્યું. ।।૪૩૩।।

શ્લોક :-

गच्छ त्वं वैद्यभवने, मद्बाधिर्यस्य भेषजम् ।
गृहीत्वा तूर्णमागच्छ, मा भूद् वृद्धिर्विलम्बतः ।।४३४।।

શ્લોકાર્થ :-

તું વૈદ્યભવનમાં જા. મારા બધિરપણાનું ઔષધ ગ્રહણ કરીને શીઘ્ર આવ. વિલંબથી=ઔષધિના વિલંબથી, વૃદ્ધિ ન થાવ=રોગની વૃદ્ધિ ન થાવ. ।।૪૩૪।।

શ્લોક :-

गतोऽसौ वैद्यभवने, गुर्वाज्ञैकवशम्वदः ।
दृष्टो वैद्यः स च तदा, स्वपुत्रं शिक्षयन् स्थितः ।।४३५।।

શ્લોકાર્થ :-

ગુરુઆજ્ઞામાં એકવશ એવો આ=શાંતિશિવ, વૈદ્યભવનમાં ગયો. વૈદ્યને જોયો. અને તે=વૈદ્ય, ત્યારે સ્વપુત્રને શિક્ષા આપતો રહેલો હતો. ।।૪૩૫।।

શ્લોક :-

निषिद्धोऽपि चिरं क्रीडां, कृत्वाऽसावागतो गृहे ।
वैद्यः क्रोधान्धधी रज्जुं, दृढां लात्वा बबन्ध तम् ।।४३६।।

શ્લોકાર્થ :-

નિષેધ કરાયેલો પણ=વૈદ્ય દ્વારા નિષેધ કરાયેલો આ=પુત્ર, લાંબો સમય ક્રીડા કરીને ઘરમાં આવેલો. ક્રોધમાં અંધ બુદ્ધિવાળા વૈદ્યે દૃઢ રજ્જુને લાવીને તેને બાંધ્યો=પુત્રને બાંધ્યો. ॥૪૩૬॥

શ્લોક :-

निर्दयं ताडयामास, रटन्तं लकुटैः कटु ।
तदा शान्तिशिवः प्राह, किमेनं ताडयस्यहो ।।४३७।।

શ્લોકાર્થ :-

અત્યંત રડતા એવા પુત્રને લકુટોથી=લાકડીથી, નિર્દય મારવા લાગ્યો. ત્યારે શાંતિશિવ કહે છે. અહો, કેમ આને મારો છો ? ॥૪૩૭॥

શ્લોક :-

वैद्यः प्राह शृणोत्येष, पापात्मा न कथञ्चन ।
ततोऽहं ताडयाम्येनमेतद्बाधिर्यशान्तये ।।४३८।।

શ્લોકાર્થ :-

વૈદ્ય કહે છે આ પાપાત્મા કોઈ રીતે સાંભળતો નથી. તેથી હું આના બાધિર્યની શાંતિ માટે આને=પુત્રને, મારું છું.

મારું સાંભળતો નથી એ રૂપ એના બહેરાપણાની શાંતિ માટે હું આને મારું છું. **॥૪૩૮॥**

શ્લોક :-

लग्ना भार्या करेऽस्याथ, वैद्यस्य विनिवारणे ।
स प्राह नैव मोच्योऽयमद्यापि न शृणोति यः ।।४३९।।

શ્લોકાર્થ :-

હવે આ વૈદ્યના હાથમાં ભાર્યા નિવારણમાં લાગી. તે=વૈદ્ય, કહે છે. આ હજી પણ મોચ્ય નથી જ. જે સાંભળતો નથી. ॥૪૩૯॥

શ્લોક :-

गच्छेतस्त्वं गतिर्नो चेत् तवापीयं भविष्यति ।
इत्थं निवार्यमाणाऽपि, लग्ना सा तेन ताडिता ।।४४०।।

શ્લોકાર્થ :-

અહીંથી તું જા. જો ગતિ નથી=જો તું અહીંથી અન્યત્ર જઈશ નહીં તો તારી પણ આ=સ્થિતિ થશે. આ રીતે નિવારણ પણ કરાતી લાગેલી=પુત્રના નિવારણ માટે વૈદ્યના બાહુમાં લાગેલી, તે=પત્ની, તેના વડે=વૈદ્ય વડે, તાડન કરાઈ. ।।૪૪૦।।

શ્લોક :-

ततः शान्तिशिवो दध्यौ, ज्ञातं भट्टारकौषधम् ।
प्रश्नेन किं बहिर्वाचां, निर्गमश्रमकारिणा ।।४४१।।

શ્લોકાર્થ :-

તેથી શાંતિશિવે વિચાર કર્યો. ભટ્ટારકનું ઔષધ=ગુરુનું ઔષધ, જણાયું. નિર્ગમના શ્રમને કરનારા બહિર્વાચાના પ્રશ્ન વડે શું ?=વૈદ્યને ઔષધ પૂછવાનું બાહ્ય વાણીના પ્રશ્ન કરવા વડે કોઈ પ્રયોજન નથી; કેમ કે વૈદ્યની પ્રવૃત્તિથી ઔષધ જણાયું છે. ।।૪૪૧।।

શ્લોક :-

निर्गत्यासौ ततस्तूर्णं, माहेश्वरगृहं गतः ।
याचिता तेन रज्जुश्च, तैर्नातिपरुषाऽर्पिता ।।४४२।।

શ્લોકાર્થ :-

ત્યાંથી નીકળીને=વૈદ્યના ગૃહથી નીકળીને, આ=શાંતિશિવ, શીઘ્ર માહેશ્વરના ઘરમાં ગયો અને તેના વડે રજ્જુ યાચના કરાઈ. તેઓ વડે અતિ પરુષ રજ્જુ અર્પિત કરાઈ નહીં=મજબૂત રજ્જુ અર્પિત કરાઈ નહીં. ।।૪૪૨।।

શ્લોક :-

ततः शान्तिशिवः प्राह, नानया मे प्रयोजनम् ।
रज्ज्वा ममातिपारुष्यशालिन्याऽस्ति प्रयोजनम् ।।४४३।।

શ્લોકાર્થ :-

તેથી શાંતિશિવ કહે છે. આનાથી=અતિ અપરુષ એવી રજ્જુથી મને પ્રયોજન નથી. મને અતિપરુષશાળી એવી રજ્જુથી પ્રયોજન છે. ।।૪૪૩।।

શ્લોક :-

ततो माहेश्वरैस्तस्मै, तादृशी रज्जुरर्पिता ।
पृष्टं च तैः किमनया, कार्यं भट्टारकास्ति ते ।।४४४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેને=શાંતિશિવને, માહેશ્વરો વડે તેવી રજ્જુ અપાઈ. તેઓ વડે=માહેશ્વર વડે, પુછાયું. હે ભટ્ટારક ! આના વડે=રજ્જુ વડે, તને શું કાર્ય છે ? ।।૪૪૪।।

શ્લોક :-

स प्राह कार्यमनया, सदाशिवमहात्मनाम् ।
सुगृहीताभिधानानामित्युक्त्वाऽसौ गतो मठे ।।४४५।।

શ્લોકાર્થ :-

તે કહે છે. સુગૃહીત નામવાળા સદાશિવ મહાત્માનું આના વડે= આ રજ્જુ વડે, કાર્ય છે. એ પ્રમાણે કહીને આ=શાંતિશિવ, મઠમાં ગયો. ।।૪૪૫।।

શ્લોક :-

तत्र दृष्ट्वा गुरुं चक्रे, वक्त्रं भ्रूभङ्गभीषणम् ।
बद्ध्वा स्तम्भे च तं रज्ज्वाऽताडयल्लकुटैर्दृढम् ।।४४६।।

શ્લોકાર્થ :-

ત્યાં=મઠમાં, ગુરુને જોઈને ભ્રૂભંગથી ભીષણ એવા મુખને કર્યું અને સ્તંભમાં રજ્જુથી તેને બાંધીને લાકડીઓ વડે દૃઢ મારવા લાગ્યો. ।।૪૪૬।।

શ્લોક :-

बद्धारार्टि स तं रेजे, निघ्नन् भ्रूभङ्गभीषणः ।
क्षेत्रपाल इवाकृष्टः, शाकिनीं विनिवारयन् ।।४४७।।

શ્લોકાર્થ :-

શાકિનીને નિવારણ કરતા આકૃષ્ટ એવા ક્ષેત્રપાલની જેમ તે=શાંતિશિવ બદ્ધ આરાટિવાળા તેને=બૂમો પાડતા એવા સદાશિવને, મારતો ભ્રૂભંગથી ભીષણ શોભવા લાગ્યો. ।।૪૪૭।।

શ્લોક :-

ऐयुर्माहेश्वरास्तत्र, प्रतिकारदिदृक्षवः ।
दृष्टः शान्तिशिवो बाढं, ताडयंस्तैः सदाशिवम् ।।४४८।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે મઠમાં, પ્રતિકારને જોવાની ઈચ્છાવાળા માહેશ્વરો આવ્યા= સદાશિવના બાધિર્યના પ્રતિકારને જોવાની ઈચ્છાવાળા માહેશ્વરો આવ્યા. તેઓ વડે સદાશિવને અત્યંત તાડન કરતો શાંતિશિવ જોવાયો. ।।૪૪૮।।

શ્લોક :-

तैरुक्तं किं करोष्येतत्, स प्राह न शृणोत्ययम् ।
पापात्मा तेन हन्म्येनं श्रोष्यत्यस्मात् किलौषधात् ।।४४९।।

શ્લોકાર્થ :-

તેઓ વડે કહેવાયું=માહેશ્વરો વડે કહેવાયું. આ શું કરે છે ? તે= શાંતિશિવ કહે છે. આ પાપાત્મા સાંભળતો નથી. તે કારણથી આને= સદાશિવને મારું છું. ખરેખર આ ઔષધથી સાંભળશે. ।।૪૪૯।।

શ્લોક :-

महाक्रन्दमथ प्राणवंशस्फोटरवोपमम् ।
सदाशिवगिरिस्तेने, दयां माहेश्वरा ययुः ।।४५०।।

શ્લોકાર્થ :-

હવે સદાશિવરૂપી પર્વત પ્રાણના વાંસડાના સ્ફોટના અવાજની ઉપમાવાળા મહાઆક્રંદને વિસ્તારે છે. માહેશ્વરો દયાને પામ્યા. ||૪૫૦||

શ્લોક :-

तं मोचयितुमीषुस्ते, न चायं स्म निवर्तते ।
प्रत्युताभ्युत्थितो हन्तुं, लग्नास्तान् विनिवारणे ।।४५१।।

શ્લોકાર્થ :-

તેને=સદાશિવને, મુકાવવા માટે તેઓ=માહેશ્વરો, આવ્યા અને આ= શાંતિશિવ નિવર્તન પામ્યો નહીં. ઊલટો નિવારણમાં લગ્ન એવા તેઓને= માહેશ્વરોને, હણવા માટે ઉત્થિત થયો. ||૪૫૧||

શ્લોક :-

बबन्धुस्तेऽथ सम्भूय, ग्रहाविष्टमवेत्य तम् ।
राक्षसान्मोचयामासुस्तस्मात् पूज्यं सदाशिवम् ।।४५२।।

શ્લોકાર્થ :-

હવે એકઠા થઈને તેઓએ=માહેશ્વરોએ, ગ્રહથી આવિષ્ટ એવા તેને જાણીને=શાંતિશિવને જાણીને, બાંધ્યો, તે રાક્ષસથી પૂજ્ય એવા સદાશિવને છોડાવ્યા. ||૪૫૨||

શ્લોક :-

बद्धोऽपि प्रललापासौ, किमहं भवतां गिरा ।
औषधं न करिष्यामि, गुरोः स्वस्य हितेच्छया ।।४५३।।

શ્લોકાર્થ :-

બંધાયેલો પણ આ=શાંતિશિવ બોલ્યો. તમારી વાણીથી શું હું પોતાના ગુરુના હિતની ઇચ્છાથી ઔષધ નહીં કરીશ અર્થાત્ અવશ્ય કરીશ. ।।૪૫૩।।

શ્લોક :-

वैद्यस्य वचसैवाहं, तस्य स्थास्यामि नान्यथा ।
समाहूतस्ततो वैद्यो, वृत्तान्तश्च निवेदितः ।।४५४।।

શ્લોકાર્થ :-

તે વૈધના વચનથી જ હું રહીશ. અન્યથા નહીં. ત્યારપછી વૈધ બોલાવાયો અને વૃત્તાંત નિવેદન કરાયો. ।।૪૫૪।।

શ્લોક :-

प्राह सोऽथ हसन्नन्तर्बधिरो नाऽऽर्य ! मत्सुतः ।
शास्त्रार्थश्रवणालस्यान्मया रोषात् स ताडितः ।।४५५।।

શ્લોકાર્થ :-

હવે મનમાં હસતો એવો તે=વૈધ, બોલ્યો. હે આર્ય ! મારો પુત્ર બધિર નથી. શાસ્ત્રાર્થશ્રવણના આળસને કારણે રોષથી મારા વડે તે= પુત્ર, તાડન કરાયો. ।।૪૫૫।।

શ્લોક :-

जातस्तव प्रभावाच्च, स्वस्थो भट्टारको ह्ययम् ।
त्वयेदमौषधं तस्मान्न कर्तव्यमतः परम् ।।४५६।।

શ્લોકાર્થ :-

અને તારા પ્રભાવથી=શાંતિશિવના મારવાના પ્રભાવથી, આ ભટ્ટારક સ્વસ્થ થયો છે. તે કારણથી હવે પછી તારા વડે આ ઔષધ કરવું જોઈએ નહીં. એ પ્રમાણે શાંતિશિવને વૈધે કહ્યું. ।।૪૫૬।।

શ્લોક :-

विनिवृत्तग्रहावेशः, शान्तिकाद् वैद्यभाषितात् ।
शान्तिं शान्तिशिवो भेजे, मुक्तो माहेश्वरैरथ ।।४५७।।

इति भौतकथानिका ।।

શ્લોકાર્થ :-

વૈધથી કહેવાયેલાં શાંતિને કરનારાં વચનોથી વિનિવૃત્તગ્રહના આવેશવાળો શાંતિશિવ શાંતિને પામ્યો. હવે માહેશ્વરો વડે મુકાયો. ।।૪૫૭।।

શ્લોક :-

श्रुतमात्रग्रहादित्थमसमञ्जसकारिता ।
भवेत् शान्तिशिवस्येव, तदित्थं प्रेर्यसे मया ।।४५८।।

શ્લોકાર્થ :-

આ રીતે=ભૌતકથામાં શાંતિશિવે જે પ્રમાણે વૈધનું શ્રુત માત્ર ગ્રહણ કરીને ગુરુની ભક્તિ કરી એ રીતે, શ્રુત માત્રના ગ્રહણથી અસમંજસ-કારિતા શાંતિશિવની જેમ થાય. તે કારણથી આ રીતે મારા વડે=વિમર્શ વડે, તું=પ્રકર્ષ, પ્રેરણા કરાય છે.

જેઓ શાસ્ત્રવચનોના અર્થો તાત્પર્યને સમજ્યા વગર શ્રુત માત્રથી ગ્રહણ કરે છે તેઓ શાંતિશિવની જેમ પરમગુરુની ભક્તિ કરીને અસમંજસકારી થાય છે.

જેમ શાંતિશિવે અસમંજસ રીતે ગુરુની ભક્તિ કરી તેમ પરમગુરુની અસમંજસભક્તિ કરનારા થાય છે. **।।૪૫૮।।**

શ્લોક :-

पदवाक्यमहावाक्यतात्पर्यैरर्थसङ्गतिः ।
तात्पर्यार्थोऽत्र बलवान्, शेषास्तन्मुखवीक्षिणः ।।४५९।।

શ્લોકાર્થ :-

પદ, વાક્ય, મહાવાક્યના તાત્પર્યથી અર્થની સંગતિ છે. અહીં=પરમગુરુના વચનમાં તાત્પર્યાર્થ બલવાન છે. શેષ=પદ, વાક્ય, મહાવાક્ય

રૂપ શેષ ત્રણ તેના મુખને જોનારા છે=ઐદંપર્યના મુખને જોનારા છે.

ભગવાનના વચનના તાત્પર્યને સામે રાખીને તેનો બોધ કરાવવા અર્થે પદનો અર્થ, વાક્યનો અર્થ અને મહાવાક્યનો અર્થ કરાય છે. તોપણ અર્થની સંગતિ ઐદંપર્યના બોધથી થાય છે. **॥૪૫૯॥**

શ્લોક :-

श्रुतमात्रग्रहस्तज्ज्ञैः, शत्रूत्थानसमः स्मृतः ।
क्रमिकार्थग्रहोद्बुद्धस्तात्पर्यार्थस्तु तज्जयः ।।४६०।।

શ્લોકાર્થ :-

તેના જાણનારાઓ વડે શ્રુત માત્રનું ગ્રહણ શત્રુના ઉત્થાન સમાન કહેવાયું છે. ક્રમિક અર્થના ગ્રહથી ઊઠેલો તાત્પર્યાર્થ વળી તેનો જય છે=શત્રુના ઉત્થાનનો જય છે.

આ શ્લોકનો અર્થ ઉપદેશરહસ્ય શ્લોક-૧૫૯માં અત્યંત સ્પષ્ટ કરેલ છે તેથી અમારા કરાયેલા તેના ભાષાંતરથી અર્થનો નિર્ણય કરવો. **॥૪૬૦॥**

શ્લોક :-

पल्लवग्राहिभिर्मूढैः, शास्त्रार्थः को न लुप्यते ? ।
अन्धेभज्ञानगत्यांशे, पूर्णार्थारोपगर्वितैः ।।४६१।।

શ્લોકાર્થ :-

આંધળાઓ વડે હાથીના જ્ઞાનના બોધના અંશમાં પૂર્ણ અર્થના આરોપથી ગર્વિત એવા પલ્લવગ્રાહી મૂઢ જીવો વડે ક્યો શાસ્ત્રાર્થ લોપ કરાતો નથી=લોપ કરાય છે.

કેટલાક આંધળાઓ હાથીના વિષયમાં પૂછડું પકડીને હાથી પૂછડા જેવો છે, કેટલાક આંધળાઓ પગને ગ્રહણ કરીને થાંભલા જેવો છે ઇત્યાદિ અંશમાં બોધ કરીને અમે પૂર્ણ હાથીને જાણીએ છીએ એ પ્રકારના ગર્વિત હતા. આથી હાથીના એક અંશરૂપ પલ્લવને ગ્રહણ કરીને પરસ્પર હાથીના વિષયમાં વિવાદ કરતા હતા. તેની જેમ એકાંતવાદી મૂઢ વડે કયા શાસ્ત્રાર્થનો લોપ કરાતો નથી=બધા શાસ્ત્રાર્થનો લોપ કરાય છે. **॥૪૬૧॥**

શ્લોક :-

सन्तोष्टव्यमतो भद्र, श्रुतमात्रेण न त्वया ।
रसस्तात्त्विक आस्वाद्यः, प्रश्नचर्वणया मुहुः ।।४६२।।

શ્લોકાર્થ :-

આથી=પલ્લવગ્રાહી જીવોથી શાસ્ત્રાર્થનો લોપ થાય છે આથી, હે ભદ્ર પ્રકર્ષ ! શ્રુતમાત્રથી=મારા દ્વારા કહેવાયેલા ચિત્તવિક્ષેપમંડપ આદિના સાંભળવા માત્રથી, તારા વડે સંતોષી થવું જોઈએ નહીં. પ્રશ્નના ચર્વણથી વારંવાર તાત્ત્વિક રસનું આસ્વાદન કરવું જોઈએ. ।।૪૬૨।।

શ્લોક :-

प्रकर्षः प्राह यद्येवं, ततो ज्ञातं मयाऽखिलम् ।
महानद्यादिवस्तूनां, भेदस्तु परिपृच्छ्यते ।।४६३।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. જો આ પ્રમાણે છે=મારે પ્રશ્નથી તાત્ત્વિક રસનો આસ્વાદ લેવો જોઈએ એ પ્રમાણે છે તો, મારા વડે અખિલ જ્ઞાત છે. વળી, મહાનધાદિ વસ્તુનો ભેદ પુછાય છે.

વિમર્શે જે મહાનદી, પુલિન, ચિત્તવિક્ષેપ આદિ બતાવ્યાં તે બધા વચ્ચે નિપુણપ્રજ્ઞાથી પ્રકર્ષને અભેદ દેખાયો. છતાં વિમર્શે જે પ્રકારે વર્ણન કર્યું તેને અનુસાર કંઈક ભેદ પણ દેખાયો. તોપણ વિશેષ નિર્ણય અર્થે પ્રકર્ષ વિમર્શને કહે છે કે તે સર્વમાં અભેદ દેખાય છે માટે પરમાર્થથી તે સર્વમાં ભેદ શું છે ? તે પુછાય છે. **।।૪૬૩।।**

શ્લોક :-

ततः प्रोक्तो विमर्शेन, तेषां भेदार्थविस्तरः ।
नरवाहनराजोऽपि, तं पप्रच्छ विचक्षणम् ।।४६४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિમર્શ વડે તેના ભેદના અર્થનો વિસ્તાર કહેવાયો. નરવાહન રાજાએ પણ વિચક્ષણને તેને=નધાદિના ભેદને, પૂછ્યું. ।।૪૬૪।।

શ્લોક :-

तेनापि तस्य राजेन्दोर्भावार्थः प्रतिबोधितः ।
अथागृहीतसङ्केता, पप्रच्छ भवजन्तवे ।।४६५।।

શ્લોકાર્થ :-

તેના વડે પણ=વિચક્ષણસૂરિ વડે પણ, તે રાજઈન્દુને=નરવાહન રાજાને, ભાવાર્થ પ્રતિબોધ કરાયો. હવે અગૃહીતસંકેતાએ ભવજંતુને પૂછ્યું.

પ્રકર્ષે વિમર્શને મહાનદ્યાદિ વસ્તુનો ભેદ પૂછ્યો. તેથી વિમર્શે તે ભેદોનો અર્થ વિસ્તારથી કહ્યો. શું કહ્યો તે ગ્રંથકારશ્રીએ બતાવેલ નથી અને વિચક્ષણસૂરિ નરવાહન રાજાને આ સર્વ કથન કરી રહ્યા છે તેથી તે વચન સાંભળીને નરવાહન રાજાએ વિચક્ષણસૂરિને મહાનદી આદિનો ભેદ વિસ્તારથી પૂછ્યો. તેથી વિચક્ષણસૂરિએ તે રાજાને નદી આદિનો ભેદ વિસ્તારથી બતાવ્યો. શું બતાવ્યો તે પણ ગ્રથંકારશ્રીએ સ્પષ્ટ કરેલ નથી. પરંતુ આ સાંભળીને અગૃહીતસંકેતાએ ભવજંતુને પૂછ્યું. શું પૂછ્યું તે બતાવે છે. જેનાથી મહાનદી આદિનો ભેદ સ્પષ્ટ થશે. **॥૪૬૫॥**

શ્લોક :-

महानद्यादिवस्तूनां, वाच्यो भेदस्त्वयाऽपि मे ।
तेषां प्रातिस्विकं रूपं, न जानाम्यहमप्यहो ।।४६६।।

શ્લોકાર્થ :-

મહાનદી આદિ વસ્તુનો ભેદ તારા વડે પણ=અનુસુંદર ચક્રવર્તી વડે પણ, મને કહેવાવો જોઈએ. ખરેખર હું પણ તેઓનું પૃથક્ રૂપ જાણતી નથી. ।।૪૬૬।।

શ્લોક :-

प्राह संसारिजीवोऽथ, स्पष्टदृष्टान्तमन्तरा ।
दुर्बोधोऽयं त्वया भद्रे !, तद् दृष्टान्तं वदाम्यहम् ।।४६७।।

શ્લોકાર્થ :-

હવે સંસારી જીવ કહે છે. હે ભદ્રા અગૃહીતસંકેતા ! આ=મહાનધાદિ વસ્તુનો ભેદ સ્પષ્ટ દૃષ્ટાંત વગર તારા વડે દુર્બોધ છે=અશક્યબોધવાળો છે. તે કારણથી હું દૃષ્ટાંત કહું છું. ॥૪૬૭॥

શ્લોક :-

अस्त्यनादिर्नृपादित्यो, नगरे भुवनोदरे ।
प्रिया च संस्थितिस्तस्य, पुत्रो वेल्लहलाभिधः ।।४६८।।

શ્લોકાર્થ :-

ભુવન ઉદરરૂપ નગરમાં રાજામાં સૂર્ય એવો અનાદિ રાજા છે. અને તેની સંસ્થિતિ નામની પ્રિયા છે. વેલ્લહલ નામનો પુત્ર છે.

અનાદિરાજા અને સંસ્થિતિરાણીના યોગથી વેલ્લહલ નામનો કર્મવાળો જીવ પુત્રરૂપે છે. તેથી એ પ્રાપ્ત થાય કે અનાદિની આ પ્રકારની વ્યવસ્થા જ છે કે કર્મવાળો જીવ પુદ્ગલોના ખાવાના સ્વભાવવાળો વર્તે છે માટે વેલ્લહલ છે. **॥૪૬૮॥**

શ્લોક :-

स चाहारप्रियो बाढं, खादन्नास्ते दिवानिशम् ।
ततो जातं महाजीर्णमन्तर्लीनो महाज्वरः ।।४६९।।

શ્લોકાર્થ :-

અને તે=વેલ્લહલ નામનો પુત્ર અત્યંત આહારપ્રિય દિવસ-રાત સ્વાદ કરતો રહે છે. તેથી મહા અજીર્ણવાળું અંદરમાં લીન મહાજ્વર થયું.

અનાદિ સંસ્થિતિથી કર્મવાળો જીવ ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાની વૃત્તિવાળો છે તેથી દરેક ભવોમાં સતત ભોગો કરે છે. અને ભોગો કરવાને કારણે તેના આત્મામાં કર્મસંચયરૂપ મહાજીર્ણ થયું છે જેના કારણે આત્મામાં લીન એવો *ભોગોની કામનાઓરૂપ મહાજ્વર તેનામાં વર્તે છે.* ***॥૪૬૯॥***

શ્લોક :-

नैवाहाराभिलाषोऽस्य, तथापि परिहीयते ।
जातोद्याने जिगमिषा, भक्ष्यभेदाश्च कारिताः ।।४७०।।

શ્લોકાર્થ :-

તોપણ=મહાઅજીર્ણ અને અંતર્લીન મહાજ્વર છે તોપણ, આને= વેલ્લહલનો, આહારનો અભિલાષ=પાંચ ઈન્દ્રિયોના વિષયોના ગ્રહણનો અભિલાષ, ક્ષીણ થતો નથી જ. ઉદ્યાનમાં જવાની ઈચ્છા થઈ. અને ભક્ષ્યના ભેદો કરાવાયા.

સંસારી જીવોને પાંચ ઇન્દ્રિયોના વિષયોનો અભિલાષ કર્મરૂપ અજીર્ણ થવા છતાં ક્ષય પામતો નથી. પરંતુ તે તે સામગ્રીને પામીને ભોગવિલાસ કરવાની ઇચ્છા ઉદ્યાનમાં જવાની ઇચ્છાતુલ્ય થાય છે અને સંયોગાનુસાર ભોગસામગ્રી એકઠી કરે છે. **॥૪૭૦॥**

શ્લોક :-

पश्यतस्तान् प्रववृधे, लौल्यं तेन प्रणोदितः ।
स्तोकस्तोकं स बुभुजे, ततो मित्रगणान्वितः ।।४७१।।

શ્લોકાર્થ :-

તેના વડે પ્રેરણા કરાયેલ=થયેલા ભક્ષ્યના ભેદોથી પ્રેરણા કરાયેલ, તેઓને જોતા એવા વેલ્લહલનું લૌલ્ય વધ્યું. તેથી=વિષયોમાં લૌલ્ય વધ્યું તેથી, મિત્રગણોથી યુક્ત એવો તે=વેલ્લહલ, થોડા થોડાને=થોડા થોડા આહારને, ખાય છે.

તે વેલ્લહલને જેમ ખાવામાં ગાઢ આસક્તિ છે તેથી જ્વર હોવા છતાં અને અજીર્ણ હોવા છતાં થયેલા ભોજનને જોઈને થોડું થોડું ખાય છે તેમ સંસારી જીવો વિષયોને જોઈને શક્તિ અનુસાર તેને ભોગવવાનો પ્રયત્ન કરે છે. **॥૪૭૧॥**

શ્લોક :-

गतो मनोरमोद्याने, निविष्टोऽथ सुखासने ।
अपश्यदाहृतं भोज्यं, वायुस्पर्शादिना ततः ।।४७२।।

શ્લોકાર્થ :-

હવે મનોરમ ઉદ્યાનમાં ગયો. સુખાસનમાં બેઠો. ત્યારપછી વાયુસ્પર્શાદિ દ્વારા લવાયેલું ભોજ્ય જોયું.

સુખાસને બેસ્યા પછી ભોજનની સુગંધ આવતી હતી. તેથી ભોજનની સુગંધથી ભોજનને જોયું. **॥૪૭૨॥**

શ્લોક :-

प्रवृद्धोऽन्तर्ज्वरस्तस्य, समयज्ञो भिषग्वरः ।
कुमारं ज्वरितं ज्ञात्वा, प्रयत्नेन न्यवारयत् ।।४७३।।

શ્લોકાર્થ :-

તેનો અંતરંગ જ્વર પ્રવૃત્ત થયો. સમયજ્ઞ એવા વૈદ્યે કુમારને જ્વરિત જાણીને પ્રયત્નથી અટકાવ્યો.

સંસારી જીવોને વિષયોને જોઈને અત્યંત લાલસા થાય છે તેથી ભોગની ઇચ્છારૂપ જ્વર વધે છે. ત્યારે વૈદ્ય જેવા તત્ત્વના જાણનારા યોગી પુરુષો તેને પ્રયત્નથી વારણ કરે છે.

ભોગથી ક્યારેય ભોગની શાંતિ થશે નહીં. પરંતુ ભોગની ઇચ્છારૂપ જ્વર વધશે. માટે ભોગનો ત્યાગ કરીને ભાવઆરોગ્યમાં યત્ન કરો એમ ભાવવૈદ્યરૂપ સદ્ગુરુ ઉપદેશ આપે છે. **॥૪૭૩॥**

શ્લોક :-

आहाराद् विनिवर्तस्व, छन्नापवरके व्रज ।
लङ्घनानि कुरुष्वोच्चैरुदकं क्वथितं पिब ।।४७४।।

શ્લોકાર્થ :-

તું આહારથી નિવર્તન પામ. ઢંકાયેલા ઓરડામાં જા. લાંઘણો કર. અત્યંત ઉકાળેલું ઉદક=પાણી, પી.

જ્વરમાં જે પ્રકારે બાહ્ય ઉપચારો વૈદ્યે બતાવ્યા તે પ્રકારે સંસારી જીવોને પણ ભોગલાલસા ઘટે તેવી સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવાનો ભાવવૈદ્ય ઉપદેશ આપે છે. **॥૪૭૪॥**

શ્લોક :-

प्रतिक्रियामिमां सर्वां, यदि त्वं न करिष्यसि ।
भविता सन्निपातस्ते, तदा प्राणप्रयाणकृत् ।।४७५।।

શ્લોકાર્થ :-

જો તું આ સર્વ પ્રતિક્રિયા નહીં કરીશ તો તને પ્રાણના નાશને કરનાર સન્નિપાત થશે.

જ્વરના અતિશયમાં ઉચિત યત્ન ન કરવામાં આવે તો મૃત્યુ થાય છે તેમ ભાવરોગની પ્રતિક્રિયા ન કરવામાં આવે તો પ્રચુર કર્મના સંચયરૂપ સન્નિપાત થયાથી જીવ નરકાદિમાં જાય છે. **॥૪૭૫॥**

શ્લોક :-

लग्नं वेल्लहलस्वान्ते, भोज्यलोभान्न तद्वचः ।
अहितो वारयन् ज्ञातो, वैद्यो हस्ते लगन्नपि ।।४७६।।

શ્લોકાર્થ :-

વેલ્લહલના સ્વઅંતઃકરણમાં ભોજ્યના લોભને કારણે તેનું વચન= વૈદ્યનું વચન, લાગ્યું નહીં. હાથે લાગેલો પણ વારતો વૈદ્ય અહિત જણાયો.

ઇન્દ્રિયોના લાલસાવાળા જીવોને ભાવવૈદ્ય જેવા સદ્ગુરુઓ ઉપદેશાદિ દ્વારા વારતા હોય તોપણ તેઓને વચનો હિતકારી લાગતાં નથી. **॥૪૭૬॥**

શ્લોક :-

प्रवृत्तो भोक्तुमाहारं, पुरस्तस्य प्रसह्य सः ।
अजीर्णज्वरतीव्रत्वाद् गलरन्ध्रे ययौ न सः ।।४७७।।

શ્લોકાર્થ :-

તેની આગળ=વૈદ્યની આગળ, બળાત્કારે તે=વેલ્લહલ, આહાર ખાવા પ્રવૃત્ત થાય છે. અજીર્ણ જ્વરનું તીવ્રપણું હોવાથી તે=આહાર, ગળે ઊતર્યું નહીં.

ગાઢ આસક્તિવાળા જીવો ભોગવવાની બલવાન ઇચ્છા કરે છે તોપણ શરીરની અશક્તિને કારણે વિદ્યમાન પણ ભોગોને ભોગવી શકતા નથી. જેમ અજીર્ણ જ્વરને કારણે તેનો આહાર ગળામાં ઊતરતો નથી. **॥૪૭૭॥**

શ્લોક :-

प्रवेशितस्तथाऽप्यन्तस्तेनाहारः कियानपि ।
अभूत् ततोऽतिवमनं, मिश्रितं तेन भोजनम् ।।४७८।।

શ્લોકાર્થ :-

તોપણ તેના વડે કેટલોક પણ આહાર અંદરમાં પ્રવેશ કરાવાયો. તેથી અતિવમન થયું. તેનાથી ભોજન મિશ્રિત થયું. ॥૪૭૮॥

શ્લોક :-

ततो वेल्लहलो दध्यौ, नूनमूनं वपुर्मम ।
क्षुधया वायुनाऽऽक्रान्तं, सञ्जातं वमनं ततः ।।४७९।।

શ્લોકાર્થ :-

તેથી વેલ્લહલે વિચાર્યું. ખરેખર ક્ષુધાથી ઊન એવું મારું શરીર વાયુથી આક્રાંત છે તેથી વમન થયું.

સંસારી જીવો પણ વેલ્લહલની જેમ ભોગોથી અનેક ક્લેશો પામે છે તોપણ ભોગજન્ય તે ક્લેશ નથી. પરંતુ ભોગની અલ્પસામગ્રીજન્ય તે ક્લેશ છે તેમ માને છે. **॥૪૭૯॥**

શ્લોક :-

भोजनेन ततो रिक्तं, कोष्ठं सम्पूरयाम्यहम् ।
ध्यात्वेति वान्तिसम्मिश्रं, भोजनं भोक्तुमुद्यतः ।।४८०।।

શ્લોકાર્થ :-

તેથી ભોજનથી ખાલી ભરેલા ઉદરને હું ભરું એ પ્રમાણે વિચારીને વમનથી મિશ્ર એવા ભોજનને ખાવા માટે ઉદ્યત થયો. ॥૪૮૦॥

શ્લોક :-

समयज्ञोऽथ तद् दृष्ट्वा, पूच्चकारातिखेदवान् ।
न युक्तं तव देवेदं, श्वकाकादिविचेष्टितम् ।।४८१।।

શ્લોકાર્થ :-

હવે તેને જોઈને=વેલ્લહલને વમનમિશ્ર ભોજનને કરતાં જોઈને, અતિ ખેદવાળા એવા સમયજ્ઞે પોકાર કર્યો. હે દેવ ! કૂતરા, કાગડાદિથી વિચેષ્ટિત એવું આ તમને યુક્ત નથી. ।।૪૮૧।।

શ્લોક :-

राज्यं वपुश्च भोगांश्च, चन्द्रशुभ्रं यशोऽपि च ।
हारयस्याशु विष्टासाद्भाविना भोजनेन किम् ? ।।४८२।।

શ્લોકાર્થ :-

રાજ્ય, દેહ, ભોગો અને ચંદ્ર જેવા યશને પણ વિષ્ટાસાદ્ભાવી ભોજન વડે તું કેમ શીઘ્ર હારે છે.

વિષ્ટાતુલ્ય બાહ્ય ભોગો દ્વારા આત્માના પોતાના ગુણોનું સામ્રાજ્ય, આત્માના નિર્મળ સ્વરૂપ દેહ, આત્માની ગુણસંપત્તિરૂપ ભોગ અને આત્માના ચંદ્ર જેવા શુભ યશને પણ ભોગોમાં સંશ્લેષ પામેલા જીવો હારે છે. તેથી રાજપુત્ર જેવો તું કેમ સર્વને હારે છે એ પ્રકારનો ભાવ છે. **।।૪૮૨।।**

શ્લોક :-

न मेनेऽसौ वचस्तस्य, दध्यौ चैष विमूढधीः ।
न वेत्ति यो मत्प्रकृतिं, न रुचिं न हिताहितम् ।।४८३।।
भुञ्जानं वातपूर्णं यः, क्षुत्क्षामं मां निषेधति ।
न कार्यं तेन मूर्खेण, भोक्ष्ये भोज्यं यथारुचि ।।४८४।। युग्मम्।।

શ્લોકાર્થ :-

તેના=શાસ્ત્રના જાણનારાના, વચનને આ=વેલ્લહલ માનતો નથી. અને વિમૂઢ બુદ્ધિવાળા એવા આણે વિચાર્યું. જે મારી પ્રકૃતિને જાણતો

નથી, મારી રુચિને જાણતો નથી, મારા હિતાહિતને જાણતો નથી.

જે=જે સમયજ્ઞ, વાયુથી પૂર્ણ, ક્ષુધાથી ક્ષીણ એવા મને ભોગવતાં નિષેધ કરે છે. તે મૂર્ખ વડે મને કાર્ય નથી. યથારુચિ ભોજ્યને હું ખાઉં.

વેલ્લહલની જેમ ભોગની અસારતાને કહેનારા અને સંશ્લેષવાળા ભોગને નિષેધ કરનારા સુવૈદ્ય જેવા ઋષિઓનાં વચનો સંસારી જીવને રુચતાં નથી. તેથી તે ઋષિઓને મૂર્ખ જેવા માને છે. **॥૪૮૩-૪૮૪॥**

શ્લોક :-

ततोऽसौ बुभुजे भोज्यम्, सन्निपातमवाप च ।
जातो वमनबीभत्सः, काष्ठवन्नष्टचेतनः ।।४८५।।

શ્લોકાર્થ :-

તેથી આણે=વેલ્લહલે, ભોજ્યને=અશુચિવાળા ભોજનને, ખાધું અને સન્નિપાતને પામ્યો. વમનથી બીભત્સ કાષ્ઠની જેમ નષ્ટ ચેતનાવાળો થયો. ।।૪૮૫।।

શ્લોક :-

कुर्वन् घुरघुरारावं, विलुठन् वान्तिकर्दमे ।
स शोच्यामप्रतीकारां, दशां प्राप्तः सुदारुणाम् ।।४८६।।

શ્લોકાર્થ :-

વમનના કાદવમાં આળોટતો ઘુરઘુર અવાજને કરતો એવો તે અપ્રતીકારક એવી શોચ્ય સુદારુણ દશાને પામ્યો. ।।૪૮૬।।

શ્લોક :-

न त्रातुं तदवस्थं तं, समयज्ञो न बान्धवाः ।
नालं राज्यं न भोगाश्च, न देवासुरकिन्नराः ।।४८७।।

શ્લોકાર્થ :-

તદ્અવસ્થાવાળા એવા તેને રક્ષણ કરવા માટે સમયજ્ઞ સમર્થ નથી. બાંધવો સમર્થ નથી. રાજ્ય સમર્થ નથી. ભોગો સમર્થ નથી. દેવ,

અસુર અને કિન્નરો સમર્થ નથી.

વિષયોમાં ગાઢ આસક્ત જીવોને દુર્ગતિમાં પડતાં રક્ષણ કરવા માટે કોઈ સમર્થ નથી. **॥૪૮૭॥**

શ્લોક :-

अनन्तकालं तत्रैव, स्थातव्यं तेन पापिना ।
नद्यादिवस्तुभेदार्थं, दृष्टान्तोऽयं निवेदितः ।।४८८।।

શ્લોકાર્થ :-

તે પાપી વડે ત્યાં જ=અશુચિરૂપી કીચડમાં અનંતકાલ રહેવું જોઈએ. નદ્યાદિ વસ્તુના ભેદ માટે આ દૃષ્ટાંત નિવેદન કરાયું છે. ॥૪૮૮॥

શ્લોક :-

श्रुत्वाऽगृहीतसङ्केता, तद्विभ्रान्तमना जगौ ।
संसारिजीव ! किं पृष्टं, दत्तं किं चोत्तरं त्वया ।।४८९।।

શ્લોકાર્થ :-

સાંભળીને તદ્ વિભ્રાંત મનવાળી અગૃહીતસંકેતા બોલી=તે દૃષ્ટાંતને પોતાના પ્રશ્ન સાથે કઈ રીતે સંબંધ છે એના વિષયમાં વિભ્રાંત મનવાળી અગૃહીતસંકેતા બોલી. હે સંસારી જીવ ! શું પુછાયું અને તારા વડે શું ઉત્તર અપાયો. ॥૪૮૯॥

શ્લોક :-

नद्यादिवस्तुभेदार्थं, प्रश्नो हि विहितो मया ।
घटमानोपसंहारा तत्रोत्तरकथा न ते ।।४९०।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, નદ્યાદિ વસ્તુના ભેદ માટે મારા વડે=અગૃહીતસંકેતા વડે, પ્રશ્ન કરાયો. ત્યાં=મારા પ્રશ્નમાં, ઘટમાન ઉપસંહારવાળી તારી ઉત્તરકથા નથી.

પૂર્વમાં વિમર્શે સ્થૂલ દૃષ્ટિથી પ્રમત્તતા નદી, તેની રેતાળ જમીનરૂપ પુલિન, ત્યાં ચિત્તવિક્ષેપમંડપ, તેના ઉપર વિપર્યાસ સિંહાસન, તેના ઉપર મહામોહનો નિવેશ ઇત્યાદિ કહ્યું તોપણ બુદ્ધિમાન એવા પ્રકર્ષને તે પ્રમત્તતા નદી પ્રમાદરૂપ દેખાય છે, પુલિન પણ પ્રમાદરૂપ દેખાય છે. ચિત્તવિક્ષેપમંડપ પણ પ્રમાદરૂપ દેખાય છે, વિપર્યાસ સિંહાસન પણ પ્રમાદરૂપ દેખાય છે અને મહામોહાદિ પણ પ્રમાદરૂપ દેખાય છે. તેથી તેના ભેદની પૃચ્છા પ્રકર્ષ કરે છે અને તે જ પૃચ્છા નરવાહન રાજાએ પણ કરી અને તે જ પૃચ્છા સંસારી જીવને અગૃહીતસંકેતાએ કરી. તેના સમાધાનરૂપે સંસારી જીવે આ કથા કરી. તે સાંભળીને તેનો ભેદ તે કથામાં દેખાતો નથી. તેથી અગૃહીતસંકેતા કહે છે પ્રશ્નને અનુરૂપ આ ઉત્તર નથી. **॥૪૯૦॥**

શ્લોક :-

तेन प्रज्ञाविशालाऽथ, तद्दार्ष्टान्तिकयोजने ।
व्यापारिता स्फुटं प्राह, भावाभिज्ञमतल्लिका ।।४९१।।

શ્લોકાર્થ :-

હવે તેના દાર્ષ્ટાંતિક યોજનમાં તેના વડે=સંસારી જીવ વડે, પ્રજ્ઞાવિશાલા વ્યાપારવાળી કરાઈ. ભાવને જાણવામાં મતલ્લિકા=ભાવને જાણવામાં કુશળ એવી પ્રજ્ઞાવિશાલા સ્પષ્ટ કહે છે. ।।૪૯૧।।

શ્લોક :-

हेतुर्गूढस्य भावस्य, बोधे भावान्तरं ततम् ।
प्रकाश्यन्तेऽन्यमणयः, प्रभया हि महामणेः ।।४९२।।

શ્લોકાર્થ :-

ગૂઢભાવના બોધમાં વિસ્તૃત ભાવાંતર હેતુ છે. हि=જે કારણથી, મહામણિની પ્રભાથી અન્ય મણિઓ પ્રકાશન પામે છે.

પ્રમત્તતા નદી આદિના ભેદનું સ્વરૂપ ગૂઢભાવવાળું છે અને તેનો બોધ કરાવવા માટે વિસ્તૃત ભાવાંતર હેતુ છે. આથી જ સંસારી જીવે વેલ્લહલની કથા કરેલ છે. જેમ મહામણિની પ્રભાથી અંધકારમાં રહેલા અન્ય મણિઓ

દેખાય છે તેમ અંધકારમાં રહેલા ગૂઢભાવો વેલ્લહલની કથારૂપ ભાવાંતરથી જણાય છે. **॥૪૯૨॥**

શ્લોક :-

नद्यादिवस्तुभेदार्थं, प्रोक्ता ते तदियं कथा ।
पृथुभावमिह ज्ञात्वा, तत्र संयोजयोचितम् ।।४९३।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વિસ્તૃત ભાવાંતરથી ગૂઢભાવોનો બોધ થાય છે તે કારણથી, આ કથા તને નધાદિ વસ્તુના ભેદ માટે કહેવાઈ. ત્યાં= વેલ્લહલની કથામાં, ઉચિત પૃથુભાવને જાણીને અહીં=નધાદિમાં તું સંયોજન કર=અગૃહીતસંકેતા તું સંયોજન કર. આ પ્રકારે પ્રજ્ઞાવિશાલા કહે છે એમ અન્વય છે. ।।૪૯૩।।

શ્લોક :-

यस्ते वेल्लहलः प्रोक्तः, स हि जीवः सकर्मकः ।
अनादिसंस्थितिसुतः, संजातो भुवनोदरे ।।४९४।।

શ્લોકાર્થ :-

જે તને વેલ્લહલ કહેવાયો તે સકર્મવાળો જીવ અનાદિ અને સંસ્થિતિનો પુત્ર ભુવનઉદરમાં થયો.

અનાદિકાળથી જીવની કર્મયુક્ત સંસ્થિતિ છે તેના કારણે કર્મવાળો જીવ સંસારરૂપી ઉદરમાં થયો. **॥૪૯૪॥**

શ્લોક :-

मनुष्यभावमापन्नः, कथ्यतेऽसौ नृपाङ्गजः ।
चित्तवृत्तिमहाटव्यां, सन्ति मोहादयो भटाः ।।४९५।।

શ્લોકાર્થ :-

મનુષ્યભાવને પામેલો આ રાજાનો પુત્ર કહેવાય છે. ચિત્તરૂપી મહાટવીમાં મોહાદિ ભટો છે. ।।૪૯૫।।

શ્લોક :-

अज्ञानमात्मनो यावन्मिथ्यासृष्टौ प्रवर्तते ।
तेषां नद्यादिवस्तूनि, तावत् तस्यां भवन्ति हि ।।४९६।।

શ્લોકાર્થ :-

મિથ્યાસૃષ્ટિ હોતે છતે જ્યાં સુધી આત્માનું અજ્ઞાન પ્રવર્તે છે ત્યાં સુધી તેમાં=ચિત્તરૂપી અટવીમાં, નધાદિવસ્તુ તેઓની=મોહાદિ ભટોની, થાય છે. ।।૪૯૬।।

શ્લોક :-

आत्मज्ञाने तु नश्यन्ति, मोहाद्या रज्जुसर्पवत् ।
महानद्यादितल्लीलास्थाननाशस्तदा ध्रुवः ।।४९७।।

શ્લોકાર્થ :-

વળી, આત્મજ્ઞાન થયે છતે મોહાદિ ભટો રજ્જુના સર્પની જેમ નાશ પામે છે. ત્યારે મહાનધાદિરૂપ તેઓની લીલાના સ્થાનનો ધ્રુવ નાશ છે= મહાનદી આદિ મોહાદિની લીલાનું સ્થાન છે તેનો ધ્રુવ નાશ છે. ।।૪૯૭।।

શ્લોક :-

तत्त्वे ह्येवं स्थिते भद्रे !, महामोहेऽटवीस्थिते ।
महानद्यादिवीर्येण, यज्जातं योज्यतेऽत्र तत् ।।४९८।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, હે ભદ્રે ! અગૃહીતસંકેતા ! આ પ્રમાણે તત્ત્વ સ્થિત હોતે છતે=ઉપરમાં કહ્યું એ પ્રમાણે તત્ત્વ સ્થિત હોતે છતે, અટવીમાં રહેલ મહામોહ હોતે છતે મહાનધાદિના વીર્યથી જે થયું તે અહીં=જીવમાં, યોજન કરવું.

પ્રસ્તુતમાં કર્મવાળો જીવ ગ્રહણ કર્યા પછી રાજપુત્ર તરીકે મનુષ્યભવને પામેલા જીવને ગ્રહણ કરેલ છે; કેમ કે પ્રધાનરૂપે મનુષ્યભવને પામેલો જીવ પોતાની ચિત્તવૃત્તિઅટવીનું પોતાનું સામ્રાજ્ય પ્રાપ્ત કરવા સમર્થ છે અને તે

ચિત્તવૃત્તિઅટવીમાં મહામોહાદિ ભટો પણ વર્તે છે અને જ્યાં સુધી મનુષ્યભવને પામેલા જીવમાં આત્માનું અજ્ઞાન વર્તે છે, ત્યાં સુધી તે ચિત્તવૃત્તિમાં નદ્યાદિ વસ્તુ પણ રહેલ છે; કેમ કે અરૂપી આત્માનું જ્ઞાન કેવલીને છે તે સિવાય છદ્મસ્થ જીવોને આત્માનું અજ્ઞાન વર્તે છે છતાં સાધક યોગીઓ આત્માનું કંઈક જ્ઞાન પ્રાપ્ત કરીને પ્રમાદ આદિનો પરિહાર કરે છે તોપણ નિમિત્તને પામીને તેઓના ચિત્તમાં પણ પ્રમત્તતા નદી આદિની પ્રાપ્તિ થાય છે. આથી જ પ્રસન્નચંદ્ર રાજર્ષિ પ્રમાદને પામીને નરકને જવાને અનુકૂળ ક્લિષ્ટભાવવાળા થયા અને જ્યારે જીવને અરૂપી એવા આત્માનું જ્ઞાન પ્રગટે છે ત્યારે જીવ કેવલી હોય છે અને કેવલી અરૂપી આત્મભાવમાં સદા સ્થિર રહે છે. તેથી તેઓમાં મોહાદિનો અભાવ છે. વળી, કેવળજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે વિશિષ્ટ પ્રકારનું પ્રાતિભજ્ઞાન પ્રગટે છે. તેના બળથી મહાત્માઓ મોહાદિનો નાશ કરે છે, ત્યારે મહાનદ્યાદિ સર્વનો નાશ થાય છે. તેથી મનુષ્યભવમાં વર્તતા સંસારી જીવની ચિત્તવૃત્તિઅટવીમાં મહામોહ વિદ્યમાન હોય ત્યારે મહાનદ્યાદિના વીર્યથી જીવમાં જે કંઈ થાય છે તે સર્વ સંસારી જીવમાં યોજાય છે તે બતાવવા માટે જ વેલ્લહલની કથા કરેલ છે. **॥૪૯૮॥**

શ્લોક :-

यदाहारातिलाम्पट्यं, राजसूनोर्निवेदितम् ।
जीवस्य विषयेच्छा सा, धर्मवैमुख्यकारिणी ।।४९९।।

શ્લોકાર્થ :-

રાજપુત્રના આહારનું અતિલંપટપણું જે નિવેદન કરાયું તે ધર્મના વિમુખભાવને કરનારી જીવની વિષયની ઈચ્છા છે.

વેલ્લહલની કથામાં વેલ્લહલનું આહારમાં અતિલંપટપણું બતાવ્યું તે સંસારી જીવમાં વિષયની તેવી ઉત્કટ ઇચ્છા છે, જે જીવને તત્ત્વના અભિમુખ થવામાં બાધક બને છે. **॥૪૯૯॥**

શ્લોક :-

तस्य जातं यथाऽजीर्णं, भूरिभक्षणतस्ततः ।
जीवस्यापि तथा भोगात् पापाज्ञानात्मकर्मणाम् ।।५००।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે તેને=વેલ્લહલને, ત્યારપછી ઘણા ભક્ષણથી અજીર્ણ થયું. તે પ્રમાણે ભોગથી પાપ અને અજ્ઞાન આત્મક કર્મોનું જીવને પણ અજીર્ણ થાય છે.

જેઓને ધર્મવૈમુખ્ય કરનારી એવી વિષયોની ઇચ્છા છે, તેવા જીવો ભોગ કરે છે ત્યારે ભોગમાં ક્લેશ હોવા છતાં ક્લેશને જોઈ શકતા નથી, પરંતુ ભોગ જ સુખાત્મક છે, તેવા સંશ્લેષવાળા હોય છે. તેથી ભોગમાં થતા ક્લેશનું અજ્ઞાન અને ભોગમાં સંશ્લેષની પરિણતિ થાય તેવાં પાપરૂપ કર્મોને તેઓ બાંધે છે. *જે અજીર્ણ સ્વરૂપ છે.* **॥૫૦૦॥**

શ્લોક :-

अन्तर्लीनज्वरस्थाने, दोषा रागादयो मताः ।

तथास्थस्यापि भोज्येच्छा, भोगेच्छाऽजीर्णकर्मणः ।।५०१।।

શ્લોકાર્થ :-

અન્તર્લીન જ્વરના સ્થાનમાં રાગાદિ દોષો મનાયા છે. તે પ્રકારની અવસ્થામાં રહેલા પણ=જ્વરવાળી અવસ્થામાં રહેલા પણ વેલ્લહલને ભોજ્યની ઈચ્છા=આહારની ઈચ્છા, (તદ્સદૃશ) અજીર્ણ કર્મવાળાને ભોગની ઈચ્છા છે=સંસારી જીવોને ભોગની ઈચ્છા છે.

સંસારી જીવો ઉપયોગરૂપે રાગાદિ ન વર્તતા હોય ત્યારે પણ જ્વર જેવા રાગાદિ દોષો સંસ્કારરૂપે રહેલા છે અને ઘણું ભોજન કરવાથી જીવમાં અજીર્ણ થયેલું છે=ભોગની ઇચ્છા વૃદ્ધિ પામેલી છે. તેવી અવસ્થામાં પણ સંસારી જીવો ભોગની ઇચ્છા કરે છે. તે વેલ્લહલની જેમ ભોગની ઇચ્છા છે. **॥૫૦૧॥**

શ્લોક :-

कर्माजीर्णं च रागादिकोपचित्तज्वरावहम् ।

तदलक्षयतो जन्तोरहिते धीः प्रवर्तते ।।५०२।।

શ્લોકાર્થ :-

અને કર્મનું અજીર્ણ રાગાદિકથી ઉપચિત એવા જ્વરને લાવનારું છે.

તેને નહીં જાણનારા જીવને=કર્મ અજીર્ણને નહીં જાણનારા જીવને, અહિતમાં બુદ્ધિ પ્રવર્તે છે.

જીવમાં ક્લેશ આપાદક કર્મનું અજીર્ણ વિપાકમાં આવે છે, ત્યારે ભોગાદિ પ્રવૃત્તિ કરીને રાગાદિની વૃદ્ધિ થાય તેવા જ્વરને લાવે છે અને જે જીવોને તેવો બોધ નથી કે કર્મના અજીર્ણને કારણે હું રાગાદિથી આકુળ છું, તેવા જીવોને રાગાદિના વૃદ્ધિરૂપ ભોગાદિમાં પ્રવૃત્તિ કરવાની બુદ્ધિ થાય છે. **॥૫૦૨॥**

શ્લોક :-

मद्यं निद्रां च विकथाः, कषायान् विषयानपि ।
ततोऽसौ सेवते सेयं, नदी पूर्णा प्रमत्तता ।।५०३।।

શ્લોકાર્થ :-

તેથી=કર્મના અજીર્ણને નહીં જાણનારો પણ જીવ અહિતમાં પ્રવૃત્તિ કરવાની બુદ્ધિ કરે છે તેથી, મદ્ય, નિદ્રા, વિકથા, કષાયોને અને વિષયોને પણ આ=જીવ સેવે છે. તે આ પૂર્ણ પ્રમત્તતા નદી છે.

જીવો પોતાની કર્મની અજીર્ણતાનો વિચાર કર્યા વગર જે જે પ્રકારના ભોગાદિની ઇચ્છા થાય છે તે તે પ્રકારના ભોગો સેવે છે અથવા નિદ્રા, વિકથાદિ કરે છે તે તેઓના ચિત્તમાં વર્તતી પૂર્ણ ભરાયેલી પ્રમત્તતા નદી છે. ફક્ત જે જીવોને કર્મનું અજીર્ણ નથી, તેઓને કષાયોની અનાકુળ અવસ્થા જ શ્રેયકારી લાગે છે. છતાં કંઈક પ્રમાદને વશ નિદ્રા આદિ પ્રમાદો કરે છે ત્યારે તેઓની ચિત્તવૃત્તિમાં પ્રમત્તતા નદી છે તોપણ પૂર્ણ ભરેલી નથી. પરંતુ જેઓને માત્ર બાહ્ય ભાવોમાં જ સારબુદ્ધિ સ્થિર છે, તેઓની જ ચિત્તવૃત્તિમાં પ્રમત્તતા નદી પૂર્ણ ભરાયેલી છે. **॥૫૦૩॥**

શ્લોક :-

धनान्युपार्जयाम्युच्चैः, करोम्यन्तःपुरं वरम् ।
कारयामि महावासान्, भुञ्जे वैषयिकं सुखम् ।।५०४।।
तिष्ठामि सततानन्दो, नान्यन्मानुष्यके फलम् ।
ईदृग्विकल्पकल्लोला, जायन्ते ये क्षणे क्षणे ।।५०५।।

सेयमुद्यानिकाकाङ्क्षा, ततो यो द्रव्यसंचयः ।
अन्तःपुरादिलाभश्च, भवेद् दैववशेन यः ।।५०६।।
कारणं तत् सुभोज्यानां, तत्सुखं तल्लवाशनम् ।
ततो विलाससंगीतद्यूतदुर्ललितप्रियः ।।५०७।।
याति दुःशीलतोद्याने, यन्मार्गनगराद् बहिः ।
एतदुद्यानगमनं, ज्ञेयं वेल्लहलस्य वै ।।५०८।।

।। पञ्चभिः कुलकम् ।।

શ્લોકાર્થ :-

અત્યંત ધનાદિ ઉપાર્જન કરું, શ્રેષ્ઠ અંતઃપુર કરું. મોટા આવાસો કરું, વૈષયિક સુખને ભોગવું, સતત આનંદમાં રહું, મનુષ્યભવમાં અન્ય ફલ નથી – આવા પ્રકારના વિકલ્પના કલ્લોલો જે ક્ષણે ક્ષણે થાય છે, તે આ ઉદ્યાનિકાની આકાંક્ષા છે. ત્યારપછી જે દ્રવ્યસંચય અને દેવવશથી જે અંતઃપુરાદિનો લાભ થાય, તે સુભોજ્યનું કારણ છે=કરાવણ છે. તેનું સુખ તેના લવનું અશન છે=ગૃહમાં જ થયેલા ભોજનનું અલ્પસેવન છે. ત્યારપછી વિલાસ, સંગીત, ધૂત, દુર્લલિતમાં પ્રિય એવો જીવ માર્ગરૂપી નગરથી=સન્માર્ગરૂપી નગરથી, જે બહિર્દુઃશીલ ઉદ્યાનમાં જાય છે, એ વેલ્લહલનું ઉદ્યાનગમન જાણવું.

વેલ્લહલના દૃષ્ટાંતમાં શ્લોક-૪૭૦માં કહેલ કે ઉદ્યાનમાં જવાની ઇચ્છા થઈ, તેના અર્થે સુંદર ભોજન વેલ્લહલને કરાવ્યું અને ઉદ્યાનમાં જતાં પૂર્વે જ અતિ લાલસાના કારણે થોડું ભોજન કર્યું, તે સર્વ સ્થાને સંસારી જીવોની કઈ પ્રવૃત્તિ છે, તે પ્રસ્તુત શ્લોકોમાં બતાવ્યું અને વેલ્લહલ દુઃશીલતા નામના ઉદ્યાનમાં જાય છે. તેના સ્થાને સંસારી જીવોની તત્ત્વને યથાર્થ જોવાની જે દૃષ્ટિરૂપ માર્ગ છે તે નગર છે અને તે નગરથી બહાર જવાની પ્રવૃત્તિ સ્વરૂપ ઉદ્યાનમાં ગમન છે. તેથી એ ફલિત થાય કે સંસારી જીવો ભોગવિલાસ અને માન-સન્માનમાં પ્રવૃત્તિ કરે છે, તે સર્વ માર્ગગમનથી વિપરીત પ્રવૃત્તિ છે. તેમ તપ, ત્યાગાદિ ધર્મ અનુષ્ઠાન કરીને પણ માત્ર મેં તપ કર્યું છે, મેં દાન કર્યું છે

ઇત્યાદિ બુદ્ધિ કરે છે કે માન-ખ્યાતિની આશંસા કરે છે, તે પણ માર્ગગમનથી વિપરીત પ્રવૃત્તિ છે. વસ્તુતઃ ધર્મની પ્રવૃત્તિ કરીને મોહનાશને અનુકૂળ અંતરંગ ઉદ્યમ થાય તે જ માર્ગગમન છે અને ભોગવિલાસની ઇચ્છા થાય, ત્યારે પણ આ ઇચ્છા શલ્ય છે, વિષતુલ્ય છે ઇત્યાદિ ભાવન કરીને તેને ક્ષીણ કરવામાં આવે, અશક્ય પ્રતિકાર જણાય ત્યારે વ્રણલેપની જેમ ભોગ કરે તો માર્ગગમનની પ્રવૃત્તિ રોધ પામે નહીં. **॥૫૦૪થી ૫૦૮॥**

શ્લોક :-

स तत्र विपुले मिथ्याभिनिवेशासने स्थितः ।
पश्यन् प्रमादभोज्यानि, कर्मानीतानि सर्वतः ।।५०९।।
लब्धास्वादो विशेषेण, सुन्दरत्वेन मन्यते ।
तत् प्रमादविलासाख्यं, नद्याः पुलिनमुच्यते ।।५१०।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

તે=વેલ્લહલ, ત્યાં=દુઃશીલ ઉદ્યાનમાં, વિપુલ મિથ્યાભિનિવેશરૂપ આસનમાં રહેલો, સર્વ બાજુથી કર્મ દ્વારા લવાયેલા પ્રમાદરૂપ ભોજ્યને જોતો, લબ્ધ આસ્વાદવાળો વિશેષથી સુંદરપણારૂપે માને છે=પ્રમાદરૂપ ભોજ્ય વિશેષથી સુંદરપણારૂપે માને છે, તે પ્રમાદ વિલાસ નામનું નદીનું પુલિન કહેવાય છે.

તે વેલ્લહલ ઉદ્યાનમાં ગયા પછી મારે ભોગ કરવા છે, એવા મિથ્યાભિનિવેશરૂપ વિપુલ આસનમાં બેસે છે અને ત્યાં બેસીને સર્વ પ્રકારનાં પકવાનો ખાય છે, તેમ સંસારી જીવોને ચારે બાજુએથી કર્મો દ્વારા પ્રાપ્ત થયેલાં ભોગવિલાસનાં સાધનો દેખાય છે અને સાધનોનો સ્વાદ લઈને વિચારે છે, આ જ ભોગવિલાસ સુંદર છે, સુખનું કારણ છે. એ પ્રકારનો જે પરિણામ જીવમાં વર્તે છે, તે પ્રમાદ વિલાસ નામનું પુલિન છે. **॥૫૦૯-૫૧૦॥**

શ્લોક :-

वायुस्पर्शादिना वृद्धस्ततो योऽजीर्णजो ज्वरः ।
प्रमादाज्ञानवृद्धोऽसौ, कर्माजीर्णारतिज्वरः ।।५११।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વાયુસ્પર્શાદિ દ્વારા વૃદ્ધિ પામેલો, અજીર્ણથી થનારો જે જ્વર એ પ્રમાદ અજ્ઞાનથી વૃદ્ધ થયેલો કર્મરૂપી અજીર્ણથી થયેલ અરતિરૂપ જ્વર છે.

વેલ્લહલની કથામાં બગીચામાં શીતલ વાયુસ્પર્શથી વેલ્લહલનો અજીર્ણ જ્વર વૃદ્ધિ પામેલો હતો, તેના જેવો સંસારી જીવોમાં આત્માના હિત વિષયક પ્રમાદ અને આત્માના હિત વિષયક અજ્ઞાન વર્તે છે. તેનાથી વૃદ્ધિ પામેલું સંસારી જીવોમાં કર્મનું અજીર્ણ છે, જે સતત જીવને બાહ્ય વિષયોમાં પ્રવૃત્તિ કરાવીને જે જે ન્યૂનતા છે, તેને આશ્રયીને અરતિ થયા કરે છે, તે સ્વરૂપ જ્વર છે. **॥૫૧૧॥**

શ્લોક :-

समयज्ञेन तद्वृद्धिं, ज्ञात्वा यद्वारणं कृतम् ।
धर्माचार्याः प्रकुर्वन्ति, तद्भव्यहितकाम्यया ।।५१२।।

શ્લોકાર્થ :-

સમયજ્ઞ વડે તેની વૃદ્ધિને જાણીને જે વારણ કરાયું, તે ભવ્ય જીવની હિતની ઈચ્છાથી ધર્માચાર્યો કરે છે.

ધર્માચાર્યો જીવની યોગ્યતાનો નિર્ણય કરીને કહે છે કે આત્મામાં વર્તતા કર્મના અજીર્ણને કારણે તેને ભોગાદિની ઇચ્છા થાય છે માટે ભોગાદિની ઇચ્છા સુખરૂપ નથી, પરંતુ સંતોષ જ સુખરૂપ છે, એ પ્રકારે વારણ કરે છે. **॥૫૧૨॥**

શ્લોક :-

मानुष्यमतिदुष्प्रापं, प्राप्य राज्यमिवोत्तमम् ।
कार्षीः प्रमादं मा जीव !, कर्माजीर्णज्वरातुरः ।।५१३।।

શ્લોકાર્થ :-

ઉત્તમ રાજ્ય જેવા અતિદુષ્પ્રાપ એવા મનુષ્યને પામીને કર્મરૂપી અજીર્ણ જ્વરથી આતુર હે જીવ ! તું પ્રમાદ કર નહિ, એ પ્રમાણે ધર્માચાર્ય ઉપદેશ આપે છે. એમ અન્વય છે. ॥૫૧૩॥

શ્લોક :-

त्यजैनं विषयाहारं, व्रजापवरके धृतौ ।
तिष्ठाविकल्पनिर्वाते, क्वथिताम्बु तपः पिब ।।५१४।।
लङ्घनानि कुरु स्वान्तज्वरशान्त्यै व्रतादरान् ।
कुरु दर्शनचारित्रज्ञानरूपां प्रतिक्रियाम् ।।५१५।।

શ્લોકાર્થ :-

આ વિષયરૂપી આહારનો તું ત્યાગ કર, ધૃતિરૂપી ઓરડામાં તું જા, અવિકલ્પરૂપ નિર્વાત સ્થાનમાં તું રહે, ઉકાળેલા પાણીને તું પી, સ્વાન્તઃકરણની શાંતિ માટે વ્રતના આદરોરૂપ લાંઘનોને તું કર, દર્શન, ચારિત્ર, જ્ઞાનરૂપ પ્રતિક્રિયાને તું કર. ।।૫૧૪-૫૧૫।।

શ્લોક :-

करिष्यस्यथ नैवं चेद् दशां शोच्यां प्रयास्यसि ।
सन्निपाते महामोहे, मग्नो भ्रष्टमतिस्तदा ।।५१६।।
पिशाचकीव तद्वाक्यं, जीवो यन्नैव मन्यते ।
चेष्टते विपरीतं च, महापापपरायणः ।।५१७।।

શ્લોકાર્થ :-

હવે, જો આ રીતે નહિ કરે તો મહામોહરૂપ સન્નિપાતમાં મગ્ન ભ્રષ્ટ મતિવાળો એવો તું શોચ્યદશાને પામીશ. જે કારણથી પિશાચકીની જેમ=ભૂતાવિષ્ટની જેમ, તે વાક્યને જીવ માનતો નથી જ અને મહાપાપપરાયણ વિપરીતની ચેષ્ટાને કરે છે. ।।૫૧૬-૫૧૭।।

શ્લોક :-

सोऽयं महानदीतीरे, चित्तविक्षेपमण्डपः ।
सेवते विषयान् लौल्याज्जराजीर्णोऽक्षमोऽपि यत् ।।५१८।।

શ્લોકાર્થ :-

મહાનદીતીરમાં તે આ ચિત્તવિક્ષેપમંડપ છે. જે કારણથી જરાથી જીર્ણ અસમર્થ પણ લૌલ્યથી વિષયોને જે સેવે છે. ।।૫૧૮।।

શ્લોક :-

भुङ्क्ते प्रमादभोज्यानि, वारितोऽपि च यद् बुधैः ।
अगच्छतोऽपि कण्ठे तन्नयनं भोजनस्य वै ।।५१९।।

।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

અને જે કારણથી બુધો વડે વારણ કરાયેલા પણ પ્રમાદભોજ્યને જે ભોગવે છે, તે કંઠમાં નહિ જતા પણ ભોજનનું નયન છે.

ધર્માચાર્યએ જે શ્લોક-૫૧૩થી ૫૧૬ સુધી ઉચિત ઉપદેશ આપ્યો તે સંસારી જીવ સાંભળતો નથી અને મહાપાપપરાયણ ચેષ્ટાઓ કરે છે. તે સર્વ મહાનદીના તીરમાં રહેલ ચિત્તવિક્ષેપમંડપ છે; કેમ કે તે જીવોના ચિત્તમાં વિષયોના આકર્ષણને કારણે તત્ત્વનો સ્પર્શ ન થાય તેવું ચિત્ત પ્રવર્તે છે. વળી, વેલ્લહલ ખાવામાં અતિલોલુપ હોવાને કારણે કંઠમાં ભોજન જતું ન હતું, છતાં બળજબરીથી નાંખે છે, તેમ સંસારી જીવો બુદ્ધ પુરુષોથી ઉચિત ઉપદેશ દ્વારા વારણ કરાયેલા હોય, ભોગવવામાં અસમર્થ હોય તોપણ વિષયો પ્રત્યેના ગાઢ લાલસાના વશથી વિષયોમાં પ્રવર્તે છે, તે વેલ્લહલની જેમ બળાત્કારે આહાર-ગ્રહણતુલ્ય છે. **॥૫૧૯॥**

શ્લોક :-

अर्थस्य बहुयत्नेन, रक्षितस्यापि वार्धके ।
बलेन हरणं वान्तिर्जलज्वलनतस्करैः ।।५२०।।
यदारटति जीवश्च, वमन् कलमलात् ततः ।
भातीयं वेदिका तृष्णा, चित्तविक्षेपमण्डपे ।।५२१।।

શ્લોકાર્થ :-

બહુયત્નથી રક્ષિત પણ ધનનું વાર્ધક્યમાં=ઘડપણમાં, પાણી, અગ્નિ કે ચોરો વડે બળથી હરણ વમન છે=વેલ્લહલની જેમ વમન છે. ત્યારપછી કલમલથી વમન કરતો જીવ જે બૂમો પાડે છે, એ ચિત્તવિક્ષેપમંડપમાં તૃષ્ણાવેદિકા ભાસે છે.

વેલ્લહલને અતિભોજનને કારણે વમન થાય છે, તેમ જીવો ગાઢ આસક્તિ કરે છે, તેનાથી પાપપ્રકૃતિઓ જાગૃત થાય ત્યારે રક્ષણ કરાયેલું ધન કોઈક રીતે નાશ પામે છે, ત્યારે તે જીવ અત્યંત શોક વગેરે કરે છે, ત્યારે તેના ચિત્તમાં તે ધનની તૃષ્ણા અત્યંત વૃદ્ધિ પામેલી વર્તે છે, તે તૃષ્ણાવેદિકા છે. **॥૫૨૦-૫૨૧॥**

શ્લોક :-

यच्च वेल्लहलो दध्यौ, नूनमूनं वपुर्मम ।
क्षुधया वायुनाऽऽक्रान्तं, सञ्जातं वमनं ततः ।।५२२।।

શ્લોકાર્થ :-

અને જે વેલ્લહલે વિચાર્યું, ખરેખર મારું શરીર ક્ષુધાથી ઊન છે, વાયુથી આક્રાંત છે, તેથી વમન થયું. ।।૫૨૨।।

શ્લોક :-

भोजनेन ततो रिक्तं, कोष्ठं सम्पूरयाम्यहम् ।
तदिदं चिन्तयत्येवं, जीवोऽपि भृशविह्वलः ।।५२३।।

શ્લોકાર્થ :-

તેથી ભોજનથી રિક્ત એવા પેટને હું પૂરણ કરું. તે આ=વેલ્લહલે જે વિચાર્યું તે આ, અત્યંત વિહ્વળ જીવ પણ આ પ્રમાણે વિચારે છે=આગળમાં કહે છે એ રીતે વિચારે છે. ।।૫૨૩।।

શ્લોક :-

धनपुत्रकलत्रादौ, प्रण(न)ष्टे रतिदायिनि ।
मन्यते न मया नीत्या, स्फोरितं निजपौरुषम् ।।५२४।।

શ્લોકાર્થ :-

રતિને દેનારાં ધન, પુત્ર, સ્ત્રી આદિ નષ્ટ થયે છતે માને છે=જીવ માને છે. શું માને છે તે સ્પષ્ટ કરે છે. મારા વડે નીતિથી નિજપૌરુષ સ્ફોરવાયું નથી અર્થાત્ તે પ્રકારના મારા ભ્રમને કારણે વિપરીત પ્રવૃત્તિ થઈ, તેથી તે નાશ પામ્યા. ।।૫૨૪।।

શ્લોક :-

सदुपायैरतो भूयोऽप्यर्जयामि धनादिकम् ।
नीतिदीप्तप्रयत्नेन, रक्षिष्याम्यर्जितं च तत् ।।५२५।।

શ્લોકાર્થ :-

ફરી પણ સદ્ ઉપાયોથી રત થયેલો હું ધનાદિકને ઉપાર્જિત કરું અને નીતિથી દીપ્ત પ્રયત્નથી અર્જિત એવા તે=ધનાદિનું રક્ષણ કરું. ।।૫૨૫।।

શ્લોક :-

अजागलस्तनाभं तज्जीवितव्यं तपस्विनः ।
भवत्येवं यदुल्लासात्, तद्विपर्यासविष्टरम् ।।५२६।।

શ્લોકાર્થ :-

તે તપસ્વીનું બકરીના ગળામાં રહેલા સ્તનના જેવું નિરર્થક જીવિતવ્ય છે. આ પ્રકારે ઉલ્લાસથી જે થાય છે તે વિપર્યાસ વિષ્ટર છે.

તત્ત્વને વિચારનારા પુરુષ હંમેશાં વિચારે છે કે ધનાદિની ઇચ્છા જ ક્લેશકારી છે. છતાં મને ઇચ્છા છે તો શક્ય તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે અને કોઈક રીતે તે નાશ પામે તો તે મહાત્મા વિચારે કે મારું તથાપ્રકારનું પુણ્ય જ નથી માટે મારે ચિત્તને સંતોષ તરફ વાળવું જોઈએ. છતાં ઇચ્છા શાંત ન થાય તો સદ્ઉપાયોથી અર્જન કરે તોપણ નિરર્થક વિચારો કરીને જીવન નિષ્ફળ કરે નહિ. પરંતુ વિપર્યાસવાળા જીવો એમ જ વિચારે છે કે રતિને દેનારાં આ ધનાદિ છે. કોઈક રીતે નાશ થાય ત્યારે વિચારે છે કે નિપુણતાપૂર્વક તેના રક્ષણ માટે મેં યત્ન કર્યો નહિ તેથી નાશ પામ્યાં માટે હવે ફરી ઉચિત ઉપાયોથી તેને પ્રાપ્ત કરું અને ઉચિત ઉપાયોથી તેનું રક્ષણ કરું ઇત્યાદિ વિચારો કરીને નિરર્થક જીવન પસાર કરે છે. તે વિપર્યાસ આસન છે. **।।૫૨૬।।**

શ્લોક :-

भोजनं वान्तिसम्मिश्रं, स च यद्भोक्तुमुद्यतः ।
भुक्तोत्सृष्टेषु भोगेषु, तन्निर्लज्जप्रवर्तनम् ।।५२७।।

શ્લોકાર્થ :-

અને તે=વેલ્લહલ, વાન્તિથી સંમિશ્ર=વમનથી મિશ્ર, એવા ભોજનને ખાવા માટે જે ઉધત થયો તે ભોગવીને ત્યાગ કરાયેલા ભોજનમાં નિર્લજ્જ પ્રવર્તન છે.

જેઓએ ભોગોનો ત્યાગ કર્યો હોય તેવા સાધુ આદિ જ્યારે ફરી તે પ્રકારની અનુચિત પ્રવૃત્તિ કરે તે વમન કરાયેલા ભોજનનું ફરી નિર્લજ્જ પ્રવર્તન છે. **॥૫૨૭॥**

શ્લોક :-

परमाणुमया भोगाः, प्रोक्ताः शब्दादयो बुधैः ।
सर्वे चैकैकजीवेन, गृहीताः परमाणवः ।।५२८।।
गृहीत्वा मुक्तपूर्वाश्च, भवकोटिष्वनन्तशः ।
भुक्तवान्तास्ततो भोगा, युक्ताः कमललोचने ।।५२९।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

બુધો વડે પરમાણુમય શબ્દાદિ ભોગો કહેવાયા છે. એક એક જીવ વડે સર્વ પરમાણુઓ ગ્રહણ કરાયેલા છે અને ગ્રહણ કરીને ભવકોટિમાં અનંતીવાર પૂર્વે છોડાયેલા છે, તેથી હે કમલલોચન અગૃહીતસંકેતા ! ભોગવીને વમન કરાયેલા ભોગો યુક્ત છે.

જગતવર્તી સર્વ પરમાણુઓ જીવે અનંતી વખત ભોગવ્યા છે. તેથી વમન કરેલા જ તે ભોગો છે. આથી જ સુસાધુ ભોગો ભોગવતા નથી. ફક્ત નિર્લેપ પરિણતિરૂપ ધર્મની વૃદ્ધિ અર્થે તેના ઉપકરણરૂપે દેહને ધારણ કરે છે અને દેહનું તે રીતે પાલન કરે કે જેથી પુદ્ગલોના ભોગની પરિણતિ ઉદ્ભવ જ પામે નહિ. પરંતુ પુદ્ગલમાં સંશ્લેષની પરિણતિ ક્ષીણ ક્ષીણતર થાય. પરંતુ સંસારી જીવો તે વમન કરાયેલા ભોગોને ફરી ફરી ભોગવે છે અને વિવેક નહિ હોવાથી તે વમેલા ભોગો જ તેને સારભૂત જણાય છે. **॥૫૨૮-૫૨૯॥**

શ્લોક :-

यथा वेल्लहलस्तादृक्, समयज्ञेन वारितः ।
वारयन्ति तथाऽऽचार्या, भोगजं बाललम्पटम् ।।५३०।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે સમયજ્ઞ વડે તેવા પ્રકારનો વેલ્લહલ=વમન કરાયેલા ભોજનને ભોગવતો વેલ્લહલ, વારણ કરાયો, તે પ્રમાણે આચાર્યો ભોગથી થનારા બાલલંપટને વારણ કરે છે.

ભોગોમાં સુખ નથી, પરંતુ અસંશ્લેષની પરિણતિમાં જ સુખ છે ઇત્યાદિ માર્ગાનુસારી ઉપદેશ આપીને બાળ જીવોનું જે ભોગમાં લંપટપણું છે, તેનું વારણ કરે છે. **॥૫૩૦॥**

શ્લોક :-

ज्ञानदर्शनरूपस्य, युक्तं ते देव ! जातु न ।
वान्ताशुचिषु भोगेषु, भूयो भूयः प्रवर्तनम् ।।५३१।।

શ્લોકાર્થ :-

હે દેવ ! જ્ઞાન, દર્શનરૂપ એવા તને વમન કરાયેલા અશુચિવાળા ભોગોમાં ક્યારેય ફરી ફરી પ્રવર્તન યુક્ત નથી. ।।૫૩૧।।

શ્લોક :-

अनित्याशुचिदुःखेषु, बाह्येषु निपुणः कथम् ।
नित्यानन्दपवित्रात्मज्ञानी भोगेषु रज्यते ।।५३२।।

શ્લોકાર્થ :-

નિત્ય આનંદવાળો, પવિત્ર આત્મજ્ઞાનવાળો એવો નિપુણ જીવ અનિત્ય, અશુચિ, દુઃખોરૂપ બાહ્ય ભોગોમાં કેવી રીતે રંજિત થાય ? ।।૫૩૨।।

શ્લોક :-

यथा च वारयंस्तेन, समयज्ञो मतोऽहितः ।
धर्माचार्यं तथा जीवः, पापात्मा मन्यतेऽहितम् ।।५३३।।

શ્લોકાર્થ :-

અને જે રીતે વારણ કરાતો સમયજ્ઞ તેના વડે=વેલ્લહલ વડે, અહિત મનાયો. તે પ્રમાણે પાપાત્મા એવો આ જીવ ધર્માચાર્યને અહિત માને છે. ।।૫૩૩।।

શ્લોક :-

वस्त्रं माल्यमलङ्कारा, मद्यं मांसं वरस्त्रियः ।
न स्युः सुखाय चेदन्यत्, किमस्ति सुखकारणम् ।।५३४।।

શ્લોકાર્થ :-

વસ્ત્ર, માલ્ય, અલંકારો, મધ, માંસ, શ્રેષ્ઠ સ્ત્રીઓ જો સુખ માટે ન થાય તો અન્ય સુખનું કારણ શું છે ? ।।૫૩૪।।

શ્લોક :-

न हितो वारयन्त्रेभ्यः, श्रमणः प्रतिभाति मे ।
विप्रलब्धः कुसिद्धान्तैः, स्वयं नष्टोऽन्यनाशकः ।।५३५।।

શ્લોકાર્થ :-

આનાથી=ભોગોથી, વારણ કરતા શ્રમણ મને હિત પ્રતિભાસિત થતા નથી. કુસિદ્ધાંતોથી ઠગાયેલ સ્વયં નાશ પામેલ=ભોગોથી રહિત, અન્યનાશક છે=અન્યોને ભોગોથી છોડાવનાર છે. ।।૫૩૫।।

શ્લોક :-

भोगाः स्थिरास्तथा शुद्धाः, सुखरूपाश्च तत्त्वतः ।
एतदात्मक एवाहमलं मोक्षादिना मम ।।५३६।।

શ્લોકાર્થ :-

ભોગો સ્થિર છે તથા શુદ્ધ છે. તત્ત્વથી સુખરૂપ છે. આ સ્વરૂપ જ હું છું=ભોગોને ભોગવીને સુખી થાઉં એવા સ્વરૂપવાળો હું છું. મને મોક્ષાદિથી સર્યું=મોક્ષ, પરલોક, અન્ય જન્મની ચિંતા આદિથી સર્યું. ।।૫૩૬।।

શ્લોક :-

इत्थं निश्चिन्वतो बाढं, गुरौ लग्नेऽपि वारणे ।
प्रमादेषु प्रवृत्तिर्या, तदविद्याविजृम्भितम् ।।५३७।।

।। चतुर्भिः कलापकम् ।

શ્લોકાર્થ :-

ગુરુ વારણમાં લગ્ન હોવા છતાં પણ આ રીતે=પૂર્વના ત્રણ શ્લોકમાં કહ્યું એ રીતે, અત્યંત નિશ્ચયવાળા જીવોની જે પ્રમાદમાં પ્રવૃત્તિ છે, તે અવિદ્યા વિજૃંભિત છે=અજ્ઞાન વિલસિત છે. ।।૫૩૭।।

શ્લોક :-

भुक्त्वा भूयो वमन्नेष, सन्निपातमवाप यत् ।
लुठन् भूमावनाख्येयां, दशां शोच्यां जगाम च ।।५३८।।
योज्यं तत् सर्वमत्रापि, यत्प्रमत्ततयाऽन्वितः ।
तद्विलासपरो जीवो, भृशं विक्षिप्तमानसः ।।५३९।।
तृष्णार्त्तश्च विपर्यस्तोऽविद्यान्धीकृतलोचनः ।
गुरुवैद्यवचोबाह्यो, मग्नः संसारकर्दमे ।।५४०।।
पतितः सन् महामोहसन्निपाते सुदारुणे ।
स्फुटं भवति निश्चेष्टः, पश्यत्स्वेव विवेकिषु ।।५४१।।
।। चतुर्भिः कलापकम् ।

શ્લોકાર્થ :-

ફરી ભોગવીને વમન કરતો આ=વેલ્લહલ જે સન્નિપાતને પામ્યો અને ભૂમિમાં આળોટતો અનાખ્ય એવી શોચ્યદશાને પામ્યો, તે સર્વ અહીં પણ=સંસારી જીવમાં પણ, યોજવું. પ્રમત્તપણાથી અન્વિત જે તેના વિલાસમાં તત્પર એવો જીવ અત્યંત વિક્ષિપ્ત માનસવાળો તૃષ્ણાથી આર્ત્ત, વિપર્યસ્ત, અવિદ્યા અંધીકૃત લોચનવાળો, ગુરુરૂપી વૈદ્યના વચનથી બાહ્ય, સંસારકર્દમમાં મગ્ન, સુદારુણ મહામોહના સન્નિપાતમાં પડ્યો છતો, વિવેકીઓથી જોવાયે છતે જ સ્પષ્ટ નિશ્ચેષ્ટ થાય છે. ।।૫૩૮થી ૫૪૧।।

શ્લોક :-

मूत्रान्त्राशुचिजम्बालबीभत्से नरके लुठन् ।
आक्रन्दति भृशं प्राप्य, दुःखं वाचामगोचरम् ।।५४२।।

શ્લોકાર્થ :-

મૂત્ર, આંત્ર, અશુચિના જંબાલથી બીભત્સ એવા નરકમાં આળોટતો વાણીને અગોચર દુઃખને પામીને અત્યંત આક્રંદ કરે છે. ।।૫૪૨।।

શ્લોક :-

ज्ञानात्मानश्च पश्यन्ति, तं जीवं ज्ञानचक्षुषा ।
अचिकित्स्यं तु तं ज्ञात्वा, वर्जयन्ति महाशयाः ।।५४३।।

શ્લોકાર્થ :-

જ્ઞાનાત્માવાળા જીવો જ્ઞાનચક્ષુથી તે જીવને જુએ છે. મહાશયવાળા એવા જ્ઞાનીઓ તેને અચિકિત્સ્ય જાણીને વર્જન કરે છે. ।।૫૪૩।।

શ્લોક :-

संसारचक्रवालेऽत्र, जन्ममृत्युजराकुले ।
लुठत्यनन्तकालं स, त्यक्तो धर्मभिषग्वरैः ।।५४४।।

શ્લોકાર્થ :-

ધર્મવૈદ્યો વડે ત્યાગ કરાયેલો એવો તે=સંસારી જીવ, જન્મ, મૃત્યુ, જરાથી આકુલ આ સંસારચક્રવાલમાં અનંતકાળ ભટકે છે. ।।૫૪૪।।

શ્લોક :-

सन्निपातसमः सोऽयं, महामोहः प्रगल्भते ।
भेदं नद्यादिवस्तूनां, तदिमं विद्धि दर्शितम् ।।५४५।।

શ્લોકાર્થ :-

તે આ સન્નિપાત જેવો મહામોહ ઉલ્લસે છે. નદ્યાદિ વસ્તુનું તે આ ભેદ બતાવેલું તું જાણ.

વેલ્લહલના દૃષ્ટાંતમાં તે તે પ્રકારની ભૂમિકાની પ્રવૃત્તિ નદી છે. તે તે પ્રકારની ભૂમિકાની પ્રવૃત્તિ પુલિન છે ઇત્યાદિ અત્યારસુધી વર્ણન કર્યું એ રૂપ નદ્યાદિ વસ્તુનો ભેદ છે. તેથી તે નદ્યાદિ વસ્તુ સર્વ કથંચિત્ પ્રમાદ સ્વરૂપ

જીવની આચરણારૂપ હોવાથી એકરૂપ છે તોપણ તે તે પ્રકારના પ્રમાદને આશ્રયીને વેલ્લહલના દૃષ્ટાંતથી તેનો ભેદ બતાવેલ છે. **॥૫૪૫॥**

શ્લોક :-

कार्यद्वारा न ते जाता, भेदधीस्तु परिस्फुटा ।
भूयोऽपि लक्षणद्वारा, तद्भेदं कथयामि ते ।।५४६।।

શ્લોકાર્થ :-

વળી, કાર્ય દ્વારા તને પરિસ્ફુટ ભેદબુદ્ધિ થઈ નથી=પૂર્વમાં કાર્ય દ્વારા નદી આદિનો ભેદ ગ્રંથકારશ્રીએ બતાવ્યો. તેનાથી કંઈક ભેદબુદ્ધિ થઈ, પરંતુ પરિસ્ફુટ ભેદબુદ્ધિ થઈ નથી. ફરી પણ લક્ષણ દ્વારા તેના ભેદને=નદી આદિના ભેદને તને હું કહું છું=પ્રજ્ઞાવિશાલા અગૃહીતસંકેતાને કહે છે. ।।૫૪૬।।

શ્લોક :-

ज्ञेया प्रमत्तता सैव, बुद्धिर्या विषयोन्मुखी ।
तत्तद्विलसितं स्वैरं, यद्भोगेषु प्रवर्तनम् ।।५४७।।

શ્લોકાર્થ :-

વિષયને ઉન્મુખી=સન્મુખી, જે બુદ્ધિ છે. તે પ્રમત્તતા જાણવી. જે ભોગોમાં સ્વેચ્છાથી પ્રવર્તન તે તદ્વિલસિત છે.

જીવમાં વિષયોને અભિમુખ પરિણામ એ પ્રમત્તતા નદીનું લક્ષણ છે અને ભોગોમાં ઇચ્છાનુસાર જીવો જે પ્રવૃત્તિ કરે છે તે તદ્વિલસિત પુલિન છે=પ્રમાદના વિલાસરૂપ નદીનું પુલિન છે. **॥૫૪૭॥**

શ્લોક :-

विषयेषु प्रवृत्तस्य, लौल्यदोषेण शून्यता ।
या चेतसः प्रदीर्घाऽसौ चित्तविक्षेप उच्यते ।।५४८।।

શ્લોકાર્થ :-

વિષયોમાં પ્રવૃત્ત જીવને લૌલ્યદોષને કારણે ચિત્તની જે પ્રદીર્ઘ શૂન્યતા

છે એ ચિત્તવિક્ષેપ કહેવાય છે.

પ્રમત્તતા નદી પણ પ્રમાદરૂપ છે. તદ્વિલસિત પુલિન પણ પ્રમાદરૂપ છે, છતાં નદી અને પુલિન વચ્ચેનો ભેદ છે, તેમ તે બે પ્રમાદમાં ભેદ છે એમ પૂર્વમાં બતાવ્યું, એમ ચિત્તવિક્ષેપ પણ પ્રમાદરૂપ છે તોપણ જે જીવોમાં ઇન્દ્રિયોના વિષયોમાં લોલુપતા છે, તેના કારણે ચિત્ત પોતાની કષાયોની આકુળતાને જોવામાં શૂન્ય વર્તે છે અને વિષયોમાં દીર્ઘકાળ સુધી વિકલ્પો કરે છે એ રૂપ પ્રમાદ ચિત્તવિક્ષેપ છે. **॥૫૪૮॥**

શ્લોક :-

भुक्तेष्वपि च भोगेषु, महालौल्यविकारतः ।
उत्तरोत्तरवाञ्छा या, तां तृष्णां सुधियो जगुः ।।५४९।।

શ્લોકાર્થ :-

અને ભોગવેલા પણ ભોગોમાં મહાલૌલ્યના વિકારથી ઉત્તરોત્તર જે વાંછા તેને બુદ્ધિમાન પુરુષો તૃષ્ણા કહે છે.

જે જીવોને વિષયોમાં અતિલોલુપતા છે, તેઓ પોતાની શક્તિ અને સંયોગાનુસાર ભોગો કર્યા પછી ફરી ફરી તેનું સ્મરણ કરે છે, તેને મેળવવાની ઇચ્છા કરે છે. તે સર્વ પ્રમાદરૂપ હોવા છતાં તૃષ્ણા સ્વરૂપ છે. **॥૫૪૯॥**

શ્લોક :-

पापाद् भोगेष्वलब्धेषु, लब्धनष्टेषु वा पुनः ।
पाप एव हि यो यत्नो, विपर्यासः स उच्यते ।।५५०।।

શ્લોકાર્થ :-

પાપથી અપ્રાપ્ત એવા ભોગો હોતે છતે, વળી પ્રાપ્ત થઈને નષ્ટ થયેલા ભોગો હોતે છતે પાપમાં જે યત્ન=ભોગરૂપ પાપપ્રવૃત્તિમાં જે યત્ન, તે વિપર્યાસ કહેવાય છે.

પ્રમાદ માત્ર કંઈક અંશથી વિપર્યાસરૂપ છે તોપણ વિવેકી જીવો એવો દૃઢ પ્રમાદ કરતા નથી. ક્ષણભર પ્રમાદ થાય તોપણ નિવર્તન પામે છે. પરંતુ જે જીવોને પાપના ઉદયથી ભોગો પ્રાપ્ત થયા નથી તોપણ ગમે તે રીતે પાપ કરીને

પણ ભોગો મેળવવાની વૃત્તિ છે અથવા પ્રાપ્ત થયેલા ભોગો કોઈક રીતે નાશ પામ્યા હોય તોપણ ફરી ગમે તે પાપ કરીને તેને મેળવવા માટે જે યત્ન કરે છે તે વિશેષ પ્રકારનો પ્રમાદ છે તે વિપર્યાસરૂપ છે; કેમ કે તુચ્છ ભોગોમાં સાર બુદ્ધિને કારણે સર્વ પ્રકારના ક્લેશો કરીને તે મેળવવા યત્ન કરે છે તે વિપર્યાસ છે. **॥૫૫૦॥**

શ્લોક :-

अनित्याशुचिदुःखेषु, स्वात्मभिन्नेषु वस्तुषु ।
अविद्यामन्यथाख्यातिं, योगाचार्याः प्रचक्षते ।।५५१।।

શ્લોકાર્થ :-

સ્વ આત્મથી ભિન્ન અનિત્ય, અશુચિ, દુઃખરૂપ વસ્તુઓમાં અન્યથા બુદ્ધિને યોગાચાર્યો અવિદ્યા કહે છે.

બાહ્ય પદાર્થો અનિત્ય છે અને આત્માથી ભિન્ન છે, તેમાં નિત્ય બુદ્ધિ માનીને સંસારી જીવો સદા તેની પ્રાપ્તિમાં જ ઉદ્યમ કરે છે. નિત્ય એવા આત્માના હિતમાં ઉપેક્ષા કરે છે. સંસારી જીવોનું શરીર અશુચિવાળું છે. કષાયોથી અનાકુળ આત્મા શુચિ છે, છતાં શુચિ એવા આત્માના ભાવોની ઉપેક્ષા કરીને અશુચિ એવા શરીરમાં જ ભોગાદિ અર્થે સંસારી જીવો પ્રવર્તે છે. વળી, આત્માથી ભિન્ન સર્વ પદાર્થોને પ્રાપ્તિમાં ક્લેશ, રક્ષણમાં ક્લેશ, નાશ થાય ત્યારે ક્લેશ થાય છે. તેથી બાહ્ય પદાર્થો દુઃખરૂપ છે. તેમાં સુખબુદ્ધિ મૂઢ જીવો કરે છે, તે સર્વ અવિદ્યા છે એમ યોગના રહસ્યને જાણનારા મહાત્માઓ કહે છે. જે મહામોહનું શરીર છે. **॥૫૫૧॥**

શ્લોક :-

एतेषामेव वस्तूनां, हेतुतां जन्यतां च यः ।
धत्ते बीजाङ्कुरन्यायान्महामोहः स गीयते ।।५५२।।

શ્લોકાર્થ :-

આ જ વસ્તુઓની હેતુતાને અને જન્યતાને બીજ-અંકુર ન્યાયથી જે ધારણ કરે છે, તે મહામોહ કહેવાય છે.

જીવમાં પ્રમત્તતા નદી આદિ જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે, તેની હેતુતા મહામોહમાં છે અને તે વસ્તુથી જ મહામોહ જન્મે છે; કેમ કે મહામોહ અજ્ઞાન સ્વરૂપ છે અને અજ્ઞાનને કારણે જ જીવમાં પ્રમાદ આદિ ભાવો થાય છે અને પ્રમાદ આદિ ભાવોથી જ જીવમાં અજ્ઞાન થાય છે. તેથી બીજથી અંકુર અને અંકુરથી બીજ થાય તેમ પ્રમત્તતા આદિ વસ્તુથી મહામોહ થાય છે અને મહામોહથી પ્રમત્તતા આદિ ભાવો થાય છે. વસ્તુતઃ અરૂપી આત્મા નિરાકુળ છે, તેનું અજ્ઞાન વર્તે છે. તેથી સુખનો અર્થી જીવ મહામોહને વશ, વિષયોને અભિમુખ થાય છે અને વિષયોને અભિમુખ થવાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. જેથી અજ્ઞાન વધે છે અને જ્યારે અરૂપી આત્માને અભિમુખ બને છે, ત્યારે ક્રમસર મહામોહ નાશ થાય છે. **॥૫૫૨॥**

શ્લોક :-

महानद्यादिवस्तूनां, तदेवं भिन्नरूपता ।
विचिन्तनीया यत्नेन, वितत्य ज्ञानलोचनम् ।।५५३।।

શ્લોકાર્થ :-

આ રીતે જ્ઞાનલોચનનો વિસ્તાર કરીને મહાનધાદિ વસ્તુઓની ભિન્નરૂપતા યત્નથી ચિંતવન કરવી જોઈએ. ।।૫૫૩।।

શ્લોક :-

प्राहागृहीतसंकेता, छिन्नो मे संशयस्त्वया ।
साधु प्रज्ञाविशालेति, नामान्वर्थं कृतं निजम् ।।५५४।।

શ્લોકાર્થ :-

અગૃહીતસંકેતા કહે છે. તારા વડે=પ્રજ્ઞાવિશાલા વડે, મારો સંશય છેદાયો. પ્રજ્ઞાવિશાલા એ પ્રમાણે પોતાના નામનો અન્વર્થ સુંદર કરાયો. ।।૫૫૪।।

શ્લોક :-

निवेदयतु संसारिजीव एवाग्रतोऽथ तत् ।
विचक्षणोऽन्ववादीद् यन्नरवाहनभूभुजे ।।५५५।।

શ્લોકાર્થ :-

હવે સંસારી જીવ જ આગળથી તે=પોતાનું કથન, નિવેદન કરો. શું નિવેદન કરો ? એથી કહે છે. વિચક્ષણસૂરિએ નરવાહન રાજાને જે કહ્યું તે નિવેદન કરો. એમ અન્વય છે.

અગૃહીતસંકેતાએ સંસારી જીવને પ્રશ્ન કરેલો કે નદી આદિનો ભેદ શું છે ? તેના સમાધાન રૂપે સંસારી જીવે વેલ્લહલની કથા કરી ત્યારે તે કથા પ્રસ્તુત પ્રશ્ન સાથે કઈ રીતે સંબદ્ધ છે ? તેનો નિર્ણય નહિ થવાથી અગૃહીતસંકેતા સંસારી જીવને પ્રશ્ન કરે છે, ત્યારે સંસારી જીવ કહે છે, હું શ્રાંત થયો છું માટે આ વેલ્લહલની કથાનું યોજન પ્રજ્ઞાવિશાલા અગૃહીતસંકેતાને સમજાવે અને તે પ્રમાણે પ્રજ્ઞાવિશાલાએ અગૃહીતસંકેતાને તે નદી આદિનો ભેદ સ્પષ્ટ કર્યો. તેનો બોધ અગૃહીતસંકેતાને થવાથી અગૃહીતસંકેતા કહે છે કે જે વિચક્ષણસૂરિએ નરવાહન રાજાને કહેલું, તે આગળ શું છે તે સંસારી જીવ નિવેદન કરે. **॥૫૫૫॥**

શ્લોક :-

ततः संसारिजीवेन, प्रोक्तं पङ्कजलोचने ! ।
वदाम्यग्रे विमर्शस्य, प्रबन्धं तेन भाषितम् ।।५५६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સંસારી જીવ વડે કહેવાયું. હે પંકજલોચનવાળી અગૃહીત-સંકેતા ! તેના વડે=વિચક્ષણસૂરિ વડે, કહેવાયેલો વિમર્શનો પ્રબંધ હું આગળ કહું છું. ।।૫૫૬।।

શ્લોક :-

प्रकर्षः प्राह संदेहश्छिन्नो मे मातुल ! त्वया ।
परिवारमथ ब्रूहि, महामोहमहीभुजः ।।५५७।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. હે માતુલ વિમર્શ ! તારા વડે=વિમર્શ વડે, મારો સંદેહ છેદાયો. હવે મહામોહરાજાના પરિવારને તું કહે. ।।૫૫૭।।

શ્લોક :-

विलोक्यते या नृपविष्टरस्था, भृङ्गाञ्जनश्यामलवेणिदण्डा ।
वराङ्गनेयं परमाणुमध्या, किन्नामिका कीर्तय किंगुणा च ? ।।५५८।।

શ્લોકાર્થ :-

ભમરા અને અંજન સરખા શ્યામલ વેણીના દંડવાળી, રાજાના સિંહાસનમાં બેઠેલી, પરમ=અત્યંત, અણુના મધ્યવાળી, જે સ્ત્રી દેખાય છે એ કયા નામવાળી છે અને કયા ગુણવાળી છે ? તું કહે.

મહામોહના આસન ઉપર બેઠેલી શ્યામવેણીના દંડવાળી કોઈક સ્ત્રી છે જે અત્યંત સૂક્ષ્મ મધ્યમાં રહેલી છે, તે કેવા સ્વરૂપવાળી છે અને કયા નામવાળી છે, તેની જિજ્ઞાસાથી પ્રકર્ષ પ્રશ્ન કરે છે. તેથી એ ફલિત થાય કે મહામૂઢતા અત્યંત સૂક્ષ્મ અણુઓથી બનેલી છે અને જીવની મલિન પરિણતિવાળી છે, તેથી કાળી છે અને મહામોહની સાથે અંગાંગી ભાવ સ્વરૂપે એક આસન ઉપર બેઠેલી છે. તેથી જેના ચિત્તમાં મહામોહ વર્તે છે, તેના ચિત્તમાં મહામૂઢતા પણ વર્તે છે, છતાં મૂઢ જીવો તેને જોઈ શકતા નથી માટે તે અત્યંત સૂક્ષ્મ છે. **॥૫૫૮॥**

શ્લોક :-

प्रकर्षकथनादथ प्रथितधीर्विमर्शो जगौ,
न गौरतनुरन्यथाप्यकथनीयकान्तिस्थितिः ।
इयं भुवनगह्वराहितरहा महामोहभू-
धवस्य वनिता कृतातुलमहा महामूढता ।।५५९।।

શ્લોકાર્થ :-

હવે પ્રકર્ષના કથનથી વિસ્તાર પામેલી બુદ્ધિવાળો વિમર્શ બોલ્યો= પ્રકર્ષના પ્રશ્નને કારણે તે પ્રકારનો વિમર્શ થવાથી વિસ્તૃત થયેલી બુદ્ધિવાળો વિમર્શ બોલ્યો. મહામોહરૂપ પતિની પત્ની કરાયેલ અતુલ તેજવાળી મહામૂઢતા ગૌર શરીરવાળી નથી. અન્યથા પણ અકથનીય કાંતિની સ્થિતિવાળી છે. આ જીવનરૂપી ગુફામાં સ્થાપન કરાયેલી રહસ્યવાળી છે.

વિપર્યાસ સિંહાસન ઉપર મહામોહની બાજુમાં બેઠેલી મહામૂઢતા નામની પત્ની છે=જે જીવોમાં મહામોહ વર્તે છે તે જીવોમાં તત્ત્વની વિચારણામાં મહામૂઢતા પ્રવર્તે છે જે સુંદર શરીરવાળી નથી. અન્યથા પણ ન કહી શકાય એવી મલિન કાંતિવાળી છે અર્થાત્ સર્વથા જીવને મૂઢ કરે તેવી પરિણતિવાળી છે. વળી, તે મહામૂઢતા સંસારી જીવોના ચિત્તમાં ગુપ્તસ્થાનમાં રહેલી અતિ રહસ્યવાળી પરિણતિ છે. જેથી પોતે મહામૂઢ હોવા છતાં, પોતાની મહામૂઢતાને તેઓ જોઈ શકતા નથી. આથી મહામૂઢતાને વશ થઈને સર્વ ક્લેશોની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, તે મહામૂઢતા કરાયેલા અતુલ તેજવાળી છે. જેનાથી અંજાઈને જીવો તત્ત્વને જોવા માટે સમર્થ થતા નથી. **॥૫૫૯॥**

શ્લોક :-

सुधांशुरिव चन्द्रिकां गिरिसुतामिवेशः सदा,
बिभर्ति हृदये नृपः कृपणरत्नतुल्यामिमाम् ।
असौ न हि विना क्वचित् प्रभुरिमामपि स्पन्दितुं,
विविच्य गुणगौरवं क इव वक्तुमस्याः क्षमः ।।५६०।।

શ્લોકાર્થ :-

ચંદ્ર જેમ ચંદ્રિકાને છોડતો નથી, ઈશ=મહાદેવ, ગિરિસુતાને=પાર્વતીને, સદા હૃદયમાં રાખે છે, તેમ કૃપણના રત્નતુલ્ય એવી આને=કૃપણ પુરુષ સદા રત્નને હૃદય ઉપર લઈને ફરે છે તેના જેવી આ મહામૂઢતાને, મહામોહરાજા હૃદયમાં ધારણ કરે છે. આ=મહામોહ, આના પણ વગર= મહામૂઢતા વગર પણ, સ્પંદન કરવા માટે ક્યારેય સમર્થ નથી. આનીના= મહામૂઢતાના, ગુણગૌરવને વિભાગ કરીને કહેવા માટે કોણ સમર્થ છે ?=કોઈ સમર્થ નથી.

કૃપણ પુરુષ રત્ન પ્રત્યે અત્યંત મમત્વ ધારણ કરે છે. તેમ મહામોહ મૂઢતા સાથે અત્યંત અભેદબુદ્ધિ ધારણ કરે છે. આથી જ મહામોહવાળા જીવોના ચિત્તમાં સદા મહામૂઢતા વર્તે છે. તેથી સંસારના ઉચ્છેદ માટે ક્યારેય પ્રયત્ન કરતા નથી. વળી, મહામૂઢતા વગર મહામોહ ક્યારેય કોઈ કૃત્ય કરવા સમર્થ નથી. તેથી મહામોહની સાથે મહામૂઢતાનો અત્યંત અભેદ છે. મહામૂઢતાના

ગુણો કહેવા અશક્ય છે; કેમ કે આખું જગત મહામૂઢતાને વશ અનાદિકાળથી અનેક ક્લેશો પામે છે તોપણ તત્ત્વની વિચારણા કરવા સમર્થ બનતા નથી. આથી જ ક્વચિત્ સાધુવેશ ગ્રહણ કરે કે શ્રાવકના આચારો પાળે તોપણ મહામૂઢતાને વશ કષાયોથી થતી પોતાના ચિત્તની વિડંબનાને અને તેનાથી *પ્રાપ્ત થતી ચાર ગતિના પરિભ્રમણની વિડંબનાને તે જીવો જોવા સમર્થ બનતા* નથી. **॥૫૬૦॥**

શ્લોક :-

मनस्यणुनि पर्वते तनुमतां तमोभिर्भृता,
कृता स्मयमयेऽनया क्व न दरी दरीदृश्यते ।
अहो वियति विभ्रमे विषयसौख्यतृष्णालता,
ऽनया क्वचन निर्मिता रतिकरी जरीजृम्भते ।।५६१।।

શ્લોકાર્થ :-

સંસારી જીવોના સ્મયમય અણુરૂપ મનસ્વરૂપ પર્વતમાં આના વડે= મહામૂઢતા વડે કરાયેલી, અંધકારથી ભરાયેલી ગુફા ક્યાંય=સંસારમાં કોઈ સ્થાને અત્યંત દેખાતી નથી. અહો ! આશ્ચર્ય છે કે વિલાસરૂપ આકાશમાં આના વડે=મહામૂઢતા વડે, નિર્માણ કરાયેલી વિષયસુખની તૃષ્ણારૂપી લતા કોઈક સ્થાનમાં=કોઈક જીવરૂપ સ્થાનમાં, રતિને કરનારી, અત્યંત વિલાસ પામે છે.

સંસારી જીવોનો ચિત્તરૂપી પર્વત અણુ જેવો છે. એવા પર્વતમાં પણ મહામૂઢતાએ ગુફા કરી છે. જે અંધકારથી એવી વ્યાપ્ત છે કે તેની ગુફા જગતમાં ક્યાંય દેખાતી નથી; કેમ કે અન્ય ગુફામાં દીપક આદિ લઈ જવામાં આવે તો ત્યાં પ્રકાશ પ્રાપ્ત થાય છે. જ્યારે સંસારી જીવોમાં અનાદિની એવી મૂઢતા વર્તે છે કે તીર્થંકરોના, ઋષિઓના, મહર્ષિઓના ઉપદેશરૂપ દીપકો પણ તેઓના ચિત્તમાં પ્રકાશ કરી શકતા નથી. એટલું જ નહિ પણ શ્રુત આદિ ભણે તોપણ ગાઢ અંધકારરૂપ વિપર્યાસ જ પ્રાપ્ત થાય છે. વળી, મહામૂઢતાએ જીવોના ચિત્તમાં વિષયના સુખરૂપી તૃષ્ણાની લતા ઉત્પન્ન કરી છે, જે વિભ્રમરૂપ આકાશમાં નિર્માણ કરાયેલી લતા જેવી છે. તેથી અવાસ્તવિક જેવી છે અને જે અવાસ્તવિક

હોય તે રતિ કરનાર થાય નહિ તોપણ મહામૂઢતાએ તેવી લતા નિર્માણ કરી છે કે એના જેવી રતિ કરનારી અન્ય લતાઓ થતી નથી. આથી જ સંસારી જીવોને *પરમાર્થથી વિષયોના સેવનમાં કોઈ સુખ પ્રાપ્ત થતું નથી.* પરંતુ વિષયોમાં આકુળ ચિત્ત વર્તે છે તોપણ પોતે અત્યંત સુખી છે, તેવો વિભ્રમ મહામૂઢતા કરે છે. **॥૫૬૧॥**

શ્લોક :-

प्राह प्रकर्षो—

विदिता मयेयमथाऽस्ति यः सन्निहितोऽस्य राज्ञः ।

वक्रभ्रुवा राजकमीक्षमाणो, भीष्मो नृपः श्यामतनुः क एषः ।।५६२।।

શ્લોકાર્થ :-

પ્રકર્ષ કહે છે. હવે મારા વડે આ=મહામૂઢતા, જણાઈ. આ રાજાની સન્નિહિત જે=મહામોહરાજાની સન્નિહિત જે વક્રભ્રુવાવાળા રાજકને જોતો= રાજા સંબંધી કૃત્યોને જોતો, ભીષ્મ, શ્યામ શરીરવાળો આ રાજા કોણ છે ? ।।૫૬૨।।

શ્લોક :-

जगौ विमर्शोऽथ महत्तमोऽयं, मान्यो महामोहनरेश्वरस्य ।

मिथ्यात्वनामाऽऽन्तरराज्यवृत्तेः, प्रवर्तकः कर्मनियन्त्रितायाः ।।५६३।।

શ્લોકાર્થ :-

હવે વિમર્શ બોલ્યો. મહામોહરાજાનો માન્ય કર્મનિયંત્રિત અંતર-રાજ્યવૃત્તિનો પ્રવર્તક મિથ્યાત્વ નામનો આ મહત્તમ છે.

પ્રકર્ષે પ્રશ્ન કરેલો કે મહામોહરાજાની પાસે બેઠેલો આ રાજા કોણ છે, તેનો ઉત્તર આપતાં વિમર્શ કહે છે કે તે મિથ્યાત્વ નામનો જીવનો પરિણામ છે. વળી, મહામોહરાજાને તે અત્યંત માન્ય છે; કેમ કે મહામોહરાજાનું રાજ્ય મિથ્યાત્વથી સુસ્થિર થાય છે. વળી અંતરંગ કર્મથી નિયંત્રિત એવી રાજ્યવૃત્તિ કષાય-નોકષાયની પરિણતિ સ્વરૂપ છે તેનો પ્રવર્તક આ મિથ્યાત્વ છે. **॥૫૬૩॥**

શ્લોક :-

अनात्मनिष्ठा गुरुधर्मदेवता, जनप्रवाहे पतिता वदन्ति यत् ।
स्वभावशुद्धाश्च न ता विजानते, तदस्य विश्वार्तिकृतो विजृम्भितम् ।।५६४।।

શ્લોકાર્થ :-

જનપ્રવાહમાં પતિત લોકો અનાત્મનિષ્ઠ એવા ગુરુ, ધર્મ અને દેવતાને જે કહે છે અને સ્વભાવશુદ્ધ એવા તેઓને=ગુરુ, ધર્મ અને દેવતાને, જાણતા નથી, વિશ્વની પીડા કરનાર એવા આનું=મિથ્યાત્વનું તે વિજૃંભિત છે.

લોકોના પ્રવાહમાં પડેલા સંસારી જીવો આત્માના નિરાકુળભાવમાં નહિ જનારા એવા ગુરુને ગુરુ માને છે. આત્માના નિરાકુળ ભાવને પ્રગટ કરવામાં કારણભૂત ઉચિત આચરણાને છોડીને બાહ્ય ધૂમધામમાં ધર્મ માને છે અને દેવ પણ આત્માના નિરાકુળભાવમાં નહિ રહેલા છે, તેવા સ્વરૂપવાળા દેવને જેઓ દેવ માને છે, પરંતુ આત્માના નિરાકુળ સ્વભાવથી શુદ્ધ એવા ગુરુ જ ગુરુ છે. આત્માના નિરાકુળ સ્વભાવમાં જવાને અનુકૂળ ઉચિત આચરણા ધર્મ છે અને આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થયેલા વીતરાગ જ દેવતા છે. તે પ્રમાણે લોકો જાણતા નથી તે મિથ્યાત્વથી વિલસિત છે; કેમ કે તે પ્રકારનો વિપરીત બોધ વિશ્વના જીવોને અનેક પ્રકારની પીડાનું કારણ બને તેવા ક્લિષ્ટ પરિણામ સ્વરૂપ છે. તેથી મિથ્યાત્વ સ્વરૂપ છે. **॥૫૬૪॥**

શ્લોક :-

जडैश्छलेनापि भृशं विमोहितान्, कटाक्षविद्धानबलाजनैरपि ।
जिघांसया तुच्छजनेऽप्युदायुधान्, न वेत्ति देवान् किमनेन मोहितः ।।५६५।।

શ્લોકાર્થ :-

જડ છલથી પણ જડ કૃત્યોથી અત્યંત મોહિત થયેલા દેવોને અથવા સ્ત્રીલોકોથી પણ કટાક્ષથી વીંધાયેલા એવા દેવોને અથવા તુચ્છ જનમાં પણ મરવાની ઈચ્છાથી આયુધને ધારણ કરનારા દેવોને જાણતો નથી= મિથ્યાત્વવાળો જીવ જાણતો નથી. કેમ ?=કેમ જાણતો નથી ? આનાથી મોહિત=મિથ્યાત્વથી મોહિત જીવ જાણતો નથી.

જે દેવતાઓ લોકોની ભક્તિથી રંજિત થઈને તેમનાં ઇષ્ટ કાર્યો કરે છે અને કુપિત થઈને તેઓને દંડ આપે છે, તેઓ જડ એવી તુચ્છ પ્રવૃત્તિઓ દ્વારા છલ કરીને પણ લોકોને અત્યંત વિમોહિત કરનારા દેવો છે, તેવા દેવોને મિથ્યાત્વના વશથી જ જીવો પૂજે છે. વળી, કેટલાક દેવો સ્ત્રીલોકોના કટાક્ષથી વીંધાયેલી પરિણતિવાળા છે. જેમ શંકર, તેવા દેવોને મિથ્યાત્વના ઉદયથી જીવો પૂજે છે. કેટલાક દેવો દુષ્ટ જીવોને મારવાની ઇચ્છાથી હાથમાં ચક્રાદિ આયુધો રાખે છે; તેવા દેવોને મિથ્યાત્વથી મોહિત જીવો જ પૂજે છે. **॥૫૬૫॥**

શ્લોક :-

त्रिकोटिशुद्धागमदेशकान् सदा,
प्रसादकोपाविकृतान् महाधियः ।
विनिह्नुतेऽसौ वृजिनोज्झितान् जिनान्,
जनाय देवान् जगदेकनायकान् ।।५६६।।

શ્લોકાર્થ :-

ત્રિકોટિ શુદ્ધ આગમના દેશક=કષ, છેદ, તાપ શુદ્ધ એવા શાસ્ત્રોનો ઉપદેશ આપનાર, સદા પ્રસાદ અને કોપથી અવિકૃત સ્વરૂપવાળા=સદા રાગ, દ્વેષથી પર, મહાબુદ્ધિવાળા, પાપને ત્યાગ કર્યો છે જેમણે એવા, જગતના એક નાયક જિનદેવતાનો લોકો આગળ આ=મિથ્યાત્વ, અપલાપ કરે છે.

જેઓ ક્વચિત્ વીર ભગવાનની ઉપાસના કરતા હોય તોપણ કષ, છેદ, તાપ શુદ્ધ એવા આગમના ઉપદેશકરૂપે તેમના વચનનો અપલાપ કરતા હોય તેવા નિહ્નવો કે દિગંબર મતમાં જે મિથ્યાત્વ વર્તે છે, તે શુદ્ધ દેવતાના અપલાપને કરનારા છે. વળી, જેઓ માને છે કે ભગવાનની ભક્તિ કરવાથી તેઓ પ્રસન્ન થાય છે અને ભક્તિ નહિ કરવાથી કોપિત થાય છે તેવા પણ દેવો પરમાર્થથી જિન નથી, પરંતુ પ્રસાદ કોપથી રહિત જિન છે, તેનો જે અપલાપ કરે છે, તે મિથ્યાત્વ છે. વળી, જિન સર્વજ્ઞ, સર્વદર્શી છે. તેથી મહાબુદ્ધિવાળા છે. તેઓનો મિથ્યાત્વ અપલાપ કરે છે. વળી, જિને સર્વ પાપનો નાશ કર્યો છે. જગતના એક નાયક છે, તેવા દેવોનો અપલાપ જીવમાં રહેલું મિથ્યાત્વ કરે છે. **॥૫૬૬॥**

શ્લોક :-

असत्यसन्धेषु गृहिष्वधर्मिषु, स्फुटं महारम्भिषु तापसेष्वपि ।
सुपात्रताबुद्धिमसौ तनोत्यहो, विगर्हितोद्दिष्टसचित्तभोजिषु ।।५६७।।

શ્લોકાર્થ :-

અસત્યનું સંધાન કરનાર એવા અધર્મી ગૃહસ્થોમાં=મોહના નાશને અનુકૂળ એવા ઉચિત આચારોને છોડીને સ્વકલ્પિત અસત્યસંધાનવાળા અધર્મી ગૃહસ્થોમાં, સ્પષ્ટ મહારંભી એવા તાપસોમાં પણ, નિંદનીય એવા ઉદ્દિષ્ટ અને સચિત્ત ભોજન કરનારાઓમાં=ભગવાનના વચનની મર્યાદા વગર ઉદ્દિષ્ટ કે સચિત્ત ભોજન કરનારા સાધુઓમાં, આ=મિથ્યાત્વ, સુપાત્રતા બુદ્ધિને વિસ્તારે છે.

સુશ્રાવકોને છોડીને સ્વમતિ અનુસાર અસત્યસંધાનવાળા ગૃહસ્થના આચારોને પાળનારા અધર્મી શ્રાવકોમાં કે અન્યદર્શનમાં સુપાત્ર બુદ્ધિ મિથ્યાત્વથી થાય છે. વળી, તાપસો વૃક્ષનું છેદન-ભેદન કરીને ફલાહાર કરે છે. તેથી સ્પષ્ટ મહારંભવાળા છે. તેથી તેઓમાં પણ સુપાત્ર બુદ્ધિ મિથ્યાત્વથી થાય છે અને ભગવાનના વચનની મર્યાદાને છોડીને નિંદનીય એવા ઉદ્દિષ્ટ અને સચિત્ત ભોજન કરનારા સાધુઓમાં સુપાત્ર બુદ્ધિ મિથ્યાત્વથી થાય છે. **॥૫૬૭॥**

શ્લોક :-

विशुद्धसामायिकसंपदः सदा, महाव्रतोदारमतीनघच्छिदः ।
समाधिपूतानयमुद्धतो गुरून्, कुपात्रभूतानुपदर्शयत्यलम् ।।५६८।।

શ્લોકાર્થ :-

વિશુદ્ધ સામાયિકની સંપદાવાળા, સદા, મહાવ્રતમાં ઉદાર મતિવાળા, પાપને છેદનાર, સમાધિથી પવિત્ર એવા ગુરુઓને ઉદ્ધત એવો આ= મિથ્યાત્વ, અત્યંત કુપાત્રભૂત દેખાડે છે.

સુસાધુ સમભાવની પરિણતિવાળા હોય છે. તેથી જગતના સર્વ ભાવો પ્રત્યે પરમ ઉપેક્ષા રાખે છે અને સદા મહામતિઓથી ઉદાર મતિવાળા હોય છે અને કષાય, નોકષાયનો ઉચ્છેદ કરીને પાપને છેદતા હોય છે. સર્વત્ર નિઃસ્પૃહી ચિત્ત

પ્રગટ કરીને સમાધિથી પવિત્ર પરિણતિવાળા હોય છે. તેવા ગુરુઓને જીવમાં વર્તતો ઉદ્ધત એવો મિથ્યાત્વ કુપાત્ર બતાવે છે અથવા તેવા ગુણવાન ગુરુના ગુણો પ્રત્યે અનાદરભાવ પ્રગટ કરે છે. **॥૫૬૮॥**

શ્લોક :-

स्वराङ्गभौमाद्भुतमन्त्रलक्षणस्फुटेन्द्रजालादिविधानतत्परान् ।
मनस्विमुख्यान् गुणिनस्तपोधनान्, विदन्त्यनेनैव वशीकृता जनाः ।।५६९।।

શ્લોકાર્થ :-

આના વડે જ=મિથ્યાત્વ વડે જ, વશ કરાયેલા લોકો સ્વરશાસ્ત્ર, અંગશાસ્ત્ર, ભૌમશાસ્ત્રથી અદ્ભુત મંત્રલક્ષણ સ્પષ્ટ ઈન્દ્રજાલાદિ વિધાનમાં તત્પર, મનસ્વી જીવોને ગુણી તપોધન જાણે છે.

મિથ્યાત્વને વશ થયેલાં લોકોને સ્પષ્ટ ઇન્દ્રજાલ જેવાં વિધાન કરવામાં તત્પર મનસ્વી લોકો ગુણવાન તપસ્વી સુસાધુ જણાય છે. **॥૫૬૯॥**

શ્લોક :-

अनेकमन्त्रादिविदोऽपि निःस्पृहानबाधितान् दुर्जयलोकयात्रया ।
परप्रवृत्तौ बधिरान्धमूककान्निजार्थसिद्धौ सततं कृतोद्यमान् ।।५७०।।
अखर्वसर्वंकषगर्ववर्जितान्, प्रशान्तचित्ताननघांस्तपोधनान् ।
-न वेत्ति दिव्यादिकथाश्लथादराननेन लोको निहतो गुणाकरान् ।।५७१।।

શ્લોકાર્થ :-

આનાથી=મિથ્યાત્વથી, હણાયેલો લોક, અનેક મંત્રાદિને જાણનાર પણ નિઃસ્પૃહી, દુર્જયલોકયાત્રાથી અબાધિત, પરપ્રવૃત્તિમાં બધિર, અંધ અને મૂક, નિજ અર્થસિદ્ધિમાં સતત કૃતઉદ્યમવાળા, અત્યંત સર્વને કસનાર એવા ગર્વથી વર્જિત, પ્રશાંત ચિત્તવાળા, પાપરહિત, તપોધન, દિવ્યાદિ કથામાં શિથિલ આદરવાળા એવા મહાત્માઓને ગુણના આકર જાણતો નથી.

સુસાધુ શાસ્ત્ર ભણીને અનેક મંત્રાદિને જાણનારા હોય તોપણ લોકમાં ખ્યાતિ આદિ અર્થે તેનો પ્રયોગ કરતા નથી, પરંતુ નિઃસ્પૃહી હોય છે. વળી,

દુર્જય એવી લોકયાત્રાથી અબાધિત હોય છે. તેથી જ ભક્તવર્ગના સંચયમાં યત્ન કરતા નથી, પરંતુ કેવળ યોગ્ય જીવોને સન્માર્ગ બતાવીને ભક્તિવાળા પ્રત્યે પણ નિર્ગત સ્નેહવાળા હોય છે. વળી, આત્માની ગુણનિષ્પત્તિ સિવાયની સર્વ પ્રવૃત્તિમાં બધિર, અંધ અને મૂક હોય છે. પોતાની ગુણસંપત્તિને પ્રગટ કરવામાં સતત પ્રયત્નવાળા હોય છે. બધા જીવોને માન-કષાય કસે તેવો હોય છે તેવા પણ કષાયથી રહિત મુનિઓ હોય છે. પ્રશાંત ચિત્તવાળા હોય છે. કષાય-નોકષાય પરિણામરૂપ પાપ ન સ્પર્શે તેવા હોય છે, નિર્જરાને અનુકૂલ ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવા ધનવાળા હોય છે. વળી, સંસારના ભાવોની કથામાં શિથિલ આદરવાળા હોય છે. તેવા મહાત્માઓને પણ મિથ્યાદૃષ્ટિ જીવો જાણી શકતા નથી. **॥૫૭૦-૫૭૧॥**

શ્લોક :-

तडागवाप्यादिविधानभूमिगोहिरण्यदानादिषु यागकर्मणि ।
विनाटितोऽनेन हि धर्ममीक्षते, महोपमर्दादपि भूतसंततेः ।।५७२।।

શ્લોકાર્થ :-

આનાથી=મિથ્યાત્વથી, વિનાટિત જીવ, જીવોની સંતતિના મહા-ઉપમર્દનથી પણ, તળાવ, વાવ, આદિના વિધાનવાળી ભૂમિદાન, ગોદાન, હિરણ્યદાન આદિમાં, યાગકર્મમાં ધર્મને જુએ છે.

જેઓ અંતરંગ ગુણસંપત્તિને જોવાને અભિમુખ નથી, તેઓ તળાવને ખોદવા, કૂવાઓ કરાવવા, ભૂમિનું બ્રાહ્મણને દાન કરવું, હિરણ્યનું બ્રાહ્મણોને દાન કરવું તેમાં ધર્મ જુએ છે અને યજ્ઞ કરવામાં ધર્મ જુએ છે. વસ્તુતઃ તે સર્વ ક્રિયાઓમાં જીવોની ઘણી હિંસા હોવા છતાં તેઓને વિપર્યાસને કારણે ધર્મ દેખાય છે. **॥૫૭૨॥**

શ્લોક :-

क्षमामृदुत्वार्जवसत्यसंयमान्, तपःशमब्रह्मदमाप्रमत्तताः ।
कदर्थितोऽनेन मनःप्रसादकान्, न वेत्ति धर्मानमृतोपमान् जनः ।।५७३।।

શ્લોકાર્થ :-

અમૃતની ઉપમાવાળા મનના પ્રસાદ કરનારા ક્ષમા, મૃદુત્વ, આર્જવ,

સત્ય, સંયમવાળા, તપ, શમ, બ્રહ્મ, દમ, અપ્રમત્તતાવાળા ધર્મોને આનાથી=મિથ્યાત્વથી, કદર્થિત જન જાણતો નથી.

પરમાર્થથી કષાયોને, નોકષાયોના ઉન્મૂલનને અનુકૂળ એવા ગુણોમાં જે યત્ન છે, તે ક્ષમાદિ ભાવો સ્વરૂપ છે અને તેવા ભાવો મનને પ્રસાદ કરનારા છે અને અમૃતની જેમ તત્કાલ સુખ દેનારા છે, આગામી સુખની પરંપરાને દેનારા છે અને તે પારમાર્થિક ધર્મ છે તોપણ મિથ્યાત્વવાળા જીવોને તે ધર્મ ધર્મરૂપે દેખાતો નથી. માત્ર સ્વ-સ્વકલ્પિત તે તે બાહ્ય આચારો ધર્મરૂપે દેખાય છે. **॥૫૭૩॥**

શ્લોક :-

परिष्क्रियां मण्डपवेदिकासनाश्रयामसावातनुते निरन्तरम् ।
यदुत्थितैः कान्तिलवैर्ज्वलत्यदो, जगत्त्रयं दोषकृशानुराशिभिः ।।५७४।।

શ્લોકાર્થ :-

મંડપ, વેદિકા અને આસનના આશ્રયવાળી પરિષ્ક્રિયાને=પ્રવૃત્તિને, આ=મિથ્યાત્વ, સતત વિસ્તાર કરે છે. જેનાથી ઉત્થિત કાંતિલવ વડે આ= મિથ્યાત્વ, દોષરૂપી અગ્નિની રાશિ વડે જગતત્રયને બાળે છે.

જીવમાં વર્તતું મિથ્યાત્વ ચિત્તવિક્ષેપમંડપ, તૃષ્ણાવેદિકા અને વિપર્યાસસિંહાસનના આશયવાળી સર્વ ક્રિયાને સતત વિસ્તાર કરે છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવો તેનાથી દોષરૂપી અગ્નિમાં સતત બળીને ભસ્મ થાય છે. આથી જ વર્તમાન ભવોમાં ક્લેશોને પામે છે અને અંતે દુર્ગતિઓની મહાવિડંબનાને પામે છે. **॥૫૭૪॥**

શ્લોક :-

करोति यद् भैरवपातमुच्चकैरटाट्यते धर्ममदादितस्ततः ।
ददाति धूर्ताय धनं च होमकृत्, तदेतदुत्तेजितमण्डपोर्जितम् ।।५७५।।

શ્લોકાર્થ :-

અત્યંત ભૈરવપાત જે કરે છે, આમતેમ ધર્મના મદથી જે ભટકે છે અને હોમને કરનાર પુરુષ ધૂર્તને જે ધન આપે છે, તે આ ઉત્તેજિત મંડપથી ઉપાર્જિત છે.

મિથ્યાત્વથી ઉત્તેજિત ચિત્તવિક્ષેપમંડપ જીવને મોક્ષ અર્થે ભૈરવપાત કરવાની

પ્રેરણા આપે છે. પરંતુ મોક્ષના ઉપાયને જાણવા અર્થે ઉચિત ઉપાય જાણવા દેતો નથી. વળી, અન્યદર્શનમાં કે સ્વદર્શનમાં સ્વમદથી જેઓ અંતરંગ ગુણસંપત્તિ પ્રગટ ન થાય તેવી આમતેમ પ્રવૃત્તિઓ કરે છે, તે સર્વ મિથ્યાત્વથી ઉત્તેજિત ચિત્તવિક્ષેપનું કાર્ય છે અને ધૂર્ત એવા ત્યાગી આદિ સાધુઓને કે સંન્યાસીઓને હોમ કરવા અર્થે જે ધન આપે છે તે પણ મિથ્યાત્વથી ઉત્તેજિત ચિત્તવિક્ષેપમંડપનું કાર્ય છે. **॥૫૭૫॥**

શ્લોક :-

प्रवेशमग्नौ पतिसंगमेच्छया, तथाऽग्निहोत्रं सुतभूतिकाम्यया,
अनेन कष्टं सनिदानकं जनान्, परिष्कृता कारयतीह वेदिका ।।५७६।।

શ્લોકાર્થ :-

આનાથી=મિથ્યાત્વથી, પરિષ્કૃત એવી વેદિકા અહીં=લોકમાં, પતિના સંગમની ઇચ્છાથી અગ્નિમાં પ્રવેશ કરાવે છે અને પુત્રની કે વૈભવની કામનાથી અગ્નિહોત્ર કરાવે છે. નિદાનવાળાં કષ્ટો લોકોને કરાવે છે.

જે જીવોમાં મિથ્યાત્વ વર્તે છે અને તૃષ્ણાવેદિકા મિથ્યાત્વથી પુષ્ટ થયેલી છે તે જીવોને પતિ પ્રત્યે ગાઢ રાગ હોય તો તેના સંગમની ઇચ્છાથી અગ્નિમાં પ્રવેશ કરવાનો પરિણામ થાય છે; કેમ કે મિથ્યાત્વથી યુક્ત પતિની પ્રાપ્તિની તૃષ્ણા છે. વળી, કેટલાક જીવો પુત્ર, વૈભવની કામનાથી અગ્નિહોત્ર પણ મિથ્યાત્વથી પરિષ્કૃત તૃષ્ણાથી કરે છે; કેમ કે વિપર્યાસયુક્ત પુત્રની કે વૈભવની કામના છે; કેમ કે અગ્નિહોત્ર તેની પ્રાપ્તિનો ઉપાય નથી. છતાં વિપર્યાસને કારણે ઉપાયરૂપે છે તેમ ભાસે છે અને પુત્ર અને વૈભવની કામનારૂપ તૃષ્ણા છે. વળી, ભગવાનના શાસનમાં પણ કેટલાક જીવો આલોકના માન-સન્માન અર્થે કે પરલોકના વૈભવ અર્થે તપ-ત્યાગાદિનાં કષ્ટો વેઠે છે, તે પણ વિપર્યાસથી યુક્ત તૃષ્ણાનું જ કાર્ય છે. **॥૫૭૬॥**

શ્લોક :-

श्रुतीः प्रमाणेन विना प्रमाणयन्, मुमुक्षुरप्याशु कुमार्गमृच्छति ।
भ्रमन्नदःसंस्कृतविष्टरोर्जिताद्, गृहाश्रमं स्तौति यतींश्च निन्दति ।।५७७।।

શ્લોકાર્થ :-

આનાથી સંસ્કૃત એવા વિષ્ટરના તેજથી ભમતો એવો પુરુષ પ્રમાણ વગર શ્રુતિને પ્રમાણ કરતો, મોક્ષમાં જવાની ઈચ્છાવાળો શીઘ્ર કુમાર્ગને પામે છે. ગૃહસ્થાશ્રમની સ્તુતિ કરે છે અને યતિઓની નિંદા કરે છે.

મિથ્યાત્વથી સંસ્કૃત એવા વિપર્યાસરૂપ વિષ્ટરના તેજથી જ્યારે જીવ ભમે છે, ત્યારે શાસ્ત્રોની પરીક્ષા કર્યા વગર સ્વમતિ અનુસાર શાસ્ત્રોને પ્રમાણ કરે છે. મોક્ષમાં જવાની ઇચ્છાવાળો હોવા છતાં શીઘ્ર કુમાર્ગને પામે છે. ગૃહસ્થની સ્તુતિ કરે છે અને યતિઓની નિંદા કરે છે. તેથી એ ફલિત થાય કે મિથ્યાત્વનો ઉદય જીવમાં જ્યારે પ્રચુર હોય છે ત્યારે તેનાથી સંસ્કૃત વિપર્યાસ નામનું સિંહાસન પ્રગટે છે અને જ્યારે તેનું તેજ ચિત્તમાં વર્તે છે, ત્યારે મોક્ષની ઇચ્છાવાળા જીવોને પણ ઉન્માર્ગ સન્માર્ગ દેખાય છે. **॥૫૭૭॥**

શ્લોક :-

एतावदुक्त्वा विरते विमर्शे, प्राह प्रकर्षोऽभिहितस्त्वयैषः ।
अर्धासने याऽस्य पुनःस्थितैषा, वराङ्गना कीर्तय तामिदानीम् ।।५७८।।

શ્લોકાર્થ :-

આટલું કહીને વિમર્શ વિરામ પામ્યે છતે, પ્રકર્ષ કહે છે. તારા વડે=વિમર્શ વડે, આ=મિથ્યાત્વ, કહેવાયું. વળી, આના=મિથ્યાત્વના, અર્ધાસનમાં જે આ સ્ત્રી રહેલી છે, તેને હમણાં કહો. ॥૫૭૮॥

શ્લોક :-

जगौ विमर्शः सुकुमारबुद्धे ! फलाच्च धैर्याच्च समेयमस्य ।
भार्या कुदृष्टिः कुमतैकसृष्टिः, प्रत्यूहवल्लीवनमेघवृष्टिः ।।५७९।।

શ્લોકાર્થ :-

વિમર્શ બોલ્યો, હે સુકુમાર બુદ્ધિવાળા પ્રકર્ષ ! ફલથી અને ધૈર્યથી સમાન કુમતની એક સૃષ્ટિ અનર્થોરૂપી વેલડીના વન માટે મેઘવૃષ્ટિ જેવી આ કુદષ્ટિ આની=મિથ્યાત્વની ભાર્યા છે. ॥૫૭૯॥

શ્લોક :-

शाक्याश्च शैवाश्चरकाश्च यौगास्त्रिदण्डिनः पाशुपतास्तथाऽन्ये ।
मीमांसका जीवकदिक्पटाद्या, वितन्वतेऽस्या विवशा विवादम् ।।५८०।।

શ્લોકાર્થ :-

શાક્ય, શૈવ દર્શનવાદી, ચરકો, યૌગો, ત્રિદંડી, પાશુપત તથા અન્ય મીમાંસક જીવક દિક્પટાદિ આને=કુદૃષ્ટિને, વિવશ વિવાદને વિસ્તારે છે.

અન્યદર્શનવાળા એવા શાક્યાદિ જૈનદર્શનમાં રહેલ દિક્પટરૂપ દિગંબર અને આદિ પદથી શ્વેતાંબરમાં પણ રહેલા સ્વ-સ્વમતિ અનુસાર એકાંતવાદને કહેનારા સર્વ આ કુદૃષ્ટિને વિવશ પદાર્થને અનુભવ અનુસાર જોયા વગર વિસ્તૃત કરે છે અને પોતાના મતને સ્થાપન કરીને વિપર્યાસને સ્થિર કરે છે, તે કુદૃષ્ટિનું કાર્ય છે. **॥૫૮૦॥**

શ્લોક :-

एकैकमर्थं नियतिस्वभावकर्मेशकालेष्ववलम्ब्य मत्ताः ।
भ्रमन्ति भिन्नागमवादिनोऽस्या, निर्देशरश्मिप्रसभप्रणुन्नाः ।।५८१।।

શ્લોકાર્થ :-

નિયતિ, સ્વભાવ, કર્મ, ઈશ્વર, કાલમાં એક એક અર્થનું આલંબન લઈને મત્ત થયેલા ભિન્ન આગમવાદી આનાં=કુદૃષ્ટિનાં, નિર્દેશરૂપી કિરણોથી અત્યંત પ્રેરાયેલા ભમે છે.

એકાંત નિયતિવાદ, એકાંત સ્વભાવવાદ, એકાંત ઈશ્વરકર્તૃત્વ, એકાંત કર્મવાદ, એકાંત કાલવાદનું આલંબન લઈને તે તે દર્શનના પાખંડીઓ પોતપોતાનું આગમ સ્વીકારે છે અને એક જ અર્થને પોતપોતાના મતે સંગત કરવા પ્રયત્ન કરે છે, તે તેઓની કુદૃષ્ટિનો જ વિલાસ છે. વસ્તુતઃ નિયતિ આદિ સર્વ કારણોનો કલાપ તે તે કાર્ય પ્રત્યે કારણ છે તોપણ તે દૃષ્ટિને પામીને અન્ય દૃષ્ટિનો અપલાપ કરનારા કુદૃષ્ટિવાળા છે. **॥૫૮૧॥**

શ્લોક :-

विध्यातदीपप्रतिमां च केचिदन्ये च मुक्तिं गुणनाशमाहुः ।
चित्तस्य चान्ये क्षणिकं विलासमेतत्कृताकूतविभेददोषात् ।।५८२।।

શ્લોકાર્થ :-

આના=કુદૃષ્ટિના ઈરાદાથી કરાયેલા વિભેદના દોષથી કેટલાક બુઝાયેલા દીપક સરખી મુક્તિને કહે છે. વળી, બીજા મુક્તિને ગુણનાશરૂપ કહે છે. અન્ય ચિત્તનો ક્ષણિક વિલાસ કહે છે.

બૌદ્ધ દર્શનવાદીના ભિન્ન ભિન્ન મતો મુક્તિને બુઝાયેલા દીપક જેવી, ગુણનાશરૂપ કે ચિત્તનો ક્ષણિક વિલાસ કહે છે. તે કુદૃષ્ટિનો વિલાસ છે. **॥૫૮૨॥**

શ્લોક :-

इयं कुदृष्टिर्जगतीजनानां, कदाग्रहस्यैव करोति कण्डूम् ।
मुहुर्मुहुर्यद्वशगा मनुष्या, घृष्ट्वैव जिह्वामबला म्रियन्ते ।।५८३।।

શ્લોકાર્થ :-

જગતના જીવોની આ કુદૃષ્ટિ, કદાગ્રહની જ ખણજને કરે છે. જેના વશ=કદાગ્રહની ખણજના વશ, વારંવાર જિહ્વાને ઘસીને જ અબલ એવા મનુષ્યો મરે છે.

ધર્મના ક્ષેત્રમાં પણ ધર્મના અર્થી જીવોમાં એકાંતવાદની કુદૃષ્ટિ પ્રવર્તે છે, ત્યારે પોતપોતાની દૃષ્ટિને સ્થિર કરવાના કદાગ્રહવાળી તે દૃષ્ટિ બને છે. તેથી તેને વશ થયેલા સન્માર્ગનો નાશ કરનારી જિહ્વાને ઘસીને તે જીવો ક્લિષ્ટ કર્મો બાંધીને દુર્ગતિમાં જાય છે. **॥૫૮૩॥**

શ્લોક :-

विष्टरे महति यश्च निविष्टो, दृश्यते पृथुविसृत्वरकान्तिः ।
आगमप्रणयपादपनागं, रागकेसरिणमेनमवेहि ।।५८४।।

શ્લોકાર્થ :-

અને મોટા વિષ્ટરમાં વિશાળ વિસૃત્વર એવી કાંતિવાળો જે બેઠેલો

દેખાય છે, એને આગમની પ્રીતિરૂપ વૃક્ષને નાશ કરવા માટે હાથીરૂપ રાગકેસરી તું=પ્રકર્ષ, જાણ.

આગમની રચના જીવને સંતોષની નિષ્પત્તિ અર્થે જ છે. તેથી જેને આગમમાં પ્રીતિ છે તેને સામાયિકના પરિણામરૂપ સંતોષમાં પ્રીતિ હોય છે. વળી, સંતોષરૂપ વૃક્ષને ઉખેડનાર હાથીરૂપ રાગની પરિણતિ છે. આથી જ વિપર્યાસ સિંહાસનમાં બેઠેલ રાગકેસરી સતત સંતોષનો નાશ કરનાર બને છે. આથી જ જે જીવોના ચિત્તમાં વિપર્યાસ સિંહાસન ઉપર રાગ વર્તતો હોય તે જીવો શાસ્ત્રો ભણે, તપ-સંયમ કરે તોપણ વિપર્યાસયુક્ત રાગની પરિણતિ તેઓમાં સંતોષ પ્રગટ કરવા દેતી નથી. **॥૫૮૪॥**

શ્લોક :-

संक्रमात् पितुरशेषगुणानां, कार्यभेदविरहादमुना च ।
सार्थका न विहिता न पिता वै, जायते सुत इति श्रुतिरेषा ।।५८५।।

શ્લોકાર્થ :-

પિતાના=મહામોહ પિતાના, અશેષ ગુણોનો સંક્રમણ હોવાથી=વિષ્ટર ઉપર બેઠેલા રાગકેસરીમાં સંક્રમણ હોવાથી અને આની સાથે=મહામોહની સાથે, કાર્યભેદનો વિરહ હોવાથી=મહામોહ જીવમાં જે અજ્ઞાન વિસ્તારે છે એ રૂપ કાર્ય વિષ્ટર ઉપર બેઠેલ રાગકેસરી પણ વિસ્તારે છે તેથી કાર્યભેદનો વિરહ હોવાથી, પિતા પુત્ર થતો નથી એ પ્રકારની આ શ્રુતિ સાર્થક વિહિત નથી=યથાર્થ અર્થને કહેનારી નથી; કેમ કે મહામોહ પિતા જેવો જ રાગકેસરી પુત્ર થયો છે. ।।૫૮૫।।

શ્લોક :-

तं विधाय युवराजमशत्रुं, मोहभूपतिरभूद्गतचिन्तः ।
दर्पणे मुखमिवात्र च दत्तं, राज्यमस्य बहुधाम पुपोष ।।५८६।।

શ્લોકાર્થ :-

શત્રુ વગરના તેને=રાગકેસરીને, યુવરાજ કરીને મોહરાજા ગત

ચિંતાવાળો થયો અને દર્પણમાં મુખની જેમ આમાં=રાગકેસરીમાં, અપાયેલું આનું રાજ્ય=મહામોહનું રાજ્ય, બહુ તેજને પોષ્યું.

મોહરાજાએ વિષ્ટર ઉપર રાગકેસરીને બેસાડીને શત્રુ વગરનો તેને બનાવ્યો; કેમ કે જે જીવની ચિત્તવૃત્તિમાં વિપર્યાસ સિંહાસન ઉપર રાગકેસરી બેઠો હોય ત્યારે તેને વિષયોનો રાગ અત્યંત મધુર જણાય છે. તેથી ચારિત્રનું સૈન્ય તેને નાશ કરવા માટે ઉદ્‌ભવ પામી જ શકતું નથી. વળી, તે રાગકેસરીને યુવરાજ કરીને મહામોહરાજા ચિંતા વગરનો થયો; કેમ કે મહામોહને પોતાનું રાજ્ય સુરક્ષિત કરવાની ચિંતા રાગકેસરી વિષ્ટર ઉપર બેઠેલ હોય ત્યારે લેશ થતી નથી. તેથી રાગકેસરી યુવરાજ હોવા છતાં રાજ્યનું સંચાલન વિષ્ટર ઉપર બેઠેલ રાગકેસરી જ કરે છે અને દર્પણમાં મુખ હોય ત્યારે પોતાના જેવું જ મુખ ત્યાં દેખાય છે, તેમ મહામોહના વિષ્ટર ઉપર બેઠેલો રાગકેસરી મહામોહ જેવો જ દેખાય છે. તેથી રાગકેસરીને અપાયેલું રાજ્ય રાગકેસરીથી પણ ઘણા તેજને વધારનારું થયું. તેથી જે જીવોમાં વિપર્યાસ સિંહાસન ઉપર રાગકેસરી વિદ્યમાન છે, તે જીવોમાં મહામોહનું એકછત્ર સામ્રાજ્ય વર્તે છે. **॥૫૮૬॥**

શ્લોક :-

लम्भितोऽपि घनराज्यविभूतीर्नैष तातविनयं प्रमुमोच ।
प्रापितो हि मधुना फलभारं, नम्रतां त्यजति किं सहकारः ?।।५८७।।

શ્લોકાર્થ :-

પ્રાપ્ત થયેલા પણ ઘનરાજ્યની વિભૂતિવાળો આ=રાગકેસરી, પિતાના વિનયને મૂકતો નથી. हि=જે કારણથી, મધુરતાથી ફલભારને પામેલો સહકાર=આમ્રવૃક્ષ, નમ્રતાનો શું ત્યાગ કરે છે ?=ત્યાગ કરતો નથી.

મહામોહે રાગકેસરીને પોતાનું રાજ્ય આપ્યું. તેથી વિશાળ રાજ્યની વિભૂતિવાળો રાગકેસરી બન્યો. તોપણ મહામોહના વિનયને મૂકતો નથી. આથી જ સર્વત્ર અજ્ઞાનરૂપ મહામોહનું રાગકેસરી અનુસરણ કરે છે. જેમ આંબાનું વૃક્ષ મધુર આંબાવાળું થાય ત્યારે નમ્રતા છોડતું નથી તેમ રાગકેસરી પણ પિતાના વિનયનો ત્યાગ કરતો નથી. **॥૫૮૭॥**

શ્લોક :-

काममस्य वपुषा पुपुषे श्री, राज्ययौवनमदोल्लसितेन ।
अम्बरप्रपतदम्बुदधाराजातडम्बरकदम्बवनस्य ।।५८८।।

શ્લોકાર્થ :-

આકાશમાંથી પડતા વરસાદની ધારાથી થયેલ આડંબરવાળા કદંબવનરૂપ આના=રાગકેસરીના, રાજ્ય, યૌવનના મદથી ઉલ્લસિત એવા શરીરથી અત્યંત શોભા પુષ્ટ થાય છે.

રાગકેસરીની કામના છે કે કર્મપરિણામ રાજાનું સામ્રાજ્ય એકછત્ર વૃદ્ધિ પામે અને જ્યારે રાગકેસરીને મહામોહ સિંહાસન ઉપર બેસાડે છે, ત્યારે રાજ્યના અને યૌવનના મદથી રાગકેસરી ઉલ્લસિત થાય છે. તેથી તેનું શરીર અત્યંત વૃદ્ધિ પામે છે, તેથી તેવા રાગને વશ થયેલા જીવો અત્યંત કર્મ બાંધીને સંસારના ચક્રમાંથી બહાર નીકળવાથી અત્યંત દૂર દૂરતર થાય છે. **॥૫૮૮॥**

શ્લોક :-

धर्मतत्फलनिराकृतिपादावस्य पीनदृढदुर्मतिपार्ष्णी ।
राजतो दशतताध्यसमाधिस्थाननामकनखोन्मिषदाभौ ।।५८९।।

શ્લોકાર્થ :-

આના=રાગકેસરીના, પીન અને દઢ દુર્મતિરૂપ પેનીઓવાળા દશ વિસ્તૃત આધિ અને અસમાધિનાં સ્થાનનાં નામવાળા નખની વૃદ્ધિથી શોભતા, ધર્મ અને તેના ફળના નિરાકૃતિરૂપ બે પગો શોભે છે.

જીવની ચિત્તવૃત્તિમાં વિપર્યાસ સિંહાસન ઉપર બેઠેલ રાગની પરિણતિ કેવા સ્વરૂપવાળી છે, તે બતાવવા માટે તેના બે પગોનું સ્વરૂપ બતાવે છે અને સંસારી જીવો વિષયોમાં ગાઢ રાગવાળા હોય છે, ત્યારે ધર્મનું અને તેના ફળનું નિરાકરણ કરે છે, તે જ રાગકેસરીના બે પગો છે, જેનાથી રાગ સર્વત્ર ગમન કરે છે. વળી, તે પગોની પીન દઢ દુર્મતિવાળી બે પિંડીઓ છે. તેથી ઉપદેશ આદિને પામીને પણ તેઓની દુર્મતિ દૂર થતી નથી. વળી, બે પગના દસ નખો હોય છે. તેમ રાગકેસરીના દસ વિસ્તૃત આધિ અને અસમાધિનાં સ્થાનોરૂપ

દશ નખો વર્તે છે. તેથી રાગને વશ જીવો અનેક પ્રકારની ઉપાધિઓ લઈને ચિત્તને સદા રાગથી આકુળ રાખે છે અને તેવા જીવોનું ચિત્ત હંમેશાં અસમાધિવાળું રહે છે. તેનો વિસ્તાર કરે તેવા જ પરિણતિવાળું રાગનું શરીર છે. **॥૫૮૯॥**

શ્લોક :-

भाति गुल्फयुगमस्फुटमुच्चैर्नैरपेक्ष्यमपि लोकयुगेऽस्य ।
शून्यताक्षणिकतामतसंज्ञे, जानुनी कलयतश्च दृढत्वम् ।।५९०।।

શ્લોકાર્થ :-

આના=રાગકેસરીના, લોકયુગમાં=આલોક અને પરલોકરૂપ લોક-દ્વયમાં, નિરપેક્ષપણારૂપ પણ ગુલ્ફ યુગમ=પગની બે ઘૂંટી અત્યંત સ્પષ્ટ ભાસે છે. શૂન્યતા અને ક્ષણિકતાના મતની સંજ્ઞાવાળા બે જાનુઓ દૃઢત્વને બતાવે છે.

પુરુષના બે પગસ્થાનીય શું છે, પાનીસ્થાનીય શું છે, નખો શું છે તે બતાવ્યા પછી તે બે પગોના ગુલ્ફ=ઘૂંટી શું છે, તે બતાવતાં કહે છે. આલોક અને પરલોકના અનર્થોમાં નિરપેક્ષ કરે એવા રાગના પરિણામરૂપ તેની બે ઘૂંટીઓ છે; કેમ કે વિપર્યાસ સિંહાસન ઉપર જ્યારે રાગ વર્તે છે, ત્યારે જીવના ચિત્તમાં જે પ્રકારનો રાગ ઊઠે છે, તે પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે, ત્યારે આલોકના અનર્થોને પણ ભૂલી જાય છે અને પરલોકના અનર્થોને પણ ભૂલી જાય છે અને નિરપેક્ષ રીતે પ્રવૃત્તિ કરીને સર્વ અનર્થોને પ્રાપ્ત કરે છે. વળી, તેના જાનુસ્થાનીય શૂન્યતાવાદના અને ક્ષણિકતાવાદનો મત છે, તેથી જગત સર્વ શૂન્ય છે. દેખાતી વસ્તુ કાલ્પનિક છે અથવા સર્વ પદાર્થો ક્ષણિક છે ઇત્યાદિ મતોનો રાગ કેળવીને સન્માર્ગથી દૂર દૂરતર રાગનો પરિણામ જીવને લઈ જાય છે; કેમ કે તત્ત્વને જોવામાં વિપર્યાસ વર્તે છે. **॥૫૯૦॥**

શ્લોક :-

व्यक्तिकार्यकृतभूतचिदात्मख्याततर्कयुगमांसलजङ्घः ।
भात्यसौ निखिलमण्डलतन्त्राचारविस्फुरदुरःपरिणाहः ।।५९१।।

શ્લોકાર્થ :-

વ્યક્તિ કાર્યને કરનાર છે અને અભૂત એવા ચિદ્રૂપ આત્મખ્યાતિ છે=વિધમાનની અભિવ્યક્તિરૂપ જ કાર્યને કરે છે અને અવિધમાન એવા ચિદ્ આત્માને કહેનાર છે; એ રૂપ તર્કયુગના માંસલ જંઘાવાળો આ= રાગકેસરી, શોભે છે. વળી, તે કેવો છે તે સ્પષ્ટ કરે છે. બધા મંડલતંત્રના આચારથી સ્ફુરાયમાન થતા છાતીના વિશાળ વક્ષઃસ્થળવાળો છે.

સત્કાર્યવાદી માને છે કે વિદ્યમાન કાર્યની અભિવ્યક્તિ જ કાર્ય છે અને અચૈતન્યરૂપ આત્મા છે, એમ અન્યદર્શન માને છે. તેના તર્કથી પુષ્ટ જંઘાવાળો રાગકેસરી છે અને બધા દર્શનવાદીઓના ભિન્ન ભિન્ન આચારોથી સ્ફુરાયમાન થતા છાતીના વિશાળ વક્ષ:સ્થળવાળો રાગકેસરી છે. **॥૫૯૧॥**

શ્લોક :-

सत्यनित्यपरमात्मविलोपाक्षेपयुग्ममतिदीर्घममुष्य ।
दोर्युगं कलयति श्रियमुच्चैर्जानुलम्बि पविदण्डविडम्बि ।।५९२।।

શ્લોકાર્થ :-

આના=રાગના, અતિદીર્ઘ સત્ય અને નિત્ય એવા પરમ આત્માના વિલોપ અને પરમ આત્માના આક્ષેપરૂપ યુગલરૂપ બે બાહુ વજ્રના દંડને વિડંબના કરનારા જાનુ સુધી લાંબા અત્યંત શોભાને બતાવે છે.

કોઈ સુંદર પુરુષના બે હાથો જાનુ સુધી લાંબા હોય તો તે પુરુષ શોભાયમાન થાય છે. તેમ રાગકેસરીની બે ભુજાઓ વજ્રના દંડને પણ વિડંબના કરે તેવા મજબૂત જાનુ સુધી લાંબી છે. આથી જ રાગકેસરીના ભુજાબળ આગળ મહાત્માઓ પણ વિડંબના પામે છે, ત્યારે દુરંત સંસારમાં જાય છે. વળી, તે રાગકેસરીની બે ભુજાઓ કઈ છે, તે બતાવતાં કહે છે. પારમાર્થિક સત્ય અને નિત્ય એવો પોતાનો આત્મા છે, તેનો વિલોપ કરનાર કે તેવા આત્માને આક્ષેપ કરનાર=તેવા આત્મામાં સંદેહ કરનાર એવી રાગકેસરીની બે ભુજા છે. આથી જ શુદ્ધ આત્માના સ્વરૂપનો સંસારી જીવો વિલોપ કરે છે કે વાસ્તવિક તે છે કે નહિ, તે પ્રકારના આક્ષેપો કરીને ચિત્તને વ્યામોહ કરે છે. તે રાગકેસરીની બે ભુજાઓ છે. **॥૫૯૨॥**

શ્લોક :-

संवराश्रवनिषेधमते तत्पञ्चशाखयुगलं प्रविभाति ।
तर्क्यमाणदशधर्मनिषेधैर्मुद्रिकाभिरधिकोल्लसितश्रि ।।५९३।।

શ્લોકાર્થ :-

સંવર અને આશ્રવના નિષેધના મત વિષયક પંચ શાખા યુગલવાળું, તર્ક કરાતા દશ પ્રકારના યતિધર્મના નિષેધરૂપ મુદ્રિકાઓથી અધિક ઉલ્લસિત શોભાવાળું એવું તે=રાગકેસરીનું ભુજાયુગલ, શોભે છે.

જે જીવોમાં વિષયોનો પ્રબલ રાગ વર્તે છે, તે જીવો સંવરનો નિષેધ કરે છે અને આશ્રવનો નિષેધ કરે છે, તેના દ્વારા સન્માર્ગનો અપલાપ કરે છે, તેવા પ્રકારના પાંચ અંગુલિની શાખાવાળું રાગકેસરીનું ભુજાદંડ છે. વળી તે અંગુલિઓ મુદ્રિકાઓથી અધિક શોભાયમાન છે અને તે મુદ્રિકા સ્થાનીય આત્મહિત માટે બતાવાતા દશ પ્રકારના યતિધર્મનો નિષેધ રાગકેસરી કરે છે. જે દશ અંગુલિઓમાં વર્તતી દશ મુદ્રિકાસ્થાનીય છે. તેનાથી શોભતો એવો રાગકેસરી વિપર્યાસ સિંહાસન ઉપર બેસીને જગત માટે દુર્જય બને છે. **॥૫૯૩॥**

શ્લોક :-

बन्धनिर्वृतिनिषेधनिबन्धस्कन्धबन्धपरिभूतवृषश्रीः ।
भात्यसौ वधकथाऽशुभसन्धाकन्धरोन्नतिमदोद्धुरबुद्धिः ।।५९४।।

શ્લોકાર્થ :-

બંધનો નિષેધ અને મોક્ષનો નિષેધ છે કારણ જેમાં એવા સ્કંધના બંધથી પરિભૂત થયેલા બળદની લક્ષ્મીવાળો એવો વધકથા અને અશુભ સંધા=અશુભ વિચારરૂપી, ગરદનના ઉન્નતિના મદથી ઉદ્ધુર બુદ્ધિવાળો એવો આ=રાગકેસરી શોભે છે.

જેઓમાં રાગનો અતિશય વર્તે છે, તે જીવો કર્મબંધનો અપલાપ કરે છે, મોક્ષનો અપલાપ કરે છે અને તે દ્વારા જ રાગ ઊંચી સ્કંધાવાળો મહાશૂરવીર જેવો શોભે છે. વળી, તે જીવોમાં વર્તતો રાગ વધકથા અને અશુભ અભિસંધિરૂપ મદથી ઉદ્ધુર બુદ્ધિવાળો છે. તેથી તેવા બલિષ્ઠ રાગને જીતવા માટે સમર્થ યોદ્ધા

પણ નિષ્ફળ જાય છે. આથી જ અનાદિકાળથી ભટકતા જીવને ક્યારેક મધ્યમ કક્ષાના ગુણની પ્રાપ્તિ થાય છે તોપણ રાગના ઝપાટામાં આવીને ફરી દુરંત સંસારમાં જાય છે. તેથી વિપર્યાસ સિંહાસન ઉપર બેઠેલો રાગ અત્યંત દુર્જય છે. **॥૫૯૪॥**

શ્લોક :-

लुप्यमानसमयत्रयकृत्यैः, स त्रिरेख इव चास्य विभाति ।
सच्चतुर्गतिकजन्मनिषेधो ग्रामरागनिलयः खलु कण्ठः ।।५९५।।

શ્લોકાર્થ :-

લુપ્યમાન=લોપ કરાતાં, ત્રણ કાળનાં કૃત્યો વડે જાણે ત્રણ રેખાવાળો હોય એવો આનો=રાગકેસરીનો, સત્ ચતુર્ગતિના જન્મનો નિષેધ કરનાર ગ્રામરાગનો નિલય એવો તે કંઠ શોભે છે.

સંસારી જીવોની ચિત્તવૃત્તિમાં વિપર્યાસ સિંહાસને રાગકેસરી વર્તતો હોય ત્યારે ત્રણ કાળનાં સંસારી જીવોનાં કૃત્યો છે, તેનો અપલાપ કરે છે; કેમ કે શાશ્વત આત્મા નથી તેથી ભૂતકાળમાં પાપો કર્યાં તેનું આ ફળ છે, વર્તમાનમાં હું પાપ કરીશ તો ફળ મળશે, વર્તમાનમાં સારું કરીશ તો ફળ મળશે ઇત્યાદિ શુભ-અશુભ કૃત્યોનો અપલાપ કરીને તે રાગ જીવમાં શોભી રહ્યો છે. વળી, ચાર ગતિઓમાં જીવનો જન્મ થાય છે તેનો નિષેધ કરનાર રાગનો કંઠ શોભે છે. આથી મર્યા પછી પાપ કરીને જીવો નરકમાં જાય છે ઇત્યાદિ સર્વનો અપલાપ કરીને તે રાગ મહામોહનું સામ્રાજ્ય અત્યંત સુરક્ષિત કરે છે. **॥૫૯૫॥**

શ્લોક :-

मार्गलोपमतनामविशालं, साध्वसाधुसमतोल्लसदोष्ठम् ।
योगसङ्ग्रहविपर्ययदन्तैर्दीप्तिमन्मुखममुष्य विभाति ।।५९६।।

શ્લોકાર્થ :-

આનું=રાગકેસરીનું, યોગસંગ્રહના વિપર્યયરૂપી દાંતોથી દીપ્તિવાળું, સુંદર-અસુંદર કૃત્યોમાં સમાનતાને ઉલ્લાસ કરતું, ઓષ્ઠ=હોઠવાળું, માર્ગલોપના મતના નામવાળું વિશાળ મુખ શોભે છે.

જે જીવોમાં દૃષ્ટિરાગ પ્રવર્તતો હોય તે જીવો માર્ગના લોપને કરનારા છે અને કહે છે કે ધર્મનાં સુંદર કૃત્યો અને સંસારનાં અસુંદર કૃત્યો બધાં સમાન છે. જેને જે ગમે તે કરે. વસ્તુતઃ ધર્મકૃત્યથી આત્માનું કલ્યાણ થાય છે. ભોગાદિથી અકલ્યાણ થાય છે. તે સ્વકલ્પના માત્રરૂપ છે. વળી, યોગસંગ્રહના બત્રીસ આલાવાઓ આવશ્યકનિર્યુક્તિમાં છે, જે મુનિભાવના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શનારા છે. તેના વિપર્યયરૂપ રાગકેસરીના દાંત છે. તેથી જેઓ સાધુ થઈને પણ તે યોગસંગ્રહની વિપરીત આચરણાઓ કરે છે છતાં તે આચરણાને તત્ત્વરૂપે જુએ છે, તે સર્વ રાગકેસરીનું કાર્ય છે. **॥૫૯૬॥**

શ્લોક :-

अस्य दृग्युगमहंत्वममत्वे, नासिका च नियतिस्थितिनिष्ठा ।
सम्मदाय जगतामपि कामस्नेहविस्मयमयश्रुतियुग्मम् ।।५९७।।

શ્લોકાર્થ :-

આની=રાગકેસરીની, અહંત્વ અને મમત્વરૂપ બે આંખો છે અને નિયતિની સ્થિતિમાં નિષ્ઠાવાળી નાસિકા છે. કામ અને સ્નેહના વિસ્મયમય શ્રોત્રેન્દ્રિયનું યુગલ જગતના પણ મદ માટે છે.

રાગવાળા જીવોને દેહમાં અહંકાર અને મમકાર વર્તે છે. વળી, ભોગમાં રાગી જીવો જે કાળે જે નિયત હોય તે કાળે જ તે થાય છે, તેથી જે દિવસે અમારો મોક્ષ થવાનો છે, તે જ દિવસે મોક્ષ થશે. એમ કહીને નિયતિની સ્થિતિ દ્વારા સન્માર્ગનો લોપ કરે છે. વળી, રાગ જગતના ભાવો પ્રત્યે સ્નેહ અને ભોગમાં વિસ્મય ઉત્પન્ન કરીને જગતના જીવોને મદ ઉત્પન્ન કરે છે. **॥૫૯૭॥**

શ્લોક :-

भालमस्य भजते भवनन्दिर्भाग्यसूचनकलापटुधाम ।
क्लेशकेशकलितोऽपि च मौलि दुर्विगाहगहनः परिणामः ।।५९८।।

શ્લોકાર્થ :-

આનું=રાગકેસરીનું, ભાગ્યના સૂચનની કલાઓમાં પટુ તેજવાળું ભવાભિનંદીરૂપ ભાલ શોભે છે. ક્લેશરૂપી કેશથી યુક્ત પણ મસ્તક

દુર્વિગાહથી ગહન પરિણામવાળું છે.

જે જીવોમાં રાગનો પ્રકર્ષ છે, તેઓ ભવમાં આનંદ લેનારા છે. તેથી ભવાભિનંદી છે અને તેઓનું ભાગ્ય ઘણો કાળ સંસારમાં ભટકનારા સ્વભાવવાળું છે તેનું સૂચન કરનાર એવું રાગકેસરીનું ભાલ છે. વળી, તેનું મસ્તક ક્લેશરૂપી વાળોથી યુક્ત છે છતાં તેની વિચારણાના ગહન પરિણામવાળું છે. તેથી હંમેશાં તત્ત્વને જાણવાને બદલે કુતર્કો કરીને પોતાના પરિણામોને જ સ્થાપવામાં તે રાગ પટુ હોય છે અને ચિત્ત કષાયોના ક્લેશથી કલિત હોય છે. **॥૫૯૮॥**

શ્લોક :-

दीपयत्यतुलराज्यविलासं, गुर्वनादरकिरीटममुष्य ।
कर्णयोरपि च कुण्डलयुग्मं, निर्भयत्वनिरनुग्रहताख्यम् ।।५९९।।

શ્લોકાર્થ :-

આનો=રાગકેસરીનો, ગુરુ પ્રત્યે અનાદરરૂપી મુગટ અતુલ રાજ્યવિલાસને દીપાવે છે અને નિર્ભયત્વ અને નિરનુગ્રહતા નામનું કાનનું પણ કુંડલયુગલ દીપે છે.

જેઓમાં ગાઢ રાગ છે તેઓ ઉપદેશકના વચનનો અનાદર કરે છે અને તેઓના ચિત્તમાં રાગનો અતુલ વિલાસ વર્તે છે. વળી, પ્રત્યક્ષથી સંસારની વિડંબના દેખાતી હોવા છતાં અનંત મરણોના ભયોનો વિચાર કરવામાં તેઓ નિર્ભય હોય છે અને પોતાના આત્મા ઉપર અનુગ્રહ કરવાના પરિણામ રહિત હોય છે. તેનાથી જ ચિત્તમાં રાગનું અતુલ રાજ્યવિલાસ શોભે છે. **॥૫૯૯॥**

શ્લોક :-

समुचितरचनाविभक्तशक्तित्रयमुपधाय जयाय बद्धयत्नः ।
अयमतिशयमाबिभर्ति दृप्तस्त्रिभुवनमाकलयंस्तृणार्धतुल्यम् ।।६००।।

શ્લોકાર્થ :-

જય માટે=જગતના જય માટે, સમુચિત રચનાથી વિભક્ત શક્તિત્રયને ધારણ કરીને બદ્ધયત્નવાળો ત્રણ ભુવનને તૃણાર્ધતુલ્ય જાણતો દપ્ત એવો આ=ગર્વવાળો રાગકેસરી, અતિશયને ધારણ કરે છે.

જે જીવોમાં રાગનો પ્રકર્ષ વર્તે છે તેઓ પોતાના રાગની વૃદ્ધિને અર્થે કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગરૂપ સમુચિત રચનારૂપ વિભક્ત શક્તિત્રયને ધારણ કરે છે. જેના દ્વારા જગતના જીવોને જય કરવા માટે રાગબદ્ધ યત્નવાળો બને છે અને જગતને તૃણતુલ્ય માનતો ગર્વવાળો રાગ અતિશયતાને ધારણ કરે છે. આથી જ ત્રણ પ્રકારના રાગમાંથી યથાયોગ્ય રાગના બળથી સંસારી જીવો ચાર ગતિઓની વિડંબનાઓ પામે છે. **॥૬૦૦॥**

શ્લોક :-

एतस्य पार्श्वे पुरुषत्रयं च, स्निग्धारुणाभं परिवीक्षसे यत् ।
त्रयोऽपि तेऽस्यैव मता वयस्याः, स्वतुल्यवीर्याः प्रथितप्रभावाः ।।६०१।।

શ્લોકાર્થ :-

અને આની=રાગકેસરીની, બાજુમાં જે સ્નિગ્ધ અરુણ કાંતિવાળા પુરુષત્રયને તું જુએ છે, તે આના જ=રાગકેસરીના જ, ત્રણે પણ સ્વતુલ્ય વીર્યવાળા, વિસ્તૃત પ્રભાવવાળા મિત્રો મનાયા છે.

રાગકેસરીના સમાન જ વીર્યવાળા વિસ્તાર પામતા પ્રભાવવાળા કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ રૂપ ત્રણ મિત્રો છે. જે કથંચિત્ રાગ સ્વરૂપ હોવા છતાં અપેક્ષાથી પૃથગ્ બતાવાયા છે. **॥૬૦૧॥**

શ્લોક :-

एतेष्वतत्त्वाभिनिवेशनामा, नाम्ना द्वितीयेन च दृष्टिरागः ।
आद्यः पुमान् स्वस्वमतेषु पुंसां, कदाग्रहं हन्त तनोत्यभेद्यम् ।।६०२।।

શ્લોકાર્થ :-

આમાં=ત્રણ રાગોમાં, અતત્ત્વ અભિનિવેશ નામવાળો અને બીજા નામથી દૃષ્ટિરાગ એવો આદ્ય પુરુષ સ્વસ્વમતોમાં પુરુષના અભેદ્ય એવા કદાગ્રહને વિસ્તારે છે.

દૃષ્ટિરાગવાળા જીવો તત્ત્વને જોવા કરતાં સ્વસ્વદર્શન પ્રત્યે બદ્ધ રાગવાળા હોય છે, તેથી પોતપોતાના મતમાં તર્કબદ્ધ કદાગ્રહોને વિસ્તારીને પોતાનો દૃષ્ટિરાગ પુષ્ટ કરે છે. **॥૬૦૨॥**

શ્લોક :-

स्नेहापराख्यो भवपातनामा, बलाद्वितीयः पुरुषो द्वितीयः ।

मूर्च्छातिरेकं वितनोति पुंसां, द्रव्यात्मजन्मस्वजनव्रजेषु ।।६०३।।

શ્લોકાર્થ :-

બલથી અદ્વિતીય ત્રણમાંથી બીજો પુરુષ, સ્નેહ નામના બીજા નામવાળો દ્રવ્ય=શરીર દ્રવ્ય, આત્મા અને એનાથી થયેલા સ્વજનના સમૂહમાં પુરુષને મૂર્ચ્છાનો અતિરેક વિસ્તારે છે.

સંસારી જીવોમાં સ્નેહરાગ છે તે અદ્વિતીય બલવાળો છે. જીવને ભવમાં પાત કરાવનારો છે. વળી, સંસારી જીવોને શરીરરૂપ દ્રવ્ય અને આત્માનો સંબંધ થયો તેના કારણે સ્વજનો સાથે સંબંધ થયો, તેમાં આ બીજો પુરુષ મૂર્ચ્છાનો અતિશય જીવમાં ઉત્પન્ન કરે છે. જેનાથી ભવભ્રમણની પ્રાપ્તિ થાય છે. **॥૬૦૩॥**

શ્લોક :-

उद्दामधामा किल कामरागाभिष्वङ्गनामा पुरुषस्तृतीयः ।

उत्पादयन् मज्जयतीन्द्रियार्थे, लौल्यं प्रियास्वद्भुतविभ्रमासु ।।६०४।।

શ્લોકાર્થ :-

અત્યંત તેજસ્વી કામરાગાભિષ્વંગ નામનો ત્રીજો પુરુષ અદ્‌ભુત વિભ્રમ કરનારી સ્ત્રીઓમાં અને ઈન્દ્રિયોના અર્થોમાં લોલ્યને ઉત્પાદન કરતો ડુબાડે છે=જીવોને ભવસમુદ્રમાં ડુબાડે છે.

સંસારી જીવોને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અને અત્યંત વિભ્રમ કરનારી સ્ત્રીઓમાં કામરાગ અત્યંત લોલુપતાને ઉત્પન્ન કરે છે, જેના દ્વારા સંસારી જીવો ભવસમુદ્રમાં ડૂબે છે. **॥૬૦૪॥**

શ્લોક :-

आक्रान्तमेव त्रिभिरेभिरुग्रैर्गङ्गाप्रवाहैरिव विश्वमेतत् ।

सुखं ततस्तिष्ठति रागसिंहः, सन्मार्गमत्तद्विपकुम्भभेदी ।।६०५।।

શ્લોકાર્થ :-

જાણે ગંગાના પ્રવાહ વડે વિશ્વ આક્રાંત થયેલું હોય તેમ ઉગ્ર એવા આ ત્રણ પુરુષોથી આ વિશ્વ આક્રાંત જ છે, તેથી સન્માર્ગરૂપી મત્ત એવા હાથીના કુંભને ભેદનાર રાગસિંહ સુખપૂર્વક રહે છે.

મહાપુરુષો સન્માર્ગને સૂક્ષ્મ યુક્તિઓપૂર્વક જગતને બતાવે છે, તેવા મત્ત એવા હાથીના કુંભને ભેદનાર રાગનો પરિણામ છે. તેથી સંસારી જીવોમાં રાગનો નાશ કરવા ઉપદેશકો પણ સમર્થ બનતા નથી, તેનું કારણ પૂર્વમાં બતાવેલા ત્રણ પ્રકારના રાગથી આખું જગત આક્રાંત છે. આથી જ તીર્થંકરો, ઋષિ આદિ પણ પરિમિત જીવોને જ સન્માર્ગ બતાવી શકે છે. **॥૬૦૫॥**

શ્લોક :-

अस्यैव तुङ्गमधितिष्ठति विष्टरं या,
सा मूढतेति विदिता दयिताऽस्य हृद्या ।
धत्ते प्रभां मणिरिवायमिमां निजाङ्गे,
स्वीयप्रचारपरिमुद्रितबाह्यभावाम् ।।६०६।।

શ્લોકાર્થ :-

આના જ=રાગકેસરીના જ, ઊંચા આસન ઉપર જે બેઠેલી છે. મૂઢતા એ પ્રમાણે પ્રસિદ્ધ એવી તે આની પ્રિય સ્ત્રી છે. પ્રભાને જેમ મણિ ધારણ કરે છે તેમ આ=રાગકેસરી, પોતાના અંગમાં પોતાના પ્રચારથી પરિમુદ્રિત કર્યો છે બાહ્યભાવ જેણે=અંકિત કર્યો છે બાહ્યભાવ જેણે એવી આને=મૂઢતાને, નિજ અંગમાં ધારણ કરે છે.

રાગકેસરી વિપર્યાસ સિંહાસન ઉપર બેઠેલ છે. તેની બાજુમાં જ મૂઢતા નામની પત્ની બેઠેલ છે અને જીવોમાં મૂઢતા જ જ્યારે પ્રસરતી હોય ત્યારે જીવો બાહ્ય ભાવમાં જ વર્તનારા હોય છે. તેથી ક્વચિત્ ધર્મઅનુષ્ઠાન કરે તોપણ બાહ્ય ભાવોમાં સંતોષ માનનારા હોય છે. ક્વચિત્ આત્માની વાતો કરે તોપણ બાહ્ય વાતોથી જ સંતોષ માનનારા હોય છે અને આ મૂઢતા રાગકેસરી સાથે અંગાંગી ભાવે પરિણમન પામેલ છે. આથી જ ધર્મ કરનારા જીવો પણ સંવેગપૂર્વક અનુષ્ઠાન કરી શકતા નથી તેમાં મૂઢતા જ કારણ છે. **॥૬૦૬॥**

શ્લોક :-

अन्योऽन्यभेदविरहादनयोर्वपुर्भ्यां,
नोच्चैर्गुणा अपि मिथो दधते विभेदम् ।
ज्वालानलाविव जगज्जनदाहकार्ये,
तौ द्वावपीह विधिना मिलितौ नियुक्तौ ।।६०७।।

શ્લોકાર્થ :-

આ બંનેનો=રાગકેસરી અને મૂઢતાનો શરીરથી પરસ્પર ભેદનો વિરહ હોવાના કારણે ગુણો પણ પરસ્પર અત્યંત વિભેદને ધારણ કરતા નથી. અગ્નિની જ્વાલા અને પવનની જેમ જગતના જીવોના દાહના કાર્યમાં તે બંને પણ અહીં=સંસાર અવસ્થામાં, વિધિ દ્વારા મિલિત નિયુક્ત કરાયા છે.

રાગ અને મૂઢતાનો પરસ્પર ભેદ નથી. તેથી રાગવાળા જીવો વિષયોમાં મૂઢ બને છે. તેથી તે બંનેનાં કાર્યો પણ પરસ્પર સમાન છે. આથી જ વિષય પ્રત્યેનો બલવાન રાગ અને મૂઢતા મિલિત થઈને જગતના જીવોને અંતરંગ કષાયનો દાહ ઉત્પન્ન કરે છે, તેમાં રાગ જ્વાલાનું કામ કરે છે અને મૂઢતા પવનનું કામ કરે છે. તેથી જગતના જીવો સતત રાગના તાપથી બળતા હોય છે. **॥૬૦૭॥**

શ્લોક :-

अस्यैव यश्च परितिष्ठति वामपार्श्वे,
द्वेषद्विपेन्द्रमिममाहुरनन्तवीर्यम् ।
विश्रान्तमेव हृदयं स्वगुणैर्गृहीत-
मत्रापिमोहनृपतेः प्रविभज्य रज्यत् ।।६०८।।

શ્લોકાર્થ :-

આના જ=મહામોહના જ, ડાબી બાજુમાં જે બેઠેલો છે એને અનંત વીર્યવાળો દ્વેષગજેન્દ્ર કહે છે. આમાં પણ=દ્વેષગજેન્દ્રમાં પણ, મોહરાજાનું સ્વગુણોથી ગ્રહણ કરાયેલું વિશ્રાંત જ હૃદય વિભાગ કરીને=રાગકેસરી અને દ્વેષગજેન્દ્રમાં વિભાગ કરીને, રક્ત થયું છે.

જીવમાં વર્તતો મોહનો પરિણામ અજ્ઞાન સ્વરૂપ છે અને તે રાગ-દ્વેષમાં વિભક્ત છે. તેથી મોહ પોતાના અજ્ઞાન ગુણોથી ગ્રહણ કરાયેલું વિશ્રાંત હૃદય રાગ-દ્વેષમાં વિભાગ કરીને સદા રહે છે. **॥૬૦૮॥**

શ્લોક :-

प्रौढो द्वेषद्विपेन्द्रो लघुरपि बलतो जन्मना रागसिंहात्,
स्नेहार्द्राणामपि द्राग् निखिलतनुभृतां चित्तविश्लेषकारी ।
उत्साहं नो लभन्ते भ्रमति मदभृते चित्तवृत्तावटव्या-
मेतस्मिन् स्थातुमुच्चैः शुभनयकलभा भीतिकृद्दृष्टिपाते ।।६०९।।

શ્લોકાર્થ :-

રાગકેસરીથી જન્મ દ્વારા અને બલથી લઘુ પણ પ્રૌઢ એવો દ્વેષગજેન્દ્ર સ્નેહથી આર્દ્ર પણ બધા જીવોનાં ચિત્તના શીઘ્ર વિશ્લેષને કરનારો, ચિત્તરૂપી અટવીમાં મદથી ભરાયેલો, ભયને કરતા દૃષ્ટિપાતવાળો ભમતે છતે શુભનયરૂપી હાથીનાં બચ્ચાઓ આમાં=ચિત્તરૂપી અટવીમાં, રહેવા માટે અત્યંત ઉત્સાહ ધારણ કરતાં નથી.

રાગ કરતાં દ્વેષનો પરિણામ બળથી અને ઉત્પત્તિથી અલ્પ છે; કેમ કે રાગ હોય તેને જ દ્વેષ થઈ શકે. તેથી રાગની ઉત્પત્તિ પછી જ દ્વેષની ઉત્પત્તિ છે અને સિંહ કરતાં બળથી હાથી લઘુ હોય છે, તેમ રાગ કરતાં દ્વેષ જીતવો સહેલો છે તોપણ જ્યારે કોઈ જીવના ચિત્તમાં અત્યંત દ્વેષ સ્ફુરાયમાન થતો હોય ત્યારે સ્નેહથી યુક્ત પણ જીવોનાં ચિત્તમાં પરસ્પર મનભેદો થાય છે, તેવા મનભેદોને કરાવનાર દ્વેષનો પરિણામ છે. આથી જ અતિ સ્નિગ્ધ પતિ-પત્ની વગેરે પણ જ્યારે ક્લેશવાળા બને છે ત્યારે તેઓના ચિત્તમાં પરસ્પર મનભેદ થાય છે.

વળી જે જીવોની ચિત્તવૃત્તિમાં અત્યંત મદવાળા હાથીના જેવો દ્વેષ પ્રવર્તતો હોય ત્યારે તેનાથી ભય પામેલા દૃષ્ટિવાળા શુભનય રૂપી ભાવો ક્યારેય ઉત્પન્ન થતાં નથી, પરંતુ જ્યારે જીવમાં ગુણોનો અદ્વેષ પ્રગટે છે ત્યારે કંઈક કષાયો મંદ વર્તે છે અને તેવા જ જીવોમાં મોક્ષને અનુકૂળ શુભભાવો પ્રગટે છે અને જેઓની ચિત્તવૃત્તિમાં ગુણો પ્રત્યે અત્યંત દ્વેષ છે, ભોગવિલાસ પ્રત્યે જ રાગ છે,

તે જીવોનાં ચિત્તમાં ક્યારેય આત્માના નિરાકુળ સ્વભાવને અનુકૂળ વિચાર માત્ર પ્રવેશ પામતો નથી. ॥૬૦૯॥

શ્લોક :-

युद्धक्रुद्धस्य नास्य ध्वनितविलसितं के समाकर्ण्य भीताः,
कल्पान्तभ्रान्तवातक्षुभितघनघटागर्जितारम्भजैत्रम् ।
लीयन्ते कन्दरायामपि धरणिभृतां यान्ति कान्तारदेशान्,
गाहन्ते मध्यमब्धेरपि च कृतमहायानपात्रावताराः ।।६१०।।

શ્લોકાર્થ :-

યુદ્ધમાં ક્રોધ પામેલા આના=દ્વેષગજેન્દ્રના, ધ્વનિતથી વિલસિતને સાંભળીને કલ્પાંતથી ભમેલા વાયુથી ક્ષુભિત ઘનઘટાથી ગર્જિત આરંભને જીતનારી કંદરામાં=ગુફાઓમાં, ભય પામેલા કોણ લીન થતા નથી ? અર્થાત્ બધા લીન થાય છે. રાજાઓ જંગલના દેશોમાં જાય છે. કરાયેલા મહાયાન પાત્રમાં અવતારવાળા જીવો સમુદ્રની મધ્યમાં અવગાહન કરે છે.

કોઈક મહાત્માઓની ચિત્તરૂપી અટવીમાં ચારિત્રના સૈન્ય સાથે મોહનું યુદ્ધ ચાલતું હોય ત્યારે દ્વેષગજેન્દ્ર વિપર્યાસ સિંહાસન ઉપર બેસે અને કોપાયમાન થાય ત્યારે તેના ગુસ્સાના ધ્વનિના વિલાસને જોઈને ભય પામેલા ક્ષયોપશમભાવના પરિણામરૂપ ચારિત્રનું સૈન્ય ગુફાઓમાં લીન થાય છે=આત્માના અંતરંગ પરિણામમાં લીન થાય છે. વ્યક્ત ઉપયોગરૂપે ક્ષયોપશમભાવના ચારિત્રના ભાવો પ્રગટ થતા નથી; કેમ કે તેઓને દ્વેષગજેન્દ્રનો ગુસ્સો કલ્પાંતકાલના વાયુ જેવો ગર્જારવ કરનારો દેખાય છે. તેથી ક્ષયોપશમભાવના પરિણામો સર્વ ગુફાઓમાં અદૃશ્ય થઈ જાય છે. જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિના ચિત્તમાં ચારિત્રના સૈન્યનું સામ્રાજ્ય વર્તતું હતું અને દુર્મુખના વચનથી ઉલ્લસિત થયેલો ક્રોધ જ્યારે પ્રગટ થયો ત્યારે ક્ષયોપશમભાવના સર્વ પરિણામો ક્ષણમાં અંતરંગ લીન થયા. પરંતુ વ્યક્તરૂપે કોઈ ક્ષયોપશમભાવ દ્વેષનો પ્રતિકાર કરવા ઊઠતો નથી. વળી, તે વખતે ચારિત્રના સૈન્યના રાજાઓ પણ પોતાનું નગર છોડીને જંગલમાં જઈને બેસે છે. પરંતુ પોતાનું સામ્રાજ્યનું રક્ષણ કરવા આવતા નથી. વળી, સંસારસમુદ્રને તરવા માટે જિનવચનનું મહાયાન પાત્ર ગ્રહણ કરીને જેઓ

નીકળેલા છે તેવા ઋષિઓનાં ચિત્તરૂપી અટવીમાં પણ જ્યારે ક્રોધ પામેલો દ્વેષગજેન્દ્ર ઉલ્લસિત થાય છે ત્યારે ભવસમુદ્રના મધ્યમાં તેઓ અવગાહન કરે છે. જેમ ગોભદ્ર બ્રાહ્મણે સંયમ ગ્રહણ કરીને ભવસમુદ્રને તરવા માટે યત્ન આરંભેલો. પરંતુ જ્યારે તેમની ચિત્તવૃત્તિમાં વિપર્યાસથી યુક્ત ક્રોધ ઉત્થિત થયો ત્યારે ભવસમુદ્રની મધ્યમાં જઈને અવગાહન કરનારા તે મહાત્મા થયા. આથી જ ચંડકૌશિક થયા. **॥૬૧૦॥**

શ્લોક :-

लग्नः प्रत्यर्थिनारीविपुलकुचतटीकुङ्कुमश्रीविलोपात्,
स्फूर्जत्यस्य प्रतापे ज्वलदनलनिभः शोभते शोणभावः ।
तन्नेत्रोरुप्रणालाविरलपरिगलद्वारिभिर्नैष नाशम्,
यन्नित्यं क्षालितोऽपि व्रजति न हृदये कस्य चित्रं तदेतत् ।।६११।।

શ્લોકાર્થ :-

શત્રુઓની નારીના વિપુલ કુચતટીના કુંકુમની શ્રીના વિલોપથી લાગેલો શોણભાવ=લોહીનો પરિણામ, આનો પ્રતાપ સ્ફુરાયમાન થયે છતે=દ્વેષનો પ્રતાપ સ્ફુરાયમાન થયે છતે, બળતા અગ્નિ જેવો શોભે છે. જે કારણથી તેઓનાં=મરી ગયેલા પતિની સ્ત્રીઓનાં, નેત્રોમાંથી છાતીના પ્રણાલથી સતત પરિગલ પામતાં દ્વારોથી નિત્ય ક્ષાલિત થયેલો પણ આ=લોહીનો ભાવ, નાશ પામતો નથી. તે આ=મરી ગયેલા પતિની પાછળ રડનારી સ્ત્રીઓનાં નિત્ય આંસુઓથી પણ લોહીનો પરિણામ નાશ પામતો નથી તે આ, કોના હૃદયમાં આશ્ચર્યકારી ન ભાસે ?

યુદ્ધભૂમિમાં ચઢેલા શૂરવીર રાજાઓના ચિત્તમાં દ્વેષગજેન્દ્ર સ્ફુરાયમાન થાય છે ત્યારે ઘણા શત્રુઓનો તે નાશ કરે છે. તેથી તેઓની સ્ત્રીઓનો કુંકુમનો વિલોપ થાય છે. તેનાથી તે મારનાર રાજાના શરીર ઉપર લોહીનો ભાવ બળતા અગ્નિ જેવો શોભે છે અર્થાત્ ઘણી સ્ત્રીઓને રડાવનાર એવો તે લોહીનો પરિણામ સદા તેના અંગ ઉપર લાગેલો રહે છે. કેમ સદા લાગેલો રહે છે ? તેથી કહે છે, તે સ્ત્રીઓ પતિના વિરહથી રોજ રડે છે, તેઓના રુદનથી ધોવાયેલો પણ લોહીનો ભાવ નાશ પામતો નથી. તે મહાઆશ્ચર્યરૂપ છે. **॥૬૧૧॥**

શ્લોક :-

या त्वस्य भार्या प्रथिताऽविवेकिता,
तस्याः प्रवृत्तिः परिकीर्तितैव ते ।
शोकेन पृष्टेन तमःपुरस्थितिं,
तत्साऽस्य पार्श्वे न निरीक्ष्यतेऽधुना ।।६१२।।

શ્લોકાર્થ :-

વળી, આની=દ્વેષગજેન્દ્રની, જે પ્રસિદ્ધ એવી અવિવેકિતા ભાર્યા છે, તેની પ્રવૃત્તિ તામસપુરની સ્થિતિને પુછાયેલા શોક વડે તને=પ્રકર્ષને, કહેવાઈ જ છે. તે કારણથી તે=અવિવેકિતા, હમણાં આની પાસે= દ્વેષગજેન્દ્ર પાસે, દેખાતી નથી. ।।૬૧૨।।

શ્લોક :-

यो विष्टरेऽस्यैव नृपस्य पृष्ठे, तुङ्गे निविष्टो घनशोणवर्णः ।
तूणीरयुक् पञ्चशरः सचापस्त्रिभिर्नरैश्च प्रियया च युक्तः ।।६१३।।

શ્લોકાર્થ :-

આ જ રાજાના=દ્વેષગજેન્દ્ર રાજાના, ઊંચા પાછળના આસનમાં જે ઘન શોણવર્ણવાળો, ભાથાથી યુક્ત બાણવાળો, સચાપ=ચાપ ઉપર ચઢાવેલા તીરવાળો, ત્રણ મનુષ્યોથી અને પ્રિયાથી યુક્ત છે. તે કોણ છે તે આગળના શ્લોકમાં બતાવે છે.

દ્વેષગજેન્દ્ર જે આસન ઉપર બેઠેલો છે, તે આસનના પાછળના ભાગમાં બાણ ઉપર તીર ચઢાવીને, તીરના ભાથાથી યુક્ત એવો મકરધ્વજ પોતાના ત્રણ વેદના ઉદયરૂપ પુરુષોથી અને રતિના પરિણામ સ્ત્રીથી યુક્ત બેઠેલો છે. જે સંસારી જીવોને બાણથી વીંધીને વિનાશ કરે છે. **।।૬૧૩।।**

શ્લોક :-

जगत्प्रसिद्धो मकरध्वजोऽसौ, जगत्त्रयीधैर्यभुजङ्गताक्ष्र्यः ।
विनिर्जितोऽनेन महेश्वरोऽपि, गौरीविवाहेऽकृत बालचेष्टाम् ।।६१४।।

શ્લોકાર્થ :-

જગત્પ્રસિદ્ધ આ મકરધ્વજ જગતત્રયના ધૈર્યરૂપ સાપણ માટે ગરુડરૂપ છે. આના વડે=મકરધ્વજ વડે, જિતાયેલા મહેશ્વરે પણ ગૌરીના વિવાહમાં બાલચેષ્ટાને કરી.

જીવમાં કામનો વિકાર ઊઠે છે ત્યારે મોહની સામે લડવા માટે ધૈર્યપૂર્વક યત્ન કરનારા ઋષિઓનું ધૈર્ય સાપણ જેવું બને છે અને ગરુડ જેવો કામ તે ધૈર્યનો નાશ કરે છે. આથી જ અન્ય દર્શનવાળા જેને મહેશ્વર કહે છે, તે પણ કામને વશ થઈને બાલચેષ્ટા કરે છે. **||૬૧૪||**

શ્લોક :-

समाः सहस्रं च स एव दिव्ये, रते धृतोऽनेन विसर्पितृष्णः ।
अन्येऽपि दैत्यर्षिसुराः समग्रा, अनेन धाम्ना विजिता निजेन ।।६१५।।

શ્લોકાર્થ :-

અને તે જ=મહેશ્વર જ, હજાર વર્ષ સુધી આના વડે=મકરધ્વજ વડે, વિસ્તાર પામતી તૃષ્ણાવાળો દિવ્ય રતમાં=ભોગવિલાસમાં, ધારણ કરાયો. અન્ય પણ દૈત્ય, ઋષિઓ અને સુરો સમગ્ર આના દ્વારા=મકરધ્વજ દ્વારા, નિજ તેજથી જિતાયા. ||૬૧૫||

શ્લોક :-

जनार्दनोऽस्य प्रबलप्रतापासहिष्णुरेवाम्बुनिधावुवास ।
महेश्वरो मूर्ध्नि बभार गङ्गां, प्रजापतिः पद्ममशिश्रियच्च ।।६१६।।

શ્લોકાર્થ :-

આના=મકરધ્વજના, પ્રબલ પ્રતાપને નહીં સહન કરનાર જનાર્દન=વિષ્ણુ, સમુદ્રમાં વસ્યા. મહેશ્વરે મસ્તક ઉપર ગંગાને ધારણ કરી. પ્રજાપતિએ=બ્રહ્માએ, કમળનો આશ્રય કર્યો. ||૬૧૬||

શ્લોક :-

विवेकचन्द्रं परिभूय सर्वथा, कुहूचकारायमिहाखिलांस्तिथीन् ।
अतोऽस्य मत्तो विपिनेषु कोकिलो, मुहुः कुहूं गायति कीर्तिगायनः ।।६१७।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, વિવેકરૂપ ચંદ્રને સર્વથા પરિભવ કરીને બધી તિથિઓને અમાવસ્યા કરી. આથી મત્ત એવો કોકિલ બગીચાઓમાં આના=મકરધ્વજના, કીર્તિગાનને વારંવાર ગાય છે.

જે જીવોમાં કામનો ઉદ્રેક થાય છે, ત્યારે તેની વિવેકશક્તિ સર્વથા નાશ થાય છે અને અંધકાર જેવું તેનું ચિત્ત બને છે અને વસંતઋતુમાં કોકિલ ટહુકા કરીને કામના ઉદ્રેકને કરનાર બને છે. તેથી જગતના જીવો તેને વશ થઈને અત્યંત વિવેક વગરના બને છે. **॥૬૧૭॥**

શ્લોક :-

असौ नृशंसः कुसुमैः शरैरपि, क्षिणोति धैर्यं बत वज्रिणामपि ।
न शस्त्रजातिर्नियता धनुष्मतां, ततः स्ववीर्यानुगता मता बुधैः ।।६१८।।

શ્લોકાર્થ :-

નૃશંસ એવો આ=કામ, વજ્ર જેવાઓના પણ ધૈર્યને કુસુમરૂપી તીરોથી પણ ક્ષીણ કરે છે. ધનુષ્યમાનની શસ્ત્રજાતિ નિયત નથી. તેથી બુધ પુરુષો વડે સ્વવીર્ય અનુગત શસ્ત્રજાતિ મનાઈ છે.

જીવમાં ઉદ્‌ભવ થતો કામનો વિકાર અત્યંત કઠોર છે. તેથી દૃઢસંકલ્પ કરીને સંયમયોગમાં વજ્રની જેમ ઊઠેલા ધૈર્યવાળાઓના પણ ધૈર્યનો કામ કુસુમરૂપી તીરોથી નાશ કરે છે=સ્ત્રીના મુખથી નીકળતાં સુંદર વચનોરૂપ કુસુમરૂપ તીરથી તેનું ધૈર્ય નાશ કરે છે. તેથી ધનુષ્યવાળાની શસ્ત્રજાતિ કામને માટે નિયત નથી. પરંતુ જીવમાં વર્તતા સ્વવીર્યથી યુક્ત એવી શસ્ત્રજાતિ જીવને નાશ કરવામાં નિયત છે એમ બુધો કહે છે. **॥૬૧૮॥**

શ્લોક :-

नृसिंहमानी कुसुमाहतो मया । द्विधाऽपमानान्निहतो भविष्यति।
इतीव पुष्पेषुरभूदसौ प्रभुर्विनापि शस्त्रं त्रिजगज्जये स्वयम् ।।६१९।।

શ્લોકાર્થ :-

મનુષ્યોમાં સિંહ જેવા પોતાને માનનાર રાજાઓ મારા વડે=કામદેવ

વડે, કુસુમથી હણાયેલા છે. અપમાનથી=સ્ત્રીના અપમાનથી, હણાયેલા દ્વિધા થશે=જીવી શકશે નહિ. એથી જ જાણે આ=કામ, શસ્ત્ર વગર ત્રિજગતના જયમાં સ્વયં પુષ્પોમાં સ્વામી થયો=પુષ્પો દ્વારા સ્ત્રીઓ પુરુષને કામપરવશ કરે છે, તેથી પુષ્પોમાં કામ સ્વામી થયો.

સંસારમાં પોતે મહાશૂરવીર હોય તેવા રાજાઓ પોતાને સિંહ જેવા માને છે, તેઓને પણ કામ સ્ત્રીઓ દ્વારા ફેંકાયેલાં ફૂલોથી હણે છે અને સ્ત્રીઓ અપમાન કરે તો પોતે જીવી નહિ શકે અને મરી જશે એવા થાય છે. એથી જ જાણે કામ શસ્ત્ર વગર ત્રણ જગતને સ્વયં પુષ્પો દ્વારા જીતવા યત્ન કરે છે. **॥૬૧૯॥**

શ્લોક :-

अस्यैतदात्मीयनरत्रयं यत्, पुंवेदनामा प्रथमोऽयमस्मिन् ।
कुर्वन्त्यनेनैव विलुप्तधैर्या, मन्दाः पुमांसः किल पारदार्यम् ।।६२०।।

શ્લોકાર્થ :-

આના જ=મકરધ્વજના જ, જે આ આત્મીય નરત્રય છે. એમાં= નરત્રયમાં, આ પ્રથમ પુરુષવેદ નામનો છે. આના વડે જ=પુરુષવેદના ઉદય વડે જ, વિલુપ્ત ધૈર્યવાળા મંદ પુરુષો ખરેખર પરદારાને કરે જ છે=સેવન કરે જ છે. ॥૬૨૦॥

શ્લોક :-

स्त्रीवेदनामा कथितो द्वितीयो, गुणोदरच्छेदनिबद्धकक्षः ।
अस्यैव धाम्ना वनिता विलज्जा, रागं परे पुंसि भृशं वहन्ते ।।६२१।।

શ્લોકાર્થ :-

ગુણ ઉદરના છેદમાં નિબદ્ધ કક્ષાવાળો=જીવમાં સ્વસ્થતાના કારણે પ્રગટ થતા ગુણોરૂપી ઉદરના છેદમાં નિબદ્ધ કક્ષાવાળો, બીજો સ્ત્રીવેદ નામનો પુરુષ કહેવાયો છે. આના જ=બીજા પુરુષના જ, તેજથી વિલજ્જાવાળી એવી સ્ત્રીઓ પરપુરુષમાં અત્યંત રાગ વહન કરે છે. ॥૬૨૧॥

શ્લોક :-

प्रोक्तस्तृतीयस्त्विह षण्ढवेदो, विगुप्यते येन नपुंसकौघः ।
नरत्रयस्यास्य बलेन कामो, जगज्जये श्राम्यति नातिवामः ।।६२२।।

શ્લોકાર્થ :-

અહીં=મકરધ્વજના ત્રણ પુરુષોમાં, ષંઢવેદ=નપુંસકવેદ, ત્રીજો કહેવાયો છે. જેના વડે નપુંસકનો સમૂહ એવો જીવ વિગોપન કરાય છે. આ નરત્રયના બળથી=ત્રણ વેદના બળથી, અતિ વામ એવો=અતિ વક્ર એવો કામ જગતના જયમાં થાકતો નથી. ।।૬૨૨।।

શ્લોક :-

पार्श्वे च याऽस्यास्ति विशालनेत्रा, रतिं जगुस्तां विरतिप्रतिष्ठाः ।
अस्याः प्रभावात् प्रथते जनानां, दुःखात्मभोगेषु सुखाभिमानः ।।६२३।।

શ્લોકાર્થ :-

અને આના=મકરધ્વજના, બાજુમાં જે વિશાલ નેત્રવાળી સ્ત્રી છે, તેને વિરતિમાં રહેલા મુનિઓ રતિ કહે છે. આના પ્રભાવથી=રતિના પ્રભાવથી, દુઃખાત્મક ભોગોમાં લોકોને સુખનું અભિમાન વિસ્તાર પામે છે.

કામની ચેષ્ટા જીવમાં વર્તતી ઇચ્છાની આકુળતા સ્વરૂપ છે. તેથી દુઃખાત્મક છે તોપણ ભોગકાળમાં જીવને જે રતિનો અનુભવ થાય છે, તેના કારણે દુઃખાત્મક ભોગોના સુખનું અભિમાન થાય છે=હું સુખ અનુભવું છું એવો ભ્રમ થાય છે. **।।૬૨૩।।**

શ્લોક :-

तुष्यन्ति मोहान्मृगलोचनाभिर्नेत्रत्रिभागैरिह वीक्ष्यमाणाः ।
हृष्यन्ति तद्वाक्यरसैर्विचित्रैर्दन्तानहेतोः परिपीडयन्ति ।।६२४।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, સ્ત્રીઓના નેત્રના ત્રીજા ભાગથી જોવાતા લોકો મોહથી તોષ પામે છે. વિચિત્ર એવાં તેમનાં વાક્યોના રસથી=મોહને

વશ સ્ત્રીઓ વડે બોલાયેલાં વચનોના રસથી, હર્ષિત થાય છે. અહેતુ=હેતુ વગર, દાંતોને પરપીડન કરે છે=સ્ત્રીઓને ચુંબન આપે છે. ॥૬૨૪॥

શ્લોક :-

कुर्वन्ति तासां बहुचाटुकर्म, पादप्रहारान् बहुशः सहन्ते ।
श्लेश्माश्रितं तन्मुखदत्तमद्यगण्डूषमास्वाद्य सुखं लभन्ते ।।६२५।।

શ્લોકાર્થ :-

તેઓના=સ્ત્રીઓના, બહુચાટુ કર્મને કરે છે, અનેક વખત પાદપ્રહારોને સહન કરે છે. તેના મુખથી અપાયેલું=સ્ત્રીના મુખમાંથી અપાયેલું, શ્લેષ્મથી આશ્રિત મધના ગંડૂષને=દારૂના કોગળાને, આસ્વાદન કરીને સુખને પામે છે. ॥૬૨૫॥

શ્લોક :-

प्रियावियोगादुपयान्ति तापं, रटन्ति शोचन्ति वशाऽवधूताः ।
परेषु रक्तामुपलभ्य नारीं, मज्जन्ति दुःखाम्बुनिधावपारे ।।६२६।।

શ્લોકાર્થ :-

પ્રિયાના વિયોગથી તાપને પામે છે. અવગણના કરાયેલા=સ્ત્રીથી અવગણના કરાયેલા, વશ=સ્ત્રીને વશ, રડે છે, શોક કરે છે. પરમાં રક્ત સ્ત્રીને પામીને=પરપુરુષમાં આસક્ત સ્ત્રીને જોઈને અપાર એવા દુઃખસમુદ્રમાં ડૂબે છે. ॥૬૨૬॥

શ્લોક :-

वशीकृताः स्वीयबलेन रत्या, विडम्बनां कामिह नाप्नुवन्ति ।
प्रेत्यापि संसारसमुद्रमध्ये, परिभ्रमन्तः स्मरदेवदासाः ।।६२७।।
।। चतुर्भि कलापकम् ।।

શ્લોકાર્થ :-

પોતાના બળથી રતિ વડે વશ કરાયેલા જીવો અહીં=સંસારમાં, કઈ વિડંબનાને પ્રાપ્ત કરતા નથી=બધી વિડંબનાને પામે છે. કામદેવના

દાસ એવા જીવો પરલોકમાં પણ સંસારસમુદ્રની મધ્યમાં પરિભ્રમણ કરે છે. ।।૬૨૭।।

શ્લોક :-

पृष्ठेऽस्य यन्मानुषपञ्चकं च, हासाभिधोऽत्र प्रथमो मनुष्यः ।
अयं भृशं रोदयतीह लोकं, विश्वासघाती विनियोज्य हास्ये ।।६२८।।

શ્લોકાર્થ :-

આના=મકરધ્વજના, પાછળમાં જે માનુષપંચક=પાંચ મનુષ્યો છે, એમાં હાસ્ય નામનો પ્રથમ મનુષ્ય છે. વિશ્વાસઘાતી એવો આ=હાસ્ય, લોકને હાસ્યમાં વિનિયોજન કરીને અહીં=સંસારમાં, અત્યંત રડાવે છે. ।।૬૨૮।।

શ્લોક :-

उल्लासयत्येनमृतेऽपि हेतोः, प्रसह्य भार्याऽस्य च तुच्छताख्या ।
अतुच्छचित्तो महतोऽपि हेतोः, सोल्लासमास्यं तनुते न हास्यम् ।।६२९।।

શ્લોકાર્થ :-

અને આની=હાસ્યની, તુચ્છતા નામની ભાર્યા બળાત્કારે હેતુ વગર પણ આને=હાસ્યને, ઉલ્લસિત કરે છે. મહાન પણ હેતુથી અતુચ્છ-ચિત્તવાળો પુરુષ ઉલ્લાસવાળું મુખ વિસ્તારે છે, હાસ્ય નહિ.

જેઓના ચિત્તમાં તુચ્છતા નથી તેવા મહાત્માઓ હાસ્યનું સ્થાન હોય એવી મોટી પણ પ્રવૃત્તિ થઈ હોય તોપણ કંઈક સ્મિતવાળું મુખ કરે છે, પરંતુ હસતા નથી. **।।૬૨૯।।**

શ્લોક :-

शङ्कापदं याति जनोऽत्र हास्याद्, भूतोपघाती वितनोति वैरम् ।
विगोपकत्वप्रथया स्वकीर्तौ, दत्ते मषीहस्तकमस्तबुद्धिः ।।६३०।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, ભૂતને ઉપઘાત કરનાર જન=બીજાને પીડા કરનાર

જન, હાસ્યથી શંકાસ્પદ થાય છે. વૈરને વિસ્તારે છે. અસ્ત બુદ્ધિવાળો એવો પુરુષ વિગોપકપણાના વિસ્તારથી સ્વકીર્તિમાં મષીના હસ્તકને=કાળા તિલકને, આપે છે.

જેઓનો અતિહાસ્યનો સ્વભાવ છે, તેઓ બીજા જીવોને ઉપઘાત કરીને પણ તેની મશ્કરી કરે છે. જેમ અગ્નિશર્માને ગુણસેનકુમાર હાસ્યથી ઉપઘાત કરનારો થયો. તેથી તેવું હાસ્ય કરનાર જીવ લોકમાં શંકાસ્પદ થાય છે. બીજા સાથે વૈર બાંધે છે. જેમ ગુણસેનકુમારે અગ્નિશર્મા સાથે વૈર બાંધ્યું. વળી, આ રીતે બીજાની વિડંબના કરીને અસ્ત બુદ્ધિવાળા જીવો પોતાની કીર્તિમાં કલંક લગાડે છે. જેમ ગુણસેનકુમારે અગ્નિશર્માને વિગોપન કરીને પોતાના સારા રાજવી તરીકેની કીર્તિમાં કલંક લગાડ્યું. **||૬૩૦||**

શ્લોક :-

या च द्वितीया घनकृष्णवर्णा, बीभत्सरूपा परिदृश्यते स्त्री ।
कृताधिवृद्धिं बहुहेतुयोगादिमां प्रगल्भामरतिं प्रतीहि ।।६३१।।

શ્લોકાર્થ :-

અને જે બીજી ઘન કૃષ્ણવર્ણવાળી, બીભત્સ રૂપવાળી સ્ત્રી દેખાય છે, બહુહેતુના યોગથી કરી છે આધિની વૃદ્ધિ જેણે એવી આને પ્રગલ્ભવાળી અરતિ તું જાણ. ||૬૩૧||

શ્લોક :-

अयं भयाख्यः पुरुषस्तृतीयो, युतो नरैः सप्तभिरात्मरूपैः ।
करोति सर्वं जनमैहिकादिभयैर्नितान्तं परिवेपमानम् ।।६३२।।

શ્લોકાર્થ :-

સાત આત્મીય પુરુષોથી યુક્ત ભય નામનો આ ત્રીજો પુરુષ ઐહિકાદિ ભયોથી અત્યંત ધ્રૂજતા સર્વ જનોને કરે છે. ||૬૩૨||

શ્લોક :-

अयं स्वभार्यां खलु हीनसत्त्वतां, कदापि रागी हृदयान्न मुञ्चति।
इमां हि दारां त्यजतोऽस्य जीवितं, न कर्दमस्याप इवावतिष्ठते ।।६३३।।

શ્લોકાર્થ :-

રાગી એવો આ=ભય, હીનસત્ત્વવાળી સ્વભાર્યાને ક્યારે પણ હૃદયથી મૂકતો નથી. हि=જે કારણથી, પાણી વગર કાદવ જેમ રહેતો નથી, તેમ આ સ્ત્રીને ત્યાગ કરતા એવા આનું=ભયનું, જીવિત રહેતું નથી. ॥૬૩૩॥

શ્લોક :-

> **चतुर्थमेनं स्मरसीह शोकं, निवेदकं यं प्रकृतप्रवृत्तेः ।**
> **तस्मिन् पुरे द्रक्ष्यसि सोऽयमत्र, समागतस्तूर्णमनीकमध्ये ।।६३४।।**

શ્લોકાર્થ :-

અહીં=પ્રસ્તુત મંડપમાં, પ્રકૃત પ્રવૃત્તિના નિવેદક જે આ ચોથા શોકને તું=પ્રકર્ષ, સ્મરણ કરે છે, તે નગરમાં=તામસચિત્ત નગરમાં, તેં જોયેલો. તે આ અહીં સૈન્યના મધ્યમાં શીઘ્ર આવ્યો છે.

તામસચિત્ત નગરમાં વિમર્શ અને પ્રકર્ષ રસનાની શુદ્ધિ માટે ગયેલા ત્યારે યુદ્ધની પ્રવૃત્તિનો નિવેદક શોક હતો અને તેને તામસચિત્ત નગરમાં પ્રકર્ષે જોયેલ, તે હમણાં સંતોષને જીતવા માટે આવેલા સૈન્યની મધ્યમાં શીઘ્ર આવ્યો છે. **॥૬૩૪॥**

શ્લોક :-

> **अस्याज्ञया शोचति नीयमानं, स्वकर्मणाऽन्तं स्वजनं मनुष्यः ।**
> **न नेष्यमाणं त्वनुशोचति स्वं, हिताहितोपायविवेकशून्यः ।।६३५।।**

શ્લોકાર્થ :-

આની=શોકની, આજ્ઞાથી, સ્વકર્મથી અંતને લઈ જવાતા સ્વજનનો=મૃત્યુને પ્રાપ્ત કરાવતા સ્વજનનો, મનુષ્ય શોક કરે છે. હિતાહિતના ઉપાયના વિવેકમાં શૂન્ય એવો મનુષ્ય ભવિષ્યમાં લઈ જવાતા પોતાનો વિચાર કરતો નથી.

સંસારી જીવોને સ્વજનના મરણમાં જે શોક થાય છે, તે શોક મોહનીયનું કાર્ય છે. જેના કારણે હિતાહિતના વિવેકથી શૂન્ય એવો તે પોતાને ભવિષ્યમાં પ્રાપ્ત થનારા મૃત્યુની ચિંતા કરીને આત્મહિતમાં પ્રવર્તતો નથી. **॥૬૩૫॥**

શ્લોક :-

अस्यापि भार्याऽस्ति विवर्धमानाऽशुभाशया विह्वलताऽभिधाना ।
प्राप्नोति सौख्यं विरहय्य नैनां, दोषाकरो यामवतीमिवायम् ।।६३६।।

શ્લોકાર્થ :-

આની પણ=શોકની પણ, વૃદ્ધિ પામતા અશુભ આશયવાળી, વિહ્વલતા નામવાળી પત્ની છે, જેમ દોષાકર=ચંદ્ર, રાત્રિને પામ્યા વગર સુખને પામતો નથી, તેમ આ=શોક, આના વગર=વિહ્વલતા વગર, સુખને પામતો નથી.

જીવમાં શોક ઉત્પન્ન થાય છે, ત્યારે અશુભ આશયરૂપ વિહ્વલતા ઉત્પન્ન થાય છે અને શોક સાથે અત્યંત વિહ્વલતાનો સંબંધ છે, તેથી શોક આવે કે તરત જીવ અત્યંત અશુભ પરિણામરૂપ વિહ્વલતાને પ્રાપ્ત કરે છે. **॥૬૩૬॥**

શ્લોક :-

इयं मृगाक्षी ननु पञ्चमी च, नीचाकृतिः कुञ्चितनासिकाग्रा ।
श्यामा जुगुप्सा गदिता प्रणीतव्यलीकभावा जगतीजनानाम् ।।६३७।।

શ્લોકાર્થ :-

ખરેખર આ=સામે દેખાતી એ, મૃગાક્ષી પાંચમી છે, કુંચિત કર્યો છે નાસિકાનો અગ્રભાગ જેણે એવી, નીચ આકૃતિવાળી, શ્યામવર્ણવાળી, જગતના જીવોને કરાયેલા વ્યલીકભાવવાળી જુગુપ્સા કહેવાઈ.

જુગુપ્સામોહનીય કર્મ જીવોને બાહ્ય ભાવોની સાથે સંશ્લેષ કરાવીને કુત્સિતભાવો પ્રત્યે જુગુપ્સાનો પરિણામ પ્રગટ કરે છે. જેના પરિણામરૂપે જગતના જીવોનું ચિત્ત બાહ્ય પદાર્થો પ્રત્યે તિરસ્કારના ભાવવાળું થાય છે, નાસિકા મચકોડે છે અને આત્માના સ્વાસ્થ્યનો નાશ કરે છે. તેથી નીચ આકૃતિરૂપ છે. **॥૬૩૭॥**

શ્લોક :-

छायामपीच्छन्ति न यत्परेषां, शौचप्रियाः स्प्रष्टुमतीव मूढाः ।
स्पृष्टेऽप्यहो वर्त्मनि चेलमात्रे, क्रुद्धाः पुनर्यच्च जले पतन्ति ।।६३८।।

શ્લોકાર્થ :-

જે કારણથી=શ્લોક-૬૩૭માં કહ્યું તેવી જુગુપ્સા છે તે કારણથી, શૌચપ્રિય અતિ મૂઢ જીવો બીજાની છાયાને પણ સ્પર્શ કરવા ઈચ્છતા નથી, માર્ગમાં વસ્ત્ર માત્ર સ્પર્શ થયે છતે ક્રોધ પામે. વળી જેના કારણે=જે જુગુપ્સાને કારણે, જલમાં પડે છે.

કેટલાક જીવો અત્યંત જુગુપ્સાની પરિણતિવાળા હોય છે, તેઓમાં શૌચપ્રિયતા વર્તે છે. પારમાર્થિક આત્માના સ્વાસ્થ્યરૂપ શૌચમાં તેઓ મૂઢમતિવાળા છે અને દેહના શૌચમાં તત્ત્વ બુદ્ધિવાળા છે. તેઓ બીજાની છાયામાં પણ પોતે અશુચિવાળા બને છે, તેમ માને છે અને કોઈ જીવોનું મલિન વસ્ત્ર સ્પર્શે તો ક્રોધ પામીને સ્નાન કરે છે તે જુગુપ્સાનું જ કાર્ય છે, વિવેકનું કાર્ય નથી. **॥૬૩૮॥**

શ્લોક :-

उन्मत्तरूपा अपि यच्च केचिच्छङ्कापिशाचीनिहता भवन्ति ।
अस्या महामुद्गरपातनर्ममर्मप्रहारस्य विजृम्भितं तत् ।।६३९।।

શ્લોકાર્થ :-

અને ઉન્મત્તરૂપ પણ કેટલાક શંકારૂપ પિશાચિણીથી હણાયેલા જે થાય છે, તે આના=જુગુપ્સાના, મહામુદ્ગર પાતની હાંસીથી મર્મના પ્રહારનું વિજૃંભિત છે.

શૌચવાદી બ્રાહ્મણોને અત્યંત જુગુપ્સા હોય છે અને તેમાં પણ જે જુગુપ્સાથી અત્યંત ઉન્મત્ત થયેલા હોય છે, તેને આહારાદિમાં પણ ખાતરોમાં નંખાયેલ વિષ્ટા આદિની શંકા થયા કરે છે. તેથી જુગુપ્સાથી અત્યંત સદા વ્યાકુળ રહે છે. વળી, શૌચમાં જ તેઓને ધર્મબુદ્ધિ હોય છે તેથી અત્યંત શૌચ થવા માટે અવિવેકવાળી પ્રવૃત્તિઓ કરીને મનુષ્યભવ નિષ્ફળ કરે છે. તે જુગુપ્સાનો જ વિલાસ છે. **॥૬૩૯॥**

શ્લોક :-

आरक्तकृष्णानि च यानि डिम्भरूपाण्यहो पश्यसि षोडश त्वम्।
सामान्यतस्ते कथिताः कषाया, विशिष्य भेदं कथयामि तेषाम् ।।६४०।।

શ્લોકાર્થ :-

લાલથી માંડીને કાળા સુધી જે ૧૬ બાળકો તું=પ્રકર્ષ, જુએ છે, તે= ૧૬ બાળકો સામાન્યથી કષાયો કહેવાયા છે, વિશેષ કરીને તેઓના ભેદને હું કહીશ.

૧૬ કષાયોના ભેદો લાલથી માંડીને કૃષ્ણવર્ણ સુધીના છે; કેમ કે ૬ લેશ્યાઓ જુદા જુદા વર્ણવાળી છે, તેની સાથે સંકળાયેલા આ કષાયો છે. તેથી ૬ લેશ્યાના વર્ણવાળા તે ૧૬ બાળકો છે અને તે સામાન્યથી કષાયો છે અને તેના વિશેષ ભેદને હવે કહે છે. **||૬૪૦||**

શ્લોક :-

चत्वारि रौद्राणि लसन्ति यानि, संयोजनाख्यानि वदन्ति तानि।
भक्तानि मिथ्यात्वमहत्तमस्य, तेनात्मबुद्ध्या परिपालितानि ।।६४१।।

શ્લોકાર્થ :-

જે રૌદ્ર સંયોજન નામના ચાર બાળકો વિલાસ કરે છે=પ્રસ્તુત વિષ્ટર પાસે વિલાસ કરે છે, તેઓ તેના વડે=મિથ્યાત્વ વડે, આત્મબુદ્ધિથી પરિપાલન કરાયેલા મિથ્યાત્વ મહત્તમના ભક્તો છે.

સંસારી જીવોના ચિત્તમાં અનંત સંસારનું સંયોજન કરે તેવા રૌદ્ર ક્રોધાદિ ચાર કષાયો વિલાસ પામે છે, તે મિથ્યાત્વથી પરિપાલન કરાયેલા છે અને મિથ્યાત્વની વૃદ્ધિને કરનારા છે. **||૬૪૧||**

શ્લોક :-

मिथ्यात्वमोहस्य चतुर्भिरेभिः, पातालकुम्भैरिव वारिराशेः ।
क्षुब्धैः प्रवृद्धा भवतीह वेला, विलुप्तबोधेन्दुमरीचिखेला ।।६४२।।

શ્લોકાર્થ :-

ક્ષોભ પામેલા પાતાલના કુંભો વડે સમુદ્રની વેલા પ્રવૃદ્ધ થાય છે. તેની જેમ ક્ષોભ પામેલા આ ચાર બાળકો વડે=સંયોજના નામના ચાર કષાયો વડે, વિલુપ્ત કર્યા છે બોધરૂપી ચંદ્રનાં કિરણોના વિલાસ જેણે એવી મિથ્યાત્વ મોહની વેલા અહીં=ચિત્તરૂપી અટવીમાં, પ્રવૃદ્ધ થાય છે.

જીવની ચિત્તરૂપી અટવીમાં મતિજ્ઞાનના નિર્મળ ઉપયોગરૂપ કિરણોનો વિલાસ વર્તે છે. તે વિલાસને નાશ કરનાર ક્ષોભ પામેલા અનંતાનુબંધી ચાર કષાયોથી મિથ્યાત્વની વેલા પ્રવૃદ્ધ થાય છે=ચાર કષાયોના બળથી વિદ્યમાન મિથ્યાત્વ પ્રકર્ષવાળું થાય છે. આથી જ જે જીવોના ચિત્તમાં ક્રોધાદિ ચાર કષાયોમાંથી કોઈક કષાય ક્ષુભિત થાય છે ત્યારે મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે. જેમ મરીચિના ભવમાં શિષ્યના લોભથી અનંતાનુબંધી કષાય ક્ષોભિત થયો જેથી મરીચિના ચિત્તમાં મિથ્યાત્વ મોહની વૃદ્ધિ થઈ અને કોટાકોટિ સાગરોપમ સંસારની વૃદ્ધિ થઈ તે વખતે જિનવચનનો બોધ હતો તે વિલુપ્ત થયો. **॥૬૪૨॥**

શ્લોક :-

चत्वारि रूपाणि लघूनि चैभ्यः, सर्वात्मनैव व्रतघातकानि ।
नाम्नाऽव्रतान्येव वदन्ति तज्ज्ञाः, प्रसर्पदातुर्यगुणस्थितीनि ।।६४३।।

શ્લોકાર્થ :-

અને આનાથી=સંયોજના નામના ચાર બાળકોથી લઘુ રૂપવાળા ચાર બાળકો સર્વસ્વરૂપથી જ વ્રતના ઘાતકો છે. તેને જાણનારાઓ= બાળકોના સ્વરૂપને જાણનારાઓ, નામથી અવ્રતો જ કહે છે. પ્રસર્પણ પામતા ચોથા ગુણસ્થાનક સુધી સ્થિતિવાળા છે.

સંયોજના નામના ચાર બાળકોથી અવિરતિ આપાદક ચાર કષાયો લઘુભૂત છે અને તેની હાજરીમાં જીવમાં વિવેક હોવા છતાં વ્રતને નિષ્પન્ન થવામાં તે ચાર કષાયો સંપૂર્ણ બાધક છે. આથી જ અવિરત ચોથા ગુણસ્થાનક સુધી તેઓ જીવમાં વર્તે છે. **॥૬૪૩॥**

શ્લોક :-

लघूनि तेभ्योऽपि पुरः स्फुरन्ति, धीमन् ! विरत्यावरणानि विद्धि ।
वल्गत्सु तेषु क्षमते न कोऽपि, किञ्चिद् व्रतस्थोऽपि महाव्रताय ।।६४४।।

શ્લોકાર્થ :-

હે બુદ્ધિમાન પ્રકર્ષ ! આગળમાં સ્ફુરાયમાન થતા તેનાથી પણ=બીજા પ્રકારના કષાયોથી પણ, લઘુ એવા વિરતિના આવરણરૂપ કષાયોને તું

જાણ, તે કૂધે છતે=ચિત્તવૃત્તિમાં તે ત્રીજા પ્રકારના કષાયો કૂધે છતે, કંઈક વ્રતમાં રહેલો પણ કોઈ પણ મહાવ્રત માટે સમર્થ થતો નથી.

પ્રત્યાખ્યાનાવરણ કર્મ જેની ચિત્તવૃત્તિમાં સ્ફુરાયમાન થાય છે, તેવા દેશવિરતિધર શ્રાવકોના ચિત્તમાં મહાવ્રતો પ્રત્યે બદ્ધ રાગ હોવા છતાં અને મહાવ્રતોનું સૂક્ષ્મ સ્વરૂપ સદા ભાવન કરનારા હોવા છતાં મહાવ્રતોને ગ્રહણ કરવા સમર્થ બનતા નથી=બાહ્ય આચરણાઓથી સંયમવેશમાં હોય, સંયમની ક્રિયા કરતા હોય તોપણ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યને પ્રાપ્ત કરવા સમર્થ થતા નથી. **॥૬૪૪॥**

શ્લોક :-

लघूनि तेभ्योऽपि च चञ्चलानि, जगुर्बुधाः संज्वलनाभिधानि ।
कुर्वन्ति यानि प्रसभं व्रतेषु, म्लानिं मुनेरप्यतिचारलेशात् ।।६४५।।

શ્લોકાર્થ :-

બુધ પુરુષો તેનાથી પણ=ત્રીજા કષાયથી પણ, લઘુ એવા ચંચલ સંજ્વલ નામના ચાર કષાયો કહે છે. જેઓ મુનિનાં પણ વ્રતોમાં અતિચારના લેશથી અત્યંત મ્લાનિને કરે છે.

મુનિ કષાયોના નાશ માટે અપ્રમાદથી યત્ન કરતા હોય ત્યારે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોય છે, છતાં ઉપસર્ગો અને પરિષહો આદિને પામીને ચિત્તમાં ઈષદ્ જ્વલનરૂપ કષાય સ્ફુરાયમાન થાય છે, ત્યારે શુદ્ધ આચારોમાં સ્ખલનારૂપ અતિચાર કરાવીને તે ચાર કષાયો વ્રતની મ્લાનિને કરે છે. **॥૬૪૫॥**

શ્લોક :-

द्वेषद्विपेन्द्रस्य किलाष्ट रागसिंहस्य जातानि तथाऽष्ट चैषु ।
पौत्राणि मोहक्षितिपस्य गर्वाद्, वितन्वते दुर्ललितं न कुत्र ।।६४६।।

શ્લોકાર્થ :-

આમાં=૧૬ કષાયોમાં, દ્વેષગજેન્દ્રના આઠ અને રાગકેસરીના આઠ પુત્રો છે, મોહરાજાના પૌત્રો=૧૬ પૌત્રો, ગર્વથી દુર્લલિત=દુઃચેષ્ટિત, ક્યાં વિસ્તાર કરતા નથી.

ચિત્તવૃત્તિમાં સર્વત્ર દુઃચેષ્ટિતને વિસ્તારે છે. **॥૬૪૬॥**

શ્લોક :-

कुटुम्बकं वर्णितमङ्गभूतमिदं महामोहनरेश्वरस्य ।
ये वेदिकाभ्यर्णगताः क्षितीशाः, पदातयस्तेऽस्य निजाङ्गभूताः ।।६४७।।

શ્લોકાર્થ :-

મહામોહરાજાનું આ અંગભૂત કુટુંબ વર્ણન કરાયું, જે વેદિકાની પાસે રહેલા=તૃષ્ણાવેદિકાની પાસે રહેલા, રાજાઓ છે, તે આના= મહામોહના, પોતાના અંગભૂત સૈનિકો છે. ।।૬૪૭।।

શ્લોક :-

इह रागकेसरिनृपस्य पुरो, हरिदश्ववत्कमलयुक्तकरः ।
विलसत्प्रतापभवनं भुवनं, परितापयन् श्रयति यः सुषमाम् ।।६४८।।
तमवेहि मोहितसमस्तनरं, विषयाभिलाषसचिवप्रवरम् ।
वयमागता इह यदीयमुखप्रविलोकनाय पवनाभजवाः ।।६४९।।

શ્લોકાર્થ :-

અહીં=તૃષ્ણાવેદિકાની પાસે, રાગકેસરી રાજાની આગળ લીલા અશ્વવાળો, કમલયુક્ત હાથવાળો, વિલાસ પામતા પ્રતાપવાળા ભવનરૂપ ભુવનને પરિતાપન કરતો જે સુષમાને=પરમ શોભાને, ધારણ કરે છે, મોહિત કર્યો છે સમસ્ત નર જેણે એવો વિષયાભિલાષ નામનો શ્રેષ્ઠ મંત્રી તેને તું જાણ=હે પ્રકર્ષ ! તું જાણ, જેના મુખને જોવા માટે પવન જેવા વેગવાળા આપણે અહીં=ચિત્તવૃત્તિ અટવીમાં આવ્યા છીએ.

રસનાની ગવેષણા કરવા માટે નીકળેલા વિમર્શ અને પ્રકર્ષને શોક પાસેથી માહિતી મળેલી કે વિષયાભિલાષના પાંચ માણસો છે. તેથી તેને જોવા અર્થે શીઘ્ર વિમર્શ અને પ્રકર્ષ ચિત્તરૂપી અટવીમાં આવેલા અને તે વિષયાભિલાષ કેવો છે, તે બતાવતાં કહે છે. સંસારી જીવો પોતાના આત્માના સ્વરૂપમાં વિલાસ કરે તેવા પ્રતાપના ભવનવાળા છે અને તેવા ત્રણ જગતના જીવોને વિષયોની ઇચ્છાથી પરિતાપ કરતો વિષયાભિલાષ પોતાની શોભાનો આશ્રય કરે છે; કેમ કે તેનાથી જ રાગકેસરીનું નગર સુરક્ષિત રહે છે. **।।૬૪૮-૬૪૯।।**

શ્લોક :-

किमु मानुषाणि ननु तानि पुरा, कलितानि नास्य समतां दधते ।
इति तानि हेतुगुणतो जगतां, प्रभवन्ति किं न हितघातविधौ ।।६५०।।

શ્લોકાર્થ :-

પૂર્વમાં જણાયેલા તે મનુષ્યો આની=વિષયાભિલાષની, સમતાને ધારણ કરતા નથી ?=વિષયાભિલાષને સમાન પ્રકૃતિને ધારણ કરે છે, એથી= વિષયાભિલાષ સમાન પ્રકૃતિવાળા તે પાંચ મનુષ્યો છે એથી, હેતુથી અને ગુણથી તેઓ=તે પાંચ મનુષ્યો, જગતના જીવોના હિતના ઘાતની પ્રવૃત્તિમાં શું સમર્થ થતા નથી ?=થાય છે.

શ્લોક-૩૨૦માં કહ્યું એ પ્રમાણે મિથ્યાભિમાન દ્વારા વિષયાભિલાષના પાંચ મનુષ્યોનો બોધ વિમર્શ અને પ્રકર્ષને થયેલો અને તે પાંચ ઇન્દ્રિયોના વિષયોના અભિલાષરૂપ જ પાંચ મનુષ્યો છે. તેથી વિષયાભિલાષની સાથે સમાનતાને ધારણ કરે છે. તેના કારણે જે વિષયાભિલાષ જગતના જીવોના હિતને ઘાત કરનાર છે, તેમ આ પાંચ મનુષ્યો પણ જગતના જીવોના હિતને ઘાત કરનાર છે, વળી, તેઓ હેતુથી અને ગુણથી જગતના જીવના હિતનો ઘાત કરે છે. તેથી જીવમાં તે તે ઇન્દ્રિયોના વિષયોને અભિમુખ કષાયોની પરિણતિ થાય છે. જેના કારણે હેતુથી જગતના જીવના હિતનો ઘાત કરે છે અને ત્યારપછી તે ઇન્દ્રિયોને વશ થઈને જીવો વિષયોમાં પ્રવર્તે છે. જેના ફળ સ્વરૂપે કષાયો પ્રવર્ધમાન થાય છે. તેથી ગુણથી=ફલથી, જીવોની નિરાકુળ અવસ્થારૂપ હિતનો ઘાત થાય છે. **॥૬૫૦॥**

શ્લોક :-

रसनानिदानमयमेव ततः, परिनिश्चितोऽस्य हि धिया निहतः ।
परिचेष्टते विशदधर्मपथाद्, बहिरित्वरेषु विषयेषु जडः ।।६५१।।

શ્લોકાર્થ :-

તેથી=શ્લોક-૬૫૦માં બતાવેલા પાંચે મનુષ્યો વિષયાભિલાષની સમાનતાને ધારણ કરે છે તેથી, રસનાનું કારણ આ જ=વિષયાભિલાષ

જ, પરિનિશ્ચિત છે. हि=જે કારણથી, આની=વિષયાભિલાષની, બુદ્ધિથી હણાયેલો જડ વિશદ એવા ધર્મપથથી બહિર્ જનારા વિષયોમાં પરિચેષ્ટા કરે છે.

રસનાનું કારણ વિષયાભિલાષ છે અને તેનાથી હણાયેલો જીવ વિશદ એવા નિરાકુળ પથને છોડીને વિષયોમાં સુખ મેળવવા માટે ચેષ્ટા કરે છે. વસ્તુતઃ સુખનું કારણ વિશદ નિરાકુળ ધર્મપથ છે તેને જોવામાં બાધ કરનાર વિષયાભિલાષ છે. **॥૬૫૧॥**

શ્લોક :-

परचित्तभित् पटुरुपायविधौ, निजनीतिमार्गविततोरुमतिः ।
अयमेव वर्द्धयति राज्यरमामिह रागकेसरिनृपस्य पराम् ।।६५२।।

શ્લોકાર્થ :-

પરચિત્તને ભેદનાર, ઉપાયવિધિમાં પટુ, પોતાના નીતિમાર્ગને વિસ્તારવામાં સુંદર મતિવાળો આ જ=વિષયાભિલાષ જ, અહીં=સંસારી જીવોમાં, રાગકેસરી રાજાની શ્રેષ્ઠ એવી રાજ્યરમાને=રાજ્યલક્ષ્મીને, વધારે છે.

મંત્રી પરચિત્તના ભેદમાં સમર્થ હોય, તેના ઉચિત ઉપાયોમાં પટુ હોય, પોતાના નીતિમાર્ગને વિસ્તારવામાં સુંદર મતિવાળો હોય તેમ રાગકેસરીના રાજ્યનું સંચાલન કરનાર વિષયાભિલાષ મંત્રી તત્ત્વમાર્ગમાં જતા જીવોના ચિત્તને ભેદ કરનાર છે. વળી, તેઓને સંસારમાં સ્થિર કરવાના ઉપાયોની પ્રવૃત્તિમાં પટુ છે. આથી જ સંસારી જીવોને વિષયોમાં સંશ્લેષ ઉત્પન્ન કરીને ચારિત્રસૈન્યથી તેનું રક્ષણ કરે છે. વળી, સંસારી જીવોમાં તે પ્રકારનો સંશ્લેષ કરીને સંસારમાં જકડી રાખવાને અનુકૂળ પ્રવૃત્તિમાં વિષયાભિલાષ શ્રેષ્ઠ મતિવાળો છે. આથી જ રાગકેસરીના રાજ્યની લક્ષ્મીને અત્યંત વૃદ્ધિ કરે છે. જેથી સંસારી જીવોના ચિત્તમાં રાગનું એકછત્ર સામ્રાજ્ય વર્તે છે. **॥૬૫૨॥**

શ્લોક :-

पार्श्वेऽस्य भार्याऽस्ति च भोगतृष्णा, कृष्णाहिवद्वक्रगतिः प्रतीता ।
दष्टोऽनया नैव जनः कदाचिदम्भोऽपि पातुं श्रयते विलम्बम् ।।६५३।।

શ્લોકાર્થ :-

અને આની=વિષયાભિલાષની બાજુમાં કાળા સર્પના જેવી વક્રગતિવાળી, પ્રતીત એવી ભોગતૃષ્ણા નામની ભાર્યા છે. આના વડે=ભોગતૃષ્ણા વડે, દંશાયેલો લોક ક્યારેય પાણીને પણ પીવા માટે વિલંબનને કરતો નથી જ.

જીવમાં જે પ્રકારની ભોગતૃષ્ણા થાય તે જીવ તે પ્રકારે તત્કાલ તે ભોગમાં પ્રવૃત્તિ કરે છે. **॥૬૫૩॥**

શ્લોક :-

पुरश्च पश्चादपि पृष्ठतश्च, तिष्ठन्ति ये भूमिभुजोऽस्य दृप्ताः ।
दुष्टाभिसन्धिप्रमुखा भटास्ते, व्यापारभाजोऽस्य समीहितार्थे ।।६५४।।

શ્લોકાર્થ :-

આના=વિષયાભિલાષના, આગળ, પાછળ અને પડખે જે ગર્વિષ્ઠ રાજાઓ રહેલા છે, તે દુષ્ટાભિસંધિ વગેરે ભટો આના=વિષયાભિલાષના, ઈચ્છિત અર્થમાં વ્યાપારવાળા છે. ॥૬૫૪॥

શ્લોક :-

संख्यामतीताः खलु येऽन्तरङ्गा, महीभुजो मध्यविवर्तिनस्तान् ।
विशिष्य वक्तुं क्षमते स एव, तारापथे यः परिमाति ताराः ।।६५५।।

શ્લોકાર્થ :-

જે તારાના માર્ગમાં તારાઓની ગણના કરી શકે, તે જ પુરુષ સંખ્યાથી અતીત જે અંતરંગ મધ્યવર્તી રાજાઓ છે, તેઓને વિશેષ કરીને કહેવા માટે સમર્થ છે.

રાત્રે આકાશમાં વર્તતા તારાઓને કોઈ પામી શકે નહિ, તેમ ચિત્તવૃત્તિ અટવીમાં સંખ્યાથી અતીત અંતરંગ કષાયોના પરિણામરૂપ રાજાઓ છે, તેઓને વિશેષથી કહેવા માટે કોઈ સમર્થ નથી, કેવલી જ કેવલજ્ઞાનથી તેઓને જોઈ શકે છે. **॥૬૫૫॥**

શ્લોક :-

वेदिकाव्यवहिताश्च नृपा ये, मुत्कलप्रबलमण्डपवासाः ।
मोहभूपतिलकस्य हि बाह्यास्ते पदातय उदारचरित्राः ।।६५६।।

શ્લોકાર્થ :-

મુત્કલ પ્રબલ મંડપમાં વસનારા વેદિકાથી વ્યવહિત જે રાજાઓ છે, તે રાજાઓ મોહરાજાના તિલક એવા જ્ઞાનસંવરણના ઉદાર ચરિત્રવાળા બાહ્ય પદાતિઓ છે. ।।૬૫૬।।

શ્લોક :-

तत्र चित्रनरपञ्चकयुक्तो, ज्ञानसंवरणभूपतिरेषः ।
गीयते जगति बोधविलोपान्मोह इत्यपि च नाम किलास्य ।।६५७।।

શ્લોકાર્થ :-

ત્યાં ચિત્ર પ્રકારના નરપંચકથી યુક્ત આ જ્ઞાનસંવરણ રાજા જગતમાં ગવાય છે અને બોધના વિલોપને કારણે આનું=જ્ઞાનસંવરણ રાજાનું, મોહ એ પ્રમાણે પણ નામ છે.

આત્મામાં પાંચ પ્રકારનાં મતિજ્ઞાનાવરણાદિ કર્મો છે, તે પાંચ પુરુષથી યુક્ત એવા જ્ઞાનાવરણ કર્મરૂપ રાજા છે અને જીવમાં વર્તતા બોધ સ્વભાવનું વિલોપ કરનાર તે જ્ઞાનનું આવરણ છે. તેથી આને મોહ એ પ્રમાણે પણ કહેવાય છે; કેમ કે આત્માના પારમાર્થિક અરૂપી સ્વરૂપને જોવામાં મોહ પમાડનાર જ્ઞાનાવરણ કર્મ છે. **।।૬૫૭।।**

શ્લોક :-

एष विक्रममदादिह जीवज्ञानमिच्छति निहन्तुमशेषम् ।
तिष्ठति प्रतिहताखिलशक्तिः, सोऽप्यनन्ततमभागधृतात्मा ।।६५८।।

શ્લોકાર્થ :-

અહીં=ચિત્તવૃત્તિ અટવીમાં, આ=જ્ઞાનસંવરણ, પરાક્રમના મદથી જીવના અશેષ જ્ઞાનને હણવા માટે ઇચ્છે છે, તે પણ=જીવ પણ, પ્રતિહત અખિલ

શક્તિવાળો=જ્ઞાનાવરણ કર્મથી હણાયેલી અખિલ શક્તિવાળો, અનંતતમ ભાગને ધારણ કરાયેલા સ્વરૂપવાળો=પોતાનું જે કેવલજ્ઞાનકાલીન જ્ઞાન છે એના અનંતતમ ભાગમાત્રને ધારણ કરતો રહે છે.

જીવમાં રહેલું જ્ઞાનાવરણ કર્મ જીવના સંપૂર્ણ જ્ઞાનનો નાશ કરવા ઇચ્છે છે તોપણ જીવમાં પોતાના જ્ઞાનના અનંતતમ ભાગને ધારણ કરતો જીવ નિગોદમાં પણ રહે છે, ત્યારે પણ સંપૂર્ણ જ્ઞાન નાશ પામતું નથી. **॥૬૫૮॥**

શ્લોક :-

दर्शनावरण इत्युदिताख्यः, पार्थिवस्त्वयमिह प्रणिहन्ति ।
पश्य कस्य जगतोऽपि निसर्गादात्मनो विमलदर्शनशक्तिम् ।।६५९।।

શ્લોકાર્થ :-

વળી, દર્શનાવરણ એ પ્રમાણે કહેવાયેલા નામવાળો આ રાજા અહીં= ચિત્તવૃત્તિ અટવીમાં, જગતના પણ કોઈક આત્માની નિર્મલ દર્શનશક્તિને હણે છે. તે તું જો=પ્રકર્ષ જો.

જીવમાં વર્તતું દર્શનાવરણ કર્મ નિસર્ગથી જીવમાં વર્તતી નિર્મળ દર્શનશક્તિને હણે છે. તેથી જીવ પોતાનું પારમાર્થિક સામાન્ય સ્વરૂપ કે અન્ય પદાર્થોનું પણ પારમાર્થિક સામાન્ય સ્વરૂપ જોવા સમર્થ બનતો નથી. **॥૬૫૯॥**

શ્લોક :-

मानुषैर्नवभिरेव युतोऽयं, तेषु पञ्च वनिता मदिरावत् ।
घूर्णयन्ति जनतां पुरुषास्तामन्धयन्ति विवशामवशिष्टाः ।।६६०।।

શ્લોકાર્થ :-

નવ માનુષ્યથી યુક્ત એવો આ દર્શનાવરણ છે, તેઓમાં=નવ માણસોમાં, પાંચ સ્ત્રીઓ મદિરાની જેમ જનતાને ઘુણાવે છે, અવશિષ્ટ એવા પુરુષો=પાંચ સ્ત્રીઓથી રહિત ચાર પુરુષો વિવશ એવા તેને=જનતાને, આંધળો કરે છે.

૯ પ્રકારનું દર્શનાવરણ કર્મ છે તેમાં પાંચ નિદ્રા છે તે જીવોને ઊંઘાડે છે,

વળી બાકીનાં ચાર દર્શનાવરણ કર્મો જીવને આંધળો કરે છે. આથી જ વિદ્યમાન પણ પરમાણુ આદિ ભાવોને જીવો જોઈ શકતા નથી. **॥૬૬૦॥**

શ્લોક :-

एष मत्सरिनरद्वययुक्तो, वेदनीयनृपतिः प्रकृतिस्थम् ।
जीवमुग्रसुखदुःखविवर्तावर्त्तगर्त्तपतितं वितनोति ।।६६१।।

શ્લોકાર્થ :-

મત્સરિ નરદ્વયથી યુક્ત=પરસ્પર વિરોધી શાતા-અશાતારૂપ નરદ્વયથી યુક્ત, આ વેદનીય રાજા પ્રકૃતિમાં રહેલા જીવને ઉગ્ર સુખ-દુઃખના વિવર્તના આવર્તના ખાડામાં પડેલો, કરે છે.

વેદનીય કર્મથી રહિત સિદ્ધના જીવો પ્રકૃતિમાં રહેલા છે અને તેવી પ્રકૃતિવાળા જીવને ઉગ્ર સુખ-દુઃખના વિવર્તોરૂપી ખાડામાં નાંખનાર શાતાવેદનીય-અશાતાવેદનીય કર્મ છે. **॥૬૬૧॥**

શ્લોક :-

अक्षयस्थितिमपि स्फुटपातोत्पातकन्दुकसमभ्रमभाजम् ।
आयुराख्यनृपतिः कुरुतेऽसौ, ह्रस्वदीर्घचलडिम्भचतुष्कः ।।६६२।।

શ્લોકાર્થ :-

હ્રસ્વ, દીર્ઘ, ચાલતા બાળકના ચતુષ્કવાળો આયુ નામનો રાજા અક્ષયસ્થિતિવાળા પણ જીવને સ્પષ્ટ પાત-ઉત્પાતવાળા દડાની સમાન ભ્રમવાળો કરે છે.

જીવની સિદ્ધ અવસ્થામાં અક્ષયસ્થિતિ છે, છતાં ચાર ગતિઓના પરિભ્રમણને કરાવે તેવો આયુષ્યકર્મ જીવને દડાની જેમ તે તે ગતિમાં નાંખે છે. **॥૬૬૨॥**

શ્લોક :-

नामनामकनृपस्त्रिनवत्या, मानुषैर्दृढबलैश्च युतोऽयम् ।
देहजातिगमनादिविभेदैः, कं विडम्बयति नात्र मनुष्यम् ।।६६३।।

શ્લોકાર્થ :-

દૃઢ બલવાળા ૯૩ મનુષ્યોથી યુક્ત એવો આ નામ નામનો રાજા દેહ, જાતિ, ગમનાદિના વિભેદોથી અહીં=સંસારમાં, કયા મનુષ્યોને વિડંબના કરતો નથી ?

સંસારવર્તી જીવોને નામકર્મ તેના ૯૩ પેટાભેદોથી યુક્ત તે તે પ્રકારની વિડંબના કરે છે. **॥૬૬૩॥**

શ્લોક :-

उच्चनीचपुरुषद्वययुक्तो, गोत्रनामकनृपः प्रथितोऽयम् ।
देहिनां वितनुते भृशमभ्रभ्रामणक्षितिनिपातनलीलाम् ।।६६४।।

શ્લોકાર્થ :-

ઉચ્ચ-નીચ પુરુષદ્વયથી યુક્ત વિસ્તૃત આ ગોત્ર નામનો રાજા સંસારી જીવોને, વાદળાની ભ્રામણવાળી ક્ષિતિના નિપાતની લીલાને અત્યંત વિસ્તારે છે.

આકાશમાં વાદળાંઓ ભમતાં હોય છે, તેના જેવી લીલાને ગોત્રકર્મ વિસ્તારે છે. આથી જ ગોત્રકર્મને વશ થયેલા જીવો ક્યારેક ઉચ્ચકુળમાં તો ક્યારેક નીચકુળમાં જન્મે છે. **॥૬૬૪॥**

શ્લોક :-

अन्तराय इति विश्रुतनामा, ह्येष दीप्तनरपञ्चकयुक्तः ।
भूपतिर्वितरणादिकलब्धीर्देहिनां दलयति स्वबलेन ।।६६५।।

શ્લોકાર્થ :-

દીપ્ત નરપંચથી યુક્ત અંતરાય એ પ્રમાણે વિખ્યાત નામવાળો આ રાજા સ્વબલથી જીવોની વિતરણ આદિક લબ્ધિને દળે છે.

પાંચ પ્રકારનાં અંતરાય કર્મો જીવમાં વર્તતી દાનાદિ લબ્ધિનો નાશ કરે છે. **॥૬૬૫॥**

શ્લોક :-

वर्णिता भूभुजः सप्त, तदेते लेशतो मया ।
वर्णनं विस्तरेणैषां, नायुषाऽपि समाप्यते ।।६६६।।

શ્લોકાર્થ :-

તે કારણથી આ સાત રાજાઓ=મોહનીયને છોડીને સાત મૂળ પ્રકૃતિવાળા સાત રાજાઓ, લેશથી મારા વડે વર્ણન કરાયા, વિસ્તારથી આમનું વર્ણન આયુષ્યથી પણ પૂર્ણ થતું નથી.

આ સાત મૂળ પ્રકૃતિઓના અવાંતર ભેદો અસંખ્યાત છે, તે સર્વનું વિસ્તારથી વર્ણન અશક્ય છે. **॥૬૬૬॥**

શ્લોક :-

इत्येनामतिगम्भीरां, श्रुत्वा मातुलभारतीम् ।
प्रकर्षः कलयन् हर्षमिदं वचनमब्रवीत् ।।६६७।।

શ્લોકાર્થ :-

આ પ્રકારે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, આ અતિગંભીર મામાની વાણી સાંભળીને પ્રકર્ષ હર્ષને અનુભવતો આ વચન બોલ્યો. ॥૬૬૭॥

શ્લોક :-

एतेषां वर्णनं राज्ञां, कुर्वता मातुल ! त्वया ।
शङ्काशङ्कुं निरस्याहं, मोचितो मोहपञ्जरात् ।।६६८।।

શ્લોકાર્થ :-

હે મામા ! આમનું આ રાજાઓનું વર્ણન કરતાં તારા વડે શંકાના શંકુનો=શંકાના સમૂહનો, નિરાસ કરીને હું મોહના પાંજરાથી મુકાવાયો.

વિચક્ષણની બુદ્ધિના વિમર્શને કારણે જે મોહનીય આદિ રાજાઓના સૂક્ષ્મ સ્વરૂપનો બોધ થયો, તેથી તેનો આત્મા મોહના પાંજરાથી મુકાવાયો=મોહરહિત સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિવાળો થયો. **॥૬૬૮॥**

શ્લોક :-

केवलं किञ्चिदद्यापि, प्रष्टव्यमवशिष्यते ।
कर्णप्राघूर्णकीकृत्य, तन्मह्यं वक्तुमर्हसि ।।६६९।।

શ્લોકાર્થ :-

કેવલ હજી પણ કંઈક પૂછવાયોગ્ય અવશેષ રહે છે. કર્ણને પ્રાઘૂર્ણક કરીને તે=પૂછવાયોગ્ય, મને કહેવા માટે તમે યોગ્ય છો. ।।૬૬૯।।

શ્લોક :-

विमर्शः प्राह यद् भद्र !, रोचते पृच्छ तत् सुखम् ।
प्रकर्षः प्राह चित्तेऽसौ, विस्मयो मम जृम्भते ।।६७०।।
यदाऽहं नायकान् प्रेक्षे, कीर्त्त्यमानेषु राजसु ।
परिवारं न पश्यामि, तदा भानीव वासरे ।।६७१।।
परिवारं यदा प्रेक्षे, न तदा नायकानहम् ।
विततक्षोऽपि पश्यामि, यामिन्यामिव भास्करम् ।।६७२।।
।। त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે હે ભદ્ર ! જે રુચે છે તે સુખે પૂછ. પ્રકર્ષ કહે છે, મારા ચિત્તમાં આ વિસ્મય ઉલ્લસિત થાય છે. જ્યારે હું=પ્રકર્ષ, કીર્તન કરાતા= તમારા વડે કહેવાતા, રાજાઓમાં નાયકોને જોઉં છું ત્યારે દિવસમાં તારાની જેમ પરિવારને જોતો નથી. જ્યારે પરિવારને જોઉં છું ત્યારે નિપુણ ચક્ષુવાળો પણ હું રાત્રિમાં સૂર્યની જેમ નાયકોને જોતો નથી.

દરેક કર્મોના નાયક જ્ઞાનાવરણીય આદિ છે અને જ્યારે પ્રકર્ષ વિમર્શના વચનાનુસાર જ્ઞાનાવરણીય આદિ કર્મોને જુએ છે ત્યારે તેનાથી પૃથક્ મતિજ્ઞાનાવરણીય આદિ દેખાતા નથી અને મતિજ્ઞાનાવરણીય આદિ દેખાય છે, ત્યારે તે પાંચ આવરણોથી પૃથક્ જ્ઞાનાવરણીય દેખાતું નથી. એ પ્રકારની શંકા પ્રકર્ષને થાય છે. **।।૬૭૦થી ૬૭૨।।**

શ્લોક :-

परिवारयुता प्रोक्ता, नायका भवता पुनः ।
दृष्टेष्टार्थविसंवादस्तदयं बाधते मम ।।६७३।।

શ્લોકાર્થ :-

વળી, તમારા વડે=વિમર્શ વડે, પરિવારયુક્ત નાયકો કહેવાયા છે. તે કારણથી દૃષ્ટ-ઈષ્ટ અર્થના વિસંવાદવાળો આ=મારો સંશય, મને બાધ કરે છે.

વિમર્શના વચનાનુસાર દરેક કર્મો તેના પરિવારથી યુક્ત છે અને પ્રકર્ષને પરિવાર અને નાયક બે સાથે દેખાતા નથી. તેથી વિમર્શના વચનરૂપ ઇષ્ટ અર્થ સાથે પ્રકર્ષને જે દેખાતો અર્થ છે, તેનો વિરોધ થાય છે તે જ સંશય પ્રકર્ષને બાધક જણાય છે. **॥૬૭૩॥**

શ્લોક :-

विमर्शः प्राह किं चित्रं, स्वभावावगताविह ।
नैकदोभयवेत्ता यत्, स्वभावादेव कश्चन ।।६७४।।

શ્લોકાર્થ :-

વિમર્શ કહે છે, અહીં=તારા સંશયમાં, સ્વભાવની અવગતિ થયે છતે=સ્વભાવનો બોધ થયે છતે, કોઈ આશ્ચર્ય નથી. જે કારણથી સ્વભાવથી જ એક વખત ઉભયનો વેત્તા કોઈ નથી.

પદાર્થનો તેવો જ સ્વભાવ છે કે જ્ઞાનાવરણકર્મ સામાન્ય જણાય ત્યારે તેના વિશેષ ભેદરૂપ પરિવાર જણાય નહિ અને વિશેષ એવો પરિવાર જણાય ત્યારે સામાન્ય જણાય નહિ. તેથી એકસાથે પ્રકર્ષને પરિવાર અને નાયક દેખાતા નથી. **॥૬૭૪॥**

શ્લોક :-

सामान्यरूपा राजानस्तद्विशेषाः परिच्छदाः ।
क्रमिकज्ञानवेद्यत्वं, तेषां च प्रकृतिर्मता ।।६७५।।

શ્લોકાર્થ :-

સામાન્યરૂપ રાજાઓ છે અને તેના વિશેષરૂપ પરિવારો છે અને તેઓની=સામાન્ય વિશેષની, ક્રમિક જ્ઞાનવેધપણું પ્રકૃતિ મનાઈ છે.

વૃક્ષ વૃક્ષ રૂપે સામાન્ય જ્યારે દેખાય ત્યારે આ આંબો છે, આ લીમડો છે ઇત્યાદિ રૂપ વિશેષ જણાતું નથી અને વિશેષ જણાય ત્યારે સામાન્ય જણાતું નથી. તેમ સામાન્યરૂપ જ્ઞાનાવરણીય આદિ દેખાય ત્યારે મતિજ્ઞાનાવરણીય આદિ વિશેષ જણાય નહિ અને વિશેષ જણાય ત્યારે સામાન્ય જણાય નહિ. એ પ્રકારની પદાર્થની પ્રકૃતિ છે. **॥૬૭૫॥**

શ્લોક :-

देशकालस्वभावैश्च, भेदोऽप्येषां न विद्यते ।
धवाद्या न तरोर्भिन्ना, धवादिभ्यस्तरुर्न च ।।६७६।।

શ્લોકાર્થ :-

અને આમનો=સામાન્ય વિશેષરૂપ નાયક અને પરિવારનો, દેશ, કાલ, સ્વભાવથી ભેદ પણ વિધમાન નથી. વૃક્ષથી ધવાદિ ભિન્ન નથી. અને ધવાદિથી વૃક્ષ ભિન્ન નથી. ॥૬૭૬॥

શ્લોક :-

केवलं यौगपद्येन, न सामान्यविशेषयोः ।
दृष्टिर्नैतावता दृष्टिरुपयोगे क्रमेक्षणात् ।।६७७।।

શ્લોકાર્થ :-

કેવલ સામાન્ય-વિશેષની દૃષ્ટિ યૌગપધથી નથી=એકસાથે નથી. ઉપયોગમાં આટલી દૃષ્ટિ નથી=માત્ર સામાન્ય દેખાય કે માત્ર વિશેષ દેખાય એટલી દૃષ્ટિ નથી; કેમ કે ક્રમસર દેખાય છે=ક્રમસર બંને દેખાય છે. ॥૬૭૭॥

શ્લોક :-

तरुरेवेक्ष्यते दूराल्लक्ष्यन्ते न धवादयः ।
सन्निधौ तेऽपि दृश्यन्ते, दृश्यते न तरुः पृथक् ।।६७८।।

શ્લોકાર્થ :-

વૃક્ષ જ દૂરથી દેખાય છે. ધવાદિ જણાતાં નથી. સન્નિધિમાં=વૃક્ષ પાસે જવામાં, તે પણ=ધવાદિ પણ, દેખાય છે. પૃથક્ તરુ દેખાતો નથી. ।।૬૭૮।।

શ્લોક :-

तथापि तद् द्वयं दृष्टं, कालभेदेन कीर्त्यते ।
एकोपयोगदृष्टत्वाद्, घटरूपादिवद् बुधैः ।।६७९।।

શ્લોકાર્થ :-

તોપણ ઘટ અને રૂપાદિની જેમ એક ઉપયોગથી દૃષ્ટપણું હોવાથી બુધો વડે કાલના ભેદથી તે દ્વય=સામાન્ય-વિશેષ દ્વય, જોવાયું કહેવાય છે. ।।૬૭૯।।

શ્લોક :-

स्वभावाद्यैरभेदेऽपि, न सामान्यविशेषयोः ।
सङ्ख्यादिभिः कृतो भेदव्यवहारोऽपि दुष्यति ।।६८०।।

શ્લોકાર્થ :-

સામાન્ય-વિશેષનો સ્વભાવ આદિથી અભેદ હોવા છતાં પણ સંખ્યાદિથી કરાયેલો ભેદનો વ્યવહાર પણ દોષને પામતો નથી.

પદાર્થ સામાન્ય-વિશેષરૂપ છે અને તે બંને વસ્તુનો સ્વભાવ આદિથી અભેદ હોવા છતાં પણ સંખ્યાથી સામાન્ય એક છે અને સંખ્યાથી વિશેષ અનેક છે. તેથી સામાન્ય-વિશેષના ભેદનો વ્યવહાર પણ સંગત છે. **।।૬૮૦।।**

શ્લોક :-

सङ्ख्ययैकस्तरुर्जात्या, भूयांसः खदिरादयः ।
संज्ञाऽपि तरुरित्येका, भेदिन्यश्च धवादिकाः ।।६८१।।

શ્લોકાર્થ :-

જાતિથી વૃક્ષ એક છે. સંખ્યા વડે ખદિરાદિ ઘણા છે. સંજ્ઞા પણ=નામ

પણ, તરુ એ પ્રમાણે એક છે અને ધવાદિક સંજ્ઞાઓ ભેદવાળી છે.

તે તે વૃક્ષની ધવ, ખદિરાદિ સંજ્ઞાઓ ભેદવાળી છે. **II૬૮૧II**

શ્લોક :-

अनुवृत्तिस्तरोस्तेषु, लक्षणं वीक्ष्यते पृथक् ।
धवाश्वत्थादिभेदानां, व्यावृत्तिश्च परस्परम् ।।६८२।।

શ્લોકાર્થ :-

તેઓમાં=અનેક વૃક્ષોમાં, તરુની અનુવૃત્તિ દેખાય છે અને પૃથક્ એવા ધવ અશ્વત્થાદિ ભેદોની પરસ્પર વ્યાવૃત્તિ દેખાય છે.

ભિન્ન ભિન્ન વૃક્ષોમાં આ વૃક્ષ છે, આ વૃક્ષ છે એ રૂપ સામાન્ય સ્વરૂપ દેખાય છે અને તે જ વૃક્ષોમાં આ ધવનું વૃક્ષ છે, આ અશ્વત્થાદિનું વૃક્ષ છે ઇત્યાદિ રૂપ પરસ્પર ભેદ સ્વરૂપ દેખાય છે. **II૬૮૨II**

શ્લોક :-

कार्यं च तरुमात्रस्य, छायाद्यं पृथगेव हि ।
विशिष्टफलपुष्पादि, चूतादेरन्यदेव च ।।६८३।।

શ્લોકાર્થ :-

અને વૃક્ષમાત્રનું પૃથગ્ જ છાયારૂપ આદ્ય કાર્ય છે=વિશેષ કાર્ય કરતાં પૃથગ્ જ છાયા આદિ રૂપ સામાન્ય જ કાર્ય છે. અને ચૂતાદિ વૃક્ષોનું વિશિષ્ટ ફલ, વિશિષ્ટ પુષ્પાદિ અન્ય જ છે. ॥૬૮૩॥

શ્લોક :-

व्यवहारोऽपि सामान्ये, श्रुतस्कन्धेऽन्य एव हि ।
अन्य एव च दृष्टस्तद्भेदेष्वध्ययनादिषु ।।६८४।।

શ્લોકાર્થ :-

સામાન્ય શ્રુતસ્કંધમાં વ્યવહાર પણ અન્ય જ છે, અને તેના ભેદરૂપ અધ્યયન આદિમાં=સામાન્ય શ્રુતસ્કંધના ભેદરૂપ અધ્યયન આદિમાં, અન્ય જ વ્યવહાર જોવાયો છે.

સર્વજ્ઞના વચનરૂપ શાસ્ત્રમાં પણ આ શ્રુતસ્કંધ છે, એમ સામાન્ય વ્યવહાર પ્રવર્તે છે અને આ સામાયિક અધ્યયન છે, આ ચઉવિસત્થો અધ્યયન છે ઇત્યાદિ ભેદનો વ્યવહાર પ્રવર્તે છે. તેથી સામાન્ય અને વિશેષ ભિન્ન છે. **॥૬૮૪॥**

શ્લોક :-

तस्माद् भेदं पुरस्कृत्य, मया प्रोक्ताः पृथक् पृथक् ।
राजानः परिवाराश्च, न भिन्नास्तत्त्वतस्तु ते ।।६८५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સામાન્ય-વિશેષનો અપેક્ષાથી ભેદ છે એમ પૂર્વમાં બતાવ્યું તે કારણથી, ભેદને આશ્રયીને મારા વડે=વિમર્શ વડે, રાજા અને પરિવારો પૃથક્ પૃથક્ કહેવાયા. વળી, તત્ત્વથી તેઓ=રાજા અને પરિવાર, ભિન્ન નથી.

વસ્તુ સામાન્ય અને વિશેષરૂપ છે, તેથી સામાન્ય વિશેષ તત્ત્વથી અપૃથક્ભૂત છે તોપણ કોઈક દૃષ્ટિથી પૃથક્ પણ છે, તેને આશ્રયીને વિમર્શે રાજા અને પરિવારનો ભેદ બતાવેલ છે. **॥૬૮૫॥**

શ્લોક :-

अंशांशिनोः पृथग् वृत्तिर्भिन्नाऽभिन्ने च वस्तुनि ।
अवग्रहादेर्जिज्ञासावशाद्वा विस्मयोऽत्र कः ? ।।६८६।।

શ્લોકાર્થ :-

અવગ્રહ આદિથી અથવા જિજ્ઞાસાના વશથી ભિન્ન-અભિન્ન વસ્તુ હોતે છતે અંશ-અંશિની પૃથગ્ વૃત્તિ છે. એમાં=અંશ-અંશિના પૃથગ્ ભાવમાં વિસ્મય શું છે ?=કોઈ આશ્ચર્ય નથી.

દરેક પદાર્થો પોતાના પર્યાયોથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે, તેમ જ્ઞાનાવરણ આદિ કર્મો તેના પેટાભેદોથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. તેથી જ્ઞાનાવરણીય આદિ અંશી છે અને મતિજ્ઞાનાવરણ આદિ અંશ છે અને તે સ્વરૂપે તેઓની પૃથગ્ ઉપલબ્ધિ છે; કેમ કે બોધના કાળમાં

જ્યારે તે જ્ઞાનાવરણ આદિનો બોધ થાય છે, તેમાં પ્રથમ અવગ્રહથી સામાન્ય બોધ થાય છે. ત્યારપછી વિશેષ જાણવાની જિજ્ઞાસા થાય છે. તેથી અપાય વખતે વિશેષ બોધ થાય છે. તેમ પ્રથમ જ્ઞાનાવરણરૂપ આદિ સામાન્યથી તે કર્મના આવરણનો બોધ થાય છે. ત્યારપછી તે જ્ઞાનાવરણ આદિ કેટલા ભેદવાળા છે, તેવી જિજ્ઞાસા થવાથી મતિજ્ઞાનાવરણ આદિ વિશેષનો બોધ થાય છે. માટે અંશી એવા જ્ઞાનાવરણનો સામાન્ય બોધ થાય છે અને તેના અંશરૂપ મતિજ્ઞાનાવરણ આદિનો પૃથગ્ રૂપે બોધ થાય છે અથવા જ્યારે સામાન્યની જિજ્ઞાસા વર્તે છે, ત્યારે જ્ઞાનાવરણ આદિ સામાન્ય કર્મોનો બોધ થાય છે અને જ્યારે તે જ્ઞાનાવરણ આદિ કેટલા ભેદવાળા છે, એવી વિશેષ જિજ્ઞાસા થાય છે, ત્યારે મતિજ્ઞાનાવરણ આદિ વિશેષનો બોધ થાય છે. તેમાં કોઈ વિસ્મય નથી. **॥૬૮૬॥**

અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૫ (પાંચમો સ્તબક ઉત્તરાર્ધ)

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ	૧૩*
ચારિત્રાચાર	૩૬
ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ)	૧૯૦
પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા	૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ?	૫૮
Status of religion in modern Nation State theory	૬૪
અનેકાંતવાદ	૯
કર્મવાદ કર્ણિકા	૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)	૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય	૪૯
ગૃહજિનાલય મહામંગલકારી	૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	૧૨
ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ)	૧૮૯
ચિત્તવૃત્તિ	૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)	૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?	૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)	૫૭
દર્શનાચાર	૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧	૫૫
પ્રશ્નોત્તરી	૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)	૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય	૧૫

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) ૧૮૮
ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) ૨૧
ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) ૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) ૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ ૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય ૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' ૩૩
શાસન સ્થાપના ૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) ૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો ૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) ૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા ૯૩
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર ૧૯૧
સદ્ગતિ તમારા હાથમાં ! ૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) ૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

पाक्षिक अतिचार ४१

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન	૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન	૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન	૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન	૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨	*૧૯૭*
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-3	*૧૯૮*
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪	*૧૯૯*
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૬

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૧૯૪***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮	***૧૯૫***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯	***૧૯૬***
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હુંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪

ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)	૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)	૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૮૪
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩	૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪	૯૯
પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૮૭
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૮

બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૧
બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૦૬

બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧	***૧૯૨***
યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	***૧૯૩***
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન	૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૮૫
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૮૬
વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪	***૨૦૦***
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના)	૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૮

શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન	૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન	૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન	૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન	૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ	૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી)	સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી	૧૭૫

ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨ ૩. ધર્મતીર્થ ભાગ-૩

પ્રાપ્તિસ્થાન

✤ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✤ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯
Email : saurin108@yahoo.in

✤ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✤ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✤ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✤ BANGALORE :

SHRI VIMALCHANDJI
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

✤ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

एषा त्वेका वनचरी, रसना लोलताऽन्विता ।
अतिगूढचरित्रा मे, भाति नैव तवोचिता ।।

✻

વળી, લોલતાથી અન્વિત એવી આ રસના એક વનચરી=ભીલડી, છે. મને=શુભોદયને, અતિગૂઢચરિત્રવાળી ભાસે છે. તને ઉચિત નથી જ=વિચક્ષણને આ પત્ની ઉચિત નથી જ.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com